# "જૈન દર્શન વિચાર"

કિંવા

## " ભ. મહાવીર અને ત્યારપછીનો ઇતિહાસ "

લેખક :

પં. મુનિશ્રી હર્ષચંદ્રજી મહારાજ

(દરિયાપુરી સંપ્રદાય)

પ્રકાશક

[illegible]ચંદભાઈ અમૃતલાલ દેસાઈ

મૂલ્ય રૂપીઓ સવા

# "જૈન દર્શન વિચાર"

કિંવા

## " ભ. મહાવીર અને ત્યારપછીનો ઇતિહાસ "

લેખક :
પં. મુનિશ્રી હર્ષચંદ્રજી મહારાજ
( દરિયાપુરી સંપ્રદાય )

પ્રકાશક
દલીચંદભાઈ અમૃતલાલ દેસાઈ

મૂલ્ય રૂપીઆ સવા

પ્રકાશક
દલીચંદભાઈ અમૃતલાલ દેસાઈ
ઢીંપાપોળ—અમદાવાદ.

પ્રથમ આવૃત્તિ

વીર સંવત ૨૪૭૬ વિક્રમ સંવત ૨૦૦૬
ઇ. સ. ૧૯૫૦

મુદ્રક
મગનભાઈ છોટાભાઈ દેસાઈ
શ્રી વીરવિજય પ્રિન્ટીંગ પ્રેસ
સલાપસ ક્રોસરોડ—અમદાવાદ.

# બે બોલ

"અમ્મા પિયરો વંદે" એમ કહી જગતના સર્વ વંદ્ય પુરુષોમાં માતા, પિતાને ભગવાને પણ અગ્રસ્થાને સ્થાપ્યા છે. એમનો ઉપકાર કેમ ભૂલાય? એમની પુણ્ય સ્મૃતિમાં આ પુસ્તક સ્વ. પૂ. પિતાશ્રીને અર્પણ કરી હું કૃતકૃત્ય થાઉં છું. એમના ઉપકારનો સંપૂર્ણ બદલો તો કોણ વાળી શકે એમ છે? છતાં, મારાથી જેટલો વાળી શકાયો તેટલો વાળી હું ધન્યતા ભરી રાહતની લાગણી અનુભવું છું.

પિતા મૂળ તો ગામડામાં જન્મેલા અને ગ્રામ્ય વાતાવરણમાં ઉછરેલા છતાં મારામાં એમણે જે સંસ્કારસિંચન કર્યું હતું તેનાથી હું અત્યારે પણ સુખી છું એમ હું ખસુસ માનું છું. બહુજ વિદ્વાન્ નો'તા છતાં મારે મન તો એ હંમેશાં વિદ્વાન્ જેટલા જ પૂજ્યસ્થાને રહ્યા છે અને રહેશે. એક સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે જગતમાં પિતા, ધર્મગુરુ, વિદ્યાગુરુ, અન્નદાતા, અને ભયત્રાતા—એ પાંચેય પિતા જેટલા જ વંદનીય અને સન્માનનીય છે. પરંતુ મારા પિતામાં બાકીના ચાર મહાપુરુષોનો પણ સારો એવો અંશ હતો. એટલે મારા હિસાબે તો એ સૌ કરતા વધારે સંમાન્ય સ્થાને છે.

એમનું પવિત્ર સ્મરણ મારા હૃદયમાં અંકિત હતું જ. એ સ્મરણને સ્થૂળ રૂપ આપવાના મારા કોડ હતા, એમાં અચાનક આત્મનિષ્ઠ કર્મઠ મુનિ મહારાજ શ્રી હર્ષચંદ્રજી મહારાજનું આ પુસ્તક મારા જોવામાં આવ્યું. પં. મુનિશ્રી

જેવા વિદ્વાન્ લેખકની કસાયેલી કલમથી લખાયેલું આ પુસ્તક અને મારા પૂ. પિતાના સ્મરણને સ્થૂલ આકાર આપવાની મારી ઉત્કટ ઈચ્છા આમ બન્નેનો મેળ મળી ગયો અને એ પવિત્ર નિમિત્ત મળી જતાં એ હસ્તલિખિત પુસ્તકને મારે ખર્ચે પ્રસિદ્ધ કરવાની મારી ભાવના મેં પં. મુનિશ્રી પાસે વ્યક્ત કરી. તેમણે સહર્ષ વધાવી લીધી અને એ રીતે હું આ પુસ્તક પ્રકાશિત કરવામાં કારણભૂત બન્યો જેનો મને ખૂબ આનંદ છે.

જૈન સમાજના ગણ્યા ગાંઠયા સંશોધકો અને વિદ્વાનો પૈકીના એક અને મારા ખાસ સ્નેહી ડૉ. એ. એસ. ગોપાણીએ ઉપોદ્‌ઘાત લખી આપવાનું સ્વીકાર્યું તેથી તેમનો આભાર માનવાની અત્રે ખાસ તક લઉં છું.

પુસ્તકની ઉપયોગિતા સંબંધે કશું જ કહેતો નથી. એ તો પુસ્તક સ્વયં વાંચવાથી તેમજ પુસ્તક સંબંધેનો ઉપોદ્‌ઘાત લેખક મહાશયનો અભિપ્રાય જાણવાથી આપો-આપ જ પ્રતીત થશે.

જૈન જગત આ પુસ્તક બરાબર વાંચે, વિચારે અને એના વક્તવ્યને આચારમાં ઉતારે એવી મારી ઉમેદ હોવાથી આ પુસ્તકને આમજનતા સુધી પહોંચતું કરવાના ઈરાદાથી એની કિંમત કેવળ પડતર જ રાખવામાં આવી છે, જેની જનતા કદર કરશે એવી આશા સાથે—

છીપાપોળ, અમદાવાદ<br>
વિજયાદશમી, વિ. સં. ૨૦૦૬

લિ. ગુણાનુરાગી<br>
દલીચંદ અમૃતલાલ દેસાઈ

# ઉપોદ્ઘાત

પં. મુનિશ્રી હર્ષચંદ્રજી લિખિત આ પુસ્તકનો ઉપોદ્ઘાત લખી આપવાનું મને જ્યારે એના લેખક તથા પ્રકાશક તરફથી કહેવામાં આવ્યું ત્યારે એનો ઉપોદ્ઘાત લખી આપવાની મારી તદ્વિષયક યોગ્યતા વિષેના અનેક ખ્યાલો આવવા લાગ્યા. એને અંતે મને એક એવું સ્પષ્ટ દર્શન પણ થયું કે મારે ઉપોદ્ઘાત ન લખવો. પરંતુ પં. મુનિશ્રીના આગ્રહથી અને પ્રકાશક કે જેઓ મારા એક ખાસ સ્નેહી છે તેમના અતિ આગ્રહથી મારે છેવટ લખવાનો વિચાર જ કરવો પડ્યો અને ફલસ્વરૂપ આ નાનકડો ઉપોદ્ઘાત લખી રહ્યો છું.

લેખક પં. મુનિશ્રી સ્થાનકવાસી જૈન પરંપરામાં ઉછરેલા એક ક્રિયાનિષ્ઠ સાધુ છે. એ પરંપરામાં એમને અવિચલ શ્રદ્ધા છે. તેમના સાધુ જીવનના દરેક તાણાવાણામાં એ સમ્યક્ શ્રદ્ધા તેમણે વણી દીધી છે. એટલે તેઓ સ્થાનકવાસી જૈન સંપ્રદાયના એક સંમાન્ય આદર્શ સાધુ છે.

સ્થાનકવાસી જૈન સમાજના ઘણાખરા સાધુઓનું વાંચન સ્થા. જૈન. સંપ્રદાય સંમત આગમો અને આગમાનુસારી સાહિત્ય પૂરતું મર્યાદિત હોય છે. આગમેતર સાહિત્યનું અવગાહન અમારે માટે નિરર્થક છે એમ માની આત્માર્થી મુનિઓ એના અભ્યાસ અને અવગાહનની લેશમાત્ર દરકાર કરતા નથી. અધકચરા મુનિઓ આગમેતર સાહિત્ય તરફ વળે છે ત્યારે તેઓ અંતે એકપક્ષી બની જાય છે. સમાજના સર્વાંગીણ ઉત્થાન માટે ઉપર્યુક્ત બન્ને વર્ગો અનિષ્ટકર છે.

વર્તમાન પરિસ્થિતિ તરફની ઠંડી ઉદાસીનતા સ્થાનકવાસી જૈન સમાજના સાધુઓએ છાંડવી પડશે. આગમો અને આગમાનુસારી સાહિત્યના વર્તુલ બહાર તેમણે જવું જ જોઇશે. વિશાળ માનસ વર્તમાન યુગનો નાદ છે. વર્તમાનમાં જીવવું અને રૂઢિની ખોટી જંજીરોમાં જકડાઇ રહેવું—એ બન્ને એક સાથે નહિ બને. અર્થાત્ બીજા ખાતર નહિ તો છેવટે જૈન સંસ્કૃતિ અને જૈન ધર્મના સાચા રહસ્યના પ્રતિપાદન માટે પણ જૈન સાધુઓએ જૈનેતર સહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કરવો પડશે અને એ અભ્યાસને સ્વતંત્ર વિચારણાની કસોટીએ ચડાવવો પડશે. મોજુદો કાળ બુદ્ધિપ્રધાન છે. શ્રદ્ધા અને બુદ્ધિ વચ્ચે અત્યારે ગજગ્રાહ ચાલ્યો છે. શ્રદ્ધાગ્રાહ્ય વસ્તુને બુદ્ધિમાન્ય બનાવવાનો અત્યારે વાયરો વાયો છે. એટલે વ્યાકરણ, કોશ, તર્ક, ન્યાય, દર્શન, વિજ્ઞાન, અને મનોવિજ્ઞાન, ઇત્યાદિ, ઇત્યાદિ સાહિત્યનો ઊંડો અભ્યાસ આવશ્યક છે. એથી પરિપુષ્ટ અને સંમાર્જિત થયેલી વિચારશક્તિ જૈન સંસ્કૃતિની અને જૈનધર્મની સાચી સેવા કરી શકશે; અને એવી સેવામાં આત્મોપકાર કે આત્મસેવાનો સાક્ષાત્કાર કરવાનો રહેશે.

એટલે, જ્યારે જ્યારે જૈન સાધુ સંશોધક વૃત્તિથી વસ્તુ પ્રતિપાદન કરતા હોય છે ત્યારે ત્યારે એમના માટે મારામાં સ્વાભાવિક રીતે જ આદરભાવ જન્મે છે. પ્રસ્તુત પુસ્તકના લેખક પં. મુનિશ્રી સંશોધક વૃત્તિ ધરાવે છે એમ એમનું આ પુસ્તક વાંચવાથી મને લાગ્યું ત્યારે એમના પ્રત્યે રુચિ અને માન—બન્ને—પ્રકટ્યાં. આ એક કારણે જ હું આ ઉપોદ્ઘાત લખવા પ્રેરાયો છું. અમે બન્ને એક બીજાને પ્રત્યક્ષ મળ્યા નથી, એમના આ પુસ્તકમાં એમણે રજુ કરેલી માન્યતાઓ ઉપર રૂબરૂ કે લખાણ દ્વારા મેં કોઈ ચર્ચા કરી નથી. એમાં અમુક બાબતો જરૂર એવી છે કે જેની સાથે એકદમ સંમત થતાં મારે વિચાર કરવાનો રહે. પરંતુ એની ચર્ચા ઉપોદ્ઘાતમાં તો મારાથી

ન જ થાય. આનો અર્થ વાચકે એમ તો ન જ કરવો જોઈએ કે લેખક ખોટા છે અને હું સાચો છું. એવું માની લેનાર વાચક અમને બન્નેને અન્યાય કરી બેસશે. આ વસ્તુનો નિર્દેશ કરવામાં મારો એક જ આશય છે અને તે એ કે સ્થાનકવાસી જૈન ધર્મની અમુક રૂઢિઓ, વ્યવહારો, અને પરંપરાઓનું જેટલું સચોટ અને સંપૂર્ણ જ્ઞાન પ્રસ્તુત પુસ્તકના લેખક પં. મુનિશ્રીમાં હોય એટલું અને એ સ્વરૂપે મારામાં એ ન હોય. ભલે પછી મારું વાચન, અધ્યાપનના અને સંશોધનના મારા જીવન વ્યવસાયને અંગે કંઇક અંશે વધારે હોય. આથી એક બીજાનાં દૃષ્ટિબિંદુઓ સમજવામાં નાના નાના અંતરાય જરૂર ઉભા થાય જ. પરંતુ એને મોટું સ્વરૂપ આપી દેવાનો કોઈ વાચકને અધિકાર નથી.

તુલનાત્મક દૃષ્ટિએ આવું આવું સાહિત્ય વિશેષ પ્રમાણમાં લખાય એ જોવાની મારી નેમ છે. સાચી સાહિત્યોપાસનાનું એ જ એક પ્રતીક છે. લેખક પં. મુનિશ્રીએ આવો સ્તુત્ય પ્રયાસ આ પુસ્તકમાં કર્યો છે એ બાબતની જાણ વાચકને એ પુસ્તક વાંચતાં વેંત જ થશે એવી મને ખાતરી છે.

પુસ્તકના નામ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે પં. મુનિશ્રીએ એમાં ભગવાન મહાવીરના સમયનો અને ત્યારપછીનો ઇતિહાસ અમુક અંશમાં ચર્ચ્યો છે. સમગ્ર પુસ્તકને એમણે આઠેક પ્રકરણમાં વિભક્ત કર્યું છે જેમાંના અમુકને એમણે અવાંતર વિભાગમાં પણ વિભક્ત કર્યા છે. ભગવાન મહાવીરના સમકાલીનો, દિગંબર તથા શ્વેતાંબર પરંપરાઓનો ઇતિહાસ, કેટલીક જૈન ઐતિહાસિક ત્રુટિઓ, અને સોનગઢી સંપ્રદાયના સિદ્ધાંતો—વગેરે, વગેરે બાબતોનું નિરૂપણ અને ચર્ચા કરતી વખતે જૈનેતર સાહિત્યની, ખાસ કરીને બૌદ્ધ સાહિત્યની તથા દિગંબરોના અને "સોનગઢી" ના લખાણોની નોંધ લીધી છે એટલું જ નહિ પરંતુ એમણે એ સાહિત્યને શક્ય હતું તેટલું વાંચી,

વિચારીને, પોતાના અનુમાનો અને નિર્ણયો રજુ કર્યા છે. રૂઢિચુસ્ત સ્થાનકવાસી જૈન સમાજના સાધુની જૈનેતર સાહિત્યની આલમમાં ડોકિયું કરવાની તત્પરતા અને તેની પાછળ રહેલી નિભીકતા પ્રશંસનીય છે. લેખક પં. મુનિશ્રીની દલીલ કરવાની ઝીણવટ ધ્યાન ખેંચે એવી છે, જૈન આગમોનો એમનો અભ્યાસ સારો કહી શકાય એવો છે. એમની માન્યતાઓ માટેની એમની શ્રદ્ધાના સૂત્રથી દરેક પ્રકરણ બદ્ધ છે. "સમયસાર"ની તથા દિગંબર સંમત અન્ય ગ્રંથોની અને મૂર્તિપૂજાના સિદ્ધાંતની ચકાસણી કરતી વખતે એમણે બતાવેલી તીક્ષ્ણ ખંડન શક્તિથી વાંચક એ પ્રકરણના વાંચનથી તરત જ પરિચિત થઇ શકશે. એમનાં મંતવ્યોનો નિચોડ એમણે "વીતરાગ પુરુષોનો ધર્મ" એ નામના અંતિમ પ્રકરણમાં આપ્યો છે. એમની આખી દૃષ્ટિની ચાવી વાચકને એ પ્રકરણમાંથી જડશે. 'ભગવાન મહાવીરનો ધર્મ" એમ કહેવાને બદલે એમણે "વીતરાગ પુરુષોનો ધર્મ" એમ કહેવામાં વિશાળતા અને વિચક્ષણતા પણ બતાવી છે. જૈન ધર્મ અનાદિ, અનંત છે અને એને સ્થળનાં કે કાળનાં કોઇ બંધન ન હોઇ શકે એ એમનો આશય એમ કહેવામાં હોય એમ મને જણાય છે.

આ પુસ્તકમાં પીરસવામાં આવેલ સામગ્રી, રજુ કરવામાં આવેલ વિધાનો અને લેખકે દોરેલ અનુમાનો તથા બાંધેલ નિર્ણયો માટે જે જે જૈન તથા જૈનેતર સાહિત્યનો ઉપયોગ પં. મુનિશ્રીએ કરેલ છે તે આ પ્રમાણે છેઃ– "આચારાંગ," "સૂયગડાંગ," "ભગવતી," "જ્ઞાતાધર્મકથા," "ઉત્તરાધ્યયન," "નંદી," "અંતકૃત," "પ્રજ્ઞાપના," "રાયપસેણુઇય," "જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ," "કલ્પસૂત્ર," "વીરસંવત્ અને જૈન કાલગણના," "શ્રમણ ભગવાન મહાવીર," "પ્રબંધ ચિંતામણિ," "પ્રભાવકચરિત્ર." "જિત કલ્પ," "જૈન તત્ત્વાદર્શ," "કલ્યાણ મંદિર સ્તોત્ર ટીકા," "લલિત વિસ્તરા," "તત્ત્વાર્થ સૂત્ર," "સમરાઇચ્ચ કહા," "મહાવીર જૈન

વિદ્યાલય સ્મારક અંક," "જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ પત્રિકા," "પુરાતત્ત્વ," "જૈન સિદ્ધાંત," "જૈન હિતૈષી." અનેકાંત," "જૈન સાહિત્ય સંશોધક," "ભારતીય વિદ્યા," "કષાય પ્રાભૃત," "શ્રુતાવતાર," "ષટ્ખંડાગમ," "ત્રિલોક પ્રજ્ઞપ્તિ," "સમયસાર," "નિયમસાર," "મોક્ષમાર્ગપ્રકાશક," "ગોમ્મટ સાર," "વસ્તુવિજ્ઞાનસાર," "દર્શન પાહુડ," અંગુત્તર નિકાય," "દીઘ નિકાય," "મજ્ઝિમ નિકાય," "સંયુત્તનિકાય" અને "મહાપરિનિબ્બાણ સુત્ત,"–પચાસેક જેટલા ગ્રંથો, સંશોધન વિષયક સામયિકો તથા અન્ય અન્વેષણાત્મક લખાણોનું પં. મુનિશ્રીએ આવશ્યકતાનુસાર દોહન કર્યું છે અને પછી પોતાનો સ્વતંત્ર અભિપ્રાય પુસ્તકમાં સ્થળે સ્થળે અસંદિગ્ધ ભાષામાં વ્યકત કર્યો છે. એમના વાંચનની તથા અભ્યાસની વિસ્તીર્ણતાનો તથા જ્ઞાનગામ્ભીર્યનો કાંઇક ખ્યાલ આથી વાંચક ગણને આવી શકશે.

જૈન સાધુઓને અને ખાસ કરીને સ્થાનકવાસી જૈન સાધુઓને પુસ્તકો મેળવવામાં, એને વાંચવામાં અને નિરંતર પાસે રાખવામાં અમુક પ્રકારની અગવડ હોય છે. વળી વિહાર તો એમનો ચાલુ જ હોય. એવી પરિસ્થિતિમાં પુસ્તકમાંથી તેમને ટાંચણો કરી લેવાના હોય. એ ટાંચણો પણ ઉતાવળમાં જ કરાયાં હોય. એટલે આધારગ્રંથોના પૃષ્ઠાંક નોંધવા કરવાનું ખાસ કરીને એમને માટે વિશેષ કપરૂં કાર્ય બની જાય છે. કયા પુસ્તકની કઇ આવૃત્તિ અને કયાંથી પ્રકાશિત થયેલી આવૃત્તિ વાપરી છે તેમજ નિર્દિષ્ટ બાબત કયા પૃષ્ઠ ઉપર આવે છે એ લખ્યું હોત તો વિધાન પરત્વેની ચોકસાઈ પ્રસ્તુત પુસ્તકમાં આબાદ રીતે આવી શકી હોત એ નિર્વિવાદ છે. સંશોધનાત્મક ગ્રંથોમાં એ વસ્તુ અતિ આવશ્યક મનાણી છે. પરંતુ પ્રસ્તુત પુસ્તકનું પ્રધાન ધ્યેય આમ જનતાને, અલબત્ત–બની શકે તેટલા પ્રમાણમાં પ્રમાણભૂત રીતે–સ્પર્શવાનો હોય એમ લાગે છે અને એથી ઉપર્યુક્ત ત્રુટી એ ખાસ ત્રુટી નથી એમ માની શકાય.

આ પુસ્તક શ્રદ્ધાળુ આમ વર્ગને ખાસ ઉપયોગી થઈ પડશે અને સંશોધનમાં યત્કિંચિત રસ હોય એવા વિદ્વાન વર્ગને યોગ્ય વિચારસામગ્રી પૂરી પાડશે એમ હું માનું છું. લેખક પં. મુનિશ્રીના પ્રયત્નનું સાર્થક્ય એમાં રહેલું છે.


પ્રસ્તુત પુસ્તકને પ્રકટ કરવામાં પ્રકાશક શ્રી. દલીચંદ ભાઈ અમૃતલાલ દેસાઈએ આર્થિક ભાર ઉઠાવી જે ઉત્સાહ પ્રદર્શિત કર્યો છે તેને માટે તેઓ અભિનંદનને પાત્ર છે એટલું કહી આ નાનકડો ઉપોદ્‌ઘાત પૂરો કરું છું.

સુરેન્દ્ર નિવાસ, પેલે માળે,
દાદાભાઈ રોડ,
પો. વિલેપાર્લે (પશ્ચિમ)
(મુંબઈ ૨૪)
તા. ૨૦–૧૦–૫૦

ડૉ. અ. સ. ગોપાણી.
એમ. એ., પીએચ. ડી.
અર્ધમાગધીના પ્રાધ્યાપક—
ભવન્સ કોલેજ. અંધેરી.

સ્વ. પૂજ્ય પિતાશ્રીને
તેમની પુણ્ય સ્મૃતિમાં

# સમર્પણ



લિ. હીરાચંદ અમૃતલાલ દેસાઈ

# અનુક્રમણિકા


૧ શ્રી મહાવીર અને તેમના સમકાલીનો પૃ. ૧–૪૧

૧ શ્રી મહાવીર અને તેમના સમકાલીનો પૃ. ૧–૨
૨ મંખલીપુત્ર ગોશાલક અને તેના સિદ્ધાંતો પૃ. ૨–૧૦
૩ પૂરણ કસ્સપ પૃ. ૧૦–૧૧
૪ પકુધ કચ્ચાયન પૃ. ૧૧–૧૨
૫ અજિત કેસકંબલિ પૃ. ૧૨–૧૩
૬ સંજય બેલટ્ઠો પુત્ત પૃ. ૧૩–૧૪
૭ ગૌતમ બુદ્ધ પૃ. ૧૪–૧૮
૮ તથાગતના સિદ્ધાંતો પૃ. ૧૮–૨૧
૯ ગૌતમ બુદ્ધનો માંસાહાર પૃ. ૨૧–૨૨
૧૦ ગૌતમ બુદ્ધનું નિર્ગ્રંથ મંડળમાં સ્થાન પૃ. ૨૩–૪૧

૨ શ્રી મહાવીર પૃ. ૪૨–૫૩

૩ શ્રી મહાવીર પછીની દિગંબર તથા શ્વેતાંબર પરંપરાઓનો ઈતિહાસ પૃ. ૫૪–૭૬

૧ વાલભી યુગ પ્રધાન પટ્ટાવલી પૃ. ૫૯
૨ માથુરી યુગપ્રધાન પટ્ટાવલી પૃ. ૫૯–૬૩
૩ દિગંબરીય શ્રુત ગ્રંથો પૃ. ૬૩–૬૫
૪ શ્વેતાંબર પટ્ટાવલી અને ગ્રંથો પૃ. ૬૫–૬૭
૫ શ્વેતાંબર શ્રુતસાહિત્યનું સંરક્ષણ પૃ. ૬૭–૬૮
૬ માથુરી વાચના પૃ. ૬૮
૭ વાલભી વાચના પૃ. ૬૮–૭૦
૮ શ્વેતાંબર સંમત આગમ ગ્રંથો પૃ. ૭૦–૭૧
૯ આગમોના કર્ત્તા કોણ? પૃ. ૭૧–૭૩
૧૦ આગમો ઉપરની ટીકાદિના કર્ત્તાઓ તથા સમય પૃ. ૭૩–૭૬

૪ કેટલીક જૈન ઐતિહાસિક ત્રુટિઓ પૃ. ૭૭-૮૬
૫ "ષટ્ખંડાગમ"માં સ્ત્રી મુક્તિ અને
કેવલી ભુક્તિ પૃ. ૮૭-૯૫
૬ "સમયસાર" વિષે કાંઈક પૃ. ૯૬-૧૩૪
૧ સારાંશ પૃ. ૧૨૩-૧૨૬
૨ વર્તમાન કાલ પૃ. ૧૨૩-૧૨૬
૩ ઉપસંહાર પૃ. ૧૩૩-૧૩૪
૭ સોનગઢી અને સોનગઢીના સિદ્ધાંતો પૃ. ૧૩૪-૧૬૨
૧ "વસ્તુ વિજ્ઞાનસાર" પૃ. ૧૫૦-૧૫૫
૨ જિનેંદ્રદેવની પૂજામાં વીતરાગતાનું
પ્રયોજન કેવી રીતે? પૃ. ૧૫૫-૧૬૨
૮ વીતરાગ પુરુષોનો ધર્મ પૃ. ૧૬૨-૧૭૦
૯ પુસ્તકમાં આવતા આવશ્યક શબ્દોની
"અ"કારાદિ ક્રમે સૂચિ પૃ. ૧૭૦-૧૮૭
૧૦ ગ્રંથમાં ઉપયોગમાં લીધેલ પુસ્તકોની તથા
સામયિકોની "અ"કારાદિ ક્રમે સૂચી પૃ. ૧૮૮

# "જૈન દર્શન વિચાર

## કિંવા

# ભ. મહાવીર અને ત્યારપછીનો ઇતિહાસ'

## શ્રી. મહાવીર અને તેમના સમકાલીનો

**ઈ. સ.** પૂર્વે પાંચસો અને નવ્વાણું વર્ષે શ્રી. વર્ધમાનનો જન્મ થયો હતો. તે વખતે ચૈત્ર માસના શુકલ પક્ષની તેરશ હતી. માતા, પિતાના સ્નેહમાં તથા સ્ત્રી સાથેના સુખમાં તેમણે કેટલોક વખત ગાળ્યો. માતા, પિતાના મૃત્યુ પછી તેમણે સંસારત્યાગનો વિચાર કરેલો પરંતુ મોટાભાઈને તેથી દુઃખ થવા લાગ્યું તેથી તેમના આગ્રહને વશ થઈ તેઓ બે વર્ષ વધારે સંસારમાં રહ્યા. છેવટે ત્રીશેક વર્ષને અંતે તેમણે સંસારત્યાગ કરી અનગાર ધર્મ સ્વીકાર્યો. એકાકી-પણે ગ્રામ, નગર, અને પુરમાંથી આહારાદિક લાવી ગમે ત્યાં રાત્રિ, દિવસ તેઓ ગાળતા. કેવળ આત્મલક્ષી તેમનું જીવન બની ગયું હતું. વસતિ બહાર, નિર્જન અને એકાંત સ્થળે સંકટો, પરિસહો, અને ઉપસર્ગો સહી અરણ્યમાં અખિન્નભાવે તેઓ રહેતા. દીક્ષાના તેરમે વર્ષે ઋજુવાલિકા નામની નદીને કિનારે એક ખેડુતના ખેતર પાસે તેઓ ધ્યાનસ્થ હતા એ વખતે દિવસનો છેલ્લો પ્રહર પ્રવર્તતો હતો. આત્મજાગૃતિ અને અનંત આત્મવીર્યનું સ્પંદન અસ્ખલિત ચાલી રહ્યું હતું. તેઓ આત્મમય બની ગયા હતા. પ્રશસ્તધ્યાન, પ્રશસ્ત

તેમને પ્રશસ્ત અધ્યવસાયની અવિરત ધારા ચાલુ હતી. કર્મના આવરણો સતત ખરી રહ્યા હતા. આત્મપ્રભાનો પુંજ દૃશ્યમાન થઈ રહ્યો હતો. એમના આત્માને કેવળ પ્રાપ્ત થયું. અનંત, અવ્યાબાધ સુખની લહેરો ઉછળી. દુઃખ, પરવશતા અને બંધનો તૂટી ગયાં. જેને માટે અવિશ્રાંત શ્રમ ચાલુ હતો તે સહજ આત્મદશા આત્માને પ્રાપ્ત થઈ ગઈ. શ્રી. મહાવીરના સમયે અનેક ધર્મનાયકો વિદ્યમાન હતા. પરંતુ તેઓ બધા શ્રી. મહાવીર આગળ નિસ્તેજ ભાસતા. ચૌદ રાજલોકને શ્રી. મહાવીરે હસ્તામલકવત્ કેવલજ્ઞાનના પ્રકાશ દ્વારા દેખ્યો. દેખ્યો એટલુંજ નહિ પરંતુ નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવોના અંતર્ગત વિચારોને પણ જાણ્યા. અશેષ સચરાચર વિશ્વને, ટૂંકમાં, તેઓએ જોયું અને જાણ્યું. કાંઈજ બાકી ન રહ્યું.

## મંખલીપુત્ર ગોશાલક અને તેના સિદ્ધાંતો.

ભિન્ન ભિન્ન માર્ગો, પંથો, સંપ્રદાયો, વાડાઓ, મતો, આમ્નાયો અનેકાનેક ધર્મધુરીણોએ ચલાવ્યા હતા. ધર્મજિજ્ઞાસા માટે લોકો ઉદ્યત હતા. એ જિજ્ઞાસા એમનામાં એટલી બધી તીવ્ર બનતી જતી હતી કે તેઓ આમથી તેમ સર્વત્ર માર્ગદર્શન માટે ભમતા. પરંતુ તેઓની દોલાયમાન દશાનો અંત આવ્યો નો'તો. મનને ફાવે અને ભાવે તેમ મંતવ્યોનો સ્વીકાર કરતા અને વર્તતા. શ્રી. મહાવીરે ધર્મોપદેશ દેવો આરંભ્યો તે પહેલાં ગોશાલકના અને બુદ્ધદેવના ઉપદેશસ્રોતો વહેતા થઈ ગયા હતા. ગોશાલકના વક્તવ્યનો નિર્દેશ બૌદ્ધ સાહિત્યમાં તો છેજ પરંતુ જિનાગમોમાં પણ છે.

ગોશાલકના મત વિષે ગૌતમ બુદ્ધનો શું અભિપ્રાય છે તે આપણે પ્રથમ તપાસીએ.

ગૌતમ બુદ્ધ કહે છે "હે ભિક્ષુઓ! આ પૃથ્વીના પડ ઉપર મિથ્યાદૃષ્ટિ જેવો અહિતકારી અને પાપી બીજો કોઈ નથી; કારણ કે

સદ્ધર્મથી વિમુખ રાખવામાં એ કારણભૂત હોય છે. હે ભિક્ષુઓ ! આવા મિથ્યાદષ્ટિ જીવો અનેક છે પરંતુ તે બધામાં મોઘપુરુષ ગોશાલક જેવો અન્યનું અહિત કરનાર બીજો કોઈ નથી. સમુદ્રમાં પાથરેલી જાળ માછલીઓને જેમ અપાયકારી, દુઃખદાયી, ઘાતકારી નિવડે છે બરાબર તેમજ આ સંસારરૂપી સાગરના જીવો માટે મોઘ ( નિષ્ફળ, નકામો, ખોટો ) પુરુષ ગોશાલક ભ્રામક, દુઃખદાયક અને નુકસાન કરનારો છે." ૧

"હે ભિક્ષુઓ ! વળી કામળામાં વાળનો બનાવેલો કામળો તદ્દન હલકી કોટિનો ગણાય છે; કારણ કે તે ગરમીમાં ગરમ અને ઠંડીમાં ઠંડો થઈ જાય છે. વળી રંગે પણ તે કાળો છે અને સરળતાથી તે હાથમાં રાખી શકાતો નથી. બરાબર આ કામળા જેવોજ અધમ પ્રકારનો મકખલિ ગોશાલકનો વાદ દરેક પ્રકારના શ્રમણવાદોમાં છે."૨

"સૂત્રકૃતાંગ"માં ગોશાલકના જે વાદનું આલેખન કરવામાં આવ્યું છે તેને બૌદ્ધ સાહિત્યનું પણ સમર્થન છે. તેમાં કહેવામાં આવ્યું છે કે શુદ્ધિ, અશુદ્ધિનું કાંઈ કારણજ નથી. પ્રાણી નિર્હેતુકરીતે પવિત્ર બને છે અને નિર્હેતુકરીતે અપવિત્ર પણ બને છે. સ્વ-પરના પુરુષાર્થને જરા જેટલો પણ અવકાશ નથી. તેમાં બલને પણ સ્થાન નથી. એટલે કોઈ કહે કે એમાં બલ, વીર્ય, પૌરુષ કે પરાક્રમની અપેક્ષા છે તો તે ખોટું છે. સર્વ ભૂતો, પ્રાણો, જીવો, અને સત્ત્વો બલ, વીર્ય અને પૌરુષરહિત છે. તેઓનું પરિવર્તન પ્રારબ્ધ, જાતિવિલક્ષણતા, અને સ્વભાવને અધીન છે. છમાંથી કોઈપણ જાતિમાં રહીને તેઓ સર્વ દુઃખનો ઉપભોગ કરે છે. જિનાગમભાષિત છ લેશ્યાના સ્વરૂપને મળતું ગોશાલક પ્રતિપાદિત છ જાતિનું વર્ણન છે. એ અભિજાતિનું નિરૂપણ ગોશાલક મતાનુસાર આ પ્રમાણે છે. ખાટકી, પારધી વગેરે

૧ "અંગુત્તર નિકાય," મકખલિ વર્ગ.

૨ એજન.

રેને કૃષ્ણાભિજાતિમાં, ભિક્ષુઆદિ કર્મવાદી લોકોને નીલાભિજાતિમાં, એક વસ્ત્ર રાખનાર નિર્ગ્રંથોને લોહિતાભિજાતિમાં, શ્વેતવસ્ત્રનું પરિધાપન કરનારા અને અચલેક આજીવિક શ્રાવકોને હરિદ્રાભિજાતિમાં, આજીવિક સાધુઓને શુકલાભિજાતિમાં અને નંદ વચ્છ, કિસ સંકિચ્ચ અને મકખલિ ગોશાલક જેવા આજીવિક સંપ્રદાયના મુખ્ય મુખ્ય આચાર્યોને પરમ શુકલાભિજાતિમાં ગોશાલકે સમાવિષ્ટ કર્યા છે. આ ઉપરથી જોઈ શકાશેમકે ગોશાલક કૃત જાતિભેદ ગુણ–કર્મ ઉપર પ્રતિષ્ઠાપિત છે.

હવે ગોશાલકની દૃષ્ટિનું જિનાગમચિત્રણ જોઈએ. એ તો સ્પષ્ટજ છે કે ગોશાલકના વાદનું જેવું કાળું નિરૂપણ બૌદ્ધસાહિત્યમાં આપણને જોવા મળે છે તેવું કાળું નિરૂપણ જૈન સાહિત્યમાં નથી મળતું. એમ છતાં એટલું તો સ્વીકાર્યેજ છૂટકો છે કે જિનાગમાનુસાર પણ તે ઘણોજ અધમ પ્રકારનો હતો. એમાં પણ એની હેવાનીયત અને નાદાનીયત પ્રસંગ મળ્યો ત્યાં નિઃસંદેહ રીતે નિર્દિષ્ટ કરવામાં આવી છે. ભગવાન મહાવીર સાથે ગોશાલક છ વર્ષ રહ્યો હતો. ભગવાને દીક્ષા લીધી તેને બીજે વર્ષે ચાતુર્માસમાં તે ગોશાળામાં ભેટી ગયો હતો. ભગવાને તેને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર્યો કે નહિ સ્વીકાર્યો તો પણ તે તેમના અંતેવાસી તરીકે તેમની સાથે છ વર્ષ પર્યંત રહ્યો હતો. એકદા મહાવીર સાથે ગોશાલક એક ગામડેથી બીજે ગામડે જઈ રહ્યો હતો. વચ્ચે તલનો એક છોડ આવ્યો. તે વખતે મહાવીરને તેણે પૂછ્યું કે આ તલના છોડના તલ મરીને કયાં ઉપજશે? ભગવાને જવાબ આપ્યો કે હે ગોશાલક! એ તલ મરીને એમાંજ ઉપજશે. ભગવાનના આ કથનને જૂઠું પાડવા તેણે પાછળ રહી, છોડને ઉખેડી, ફેંકી દીધો અને ચાલવામાં પાછો મહાવીર સાથે થઈ ગયો. બરાબર આ ક્ષણેજ આકાશમાં વાદળું ચડી આવ્યું, ગર્જ્યું, અને ઝરમર ઝરમર વરસાદ વર્ષ્યો જેથી કરી એ ઉખેડી ને ફેંકી દીધેલો છોડ જમીનમાં ચોટી ગયો અને વધવા લાગ્યો. આ બનાવ બન્યા પછી કેટલાક સમયના અંતરે તેઓ બન્ને તેજ રસ્તે થઈને જઈ રહ્યા હતા. ગોશાલકે

ભગવાનને તલના છોડની બાબત ફરી પૂછી. ભગવાને તો તલના છોડની હકીકત પહેલાની માફકજ કહી અને વાત પણ એમજ નીકળી. ગોશાલકે ભગવાનને જૂઠા પાડવા પ્રયત્ન કર્યો છતાં જે નિર્માણ થયું હતું તેજ બન્યું. એટલે એણે આ છોડના બનાવને ધ્યાનમાં લઈ જે થવાનું હોય છે તેજ થાય છે એવા નિયતિવાદની સ્થાપના કરી અને ભગવાનથી જૂદો પડયો.[1]

ગોશાલક પ્રરૂપિત નિયતિવાદની ચર્ચા અન્ય જિનાગમોમાં પણ આવે છે.[2] ગોશાલક એમાં કહે છે કે તમામ જીવો સુખ, દુઃખનો જે અનુભવ કરે છે અથવા તેઓ જે પોતાના સ્થાનથી ભ્રષ્ટ થાય છે એ બધું કાંઈ જીવનું પોતાનું કર્યું થતું નથી. જીવ પોતેજ એ બધાનો કર્તા નથી તો પછી બીજાની તો વાતજ કયાં રહી? પ્રત્યેક જીવની અનુભૂતિ "સાંગતિક" છે અથવા કહો કે નિયતિકૃત છે. વળી, જીવની શુદ્ધિ, અશુદ્ધિ પણ જીવની સ્વકૃત નથી. એ તો બનવાનુંજ બને છે અને નથી બનવાનું તે નથીજ બનવાનું. આ ઉપરથી કહેવાનું તાત્પર્ય એ છે કે ગોશાલક પોતાની કપોલ કલ્પિત માન્યતાઓ અને ગપ-ગોળાઓ પોતાને મનભાવતી રીતે ફેંકયે જતો.

વળી એક સ્થળે ગોશાલકના સંબંધમાં આ પ્રમાણે નિર્દેશ કરાયેલો છે. એક જલાશય હતું જેની મધ્યમાં કમળ ઉગ્યું હતું. એને લેવા જવા ચાર પુરુષો ગયા અને ડૂબી ગયા જેમાં એક ગોશાલક પણ હતો. ગોશાલકે કહ્યું કે મુર્ખ હોય તે કહે કે તે દુઃખી થાય છે, શોકગ્રસ્ત થાય છે, સંતપ્ત થાય છે. જે મુર્ખ હોય તે જ કહે કે બધું દુઃખ તેણે કરેલાં કર્મનું ફળ છે. બુદ્ધિમાન પુરુષ હોય તે તો ઉલટું એમજ કહે કે એનું દુઃખ, એનો શોક, એનો પરિતાપ એના કર્મનું ફળ નથી. તે તો થવાનું હતું તે થયું. નિયત હતું તે બન્યું એમ

---

૧ "ભગવતી સૂત્ર," શતક પંદર.

૨ "સૂત્રકૃતાંગ," ૧,૨–૩.

બુદ્ધિમાન કહે. શરીર સંબંધ, બાલ્યાદિ અવસ્થાઓ-તમામ નિયતિ-વાદને અધીન છે. મનુષ્ય કહે છે કે તે બધું કરી રહ્યો છે તો તેવું કહેનાર ખડ ખાય છે.[1] ગોશાલક વિચિત્ર અને સ્વચ્છંદી હતો. કોઈ વિચારક પુરુષ તો તેની પાસે જતો જ નહિ છતાં એના ભક્તો અને અનુયાયીઓની સંખ્યા વિશાળ હતી. ભગવાન પાસેથી તેજોલેશ્યાની પ્રાપ્તિનું જ્ઞાન તેણે મેળવી લીધું હતું. તે ઉપરાંત, તેણે દિશાચરો કે જેઓ પાર્શ્વસ્થ સ્થવિરો હતા તેમની પાસેથી અષ્ટાંગનિમિત્તનું જ્ઞાન પણ મેળવ્યું હતું. આથી સુખ-દુઃખ, લાભ-અલાભ, અને જીવિત-મરણના સંબંધમાં ગોશાલક ભવિષ્યવાણી કરી શકતો. લોકો આ હિસાબે એની પાછળ કંઈક અંશે ગાંડા-ઘેલા થઈ ગયા હતા અને એનામાં અનુ-રાગ ધરાવનારાની સંખ્યા લાખોની હતી. કોઈપણની ઝાટકણી કાઢતાં, કોઈનો અપવાદ કરતાં અને કોઈની નિંદા-ગર્હણા કરતાં એને નોતી શરમ કે નોતી રૂકાવટ.[2] આર્દ્રકુમાર દીક્ષિત થઈ ભગવાન પાસે જાય છે એ વખતે ગોશાલક તેમને મળે છે અને આર્દ્રકુમારને એવી મત-લબનું કહે છે કે એને એટલે કે આર્દ્રકુમારને ભગવાન માટે જે એટલું બધું માન છે તે ખોટું છે કારણકે મહાવીર હવે તેવા રહ્યો નથી. મહાવીરને કેવલજ્ઞાન ન હતું ત્યારે તે એકાકીપણે વિહરતો અને તપશ્ચર્યામાં તલ્લીન રહેતો પરંતુ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તો વાત વણસી ગઈ છે કારણકે તે અત્યારે લોકોના મોટાં મોટાં સોળાંમાં, ટોળાં વચ્ચે હરે ફરે છે અને ઘણો અયશારામ ભોગવે છે. ગોશાલકને આર્દ્રકુમારે એનો જડબાતોડ જવાબ આપ્યો. તેણે કહ્યું કે હે ગોશાલક! મહાવીર સંપૂર્ણ પુરુષ છે, નિર્દોષ છે, અને પવિત્ર છે. સંસારના સ્વ-રૂપને તેઓ જાણે છે. એકાકી હતા ત્યારે પણ હિતના સંરક્ષક હતા; અને અત્યારે ટોળામાં વિચરી રહ્યા છે તો પણ તેઓ લોકહિતરત છે. તેઓ શાંત, દાંત, જીતેંદ્રિય, અને વાણીના ગુણ-દોષને જાણનારા છે.

---

૧. સૂત્રકૃતાંગ, ૨, ૧.

૨. "સૂત્રકૃતાંગ," આર્દ્રકુમારનો અધ્યાય.

લોકોનું હિત તેમને હૈયે વસ્યું છે. બીજામાં માયા, અસત્ય, અને સ્વચ્છંદ જેમ છે તેમ તેમનામાં તે બિલકુલ નથી. ગોશાલક ઠંડોગાર બની જવાને બદલે ઉત્સાહથી તે પોતાના સિદ્ધાંતો આર્દ્રકુમારને સમજાવે છે. તે કહે છે કે તેના એટલે કે ગોશાલકના સિદ્ધાંત પ્રમાણે ઠંડુ પાણી પીવાથી, બીજ કે ધાન્ય ઇત્યાદિ ખાવાથી, પોતાના માટે તૈયાર કરેલ આહાર વાપરવાથી તથા સ્ત્રી સહવાસથી એકલા વિચરનાર તપસ્વીને જરાય પાપ લાગતું નથી. જીવો બદ્ધ, મુક્ત, અને ન બદ્ધ કે ન મુક્ત એમ ત્રણ પ્રકારના છે એમ તેનું કહેવું હતું. તેને હિસાબે સંસારી જીવો બદ્ધાબદ્ધ સ્થિતિમાં છે. મહાવીર જેવો પુરુષ જે ગૃહત્યાગી છે તે ન બદ્ધ ને ન મુક્ત વિભાગમાં આવે છે. ગોશાલકે વળી આગળ ચલાવ્યું અને કહ્યું કે તે પોતે તો કાયમને માટે મુક્ત છે, કારણકે તે પોતાને કર્મબંધભય માનતો નહિ. આવો સિદ્ધાંત વેદાંત દર્શનમાં છે. અને આની કાંઈક છાયા "સમયસાર"માં પણ છે. આ ગોશાલકનો સદ્દાલપુત્ત નામનો એક કુંભાર શિષ્ય હતો જેનો અધિકાર "ઉપાસક દશા સૂત્ર"માં આવ્યો છે. તે મહાવીર સાથે ચર્ચામાં ઉતર્યો હતો અને જે થવાનું હોય છે તેજ થાય છે એ સિદ્ધાંતની તેણે મહાવીર પાસે ઉદ્ઘોષણા કરી હતી. મનુષ્યનું ધાર્યું કાંઈ થતું નથી. આના જવાબમાં ભગવાને તેને કહ્યું કે તમારા વાસણો તમારી દુકાનમાંથી કોઈ ચોરી જાય અગર ફોડી નાખે તથા તમારી પ્રિય પત્ની સાથે આડો વ્યવહાર દર્શાવે તો તમારે તેની સાથે બાઝવું નહિ કારણકે તમારે તો જે થવાનું હતું તે થયું એમ માની સંતોષ પકડવો. ભગવાનના આ જવાબથી એ કુંભાર–સદ્દાલપુત્ત–નિરુત્તર બની ગયો હતો.

ગોશાલકના મતનું પ્રચલિત નામ આજીવિકમત એવું પણ હતું. એ આજીવિકો [1] નગ્ન રહેતા અને તપશ્ચર્યા કરતા. સર્વ વસ્તુમાં–જડમાં પણ–તેઓ જીવ માનતા અને બને ત્યાંસુધી તેઓ તેને ઇજા ન કરતા.

---

૧. કોઇ "આજીવક" શબ્દ પણ વાપરે છે.

ભિક્ષા લેવા જતી વખતે વચમાં કૂતરો મળે કે માખીઓ બણબણે તો પાછા જતા રહેતા. અન્યના હુકમનું પાલન કરવામાં કે આદેશને તાબે થવામાં તેઓ સ્વમાનહાનિ સમજતા. પોતાને માટે બનાવેલ આહાર તેઓ વાપરતા નહિ. લોકો જમવા બેઠા હોય તો તેમાંથી તથા દુષ્કાલને માટે સંઘરેલા અનાજનું ભોજન કરવામાં આવ્યું હોય તો તેમાંથી તેઓ ભિક્ષા લેતા નહિ. માછલી, માંસ, કે માદક પદાર્થ લેતા નહિ. આ ઉપરાંત "ઔપપાતિક સૂત્ર"માં કહેવામાં આવ્યું છે કે તેઓ સીધા હારબંધ ઘરમાંથી ભિક્ષા લેતા નહિ. બબ્બે કે ત્રણ, ત્રણ કે સાત, સાત ઘર છોડી તેઓ ભિક્ષા લેતા. ભિક્ષામાં કેટલાક કમલદંડજ લેતા હતા. ચાર, ચાર ઉપવાસ કરતા. ઘોર તપસ્યાના કરનાર હતા. ઘૃત, તૈલાદિ વિકૃતિકારક, સ્નિગ્ધ પદાર્થો તેઓ ન લેતા અને જીહ્વા ઉપરનો તેમનો કાબૂ પ્રશંસનીય હતો. આજીવિક ગૃહસ્થો અપ્રાસુક ભોજનના ખાનારા હતા; પરંતુ ઉદુંબર, વડ, બોર, સતર અને પીંપળાના ફળનું ભક્ષણ કરતા.[1] લસણ, ડુંગળી જેવી તામસિક વસ્તુઓની સમીપમાં જતા નહિ. ત્રસપ્રાણીની હિંસા જેમાં થતી હોય તેવો વ્યાપાર તે ગૃહસ્થો કરતા નહિ. ભગવાન મહાવીર તો એમનું દૃષ્ટાંત પોતાના શ્રમણોપાસકોને આપી કહેતા કે તેઓ અર્થાત્ આજીવિક ગૃહસ્થો આવા હુન્નર–ઉદ્યોગને કરતા નથી તો પછી તમે તો પંદર કર્માદાનવાળા વ્યાપારો કેમ જ કરી શકો ?

ભગવાનના અંતેવાસી તરીકે ગોશાલક છ વરસ રહ્યો અને પછી ભગવાનથી છૂટો પડી ગયો. ભગવાન સાથેના પોતાના વિહાર દરમ્યાન આ ગોશાલક એકદા બાલ તપસ્વી વૈશ્યાયન સાથે ઝઘડી પડ્યો હતો. વૈશ્યાયન સખત ગરમીમાં તપ કરી રહ્યો હતો અને એના માથામાંથી જૂઓ પડી રહી હતી. એ તપસ્વી એ જૂઓને પાછી પોતાના શરીર ઉપર–માથા ઉપર મૂકી રહ્યો હતો. એ જોઈ ગોશાલક કે જે મૂળે જ

---

૧. "ભગવતી સૂત્ર", આઠમું શતક.

હલકટવૃત્તિનો માણસ હતો તેણે એનો પરિહાસ કરતાં કહ્યું "હે તપસ્વી! તમે મુનિ છો કે જૂઓના શય્યાતર (અર્થાત્ જગ્યા આપનાર) છો?" આ પ્રમાણે ત્રણેક વખત કહ્યું જેથી વૈશ્યાયન મ્હીડાઈ ગયો અને પોતે મેળવેલી તેજોલેશ્યા તેને બાળી મારવાના ઇરાદાથી તેના ઉપર છોડી. ભગવાને આ જોયું અને એ તેજોલેશ્યાને પોતાની શીતલેશ્યાથી નહિવત્ બનાવી ગોશાલકને બચાવી લીધો. ગોશાલકે તેજોલેશ્યાની પ્રાપ્તિનું રહસ્ય ભગવાનને પૂછ્યું જે ઉપરથી ભગવાને એને પ્રાપ્ત કરવાની વિધિ યથાવત્ કહી સંભળાવી. ગોશાલકે એ પ્રમાણે વિધિવત્ આચરણ કરી એ લબ્ધિ હસ્તગત કરી.[1]

ભગવાન જનતાને ઉપદેશવા બહાર પડ્યા તે પહેલાં જ ગોશાલકે પોતાનો અડ્ડો બરાબર જમાવી દીધો હતો. લોકોમાં પોતાની જાતને એ જિન કહેવડાવી રહ્યો હતો. મોક્ષ માર્ગની પ્રરૂપણા અને ચોરાશી લાખ મહાકલ્પના અટપટીયા સિદ્ધાંતનો પ્રચાર તે લોકોમાં જોરશોરથી કરી રહ્યો હતો. ગંગાનદી, મહાનદી, લોહિત ગંગા, સાદ્દિન ગંગા વગેરેનું કોષ્ઠક આપી એક પ્રકારનું વિશિષ્ટ કાલમાન તેણે ભેજામાંથી ઉત્પન્ન કર્યું હતું અને તે કહેતો કે એ કાલની અવધિ પૂરી થયા પહેલા કોઇપણ માણસ ગમે તેટલો પ્રયાસ કરે તો પણ મોક્ષનો અધિકારી થઈ શકતો નથી. સાત પ્રકારના "પઉટ્ટપરિહાર (પ્રવૃત્ત પરિહાર)"ની ઉટપટાંગ વાતો કરી લોકોને છેતરી રહ્યો હતો.[2]

ભગવાન મહાવીરના સમસામયિક છ ધર્મધુરીણો થયા જેમાં ગૌતમ બુદ્ધ પણ શામિલ છે. આ ધર્મનાયકો એ વખતે ઘણા પ્રસિદ્ધ હતો. તેમના નામો નીચે પ્રમાણે છે[3]:—

---

૧. "ભગવતી સૂત્ર," પંદરમું શતક.

૨. વિશેષ વિસ્તાર માટે જુઓ "ભગવતી સૂત્ર," શતક પંદરમું.

૩. "સૂત્ર કૃતાંગ," ઉપોદ્‌ઘાત (ગોપાળદાસ જીવાભાઇ સંપાદિત).

(૧) મખ્ખલિ ગોસાલક,
(૨) પૂરણ કસ્સપ,
(૩) પકુધ કચ્ચાયન,
(૪) અજિત કેસકંબલિ,
(૫) સંજયબેલઠ્ઠીપુત્ત, અને
(૬) ગૌતમ બુદ્ધ.

આમાં મખ્ખલિ ગોસાલકની હકીકત આપણે ઉપર જોઈ ગયા. હવે બીજાઓના સંબંધમાં જે કાંઈ હકીકતો તત્કાલીન જૈન, જૈનેતર સાહિત્યમાંથી જે મળે છે તે ટૂંકમાં તપાસી જઈએ.

## (૨) પૂરણ કસ્સપ

આના સિદ્ધાંતો શું હતા તે વિગતવાર જાણવા મળી શકતું નથી; પરંતુ બૌદ્ધ સાહિત્યમાં એના વિષે જે વર્ણન સંગ્રહાયેલું છે તે ઉપરથી નીચેની બાબતો સ્પષ્ટ તારવી શકાય છે.

કોઈએ કર્યું હોય, બીજા પાસે કરાવ્યું હોય; કોઈએ કાપ્યું હોય કે અન્ય દ્વારા કપાવ્યું હોય; કોઈએ કોઈને ત્રાસ આપ્યો હોય કે અપાવ્યો હોય; કોઈએ પ્રાણી વધ કર્યો હોય કે કરાવ્યો હોય; ચોરી કરી હોય કે કરાવી હોય; ધાડ પાડી હોય કે પડાવી હોય; લૂંટફાટ કરી હોય કે કરાવી હોય; વ્યભિચાર સેવ્યો હોય કે સેવડાવ્યો હોય; જૂઠું બોલ્યો હોય કે બોલાવડાવ્યું હોય—આ રીતે, ટૂંકમાં, ગમે તે પાપ કર્યું હોય – કરાવ્યું હોય તો પણ તે કરનાર કે કરાવનારને કાંઈ પાપ લાગતું જ નથી. સુતીક્ષ્ણ અસ્ત્ર, શસ્ત્રથી ગમે તેટલી કતલ ચલાવી હોય કે લોહીની નદીઓ વહેવડાવી હોય તો પણ તેને કાંઈ પાપ લાગતું નથી. ગંગા જેવી પવિત્ર નદીના દક્ષિણ કિનારે કાપાકાપી કરે કે મારામારી કરે અને ઉત્તર કિનારે યજ્ઞ કરે અથવા દાન કરે તો તેને કાપાકાપીનું નથી લાગતું પાપ કે દાનનું નથી મળતું પુણ્ય.

દાન, ધર્મ, સંયમ, તપ, સત્ય ભાષણ વગેરેથી પુણ્યોપાર્જન થાય છે એવું માનનારા જખ મારે છે.

આ પૂરણ કસ્સપ ગૌતમ બુદ્ધનો સમસામયિક હતો. કહેવાય છે કે તેનું ઇ. સ. પૂ. પાંચસો એંતેરમાં મૃત્યુ થયું હતું. તેને બૌદ્ધોએ અક્રિયાવાદીમાં ગણાવ્યો છે.[1] "સૂત્રકૃતાંગ" વર્ણિત અકારકવાદ આના વાદને મળતો છે.[2] આત્મા સ્વભાવે અક્રિય છે અને પુણ્ય તથા પાપ તેનાથી પર છે એ એના વાદનું કેંદ્રિય તત્ત્વ છે. આ પૂરણ કસ્સપ નગ્ન ફરતો હતો. તેની આસપાસ મોટું શિષ્યવૃંદ વિંટળાયેલું રહેતું. તે વખતનો એ જબ્બર ધર્મનિયંતા ગણાતો—એટલો બધો મોટો કે લોકો તેને તીર્થંકર પણ કહેતા કે માનતા.

## (૩) પકુધ કચ્ચાયન

આ પકુધ કચ્ચાયનનો મત નીચે પ્રમાણે હતો. આ જગત સાત પદાર્થમય છે. એ પદાર્થો કોઇથી વિનાશને પામતા નથી. તેમજ એ પદાર્થો કોઇએ બનાવ્યા હોય તેમ પણ નથી. એ પદાર્થો સ્થિર; દૃઢ અને સ્તંભની જેમ અવિચલિત છે. એ નથી હાલતા, નથી ચાલતા કે નથી ફરતા. એ સાતેય આ પ્રમાણે છેઃ– (૧) પૃથ્વી, (૨) જલ, (૩) અગ્નિ, (૪) વાયુ, (૫) સુખ, (૬) દુઃખ, અને (૭) જીવ. એ સાતને મારનાર, મરાવનાર, સાંભળનાર, જાણનાર અને વર્ણવનાર દુનિયામાં કોઈ નથી. તીક્ષ્ણ શસ્ત્રથી મસ્તક કોઇ કાપે તો તેથી કાંઇ તેનું જીવિત તે હરી શકતો નથી. એ સાત પદાર્થોમાં એ શસ્ત્ર પ્રવેશ કર્યો એટલું જ કહી શકાય.

આ પકુધ કચ્ચાયનના જીવનના કોઇ પણ અમુક સમયે ગૌતમ બુદ્ધ હતા. અર્થાત્ તેઓ બન્ને સમસામયિક હતા એમ ઇતિહાસ કહે

૧. "દીઘ નિકાય."

૨. "સૂત્ર કૃતાંગ."

છે. બુદ્ધઘોષના કથનાનુસાર તે કદિ ઠંડુ પાણી પીતો નહિ; માત્ર ગરમ જલ જ અંગીકાર કરતો. તેના અનુયાયીઓ તપસ્વીનું જીવન જીવતા. આ પકુધ કચ્ચાયનના વાદને શાશ્વતવાદ કે અનૈક્યવાદ કહ્યો છે. એનો નિર્દેશ "સૂત્રકૃતાંગ" માં પણ મળે છે.[૧]

## (૪) અજિત કેસકંબલિ

આ અજિત કેસકંબલિ પોતાના સિધ્ધાંત કે વાદ કે મત પૂરતો નાસ્તિક ચાર્વાક કે લોકાયતિકને મળતો–જૂલતો છે. ભૂતકાલ તરફ નજર કરતાં જણાશે કે આવા વિચારો મનુષ્યમાં સર્વકાળે વિદ્યમાન હતા, હોય છે અને હશે. પરલોકનો પૂરાવો મનુષ્ય માગે છે કારણ કે એવી તેની સહજ વૃત્તિ જ હોય છે પરંતુ એ પૂરાવો કોણ પૂરો પાડી શકશે? માણસ એથી નાસ્તિક બને છે અને સ્વાભાવિક રીતે જ એ ઇંદ્રિય સુખ તરફ ઢળે છે. વિષય ભોગવવાની અભિલાષા કયો પ્રાણી નથી સેવતો? આ વાદની ઉત્પત્તિનું મનુષ્ય સ્વભાવનું ઉપર્યુક્ત વલણ જ મુખ્યતયા કારણ છે. ચાર્વાક વાદ કે મત ભૂતવાદ છે. એને ભૌતિકવાદ પણ લોકો કહે છે. આ જગત પાંચ મહાભૂતોનો ખેલ છે. એ સિવાય એ બીજું કાંઈ નથી. અર્થશાસ્ત્રનો કર્તા કૌટિલ્ય એને લોકાયતિક કહે છે અને એક સ્વતંત્ર દાર્શનિક તરીકે એનો સ્વીકાર કરે છે.

અજિત કહેતો હતો કે દાન, હોમ, યજ્ઞ, તપ, જપ કરવાનો અર્થ નથી. કારણકે જે કાંઈ કરીએ તેનું ફલ તો હોવું જ જોઈએ. પરંતુ વસ્તુ જ નથી ત્યાં ફલની વાત જ શી? લોકો કહે છે કે આ લોક છે, પરલોક છે, નારકો છે અને દેવો છે. પરંતુ એવો લોકોને ઉપદેશ આપનારા શ્રમણો, બ્રાહ્મણો, સર્વજ્ઞો કે તીર્થંકરો જ સત્યપથગામી છે તો તે મિથ્યા છે. જીવ નામનું દ્રવ્ય જે પરલોકમાં મૃત્યુ

---

૧. "સૂત્રકૃતાંગ."

બાદ જાય છે તે ઉપજાવી કાઢેલ ગપ્પ છે. મનુષ્ય મરણ પામે છે ત્યારે પંચમહાભૂતનું એનું જે શરીર બનેલું હોય છે તે પાંચેય મહાભૂતો પોત પોતાના ભૂતમાં મળી જાય છે. એને આપણે મૃત્યુ કહીએ છીએ. મરણ બીજું કાંઈ જ નથી. પૃથ્વી પૃથ્વીમાં, જળ જળમાં, અગ્નિ અગ્નિમાં, વાયુ વાયુમાં, અને ઇંદ્રિયો આકાશમાં મલી જાય છે. મૃતકને ચાર પુરૂષો ઉપાડી જાય છે અને શ્મશાનમાં પહોચાડી દે છે. તેણે પોતાના જીવનકાળ દરમ્યાન કરેલ યજ્ઞ, હોમ, જપ, તપ વગેરે રાખોડીમાં, ભસ્મમાં મળી જાય છે. "**भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ?**" એ દેહ પાછો આવતો નથી. દાન, ધર્મ, સંયમ, તપ વગેરે કરવાની હિમાયત કરનારાઓ અવળે માર્ગે જઈ રહ્યા છે. આસ્તિક વાદનું સ્થાપન નરી મૂર્ખતા જ છે. ડાહ્યા હોય કે ગાંડા, મૃત્યુ પછી એનો બન્નેનો વિનાશ થઈ જાય છે. પાછળ કાંઇ રહેતું નથી અને સાથે કાંઈ જતું નથી. આ લોક જ સાચો છે. તો પછી જ્યાં સુધી જીવવાનું હોય ત્યાંસુધી આનંદથી, મસ્તીથી જીવવું. આ સિદ્ધાંત અજિત કેસકંબલિનો છે અને તે ચાર્વાક મતનું પ્રતિબિંબ માત્ર જ છે.

## (૫) સંજય બેલટ્ઠીપુત્ત

સંજય બેલટ્ઠીપુત્ત ગૌતમ બુદ્ધનો સમકાલીન હતો; પરિવ્રાજક હતો; અને પોતાની જાતને તીર્થંકર તરીકે ઘોષિત કરતો. સારીપુત્ત અને મોગ્ગલાયન–બુદ્ધના બે મુખ્ય શિષ્યો–આ સંજય બેલટ્ઠીપુત્તના પહેલા અનુયાયીઓ હતા એવી ઐતિહાસિક શ્રુતિ છે. આ સંજય વિક્ષેપવાદી અને અજ્ઞાનવાદી એમ બન્ને હતો. લોકો જ્યારે એને પૂછે કે "શું પરલોક છે ?" ત્યારે એના જવાબમાં કાંઈ કહેવાને બદલે એ જ સામું પૂછે કે "શું પરલોક છે ?" વળી લાગ જોઇ એમ પણ કહેતો કે પરલોક છે એમ પણ નથી અને પરલોક નથી એમ પણ નથી. અર્થાત્ દૂધ અને દહીં–બન્નેમાં પગ રાખતો અને એવી રીતે એ છટકી જતો. એટલા માટે

અર્થાત્ એના પ્રશ્નોત્તરો વિક્ષેપ જન્ય અને અજ્ઞાન જન્ય હતા તેથી એ વિક્ષેપવાદી અને અજ્ઞાનવાદી—બન્ને—પ્રસંગ પ્રમાણે કહેવાતો. ઉપરાંત, પરલોકમાં જીવો જાય છે કે નહિ અને ત્યાં સારૂં, નરસું ફળ ભોગવે છે કે નહિ તેના જવાબો પણ તે સંદેહાત્મક જ આપતો અને મૂળની શુદ્ધ વાત તે વધારે જટિલ બનાવી દેતો. આવા ઉત્તરો આપવામાં તેનો હેતુ એ ઠસાવવાનો હતો કે લોકો આવા અજ્ઞાની છે અને અજ્ઞાનનો આશરો લઈને જ જવાબ આપી રહ્યા છે. લોકો અને ધર્મનાયકો આવી રીતે ઉલટા એક બીજાને મુંઝવે છે અને પોતાની ડંફાશમાંથી હાથ બહાર કાઢતા નથી એવું આડકતરી રીતે ઠસાવવાનો ઇરાદો એ પોતે આડા જવાબ આપતો એમાં હતો.

## (૬) ગૌતમ બુદ્ધ

ઉપર જણાવ્યા તે પાંચ ધર્માગ્રણીઓ વિદ્યમાન હતા એ વખતે ગૌતમ બુદ્ધ પણ ક્ષેત્રમાં બહાર આવ્યા. આ ગૌતમ બુદ્ધ ભગવાનના એક ખાસ અને નોંધપાત્ર સમકાલીન હતા. શ્રી કલ્યાણવિજયજી કહે છે કે બુદ્ધ મહાવીર કરતાં વૃદ્ધ હતા.[1] બુદ્ધદેવનું આયુષ્ય એંશી વર્ષનું હતું. મહાવીરનું બોંતેર વર્ષનું હતું. બુદ્ધનો જન્મ મહાવીર પહેલાં થયો હતો; અને તેમણે પોતાનો પંથ પ્રવર્તાવ્યો હતો. તેઓ મહાવીર પહેલાં નિર્વાણ પામ્યા હતા. આ. ધર્માનંદ કોસાંબીના મતે બુદ્ધ બધા સમકાલીન તીર્થંકરોમાં તરુણ હતા.[2] એમનો આમ કહેવાનો આશય એ છે કે "પ્રાચીનતાની અને સંખ્યાની દૃષ્ટિએ અન્ય તત્કાલીન પંથો બૌદ્ધ પંથ કરતાં શ્રેષ્ઠ હતા એટલું જ નહિ પણ આ બધા તીર્થંકરોમાં ગૌતમ બુદ્ધ તરુણ હતા."[3] હવે આ બેમાં તથ્ય શું? ઐતિહાસિક સત્યને શોધવામાં કેટલી ક્ષતિ? કેટલી અગવડ?

---

૧. "ભારતીય વિદ્યા" તૃતીય ગ્રંથ; "વીર સંવત કાલગણના."

૨. "પુરાતત્ત્વ," ત્રીજું વર્ષ, પૃષ્ઠ ૧૭.

૩. એજન.

બુદ્ધ અને મહાવીર બન્ને સમકાલીન હતા એ બાબત પરત્વે લગભગ બધા જ સંશોધકો એકમત છે. પરંતુ બન્નેના જન્મ અને નિર્વાણ સંબંધે પૂરતો મતભેદ પ્રવર્તે છે. તેઓ બન્ને ઘણી વખત એક જ નગરમાં, એક જ નગરીમાં, એક જ ગામડામાં, એક જ સન્નિ-વેશમાં ( પરામાં ) અને એક જ શેરીમાં પણ રહ્યા હશે. સમાજ તે બન્નેની તરફ પક્ષપાત સહિત કે પક્ષપાત રહિત દષ્ટિ એ જોતો હશે. મંડળો ઘણાભાગે બન્ને પાસે જતા. લોકોની દષ્ટિ અને વૃત્તિ એક સરખી હતી નહિ અને હોઈ પણ ન શકે. બૌદ્ધ સાહિત્ય ઉપરથી એ સ્પષ્ટ રીતે સમજાય છે કે ગૌતમ બુદ્ધ અનેક વ્યક્તિઓ પાસે જતા અને તેમની પાસે પણ અનેક પરિવ્રાજકો આવતા. બુદ્ધ તેમની સાથે ચર્ચામાં, વાદમાં અને પરામર્શમાં ઉતરતા. પ્રવ્રજિત થયા પછી, સંભવ છે કે બુદ્ધ પાર્શ્વનાથના શિષ્યમંડળમાં પણ ગયા હોય. પરંતુ ભગ-વાન મહાવીર પાસે એ ગયા હોય એ બાબતનું પ્રમાણ મળતું નથી. પરંતુ નિર્ગ્રંથ શ્રમણોના વિચારની અસર તેમના ઉપર સ્પષ્ટ રીતે પડી હતી એમ તો બૌદ્ધ સાહિત્ય ઉપરથી લાગે છે. પ્રવ્રજ્યા પછીના છ વર્ષ જેટલા કાળમાં તેમણે અનેક ભિન્ન ભિન્ન પંથો, સંપ્રદાયો, અને આમ્નાયોનો અભ્યાસની દષ્ટિએ પરિચય સાધ્યો હતો અને તેમને જ્યાં જ્યાં સત્ય જણાયું ત્યાં ત્યાં તેને વળગી રહ્યા હોય અગર તે સત્યને પોતે પોતાના પંથ પ્રવર્તનમાં અપનાવ્યું પણ હોય. નિર્ગ્રંથ શ્રમણોના વિચારોનો સંપર્ક સાધ્યા છતાં તેઓ તેમની સાથે રહી શક્યા હોય એમ લાગતું નથી. પોતે બહાર પડયા ત્યારથી પોતાનો અલગ માર્ગ એમણે ચલાવ્યો હતો.

જિનાગમોમાં ગૌતમ બુદ્ધ વિષે ખાસ નોંધને પાત્ર બની શકે એવી બાબતો દગ્ગોચર થતી નથી. એક માત્ર " સૂત્રકૃતાંગ "માં બે ગાથાઓ તેમના સિદ્ધાંતોના વિષયમાં આવે છે.[૧] એક આર્દ્રકુમારના

---

૧. " સૂત્રકૃતાંગ. "

અધ્યયનમાં આર્દ્રકુમારને બૌદ્ધ ભિક્ષુઓ મળે છે ત્યારે તેમના વિચારોના સંબંધમાં હકીકત આવે છે. આ સિવાય અન્ય કાંઈ હકીકત જિનાગમોમાં મળતી નથી. ગૌતમ બુદ્ધના સિદ્ધાંતો તરફ જિનાગમોનું વલણ કાંઈક ઔદાસીન્ય યુક્ત છે જ્યારે નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર અને નિર્ગ્રંથ શ્રમણોના સંબંધમાં બૌદ્ધ સાહિત્યનો ઝોક ટીકા તરફ વળેલો છે. તથાગતની નિર્ગ્રંથધર્મની સમાલોચનાની પીઠિકા ઉપર ઉત્તરકાલીન બૌદ્ધ આચાર્યોએ પ્રમાણમાં કાંઈક વધારે ટીકાઓ કરી છે. ગૌતમ બુદ્ધ ભગવાન મહાવીર કરતાં વયમાં નાના હતા કે મોટા એ વાતને આપણે પડતી મુકી દઈએ તો પણ એ તો કહ્યા વિના ચાલે તેમ નથી જ કે ગૌતમ બુદ્ધે નિર્ગ્રંથધર્મ સામે વધારે પડતો બકવાટ કર્યો છે. પ્રથમ તો ગૌતમ બુદ્ધ મોટા તપસ્વી હતા પરંતુ તપશ્ચરણમાં કોણ જાણે કેમ એમને સાર્થકય કે શ્રેય ન ભાસ્યું એટલે તપશ્ચરણમાં દઢપણે માનનાર અને તપશ્ચરણની પ્રણાલિકાને આદ્યંત ચુસ્તપણે વળગી રહેનાર નિર્ગ્રંથ ધર્મ તરફ એમણે એમનો રોષ ઠાલવ્યો હોય એમ લાગે છે. ગોશાલક જેમ ભગવાનનો અંતેવાસી થઈને ભગવાન સાથે છ વર્ષ રહ્યો હતો તેમ ગૌતમ બુદ્ધે પણ પાર્શ્વનાથની પરંપરાના શિષ્ય મંડળોમાં સહવાસ સેવ્યો હોય એમ લાગે છે અને પાછળથી એમના વિચારો પૃથક્ થઈ ગયા હોય તેથી પોતે સહવાસ છોડી ચાલી નિકળ્યા હોય એ અસંભવિત નથી. ગૌતમ બુદ્ધ સત્ય ખાતર અન્યદર્શનીઓનો સંયોગ કે સંપર્ક સાધતા પરંતુ પુરસ્કરણ કરતા હંમેશાં પોતાના વિચારોનું જ, પોતાના સિદ્ધાંતોનું જ. અન્યની વિચારસરણિઓ જાણવાની ઇંતેજારી કરતાં પોતાની માન્યતાઓ જગત સમક્ષ પ્રચારવાની અને પ્રસારવાની મહત્ત્વાકાંક્ષા તેમનામાં વિશેષપણે હતી એમ બૌદ્ધ સાહિત્યના વાચન અને અભ્યાસ પછી લાગ્યા વિના નથી રહેતું. કહેવાનો આશય એ છે કે અન્ય ધર્મના પોતાના વિચારોને પોષક નિવડે એવા સિદ્ધાંતોને યથાપ્રમાણ અને યથાસંખ્યા અપનાવી એમણે એક નવો પંથ ચાલુ કર્યો હતો.

આગળ જણાવ્યા તે ૭ ધર્મનાયકો પૈકી ગૌતમબુદ્ધનો પંથ સિદ્ધાંત, પ્રચાર, સંખ્યા અને સાહિત્યની દૃષ્ટિએ વધારે પડતું વૈશિષ્ટ્ય ધરાવે છે. એટલે એનો અહિંયા જરા વિસ્તારપૂર્વક કબાલો આપ્યો છે.

ભિક્ષુસંઘમાં શિસ્ત કડકમાં કડક રીતે રહે એ આશયથી ગૌતમ બુદ્ધે અનેક દુષ્કર નિયમોની જાળ ગુંથી હતી. છતાં ભિક્ષુસંઘ નિયમ-પાલનમાં અવારનવાર શૈથિલ્ય બતાવે છે.[1] શ્રમણીસંઘની રચના માટે ગૌતમબુદ્ધ ઉત્સાહી જણાતા નથી. તો પણ ગૌતમી નામની પોતાની માસીને ગૌતમબુદ્ધે શ્રમણીસંઘની અધિષ્ઠાત્રી બનાવી હતી. પોતે આમ કરવા નાખુશ હતા પરંતુ શિષ્યમંડળના અનુરોધથી તેમણે તેમ કર્યું હતું. ગૌતમબુદ્ધને પોતાને જ સંઘસ્થૈર્ય માટે ઝાઝી આશા નો'તી અને તેથી જ એ સંઘ માંડ પાંચસો વર્ષ સુધી જીવિત રહી શકશે એમ આગળથી જ તેમણે ભવિષ્ય ભાખ્યું હતું. સ્ત્રીપ્રવ્રજ્યામાં ગૌતમબુદ્ધને શ્રદ્ધા હતી નહિ. છતાં તત્સંબંધે આઠ ઉગ્ર નિયમોની તેમણે રચના કરી હતી. આ શ્રમણીસંઘમાં ક્ષમા અને ઉત્પલવર્ણા નામની બે ભિક્ષુણીઓ હતી. ઐતિહાસિક પરંપરાનુસાર એમ માનવાને કારણ છે કે રાજા બિંબિસારની રાણી પણ રાજાની અનુજ્ઞાપૂર્વક બૌદ્ધ ભિક્ષુણી થઈ હતી.

ઉત્પલવર્ણા એક ધનાઢ્ય વ્યાપારીની પુત્રી હતી અને તે કુમારિકાવસ્થામાં જ પ્રવ્રાજિકા બની હતી. ધર્મપ્રચારના કાર્યમાં બૌદ્ધ ભિક્ષુસંઘે જે કરી બતાવ્યું છે તેવું ભિક્ષુણીસંઘે નથી કરી બતાવ્યું. છતાં ભિક્ષુણીસંઘનો ફાળો ઉપેક્ષણીય તો ન જ ગણાય.

મોહ જય ભિક્ષુણી વર્ગને સાધ્ય છે કે નહિ તે વિષયમાં એક આખ્યાયિકા આ પ્રમાણે છે.[2] શ્રાવસ્તી નામની નગરીની સમીપમાં આવેલ અંધવનમાં સોમા નામની ભિક્ષુણી ધ્યાનાવસ્થામાં બેઠી હતી તે વખતે તેને મારે આવીને આ પ્રમાણે કહ્યું :–

---

૧. "બૌદ્ધ સંઘપરિચય" નામનો આ. કૌસાંબીનો લેખ.
૨. "ભિક્ષુણીસંયુત્ત."

**यं त इसिहि यतथ्थं ठानं दुरभिसंभवं ।**
**न तं द्वंगुल पञ्ञाय सक्का पप्पो तु इत्थिया ॥**

આ ગાથાનો અર્થ એ છે કે જે સ્થાન (નિર્વાણ) ઋષિઓને પણ દુર્લભ છે તે સ્થાન માટે સ્ત્રીયો પ્રયત્ન કરે તો શું તે શક્ય છે? જે સ્ત્રી ભાત રંધાઇ રહ્યો હોય એ વખતે તે કાચો છે કે પાકો છે તે જાણવા માટે બે આંગળીઓ એકઠી કરે છે (તે સ્ત્રીયો માટે શું તે શક્ય છે?).

સોમાએ જવાબ આપ્યો :-

**इत्थिभावो किं कयिरा चित्तम्हि सुसमाहिते,**
**ञाणम्हि वत्तमानम्हि सम्मा धम्मं विपस्सतो ।**
**यस्स नूनं सिया एवं इत्थी हं पुरिसो ति वा,**
**किंचि या पन अस्मीति तं मारो वत्तु मरइ त्ति ॥**

અર્થ :-ચિત્ત ઉત્તમ પ્રકારે સમાહિત થયું હોય અને જ્ઞાન લાભ થયો હોય તથા સમ્યક્ ધર્મ જાણ્યો હોય તો નિર્વાણ માર્ગમાં સ્ત્રીત્વ શું કામ આડું આવે? જેના મનમાં હું સ્ત્રી છું અથવા પુરુષ છું અથવા હું કાંઇક છું એવી અસ્મિતા બની રહી હોય તેને હે માર! તું ખુશીથી એવું કહેજે. આ સાંભળી માર સમજી ગયો કે સોમા પોતાનું સ્વરૂપ પામી ગઈ છે અને તેથી હૃદયમાં દુઃખી થતો ત્યાંથી તે ચાલ્યો ગયો.

## તથાગતના સિદ્ધાંતો

ઉપર જે વાત કરી તે બુદ્ધના સંઘ વિષેની થઈ. ગૌતમબુદ્ધના જ્ઞાન અને વિચારો ઘણી વખત અજ્ઞાનવાદીના જ્ઞાન અને વિચારને મળતા-ઝુલતા હોય એમ લાગે છે. કોઈ પણ

મનુષ્યના પ્રશ્નનો ઉત્તર હા કે નામાં નિશ્ચયાત્મક રીતે આપી શકતા નો'તા. જગતને તેઓ કહેતા કે તમને દુઃખ દેખાતું હોય તો મારી પાસે આવો. તેનો ઉપાય બતાવું. પરંતુ એ દુઃખ શાથી થયું એનો ઉત્તર મારી પાસે નથી એમ તેઓ કહેતા. આ બાબતને તેઓ બાણના દૃષ્ટાંતથી સમજાવતા. કોઈને બાણ વાગ્યું હોય એ વખતે એ બાણ કેવું હતું અગર એ બાણમાં કોનાં પીંછાં હતા એવા પ્રશ્નો જેમ એ પુછે અને એ અનુચિત લાગે તેમ દુઃખના કારણની પૃચ્છા કરનારના સંબંધમાં સમજવું. મુખ્ય વાત તો એ છે કે બાણ કાઢી નાખવું. મનુષ્યોએ આવી નાહકની માથાકૂટમાં ન ઉતરવું જોઈએ. આવા પ્રકારની વિચારસરણી ગૌતમબુદ્ધની હતી. "મજ્ઝિમ નિકાય"માં એક એવી હકીકત છે કે એકદા ગૌતમબુદ્ધ જેતવનમાં અનાથપિંડિક ઉદ્યાનમાં વિચરી રહ્યા હતા તે વખતે તેમની પાસે વત્સગોત્ર પરવ્રાજક આવ્યો અને પ્રશ્ન કર્યો "હે ગૌતમ! આ લોક શાશ્વત છે કે અશાશ્વત? [૧] ગૌતમબુદ્ધે એનો પ્રત્યુત્તર વાળ્યો "હે વત્સ! મારી એવી દૃષ્ટિ નથી." વત્સે ફરી પ્રશ્ન પૂછ્યો "હે ગૌતમ! આ લોક અંતવાળો છે એ સત્ય છે કે અન્ય છે એ સત્ય છે?" ગૌતમબુદ્ધે જવાબ આપ્યો "હે વત્સ! એમ નથી અને એમ છે એમ પણ નથી." આવી રીતે આવા આવા અનેક પ્રશ્નો વત્સે ગૌતમબુદ્ધને પૂછ્યા. વળી પાછું વત્સ પરિવ્રાજકે પૂછ્યું "હે ગૌતમ! જીવ તે શરીર છે તે બરાબર છે કે અન્ય શરીર અને અન્ય જીવ છે? આમાં તમારો શું મત છે?" ગૌતમબુદ્ધે કહ્યું "પહેલો મત મારો નથી તેમ જ બીજો પણ મારો નથી." વત્સે વળી પૂછ્યું "હે ગૌતમ! તથાગત અત્યારે છે તે મૃત્યુ બાદ છે કે નથી?" ગૌતમબુદ્ધે ઉત્તર આપ્યો "ગૌતમ મરણ પછી છે એમ નથી અને મરણ પછી નથી એમ પણ નથી." આમ વત્સ પરિવ્રાજકે અનેક પ્રશ્નો પૂછ્યા પરંતુ ગૌતમબુદ્ધે એના ઉત્તરો "હા" અગર "ના" ના નિશ્ચયાત્મકરૂપમાં ન આપ્યા. અલબત્ત, એ ઉત્તરો માટે તથાગતે

૧. "બોંતેરમાં અંકમાં અગ્ગિ વચ્છ ગોત્ત સુત્ત."

અનેક યુક્તિઓ અને અયુક્તિઓ સૂચવી છે. કોઈ બાબતને સ્પષ્ટ રૂપે તેમણે કહી નથી. એને એમની વિદ્વતા કહો કે ગમે તે કહો પરંતુ જે છે તે તેમ છે. ગૌતમબુદ્ધે વત્સને કહ્યું "હે વત્સ! આવી દૃષ્ટિ રાખવી અથવા સિદ્ધાંતો સમજાવવા તે સરવાળે દુઃખ રૂપ છે એટલું જ નહિ પરંતુ એ પ્રશ્નો બોધ માટે નથી તેમ નિર્વાણ માટે પણ નથી; અર્થાત્ એવા પ્રશ્નો કરવા અગર એના ઉત્તરો આપવા તે નિરર્થક છે."

ગૌતમ બુદ્ધ પ્રશ્નનો સીધો ઉત્તર આપવાને બદલે ઉલટું પૂછે છે "હે વત્સ! તારી આગળ અગ્નિ બળે છે તે તું જુએ છે?" વત્સે કહ્યું "હું જોઉં છું". ગૌતમબુદ્ધે ફરી પૂછ્યું "અગ્નિ, હે વત્સ! તારી પાછળ બળે છે તેને તું જુએ છે?" વત્સે કહ્યું "હે ગૌતમ એ હું જોઉં છું." ત્યારબાદ ગૌતમબુદ્ધે પૂછ્યું "હે વત્સ! પૂર્વનો અગ્નિ હોલવાઈ ગયો તે તું જાણે છે?" વત્સ કહે છે "હા, હું એ જાણું છું." ગૌતમબુદ્ધે વળી પાછું કહ્યું "હે વત્સ! પશ્ચિમનો અગ્નિ હોલવાઇ ગયો તે તું જાણે છે?" વત્સે કહ્યું "હા, હું તે પણ જાણું છું." ત્યારે ગૌતમબુદ્ધે કહ્યું "હે વત્સ! અગ્નિ હોલવાઈને કઇ દિશામાં ગયો?" વત્સે જવાબ વાળ્યો "તે હું કેવી રીતે કહી શકું?" આ બધા પ્રશ્નો અને પ્રતિપ્રશ્નો દ્વારા ગૌતમબુદ્ધ વત્સ પરિવ્રાજકને એ હકીકત ઠસાવવા માગતા હતા કે એવા પ્રશ્નો અર્થ વિનાના છે અને એવા પ્રશ્નો પૂછવા તેનો કાંઇ સાર જ નથી.

ગૌતમબુદ્ધ પોતે કાંઇપણ સ્પષ્ટ વિધાન કરવાની સ્થિતિમાં નો'તા એ ઉપરની આખી ઘટનાનો સારાંશ છે. પ્રતિપ્રશ્નો પૂછી મૂળ વાતને તેઓ ઉડાડી દેતા. બુદ્ધે ગમે તે વ્યક્તિઓનો પરિચય સાધ્યો હોય પરંતુ એટલું ચોક્કસ છે કે તેઓ કાંઇપણ નિર્ણયાત્મક વિધાન કરી શકવાની સ્થિતિમાં નો'તા. સામાન્ય બુદ્ધિના માણસને પણ સંતોષ આપી શક્યા હોય તેમ પણ લાગતું નથી. "મજ્ઝિમનિકાય" અને "દીઘનિકાય" ને તપાસતાં ગૌતમબુદ્ધ કઈ પ્રકૃતિના કે

કેવા વિચારના હતા તે પણ ભારપૂર્વક કહી શકાતું નથી. આ બન્ને ગ્રંથો ઉપરથી એમ વિદિત થાય છે કે ગૌતમબુદ્ધ અનેક વ્યક્તિઓ પાસે ગયા હતા અને અનેક વ્યક્તિઓ તેમની પાસે પણ આવી હતી. પારસ્પરિક વિચાર વિનિમય પણ થયો હતો. કેવા કાર્યો કરવાથી જીવો નરકગતિને પામે છે? સ્વર્ગ અને નરકનું શું સ્વરૂપ છે? સ્વર્ગ અને નરક ક્યાં આવે છે? તથા જીવો શા સારૂ ત્યાં જાય છે? વગેરે વગેરે બાબતોનો અસંદિગ્ધ ખુલાસો તેઓ જરા પણ કરી શક્યા નથી. જગતમાં પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, અને વનસ્પતિ છે પરંતુ તેમાં જીવ છે કે નહિ એ બાબતનું કાંઇ જ સ્પષ્ટીકરણ તેમણે કર્યું નથી.

## ગૌતમબુદ્ધનો માંસાહાર[1]

કહેવાય છે કે ગૌતમ બુદ્ધ ઘણા દયાળુ અને કરુણાપર હતા. તેમણે જીવહિંસા વિરુદ્ધ મોટી ઝુંબેશ ઉઠાવી હતી. તે વખતના સમાજમાં વૈદિક આજ્ઞાનુસાર યજ્ઞ-યાગાદિમાં અજ, ગૌ, અને અશ્વાદિના હોમ થતા હતા. હિંસા વિરુદ્ધના આવા પ્રકારના ઉપદેશથી યજ્ઞ-યાગાદિ કૃત જીવહિંસાનું પ્રમાણ ઘણું જ ઘટી ગયું હતું. તે વખતે માણસો માંસાહાર કરતા. ગૌતમબુદ્ધ અને તેમના શ્રમણોને જનતા ભોજન માટે નોતરતી; અને તેઓ જતા પણ ખરા. ભોજનમાં આપવામાં આવતા માંસનો તેઓ સ્વીકાર કરતા. કહેવાય છે " સ્થૂલ અને અતિ પુષ્ટ ઘેટો મારી તેમની પાસે લાવી, તેલમાં તળી, મીઠું-પીપર ભભરાવી તૈયાર કરી આપતા તો તે માંસને બૌદ્ધ શ્રમણો ખૂબ ઠાંસીને ખાતા અને કહેતા કે એથી અમને કાંઈ પાપ લાગતું નથી." અત્યારે પણ તિબ્બત, બ્રહ્મદેશાદિ સ્થળોએ જેઓ અહિંસક બૌદ્ધો હોવાનો દાવો કરે છે તેઓ બજારમાંથી માંસ વેચાતું લાવી વાપરે છે અને કહે છે કે એ બકરૂં

1. "દીઘનિકાય," પ્રકરણ સોળમું તથા "મહાપરિનિબ્બાણસુત્ત."

આદિ પ્રાણી અમે અમારે હાથે માર્યું નથી તેથી અમને એનો દોષ લાગતો નથી.

ગૌતમબુદ્ધે માંસાહાર કર્યો હતો એ બૌદ્ધપિટકો વાળી બાબત આજ સુધી ચર્ચાનો વિષય બની રહી છે. યુન્દ નામની એક વ્યક્તિએ તો સૂકર સુદ્ધાનું માંસ ગૌતમબુદ્ધને આહાર માટે વ્હોરાવ્યું હતું. એ ભોજન બાદ ગૌતમ બુદ્ધ શૂલ રોગનો ભોગ બની મૃત્યુને શરણ થયા. કહેવાની મતલબ એકજ છે કે ગૌતમબુદ્ધે માંસાહાર કર્યો હતો અને તેમનો શ્રમણ સંઘ પણ માંસાહારની તરફેણમાં હતો. યુન્દની કોઈએ અપમાનપૂર્વકની નિર્ભર્ત્સના પણ નો'તી કરી. ઉલટું, ગૌતમ બુદ્ધે એનો બચાવ કર્યો હતો. આ યુન્દ સિવાય પણ એક ઉગ્ર ગૃહપતિએ સૂકરના માંસની ભિક્ષા ગૌતમબુદ્ધને આપી હતી.[1] ગૌતમબુદ્ધને આપવામાં આવેલ આ માંસભિક્ષા તથા તેમણે કરેલ માંસાહારનો, બુદ્ધનિર્વાણ પશ્ચાત્ આશરે એક હજાર વર્ષ પછી થઈ ગયેલા મનાતા બુદ્ધઘોષ નામના આચાર્યે પિટકો ઉપરની પોતાની વિવેચનામાં બચાવ કરવાની ચેષ્ટા કરી છે.[2] અર્થાત્ સૂકર શબ્દના શકય એટલા બધા અર્થો કરી માંસના અર્થમાં પરિવર્તન કરી નાખ્યું છે.

સંગીન હકીકત તો એ છે કે ગૌતમબુદ્ધ તથા તેમના શ્રમણો જીવ હિંસા અટકાવવા ગમે તેવો ઉપદેશ આપતા હતા છતાં માંસાહારમાંથી તેઓ કોઇ બચી શકયા નથી. માંસાહારની વિરુદ્ધમાં આંદોલન શરૂ થયું અને જનતામાં એમની અવહિલના થવી શરૂ થઇ એટલે અમુક બૌદ્ધ શ્રમણોએ માંસાહાર કરવાની વિરુદ્ધમાં સૂર ઉઠાવેલો પરંતુ એ વિરોધને ગૌતમ બુદ્ધે ન ગણકાર્યો એટલું જ નહિ પરંતુ ઉલટું એની સીધી તરફેણ કરી.[3]

---

૧. "અંગુત્તરનિકાય", પાંચમું નિપાત.
૨. "મજ્ઝિમનિકાય."
૩. "મજ્ઝિમ નિકાય."

# ગૌતમબુદ્ધનું નિગ્રંન્થ મંડળમાં સ્થાન

ગુરુસ્થાનને શોભાવનાર વર્ગને પ્રાચીન કાળમાં શ્રમણ, યતિ, ભિક્ષુ, અનગાર, તપસ્વી, પરિવ્રાજક અને સાધુ કહી સંબોધવામાં આવતો હતો. અર્થાત્ ગુરુસ્થાનના સૂચક ઉપર્યુક્ત શબ્દો સામાન્ય પણે કોઇપણ સંપ્રદાય માટે વપરાતા હતા. પરંતુ જ્યારે એમાં અમુક ખાસ સંપ્રદાયનો નિર્દેશ કરવાનું જરૂરી જણાતું ત્યારે એ શબ્દો આગળ તે તે સંપ્રદાયનો શબ્દ મુકવામાં આવતો. દા. ત. જૈન સાધુ, બૌદ્ધ સાધુ, ઇત્યાદિ ઇત્યાદિ. જૈન સાધુઓને માટે નિર્ગ્રંથ, શ્રમણ શબ્દ પણ ખાસ તોર પર વાપરવામાં આવતા. શ્રી. વર્ધમાનને બૌદ્ધ સાહિત્યમાં નિગ્ગંઠ નાયપુટ કહેવામાં આવેલ છે.[1] ગૌતમ બુદ્ધ પરિવ્રાજક બન્યા બાદ, પોતાના સાધના કાળ દરમ્યાન, ઘણા અને ભિન્નભિન્ન શ્રમણોના સંપર્કમાં આવ્યા હતા; ઘણાઓ સાથે વિચાર વિનિમય કર્યો હતો; અનેકો સાથે તેમણે તત્ત્વચર્ચા પણ કરી હતી. તેઓ પાર્શ્વાપત્યયીઓના ખાસ સમાગમમાં આવ્યા હોય એમ લાગે છે.[2] ભગવાનનો અંતેવાસી બની ગોશાલકે જેમ એમની પાસેથી અમુક વિચારોની પ્રેરણા મેળવી હતી તેમ ગૌતમ બુદ્ધે પણ પાર્શ્વાપત્યયીઓ પાસેથી કાંઇક પ્રેરણા મેળવી હોય એ અસંભવિત લાગતું નથી. સ્વતંત્ર આજીવિક સાહિત્ય અત્યારે ઉપલબ્ધ નથી; તો પણ એ તો વિના જોખમ કહી શકાય તેમ છે કે ગોશાલકે જિન,[3] અર્હંત, તીર્થંકર, વગેરે વગેરે ઉપનામો જૈન ધર્મમાંથી ખસકાવ્યા હતા. તેવીજ રીતે જિન, અર્હંત, તથાગતાદિ બુદ્ધદેવના ઉપનામો પણ ગૌતમ બુદ્ધે જૈનધર્મમાંથી જ તફડાવ્યા હોય એમ જણાય છે. જૈન સાહિત્યપ્રયુક્ત શ્રી. વર્ધમાન સંબંધક ઉપનામો પૈકીના અમુક

---

૧. " મજ્ઝિમ નિકાય. "

૨. "જૈનસંસ્કૃતિ સંશોધન મંડળ, પત્રિકા", નં. ૧૫.

૩. "ભગવતી."

ગોશાલકના સંપ્રદાય કે ગૌતમબુદ્ધના સંપ્રદાય સિવાય અન્ય કોઇ સંપ્રદાયે વાપર્યા જાણ્યા, વાંચ્યા નથી. ગોશાલક ભગવાન મહાવીર સાથે ૭ વર્ષ જેટલો સમય રહ્યો હતો પરંતુ ગૌતમબુદ્ધ રહ્યા હતા કે નહિં અને રહ્યા હતા તો કેટલો વખત રહ્યા હતા તે સ્પષ્ટ જણાતું નથી છતાં તેમના સમગ્ર સાહિત્યમાં જૈન ધર્મનું સુરેખ પ્રતિબિંબ અંકિત થયું જણાય છે. જૈન સાહિત્ય પ્રયુક્ત પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, આસ્રવ, ક્ષીણાસ્રવ, આરાધક, અને વિરાધકાદિ શબ્દો જે અર્થમાં વપરાયા છે તે જ અર્થમાં બૌદ્ધ સાહિત્યમાં અનેક સ્થળે વપરાયેલ છે.[૧] વત્સગૌત્રી પરિવ્રાજક ગૌતમબુદ્ધ પાસે આવી પ્રશ્ન કરે છે "હે ગૌતમ! અકુશલ શું છે અને કુશલ શું છે?" ગૌતમબુદ્ધ પ્રત્યુત્તરમાં કહે છે "હે વત્સ! પ્રાણાતિપાત, અદત્તાદાન, મૃષાવાદ, મિથ્યાદષ્ટિ વગેરે વગેરે અકુશલ છે અને પ્રાણાતિપાત વિરમણ, અદત્તાદાન વિરમણ, સમ્યગ્દૃષ્ટિ ઇત્યાદિ ઇત્યાદિ દસ કુશલ છે."[૨] ઉપર દોરેલ અનુમાનની આ સાક્ષી છે.

જૈન સાહિત્ય અને બૌદ્ધ સાહિત્ય વચ્ચેનું ઉપર્યુકત શબ્દસાદશ્ય અને વિચારસાદશ્ય કેવળ આકસ્મિક તો ન જ કહી શકાય. બૌદ્ધ સાહિત્યમાં "સૂત્રપિટક"માં પાંચ નિકાયો છે. તેમાંના ક્ષુદ્રપિટકમાં પંદર ગ્રંથો છે અને એ પૈકીનો એક "ધમ્મપદ" પણ છે. આ "ધમ્મપદ"માં કેટલીક ગાથાઓ અક્ષરશઃ જૈન સાહિત્યની છે. લોકો એવી દલીલ પણ કરી શકે કે એ ગાથાઓ "ધમ્મપદ"માંથી જૈન સાહિત્યે કાં ન ચોરી લીધી હોય? આપણે એ વિષે વિશેષ ચર્ચા નહિ કરીએ. ભાષા ભેદ અને રચના ભેદ જે કાંઈ થોડો ઘણો છે તે ધ્યાનમાં ન લઈએ તો "ધમ્મપદ"ની ગાથાઓ તેમ જ "ઉત્તરાધ્યયન"ની ગાથાઓ વચ્ચે મોટાભાગનું સામ્ય છે.

---

૧. "મજ્ઝિમ નિકાય."

૨. "મજ્ઝિમ નિકાય," તાંતેરમું પ્રકરણ.

હવે આપણે બીજી બાબત તરફ વળીએ. "રાયપસેણુઇય" નામના જિનાગમમાં પએસી અને કેશીકુમારનો અધિકાર ચાલ્યો છે.[1] બન્નેની મુલાકાત ચિત્ત નામક એક સારથી દ્વારા ગોઠવાય છે. આ ચિત્ત પએસી રાજાનો બીજી માતાથી ઉત્પન્ન થયેલ પરંતુ વયમાં મોટો ભાઇ છે. રાજા પએસી ઘણો પાપાચરણી હતો. પરંતુ કેશીકુમાર તેને જૈનધર્માભિમુખ બનાવે છે. આ ઘટના "દીઘનિકાય" નામના બૌદ્ધગ્રંથના છેલ્લા પ્રકરણમાં છે.[2] જો કે અહિંયા નામભેદ માલુમ પડે છે અર્થાત્ જિનાગમવ્યવહૃત પએસી, ચિત્ત, અને કેસીને સ્થાને બૌદ્ધગ્રંથમાં પાયાસિ, ક્ષત્ર, અને કુમારકશ્યપ નામોની યોજના કરવામાં આવેલ છે. જે પ્રશ્ન પએસી પૂછે છે તેજ પ્રશ્ન પાયાસિ પણ પૂછે છે. "જીવ અને શરીર એક છે કે ભિન્ન? જીવ પરલોકાદિમાં ઉત્પન્ન થાય છે કે નહિ?"—આ બન્ને પ્રશ્નોનો એક જ ઉત્તર—એટલે કે જીવ ભિન્ન છે અને પરલોકમાં ઉત્પન્ન થાય છે—બન્નેમાં છે. કેસીએ આપેલ દૃષ્ટાંતોમાં બન્ને ગ્રંથોમાં જરૂર તફાવત છે. પંડિત બેચરદાસજી બન્નેમાં દૃષ્ટાંતો અક્ષરશઃ સરખાં છે એમ લગભગ કહે છે.[3] જો કે મારૂં માનવું એમ છે કે ઉત્તરો એક હોવા છતાં દૃષ્ટાંતભેદ જરૂર છે. આ સાદૃશ્ય ઉપરથી પં. બેચરદાસજી એવું અનુમાન સ્થિર કરે છે કે બન્ને સાહિત્યો પૈકીના ગમે તે એકે બીજામાંથી આ વસ્તુ લીધી હોય. ગમે તેમ હો પરંતુ વસ્તુ સ્વરૂપ એક છે, અભિન્ન છે.[4]

અહિંયાં મારે એ વિચાર કરવાનો રહે છે કે બન્ને વચ્ચે સારૂપ્ય છે કે વૈરૂપ્ય? અને તે છે, તો કેટલા પ્રમાણમાં છે? મારૂં સ્પષ્ટ મંતવ્ય એ છે કે સુકૃત અને દુષ્કૃતના ફલો વિષે અને આત્મા

---

१. "रायपसेणइयं."
२. "दीघनिकाय."
૩. "રાયપસેણઇય."
૪. એજન.

પરલોકમાં જાય છે એ ઉત્તર પૂરતું બન્નેમાં સુસંગત વાતાવરણ છે. પરંતુ સંવાદના પ્રારંભ અને ઉપસંહારના વિષયમાં વિસંગતિ ચોકખે ચોકખી છે. "દીઘ નિકાય" માં એવી હકીકત છે કે પાંચસો ભિક્ષુઓથી પરિવૃત્ત થયેલા કુમાર કશ્યપનું આવાગમન સાંભળી પાયાસિ રાજા ક્ષત્ર દ્વારા નગરજનોને કુમાર કશ્યપ પાસે જવાનું આમંત્રણ મોકલે છે. ઉત્તર પૂર્ણ થયા પછી પાયાસિ ઘેર પાછો આવે છે અને પોતે પહેરે છે તેવા વસ્ત્રો અને ખાય છે તેવું ભોજન ગરીબ લોકોને આપે છે. મરીને પોતે જ્યાં તાવતિરા દેવો રહે છે તેવા દેવલોકમાં જાય છે. વિષયભોગ કે ત્યાગ કે તપસ્યા કે વ્રતાદિના પાલન તથા તેમને પડેલ દુઃખના સંબંધમાં કાંઇ પણ નિર્દેશ બૌદ્ધ સાહિત્યમાં નથી મળતો. [1] જ્યારે "રાયપસેણઇયિ' માં જણાવવામાં આવ્યું છે કે પએસી રાજા વૈરાગ્ય પામે છે અને કેશીકુમાર શ્રમણને કહે છે "આપના ગયા પછી હું અરમણીય અને શુષ્ક નહિ બનું. પરંતુ રાજ્યમાં ઉત્પન્ન થતાં દ્રવ્યમાંથી ચોથો હિસ્સો લોકહિત માટે કાઢીશ.[2] આટલું કર્યા પછી રાજા પએસી રાજ્યમાં ઉદાસીન બને છે અને તેથી કરી તેની સૂર્યકાંતા નામની સ્ત્રી તેના ઉપર કોપાવિષ્ટ બને છે. આમ છતાં રાજા એના ઉપર મોહભાવ પામતો નથી. સ્ત્રી એને સ્નાનના વસ્ત્રોમાં અને ભોજનમાં ઝેર આપે છે. રાજા જાણે છે તથાપિ એના ઉપર કોપયુકત બનતો નથી. ઝેરની દુઃસહ પીડા વેઠે છે અને મરીને સૂર્યાભ વિમાનમાં શ્રાવક ધર્મના પાલનથી, તેમજ ક્ષમા, અને તિતીક્ષા ને કારણે સૂર્યાભ દેવ તરીકે ઉપજે છે. ત્યાં દેવ, દેવીઓના નિરવધિ માન, પાન, અને સુખથી યુકત પએસી (સૂર્યાભ) રહે છે.

આ ઘટનાના નિરૂપણ પૂરતો બન્ને સાહિત્યોમાં કેટલો ભેદ છે એ આ ઉપરથી સમજાશે. એટલું જ નહિ પરંતુ કોણે કોનામાંથી વસ્તુ લીધી છે એ પણ આ ઉપરથી પ્રતીત થશે. અહિંયા એક

---

૧. "દીઘ નિકાય."

૨. "રાય પસેણઇયિ."

બીજી વાત પણ ધ્યાનમાં રાખવાની આવશ્યકતા છે. આગળ આપણે જોઈ ગયા કે વત્સગોત્રી પરિવ્રાજક, જીવ અને શરીરના ભિન્નાભિન્નત્વ, લોકની શાશ્વતતા અને અશાશ્વતતા, અને ગૌતમ બુદ્ધની પોતાના મૃત્યુ બાદની ભાવિ સ્થિતિ વિષે ખુદ ગૌતમ બુદ્ધને પ્રશ્નો પૂછે છે [1] ત્યારે ગૌતમબુદ્ધ કાંઈ નથી કહેતા એમ નહિ પરંતુ બીજો જ ઉત્તર આપે છે. જ્યારે "દીઘનિકાય"માં કુમાર કસ્યપ "રાયપસેણઇય" માં આવે છે તે પ્રત્યુત્તરને મળતો પ્રત્યુત્તર આપે છે. આમ હકીકત છે તો પણ બન્નેમાં કોનાં જ્ઞાન અને અનુભવ વધારે ગણવાં? ગૌતમબુદ્ધના કે કુમારકસ્યપના? "મજ્ઝિમ નિકાય" માં ગૌતમબુદ્ધે આપેલ ઉત્તરો સુબોધ નથી અને ઉલટું ઉપાલંભપૂર્વક વત્સને એમ કહે છે કે એવી માથાફોડમાં પડવા જરૂર નથી. ત્યારે સુકૃત તથા દુષ્કૃતના ફ્લોની બાબતમાં અને જીવ પરલોક ગામી છે એવું સ્પષ્ટ કથન કુમાર કસ્યપ "દીઘનિકાય"માં કરે છે. હવે જો કુમાર કસ્યપ ખુદ ગૌતમબુદ્ધનો શિષ્ય હોય એટલે કે ગૌતમબુદ્ધ એના ગુરુ હોય તો એ પોતાના ગુરુ –ગૌતમબુદ્ધ–ના મંતવ્યને અનુરૂપ ઉત્તર આપે કે જિનાગમ (એટલે કે અહિં "રાયપસેણઇયં" સમજવું) સંમત અને સમર્થિત ઉત્તરો આપે?

કુમાર કસ્યપના ઉત્તરથી પાયાસી સમજે છે અને સુમાર્ગે ચાલે છે એમ "દીઘનિકાયં" પુસ્તકથી સિદ્ધ થતું હોય તો પ્રશ્ન એ થાય છે કે પાયાસી રાજા ઘણો જ દુરાચારી હોવા છતાં એણે ઉચ્ચ પરલોક પ્રાપ્ત કરવા એવું શું ધર્માચરણ કર્યું એ વાત તો એ પુસ્તક જરાપણ સમજાવતું નથી. "દીઘનિકાય" તો માત્ર એટલું જ કહી અટકી જાય છે કે પાયાસીએ પોતે પહેરતો તેવાં વસ્ત્ર, અને ખાતો તેવું ભોજન ગરીબ–ગુરબાને આપ્યાં. પરંતુ શું આટલાથી સ્વર્ગ મળી જાય? અર્થાત્ કાર્ય–કારણના અભાવનું અહિં સ્પષ્ટ દર્શન આપણને મલી રહે છે. સ્વર્ગ પ્રાપ્તિના મજબૂત કારણો છે ત્યાગ, તપશ્ચર્યા, વ્રતાદિનું પાલન, અને કષ્ટ સહન ઇત્યાદિ ઇત્યાદિ. જિનાગમ "રાયપસેણઇયિ"

---

૧. "મજ્ઝિમ નિકાય".

પ્રમાણે તો પએસીએ ધર્મ પ્રાપ્તિ પછી ત્યાગાદિ આચર્યા, રાજ્ય તરફ ઔદાસિન્ય સેવ્યું, સ્ત્રી તરફની આસક્તિ છાંડી, વિષને સમભાવે જીરવ્યું અને આખરે ક્ષમા, અને તિતીક્ષા પાળી જેના ફલસ્વરૂપે એને મોક્ષ પ્રાપ્ત થઈ.

વસ્તુસ્થિતિ આમ છે કે એક જ બાબત બન્નેમાં હો કે ભિન્ન પણ સુકૃત અને દુષ્કૃતના ફળની "દીઘનિકાય" ગત બાબત સ્વીકારવામાં આવે તો પણ "રાયપસેણઇય"વર્ણિત હકીકત જેટલી એ સંબદ્ધ, ઔચિત્યયુક્ત, અને પ્રત્યયકારી લાગતી નથી. પ.યાસી રાજા ઘણોજ અધાર્મિક અને પાપાચારી હતો અને પરલોકમાં એ માનતો નો'તો: કુમારકશ્યપના ઉપદેશથી એનામાં જે આવકારદાયક પરિવર્તન થયું તેનું ઉચિત આલેખન "દીઘનિકાય"માં જોવા મળતું નથી. સુકૃત અને દુષ્કૃતના ફળની વાત કરી છે પરંતુ સ્વર્ગ અને નરકનો સમગ્ર ખ્યાલ આપવામાં એ પુસ્તક સદંતર નિષ્ફળ નિવડ્યું છે. હિંસાનું ફળ દુ:ખ છે અને પરંપરાએ નરક પણ છે એમ જિનાગમો સ્થળે સ્થળે અસંદિગ્ધપણે કહે છે જ્યારે પરલોકની વિચારણાના સંબંધમાં ગૌતમબુદ્ધ અત્યંત સંશયાત્મક રહે છે. આ ઉપરથી એમ સ્પષ્ટ લાગે છે કે "દીઘનિકાયે" "રાયપસેણઇય" માંથી આ હકીકત ઉપાડી હોય.

આવી જ એક બીજી બાબતનું બન્ને સાહિત્યો વચ્ચેનું સાદૃશ્ય વિચારણીય છે. "જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ" નામના જિનાગમ પ્રમાણે ભરત રાજા જ્યારે દેશ સાધવા નિકળે છે ત્યારે તેને ચક્ર, રત્નાદિ ચૌદ રત્નોની પ્રાપ્તિ આયુધ શાળામાં થાય છે.[1] આવી જ હકીકત બૌદ્ધ સાહિત્ય ગ્રંથ "દીઘનિકાય"માં પણ આવે છે.[2] આ ગ્રંથ પ્રમાણે કુશાવતી નામની રાજધાનીમાં મહાસુદર્શન નામનો રાજા રાજ્ય કરતો હતો. તે નગરીની આસપાસ સાત કિલા હતા. આવા સાત કિલા કોઇ નગરીની આસપાસ

---

૧. "જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ"

૨. "દીઘનિકાય."

હતા એવું વર્ણન કોઈ સાહિત્યમાં મળતું નથી. ચક્ર, અશ્વ, સ્ત્રી, આદિ રત્નોની વાત બન્ને સાહિત્યના ઉપર્યુક્ત ગ્રંથોમાં છે. ફેર એટલો છે કે "જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ" માં ચૌદ રત્નોની જ્યારે "દીઘનિકાય"માં સાત રત્નોની બાબત આવે છે.

પરંતુ હકીકતનો વિસ્તાર "જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ"માં જેવો મળી આવે છે તેવો "દીઘનિકાય"માં નથી. છતાં જૈન સાહિત્યની સ્પષ્ટ છાયા બૌદ્ધ સાહિત્ય ઉપર પડી છે એ તો ઉપરછલ્લી રીતે વાંચનારને પણ વિદિત થયા વિના નહિ રહે.

પાશ્ચિમાત્ય વિદ્વાનો બૌદ્ધ ધર્મમાંથી જૈનધર્મનો પ્રાદુર્ભાવ થયો એવું વિધાન કરતા હતા. ઘટનાઓ પૂરતું વર્ણન સામ્ય, અહિંસાદિ વ્રતોની કલ્પનાનું સાદૃશ્ય, ઉપદેશો સંબંધક સારૂપ્ય, અને સંઘ યોજના વિષયક વિચાર સરણીઓનો અભેદ–ઇત્યાદિ ઇત્યાદિ બાબતો એક બીજાએ એક બીજા ઉપરથી લીધી હોય. ગૌતમબુદ્ધે તત્કાલીન અનેક સંસ્થાઓ સાથે અવાર નવાર પોતાનો સંપર્ક સાધ્યો હતો એ વસ્તુ ઐતિહાસિક છે. છતાં એમણે પોતાના ધર્મને વિલક્ષણ ઓપ આપ્યો હતો. ગૌતમબુદ્ધ રચિત સાહિત્યને વ્યવસ્થિત સ્વરૂપ આપવાનું કાર્ય તેમના શિષ્યોએ ભલે કર્યું હોય. તથાપિ એમના વિચારોના અવતારને એમાં તેઓ રોકી તો ન જ શકયા હોય. સમસામયિક ધર્મનાયકોની સાથેના પોતાના વિચાર વિનિમયમાં જે જે સારી, નસારી વસ્તુ તેમને લેવા જેવી લાગી તે બધી તેમણે અપનાવી હતી એમ તેમના સાહિત્યના અવલોકનથી સ્પષ્ટ થાય છે.

ગૌતમબુદ્ધે ઉગ્ર તપશ્ચરણ કર્યું હતું અને પેટ તો પુણી જેવું પોચું બનાવી દીધું હતું. પરંતુ ઉત્તરાવસ્થામાં તેમણે તપશ્ચર્યા વિરુદ્ધનું વલણ બતાવ્યું હતું.[૧] "મજ્ઝિમ નિકાય" આ અનુમાનનું સમર્થન કરે છે. "મજ્ઝિમ નિકાય"ના કંદરક શ્રુત અનુસાર,

૧. "પુરાતત્ત્વ."

ચંપા નગરીમાં ગંગારામ પુષ્કરિણીના કિનારે, જ્યાં ગૌતમ બુદ્ધ પોતાના શ્રમણ શિષ્યો સાથે વિચરી રહ્યા હતા ત્યાં, પ્રોક્ષ્ય હત્યારોહ પુત્ર અને કંદરક પરિવ્રાજક આવે છે [૧] અને કેટલાક પ્રશ્નો પૂછે છે જેનો પ્રત્યુત્તર ગૌતમબુદ્ધ આ પ્રમાણે આપે છે "હે કંદરક! ચાર પ્રકારના પુદ્ગલો (આત્માઓ) આ જગતમાં છે. એક આત્મા આત્મતપ અને આત્મપરિતાપના અનુયોગ યુક્ત છે. બીજો આત્મા અન્યતપ અને અન્ય પરિતાપના અનુયોગ યુક્ત છે. ત્રીજો આત્મા એ બન્નેથી મિશ્ર છે; અને ચોથો આત્મા આત્મ તપ પણ નહિ અને પરતપ (પરને દમન કરવું તે) પણ નહિ એમાં માનનાર છે."

ગૌતમબુદ્ધે કયાં અને કેવી ભિક્ષા લીધી હતી એના સ્પષ્ટ ઉલ્લેખો નથી મળતા. આત્મતપ કરનાર, ભિક્ષા માગી લાવનાર, તપસ્વી, અભિગ્રહ ધારી, ગોશાલકના કે જૈનમતના કે અન્ય કોઈપણ સંપ્રદાયના બાવા, જોગીડા, સંન્યાસી, કેશ લુંચન કરનાર અને મસ્તક મુંડન કરનારને આત્માની ઉપર્યુકત ચાર શ્રેણીઓ પૈકીની પ્રથમ શ્રેણીમાં મુકયા છે. પરંતુ દમન કરનાર, પશુ હિંસક, માછલાને મારનાર, ડુકકરને મારનાર અને ચોરને મારનાર વગેરે વગેરે પરજીવના ઘાતકોને તેમણે બીજા પ્રકારમાં મુકયા છે. ત્રીજા પ્રકારનું રસિક વર્ણન નીચે પ્રમાણે છે. કોઇ ક્ષત્રિય રાજા મસ્તક ઉપર રાજ્યાભિષેક કરાયેલો હોય તેવો અથવા કોઈ મોટો પ્રસદ્ધ બ્રાહ્મણ લ્યો. તે ગર્દભ ચર્મ લપેટી, દાઢી–મૂછ મુંડાવી, નગર બહાર રહેવાને માટે સ્થાન કરાવી, શરીર ઉપર ઘી–તેલનું સિંચન કરાવી, મૃગના શિંગડાથી પીઠભાગને ખણતો, કેટલાક મહર્ષિઓ સાથે તે સન્થાગારમાં રહેવા જાય. વળી તે એક વાછરડા સાથે ગાયને પાસે રાખી દોવે. તેના એક આંચળમાંથી જે દૂધ નિકળે તે રાજાને આપે; બીજામાંથી નિકળે તે મહર્ષિને; ત્રીજામાંથી નકળે તે બ્રાહ્મણ–પુરોહિતને અને ચોથામાંથી

---

૧. "મજ્ઝિમ નિકાય," કંદરક શ્રુત.

નિકળે તે અગ્નિદેવને અર્પણ કરે. આંચળમાં બાકી રહેલ દૂધ પછી વાછરડાને પીવા આપે. ત્યારબાદ તે રાજા કે બ્રાહ્મણ એમ કહે કે આટલા બળદો યજ્ઞ માટે હણાઓ! તેમ વાછરડાઓ હણાઓ! વાછરડીઓ હણાઓ! ઘેટાઓ હણાઓ! વૃક્ષોને કાપો—યજ્ઞના સ્તંભ માટે. ઘાસમાં બેસવા માટે આટલું દર્ભ કાપો. આવો હુકમ આપવાથી જે દાસ, નોકર કે પ્રેષ્યો હોય છે તેઓ તેમ કરે છે. પરંતુ જેઓ આવી પ્રવૃત્તિ કરે છે તેઓ આત્માનું દમન કરનાર છે અને પરંતપ એટલે કે અન્યનું પણ દમન કરનાર છે. આ ત્રીજા પ્રકારની વાત થઈ. હવે ચોથા પ્રકારની વાત ગૌતમબુદ્ધ કરે છે. આત્મતપ નથી અને પરંતપ પણ નથી એમ કહેનાર કે માનનાર મનુષ્યેજ ધર્મ જોયો છે. તે ક્ષુધારહિત છે, શિતલીભૂત છે, અને સુખને સમજ્યો છે. તેનો આત્મા બ્રહ્મ સમાન છે. તે કોણ તેના જવાબમાં કહે છે કે તે જ તથાગત આ લોકમાં ઉત્પન્ન થયો છે. તે જ અર્હન્ સમ્મા સંબુદ્ધ છે. તે જ વિદ્યા અને ચારિત્ર્યથી સંપન્ન છે. તે સુગત છે. તે લોકવિદ્ છે. તે મનુષ્યોનો અને દેવોનો શાસક છે. તે માર, બ્રાહ્મણ, શ્રમણ, બ્રહ્મથી યુક્ત દેવ અને મનુષ્ય લોકને ઓળખી પ્રરૂપણા કરે છે. તે ધર્મને ઉપદેશે છે. આદિ, મધ્ય, અને અંતે કલ્યાણ છે એવા કેવલ પરિપૂર્ણ બ્રહ્મચર્ય અને શાસ્ત્રને પ્રકાશે છે.

"મજ્ઝિમ નિકાય"ના કંદરક સુતમાં ગૌતમબુદ્ધ આત્મતપ અને પરંતપના ઉપર્યુક્ત ચાર ભેદો પાડે છે. પહેલા પ્રકારમાં પોતાના તથા પોતાના મંડળ સિવાયના જે ભિક્ષુઓ, શ્રમણો, તપસ્વીઓ, અને અભિગ્રહધારીઓ વગેરે વગેરે છે તેમનો સમાવેશ કર્યો છે. બીજામાં પર જીવના ઘાતકોને સમેટી લીધા છે. અહિં સુધી તો બધું બરાબર છે; પરંતુ ત્રીજા પ્રકારની જે વ્યવસ્થા તેમણે કરી છે તે જરૂર વિચિત્ર લાગે છે જો કે તે સમયે તેવા પ્રકારની કોઈ પ્રવૃત્તિ ચાલતી હોવી જોઈએ અને એટલા માટે ગૌતમબુદ્ધે તેમ કર્યું હોય એ એક સ્પષ્ટીકરણ છે ખરૂં. ચોથા ભેદમાં માત્ર પોતાને જ ગણે છે. અર્થાત્

તેઓ પોતાના આત્માને દમતા નથી તેમ પરના જીવને પણ દમતા નથી. તેઓ પોતે પૂર્ણ સુખી, બ્રહ્મવિદ્ અને લોકવિદ્ છે એમ જણાવે છે.

હવે અહિંયા એ પ્રકારો ઉપર આપણે વિચાર કરીએ તો જણાશે કે બીજા અને ત્રીજા ભેદ પૂરતી કાંઇ હરકત નથી. પરંતુ તેમણે પ્રથમ વિકલ્પમાં આત્મા તપ છે એવું માનનાર શ્રમણો; અને સંન્યાસીઓને ગણાવ્યા છે. એમાં ગૌતમબુદ્ધના શ્રમણો સિવાયના બાવાઓ, જોગીડાઓ વગેરેને સમાવ્યા છે. જેઓ અનેક પ્રકારે પોતાના શરીરને અને આત્માને તપથી, યોગથી, કષ્ટથી, અભિગ્રહ વિશેષથી, પાસે પાસેના ઘરથી વા ત્રીજા, ત્રીજા ઘરના અંતરથી વા એકસાથે એક વખતે પડે તેટલા આહારથી, એક દત્તિથી, બે દત્તિથી શરીર નિર્વાહ કરતા હોય છે, જેઓ શીત અને ઉષ્ણતા સહતા હોય છે, જેઓ પંચાગ્નિ તપ તપતા હોય છે, જેઓ લોઢાના ખીલાની શય્યા ઉપર સૂતા હોય છે તેવા તેવા અનેક શ્રમણો તે વખતે વિદ્યમાન હતા. તેવા શ્રમણો કુટુંબ, કબીલો, પચન–પાચનનો ત્યાગ કરી બહાર નિકળી પડેલા હતા. તેમજ ગૌતમબુદ્ધ અને તેમના મંડળના શ્રમણો પણ ઘર, કુટુંબ, સ્ત્રી, અને પુત્ર વગેરેને મુકીને નિકળી ગયા હતા. તો તેઓ પ્રથમ વિકલ્પમાં કાં ન આવે? ગૌતમબુદ્ધ પોતાને શા કારણે બાકાયત રાખે છે? તેઓ પોતે શ્રમણ છે. ઉપર જણાવ્યા તેવા શ્રમણોની માફક તેમણે શરીર તથા જીવને કષ્ટ આપ્યું છે. તો પછી તેઓ પણ શા માટે પ્રથમ પ્રકારમાં ન આવી શકે? એવી દલીલ કદાચ કરવામાં આવે કે તેમને પોતાને પ્રથમ સમજણ કે જ્ઞાન ન હોય પરંતુ તેમને બોધિ પ્રાપ્ત થયું એટલે તેમાંથી અર્થાત્ પ્રથમ પ્રકારમાંથી તેમણે પોતાની જાતને મુકત રાખી હોય એ બરાબર છે અને એ કારણસર તેમણે પોતાની જાતને ચોથા વિકલ્પમાં મુકી હોય. પરંતુ વિચાર એ આવે છે કે જો આત્મ તપ કરનાર શ્રમણો ઠીક છે તો પછી તેમણે શ્રમણ થવું શા માટે પસંદ કર્યું? અને શા

હેતુથી અમુક વખત તપ કર્યો? શ્રમણ થતાંની સાથે શા કારણે બોધિ ન મેળવ્યું અને શાંતિ ન મેળવી? સાધ્ય એટલે કે શાંતિ જે આવશ્યક વસ્તુ હતી તે સાધન વિના પ્રાપ્ત થાય ખરી? સાધ્ય પ્રાપ્ત થયા પછી સાધનને વખોડવા અથવા મુકી દેવા તે સાધ્ય પ્રાપ્તિ થઈ છે એમ કહી શકાય ખરૂં? વિદ્યા પ્રાપ્તિ કાજે મનુષ્ય કેટલોક વખત પુસ્તક સંગ્રહ કરી તેમાં વખત પસાર કરે અને પછી એટલે કે વિદ્યા પ્રાપ્ત થયા પછી કહે છે કે એ પુસ્તકો ખોટાં છે તો શું એ કથન પાઠકને ઉચિત લાગશે?

જે સાધન દ્વારા મનુષ્યને સાધ્યની સિદ્ધિ થઇ એ સાધનો ખોટાં છે એમ જ્યારે કહે ત્યારે સાધ્ય જે મળ્યું છે તે સાધ્ય સાચું છે એમ કેમ માની શકાય? ગમે તે હોય, પરંતુ એટલું તો સ્પષ્ટ દેખાય છે કે તે વખતની આત્માનું દમન કરનારી મંડલગત વ્યકિતઓ પોતાના તપના કાર્યક્રમ પૂરતી બરાબર હતી એમ કહેવા ગૌતમ બુદ્ધ તૈયાર નથી. બીજા શબ્દોમાં કહીએ તો તેમને હિસાબે આત્માને તપાવનાર શ્રમણો, તપસ્વીઓ, અને સંન્યાસીઓ જ્ઞાન વિહીન હતા. તેઓ એમ માનતા લાગે છે કે તેઓ આત્માને ફોગટ દુઃખ દઈ રહ્યા હતા. જો વસ્તુસ્થિતિ આમ ન હોત તો તેમણે પોતાની જાતને પ્રથમ વિકલ્પમાં જરૂર મુકી હોત જ. પરંતુ તેઓ પોતાને બધાથી રહિત, મુકત, અને અદોષયુકત માનતા હતા તેથી તેમણે પોતાને માટે ચોથા વિકલ્પની કલ્પના કરી અને એમાં પોતાને ગણાવ્યા. તેમને મતે આત્મશાંતિ માટે તપશ્ચર્યા, કષ્ટ, અભિગ્રહ વગેરે વગેરે સાધનો યોગ્ય જણાયા હોય એમ લાગતું નથી. અથવા સમજણપૂર્વકનો તપશ્ચર્યાદિ ક્રિયાકાંડ તેમને અભિપ્રેત જણાતો નથી. સારાંશ એ છે કે તેમણે જે જે ત્યાગો કર્યા તેમાં તેમને આત્મહિત ભાસ્યું લાગતું નથી. આ વસ્તુ એમણે પાડેલ ઉપર્યુકત ચાર વિકલ્પોથી દીવા જેવી સ્પષ્ટ થઇ જાય છે.

હવે તેમણે પોતાને ચોથા પ્રકારમાં કેમ ગણ્યા છે તે બાબત તપાસીએ. તથાગત, સુગત, વિદ્યાચરણ સંપન્ન, લોકવિદ્દ, સમ્માસંબુદ્ધ, પુરિસાદમ્મ, સારથિ ઇત્યાદિ, ઇત્યાદિ તેમના પોતાને માટે વાપરેલ વિશેષણો છે. તેમના આ વિશેષણોનું ઔચિત્ય અને સાર્થકય તપાસીએ. ગમે તેટલી સાધના કે તપશ્ચરણથી તેમને વસ્તુ પ્રાપ્તિ ન થઇ હોય પરંતુ શાંતિથી કે કોઇ અપૂર્વ સમજણથી તેમને વસ્તુ-પ્રાપ્તિ થઈ હોય એમ એમના પોતાના કથન ઉપરથી સ્પષ્ટ થાય છે. તેઓ પોતાને વિદ્યાચરણ સંપન્ન અને લોકવિદ્દ કહે છે તો આવી યોગ્યતા તેમનામાં છે શું? લોકવિદ્દ એટલે સમસ્ત લોકને જાણનાર અને વિદ્યાચરણ સંપન્ન એટલે જ્ઞાન, અને ત્યાગના ધારક. આ યોગ્યતા તેમનામાં છે કે નહિ તે હવે જોઇએ.

લોક દુઃખી છે; સુખી નથી. લોકવિદ્દ એટલે લોકો સુખી નથી પરંતુ દુઃખી છે એમ જાણનાર. અથવા લોકો પોતાના જ અજ્ઞાનથી–અણસમજથી દુઃખી થાય છે એવું જાણનાર તે લોકવિદ્દ. આટલી જ હકીકતના જ્ઞાનથી ગૌતમ બુદ્ધ પોતાને લોકવિદ્દ કહેતા હોય તો તે અયથાર્થ છે. કારણ કે લોકમાં ઘણી બીજી બાબતોનો સમાવેશ થાય છે. લોકની વિશાળતા, લોકમાં આવતા પદાર્થો, લોકાંતર્ગત જીવો અને તેમના સ્વભાવ અને પ્રવૃત્તિ, જીવોનો કર્મ ભોગવવાનો પ્રકાર, જીવો શું કર્મ કરે તો સ્વર્ગ પ્રાપ્તિ થાય અને કયા કર્મોથી નરકમાં જાય, સ્વર્ગ અને નરક શું છે, કયાં છે?–ઇત્યાદિ, ઇત્યાદિ બાબતો લોકમાં અંતર્ગત છે અને પોતાને ખરેખરી રીતે લોકવિદ્દ કહેવડાવનારે આ તમામ હકીકતો યથાર્થ સ્વરૂપે જાણવી રહે છે. પરંતુ તેઓ આ બાબતો વિષે કાંઈ જાણતા નથી એ સ્પષ્ટ છે. ઉલટું, તેઓ પોતે નીચેની ગાથા દ્વારા લોકની અજ્ઞેયતા વિષે સ્પષ્ટ વિધાન કરે છેઃ—

**अनमतगोयं भिक्खवे ! संसारो पुव्वाकोटि न पञ्ञायति ।**

**अविज्जान्तवरणानं सत्तानं तण्ण संजोजनानं सन्धावतं संसरतुं**[1]

---

૧. "સંયુત્ત નિકાય."

અર્થ:—હે ભિક્ષુઓ! આ સંસાર અનાદિ છે. અવિદ્યાથી ઢંકાયેલા અને તૃષ્ણાથી વૃદ્ધિ પામેલા સંસાર ચક્રમાં સપડાયેલા પ્રાણીઓની પૂર્વ સ્થિતિ શું હતી તે સમજી શકાતું નથી.

હે સાધુઓ! આ જીવોની ગતિ શું છે અને મરણ પછી તેઓ ક્યાં જવાના છે તે હું સમજી શકતો નથી. અભ્યાસીઓને આથી સ્પષ્ટ થશે કે ગૌતમ બુદ્ધ પોતાને લોકવિદ્ કહે છે તે કેટલું સાર્થક છે? તેમની વિરુદ્ધ કહેનારા અન્ય દર્શનીયોના ગ્રંથોની વાત મુકી દ્યો. પરંતુ તેમના પોતાના જ ગ્રંથોથી એ વાત નિ:સંદેહ પુરવાર થાય છે કે તેઓ લોકવિદ્ નો'તા વળી તેમના બીજા કથનો પણ તપાસીએ.

सव्वं अथीति मो कच्चान ! अयमेको अंतो । सव्वं नथीति अयं दुतियो अंतो । एते ते उभो अंते अनुपगम्म मज्झे न तथागतो धम्मं देसेति अविज्जा पच्चया संखारा ।[1]

અર્થ:—હે કાત્યાયન! સર્વ (આત્માદિ) નિત્ય છે એ એક છેડો છે અને તે સર્વ નથી એ એક બીજો છેડો છે. આ બે બાબતમાં ગૌતમ શ્રમણ નથી જતાં પરંતુ વચલા માર્ગમાં તે ઉપદેશ આપે છે.

તથાગતમાં કેટલું જ્ઞાન હતું તે તેમના જ પુસ્તકો કહી આપે છે.

उप्पादा वा तथागतानं अनुप्पादा वा तथागतानं ठिता य सा धातु धम्मट्ठितता धम्मनियामता इदप्पच्चयतातं तथागतो अभिसंबुझति अभिसमेति अभिसंबुझीत्ता अभिसमेत्वा आचिक्खति देसेति[2] ॥

---

૧. "સંયુત્તનિકાય."
૨. "સંયુત્તનિકાય."

તથાગત પોતાને વિષે કહે છે કે ગૌતમ (તથાગત) નો જન્મ થયો તો શું થયું અને તે ન જન્મ્યો તો પણ શું થયું? આ શકિત, ધર્મ સ્થિતિ, ધર્મ નિયામકતા, કાર્ય–કારણ પરંપરા છે તે આજ છે. તથાગત તેને જાણે છે, તેનો સાક્ષાત્કાર કરે છે. લોકોને કહે છે અને તેનો ઉપદેશ કરે છે. ઉપરાંત, ગૌતમ કહે છે કે તમે તમારી બુદ્ધિથી સમજો.

તાત્પર્ય એ નિકળ્યું કે તથાગતનો જન્મ થયો તેથી કે ન થયો હોત તો તેથી પણ જગતની સ્થિતિ તો જે છે તે જ રહી છે–રહી હોત. લોકો તમે તમારી પોતાની બુદ્ધિથી જ સમજી જાઓ. અહિં કહેવાનો આશય એ છે કે ગૌતમ શ્રમણું પોતાને એક વખત લોકવિદ્દનું બિરૂદ આપે છે અને વિદ્યા સંપન્ન કહેવડાવે છે જ્યારે બીજી વખત પોતે જ કહે છે કે જીવો ક્યાં, કેવી રીતે ઉત્પન્ન થાય છે અને મરીને ક્યાં જાય છે તે કંઇ ગૌતમ બુદ્ધ જાણતા નથી. આ બન્ને પરસ્પર વિરોધી મંતવ્યો છે. એટલે તેમણે પોતાને માટે પ્રયુક્ત કરેલું લોકાવદ્દ અને વિદ્યાસંપન્ન વિશેષણ પોકળ લાગે છે. “મજ્ઝિમ નિકાય” અનુસાર પોતાને ચોથા પ્રકારમાં ગણાવી લોકવિદ્દ અને વિદ્યાસંપન્ન મનાવડાવે છે અને “સંયુત્ત નિકાય” માં પોતે કાંઇ જાણતા નથી એવું પોતે જ વ્યક્ત કરે છે.

વિચારકો આથી વસ્તુ સ્થિતિ સ્પષ્ટ સમજી જઈ શકશે. અન્ય લોકોએ તથાગતને લોકવિદ્દ નથી કે વિદ્યાસંપન્ન નથી એમ કહ્યું હોત તો તેમના અનુયાયીઓને જરૂર દુઃખ થાત. પરંતુ આ તો પોતે જ કહે છે એટલે આપણને પણ કહેવામાં હરકત નથી કે ગૌતમ બુદ્ધમાં જ્ઞાન ચોક્કસ નો'તું.

ગૌતમ પોતે ક્યારે અને કઇ ગતિમાં જશે એ પણ કહી શક્યા નથી. અન્યની માફક તેમને પણ તે વિષે કાંઇ ખ્યાલ નથી. નિર્ગ્રંથ શ્રમણો સાથે ગૌતમ બુદ્ધને સંપર્ક હતો અને તેમના અમુક વિચારોની

તથા ઉપદેશની છાયા ગૌતમ બુદ્ધના લખાણુમાં સ્પષ્ટ તરી આવેલી છે એમ જોવામાં આવે છે. પરંતુ ગુપ્ત રહસ્ય તેમજ અદશ્ય બાબતોના સંબંધમાં તેઓ સદા શંકાગ્રસ્ત રહેલા છે. અમુક પ્રકારના તર્ક, વિતર્કો કરી આત્મ શાંતિ પોતાને મળી છે એવી ઉદ્‌ઘોષણા જો કે એમણે કર્યા કરી છે તથાપિ જીવની મૃત્યુ પછીની સ્થિતિ વિષે તેઓ કંઇજ કહી શકયા નથી. આગળ જણાવી ગયા તેમ "દીઘ નિકાય" અનુસાર કુમાર કશ્યપ પાયાસિ રાજાને પરભવની પ્રતીતિ કરાવે છે અને સુકૃત તથા દુષ્કૃતના ફળની સમજણ કરાવે છે પરંતુ ગૌતમ બુદ્ધને એ વિષે થોડી પણ શ્રદ્ધા હોય એમ લાગતું નથી. કુમાર કશ્યપ કરતાં ગૌતમ બુદ્ધ તો વધારે જ્ઞાનના ધણી હતા એટલે એ વિષે તેઓએ દઢતા પૂર્વક વિધાનો કરવા જોઇતા હતા. પરંતુ તેમ કરવાને બદલે તેઓ તો મને કાંઇ સમજણ પડતી નથી એવું કહે છે.

વિશ્વના ધર્મ નાયકમાં સંપૂર્ણ નિર્દોષતા, અબાધિત સિદ્ધાંતની પ્રરૂપણા અને અલૌકિક જ્ઞાન–ઓછામાં ઓછા આ ત્રણ ગુણો તો અવશ્ય હોવા જોઇએ. આ ત્રણ ગુણોના ધારકને દુનિયાએ જરૂર મહાન ધર્મ નાયક માનવો જોઈએ. આ ત્રણ ગુણો ગૌતમ બુદ્ધમાં હતા કે નહિ તે જોઇએ. તેમના દોષો ચર્ચવાની કે તેમની કાળી બાજુ તપાસવાની અમારી અહિં જરા જેટલી પણ ઇચ્છા નથી. પરંતુ તેઓ પોતે જ પોતાને પોતાના સાહિત્યમાં કેવા ચીતરે છે તે જોવાની ઇચ્છા છે. તેમના વિષે અન્ય સાહિત્યમાં શું વર્ણનો આવે છે તે ચર્ચવાથી કદાચ અમારી અધમ મનોદશા છે એમ વાચકો અનુમાને તેથી અહિં તે પડતું મુકીએ છીએ.

ઉપર્યુક્ત ત્રણ ગુણો પૈકી પ્રથમ ત્રીજા ગુણની હું અહિં ચર્ચા કરવા માગું છું. જગતના લોકો કરતાં તેમનામાં એટલે કે ગૌતમ બુદ્ધમાં જ્ઞાનની માત્રા વધારે ખરી કે નહિ ? એના ઉત્તરમાં ગૌતમ બુદ્ધનું પોતાનું જ એમ કહેવું થાય છે કે તેમનામાં જ્ઞાનની કાંઇ વિશેષતા નથી. જ્યારે જ્યારે પૃચ્છા માટે ગૌતમ બુદ્ધની પાસે આનંદ

આવે છે ત્યારે ત્યારે તેના મનમાં અવધારેલ પ્રશ્નનો ઉકેલ રજુ કરી દેવાને બદલે "કેમ આનંદ ! શું થયું? કેમ થયું ?" એવા પ્રશ્નો, ઉલટું, ગૌતમ બુદ્ધ પુછે છે. ગૌતમ બુદ્ધ આનંદ પૂછે તે પહેલાં કાંઇજ કહી શકતા નથી. બૌદ્ધ ધર્મનાયકથી તદ્દન વિરૂદ્ધ જ વાત જૈન ધર્મનાયકના સંબંધેની એટલે કે શ્રી મહાવીર ભગવાનના સંબંધેની છે. ગૌતમ ગણધર ભગવાન મહાવીરને કાંઇ પ્રશ્ન પૂછે તે પહેલાં જ તે પ્રશ્ન જ્ઞાનદષ્ટિથી જોઇ તેનો સચોટ ઉત્તર ભગવાન મહાવીર આપે છે. એ ઉપરાંત સ્વતીર્થિકો કે અન્યતીર્થિકો જ્યારે જ્યારે ભગવાન મહાવીર પાસે શંકા સમાધાન માટે આવે છે ત્યારે ત્યારે તેમની શંકાઓના નિવારણો ભગવાન તેઓ કાંઇ બોલે તે પહેલાં જ કરી નાખે છે. જ્ઞાતપુત્રનું આ અલૌકિક જ્ઞાન, તેના જરા જેટલા અંશમાં પણ, ગૌતમ બુદ્ધમાં દગ્ગોચર થતું નથી.

ગૌતમ બુદ્ધ પોતે વિશિષ્ટ જ્ઞાન ધરાવે છે એમ માનતા હશે. પરંતુ જગતના જીવોના પ્રકાર, કર્માનુસાર તેમની ગતિ–આગતિ વગેરેના સંબંધમાં તેમણે કાંઇજ કહ્યું નથી ત્યારે જ્ઞાતપુત્ર મહાવીરે, જીવો સૂક્ષ્મ, સ્થૂલ, પર્યાપ્ત–અપર્યાપ્ત પણે ચાર ગતિ અને ચોવીશ દંડકમાં કર્માનુસાર પરિભ્રમણ કરે છે; નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવપણે જન્મ–મરણ કરી ગત્યાગતિ કરે છે; તેઓ ત્યાં મુક્તિ પ્રાપ્ત કરી શકતા નથી; સિદ્ધિ ગતિ પાંચમી છે જ્યાં જે જાય છે તેને ફરી અવતરવા પણું રહેતું નથી; આ જીવો તે તે ગતિમાં કેવું સુખ અને દુઃખ ભોગવે છે; તે તે ગતિઓમાં જીવોને કેવું શરીર, કેટલું આયુષ્ય, કેવી લેશ્યા અને કેવી દૃષ્ટિ મળે છે—વગેરે વગેરે બાબતો વિષે ઝીણામાં ઝીણી માહિતી આપી છે જેમાંની અલ્પાંશ પણ બૌદ્ધ સાહિત્યમાં મળતી નથી. મૂળ વાત એમ છે કે ગૌતમ બુદ્ધને અતીંદ્રિય જ્ઞાન નહિ હોય એમ લાગે છે. પ્રત્યક્ષ જે છે તેની વાત ગૌતમ બુદ્ધ કરે છે. નિર્ગ્રંથ જ્ઞાતપુત્રને વિચારે આ વિશ્વ ઘણું વિશાળ છે. ભલે આપણા ચર્મચક્ષુઓ પહોચી ન શકે પરંતુ અસંખ્ય યોજન

વિસ્તીર્ણ આ વિશ્વ એમને મતે છે. નીચે સાત પાતાલ (નરકો), મધ્યમાં મનુષ્યો અને પશુ, પ્રાણીઓ તથા ઉપર આકાશમાં સ્વર્ગ છે. વળી નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર કહે છે કે પાતાલના નારક જીવોને તથા સ્વર્ગના દેવ–દેવીઓને ભલે તમે ન દેખી શકો પરંતુ અશુભ કર્મના ફળ ભોગવવા નરકમાં અને શુભ કર્મના ફળ ભોગવવા સ્વર્ગમાં જીવને જવું પડે છે. ગૌતમ બુદ્ધે જૈન સિદ્ધાંતની માફક, સ્વર્ગાદિના ભેદો, અને દેવોની જાતિઓ વિષે કાંઈ ખાસ કહ્યું નથી જો કે પાયાસિ રાજાના અધિકારે, ચંદ્ર–સૂર્ય–તારામંડલ–ત્રાયત્રિંશ દેવોની વાત કુમાર કશ્યપના મુખથી જણાવી છે, પરંતુ એ વાત ઉપર ટપકે જણાવી છે એમ આપણને તરતજ જણાઈ આવે છે. નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર કહે છે કે આ વિશ્વમાં જીવો અનંત અનંત, સૂક્ષ્મ અને સ્થૂલ પણે ભર્યા છે. પરંતુ ગૌતમ બુદ્ધ તે વાત કરી શકયા નથી.

નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર અતીંદ્રિય વાતો કરી શકયા છે; ગૌતમ બુદ્ધ આવી વાતો કરી શકયા નથી. એ વાતનું રહસ્ય દષ્ટિપ્રાપ્તિમાં રહેલું છે. જ્ઞાતપુત્ર મહાવીરના મતે જીવોને બે પ્રકારની દૃષ્ટિ હોય છે. એક દૃષ્ટિ તે ચર્મચક્ષુની દૃષ્ટિ અને બીજી દૃષ્ટિ તે આંતર જ્ઞાનની દૃષ્ટિ અથવા કહો કે દિવ્ય જ્ઞાનની દૃષ્ટિ. મનુષ્ય અત્યંત જ્ઞાનદશામાં આવે, અત્યંત શાંતિ અનુભવે અને અત્યંત તપશ્ચરણથી પવિત્ર થાય ત્યારે તેનાં આંતરચક્ષુ ઉઘડે છે. એ જ્ઞાનચક્ષુની સહાયથી સમસ્ત સચરાચર વિશ્વમાં ઉંચે અને નીચે, અંદર અને બહાર એમ સર્વત્ર એ જોઈ દેખી શકે છે. સૂર્ય પોતાના કિરણો ગમે ત્યાં મોકલી શકે છે પરંતુ વચ્ચે અંતરાય આવતાં એ જ કિરણોની ગતિની રૂકાવટ થાય છે. જ્યારે આ દિવ્ય જ્ઞાનના સંબંધમાં એમ નથી. આ દિવ્ય જ્ઞાનને કોઈ ઘર, પડ, કે અંતરાય નડી શકતું નથી. તે બધા પ્રત્યવાયો ભેદી પોતાની ગતિનો પ્રસાર કરે છે. આ દિવ્ય ચક્ષુ જ્ઞાતપુત્ર મહાવીરને પ્રાપ્ત થયા હતા પરંતુ ગૌતમ બુદ્ધને એ પ્રાપ્ત થયા નો'તા. આ સત્ય બન્ને ધર્મના

સાહિત્યોના અવલોકનથી અને અભ્યાસથી જ્ઞાત થાય છે. જીવ એટલે શું ? જીવ કેટલા ? જીવની મૃત્યુ બાદ ગતિ શું ? અને જીવ આવે છે ક્યાંથી ? આ અને આવા પ્રકારના કૂટ, દાર્શનિક અને તાત્ત્વિક પ્રશ્નોના ઉત્તર આપવાની ગૌતમ બુદ્ધની અશક્તિ "સંયુત્ત નિકાય"ના એમના જ ગ્રંથના આધારે આપણી જાણી અને જોઇ. પોતાનામાં જ્ઞાન હોવાનો દાવો ગૌતમ બુદ્ધ જરૂર કરે છે પરંતુ જગતના જીવોની રખડપટ્ટીનું ખરૂં કારણ તેઓ દર્શાવી શકતા નથી. જ્યારે નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર બેધડક કહે છે કે આ જીવો સંસારમાં પોતાના કર્મ પ્રમાણે રઝળે છે. તેઓ કહે છે કે જીવોને રખડવું-રઝળવું જરાય ગમતું નથી; પરંતુ તેમની પ્રવૃત્તિ જ એવી છે કે જો તેમને આમથી તેમ ભટકાવે છે. અજ્ઞાન, મોહ, અને કષાયને વશ થઇ જીવો હિંસા, ચોરી, વિષયાદિ દુર્ગુણોને સેવે છે—પુનઃ પુનઃ સેવે છે. હિંસા, વિષય, અને સ્વચ્છંદને સેવતો થકો જીવ મોહનીયાદિ અષ્ટ કર્મોને ઉપાર્જે છે અને આત્મા ઉપર તેના થર ઉપરાઉપરી જમાવતો જાય છે. એ થરોથી જીવ વધારે અને વધારે ભારે થતો જાય છે. એ કર્મોથી જીવનો મૂળ સ્વભાવ દબાઇ જાય છે અને જીવ પોતાના મૂળ સ્વભાવ પ્રમાણે દીપક સમાન પૂર્ણ જાજ્વલ્યમાન હોવા છતાં ઘડાની અંદર મૂકેલા દીવાની જેમ પોતાનો પ્રકાશ બહાર ફેલાવી શકતો નથી. તે કર્મો આ પ્રકારના છે.

જીવના સંપૂર્ણ જ્ઞાનના ગુણને આવરે-રોધે તે જ્ઞાનાવરણીય; જીવની સતત ઉજાગરુક સ્થિતિને જે રોધે તે દર્શનાવરણીય; જીવને શરીરની અંદર જકડી સુખ-દુઃખ જે કર્મ વેદાવે તે વેદનીય; જીવને અજ્ઞાન-કષાય-અને વિષયાદિના વિવિધ આસ્વાદો અપાવે તે મોહનીય. આ મોહથી જીવ પોતાનો મૂળ સ્વભાવ યથાતથ્ય પણે જાણી શકતો નથી. નળ રાજા જેમ બાહુક જેવો થઈ ગયો હતો તેમ મોહના પ્રભાવથી જીવ વિકૃત થઇ ગયો છે; શરીરને વશ થઇ ગયો છે અને પરતંત્ર થઇ ગયો છે. જેનાથી આ જીવ જીવે છે તે છે આયુષ્યકર્મ; નામકર્મની અસરથી શરીરની વિવિધ પ્રકૃતિ અને અંગોપાંગને અધીન થયો છે;

ઉચ્ચ અને નીચ જાતિ, કુલ, અને કુટુંબ ગોત્ર કર્મથી પામે છે; અને છેલ્લું તથા આઠમું કર્મ છે અંતરાય જેના વડે જીવ દાન, લાભ, ભોગ, ઉપભોગ, અને વીર્યાદિ સર્વ સંપત્તિઓથી અપહૃત થઈ ગયો છે. અર્થ એ છે કે જીવ સંપૂર્ણ નિર્દોષ, શુદ્ધ, બુદ્ધ, પરબ્રહ્મ રૂપ છતાં આ આઠ કર્મોથી એવી રીતે આવૃત્ત થઇ ગયો હોવાને સબબે પોતાનું મૂળ સ્વરૂપ ગુમાવી બેઠો છે એ પરમ સત્ય આ જગતના કોઈ ધર્મ-નાયક જ્ઞાતપુત્ર મહાવીરની જેમ પ્રત્યયકારક રીતે સમજાવી શક્યા નથી. ગૌતમ બુદ્ધ વ્યવહાર દક્ષ છે અને તેમણે અનેક વ્યાવહારિક વાતો કરી છે, પરંતુ જ્ઞાતપુત્ર મહાવીરે આત્માના અનેરા ઉંડાણમાંથી વાતોનું જે રહસ્ય પ્રકટ કર્યું છે તથા જીવ અને કર્મના સંયોગનું પૃથક્કરણ પૂર્વક જે વર્ણન કર્યું છે તેવું ગૌતમ બુદ્ધ કરી શક્યા નથી. જ્ઞાતપુત્ર મહાવીર સાથે ગૌતમ બુદ્ધે સ્પર્ધા જરૂર કરી છે અને તેમને મહાત કરવાના અનેક ઉપાયો તેમણે યોજ્યા હતા તોપણ ગૌતમ બુદ્ધમાં જ્ઞાતપુત્ર મહાવીરના જેવી અનંત શક્તિ હોવાનું કોઇ પ્રમાણુ તેમના ખુદના સાહિત્યમાંથી મળતું નથી. ઉલટું, ગૌતમ બુદ્ધે જળને વલોવ્યા જેવું કરી પોતાના ઉપહાસનું જ કારણુ અભ્યાસીઓને આપ્યું છે. ઇત્યલમ્

★

# બીજું પ્રકરણ

## શ્રી. મહાવીર

હવે શ્રી. મહાવીર વિષે અહિંયા વિચારણા કરવામાં આવે છે, તેમના સમકાલીન છ વ્યક્તિથી શ્રી. મહાવીર તદ્દન ભિન્ન છે. પૂરણ કસ્યપ અને કકુદ કાત્યાયન, ગોશાલક તથા ગૌતમ બુદ્ધ કરતાં પણ જુદા પ્રકારની શ્રદ્ધા તથા વિચારસરણિઓ ધરાવનારી વ્યક્તિઓ હતી. શુભ કે અશુભ ગમે તેવા કર્મ કરો છતાં તેનાથી પુણ્ય કે પાપ લાગતું નથી એમ તેઓનું માનવું છે. ગોશાલક એ વ્યક્તિઓથી જુદી પડે છે. તે ગમે તેટલો અને ગમે તેવો વક્ર અને હલકા વિચાર ધરાવનારો હતો છતાં તેણે પ્રાણીઓ તરફ અધમ વર્તન બતાવ્યાના ઐતિહાસિક ઉલ્લેખો જાણવામાં નથી. ત્યાગ અને કષ્ટની ભાવના તેના સંધમાં દૃષ્ટિ ગોચર થાય છે. અમુક બાબતમાં ગોશાલક કરતાં ગૌતમ બુદ્ધ ચઢિયાતાં છે. બુદ્ધમાં કરુણા વિશેષ હતી અને તેઓનું સંસાર તરફનું વલણ ઔદાસિન્યયુક્ત હતું. આ કારણોને લઈ તેમણે મોટા જીવો પ્રાત અહિંસકવૃત્તિ દાખવવાની અને યજ્ઞ-યાગાદિમાં પ્રાણીઓનો વધ નહિ કરવાની ઉદ્ઘોષણા કરી હતી. બ્રાહ્મણ લોકો યજ્ઞમાં ગાયાદિનો જે વધ કરતા હતા તે સામે એમણે "બ્રાહ્મણ ધમ્મિયસુત્ત" માં વિરોધનો સૂર ઉડાવ્યો છે. પરંતુ તેમણે સૂક્ષ્મ જીવોની હિંસા સંબંધમાં કાંઇ કહ્યું નથી. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિના જીવો તરફની તેમજ ક્ષુદ્ર ત્રસ જીવો તરફની સંપૂર્ણ અહિંસક વૃત્તિનું પ્રતિપાદન કર્યું હોય એમ જાણમાં નથી. ઇહલોક, પરલોક, સ્વર્ગ, નરક વગેરેના સંબંધમાં તેમણે કશું જ સ્પષ્ટ વિધાન કર્યું નથી. આ ઉપરથી, તેમને અતીન્દ્રિય જ્ઞાન નો'તું એમ માનવા મન લલચાય છે. બીજા શબ્દોમાં કહીએ તો નીતિનું-પુણ્યનું ફળ સ્વર્ગ અને અનીતિનું-પાપનું ફળ નરક એવા અસંદિગ્ધ પ્રતિપાદનો તેમણે ક્યાંય નથી કર્યાં એ વાત સ્પષ્ટ છે.

જ્યારે મહાવીર નામક વ્યક્તિ જગતના અંધારાને વિદારી નાખે એવી રોશની ફેલાવે છે. અહિંસક વૃત્તિનું સર્વાંગસંપૂર્ણ નિરૂપણ કરી ચારિત્ર્યશૈથિલ્યથી જકડાયેલ માનવજાતિને નવો પેગામ આપે છે. ઉપલબ્ધ જૈન આગમોમાં તેમનું જે ચિત્ર દોરવામાં આવ્યું છે તે જોતાં એમ નિર્વિવાદ લાગે છે કે તેઓ એક ગૌરવશાલી, પ્રતિભાસંપન્ન વ્યક્તિ હતા. તેઓને બુદ્ધિથી પર એવું અસાધારણ, દિવ્ય જ્ઞાન હતું. કામ અને કષાયથી અલિપ્ત દશામાં તેઓ વિરાજતા હતા. સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવોથી માંડી બાદર, ત્રસ જીવો સુધી તેમની અહિંસકવૃત્તિ પ્રસારિત હતી. તેમણે એ આચરી બતાવી હતી અને એ આચરવાનો ચતુર્વિધ સંઘને આદેશ પણ આપ્યો હતો. આમિષાદિનો આહાર લેવાનો તેમણે સંકલ્પ સુદ્ધાં પણ કદિ કર્યો નો'તો તથા આહારાદિ ગ્રહણ કરતી વખતે કોઈ જીવને પીડા, કિલામના, અને આશાતના ન થાય એની સંપૂર્ણ તકેદારી રાખી હતી. યજ્ઞ–યાગાદિમાં જે પશુહિંસા એ વખતે થઇ રહી હતી એ સામે મહાવીરે જેટલા બુલંદ સ્વરે પુકાર ઉડાવ્યો હતો તેટલો તત્કાલિન કોઇ ધર્મનાયકે ઉડાવ્યો નો' તો એ વસ્તુ ઇતિહાસસિદ્ધ છે. એ ઉપરાંત, જીવનના નાના મોટા જે જે ક્ષેત્રોમાં હિંસાએ પગ પેસારો કર્યો હતો. તે તે ક્ષેત્રો તરફ તેમણે લાલબત્તી ધરી હતી. ગોશાલકે અને ગૌતમ બુદ્ધે અહિંસાને એના આપા ભાગા સ્વરૂપમાં ગ્રહી હતી અને પ્રરૂપી હતી. મહાવીરે અહિંસાને અંતિમ અને સર્વાંગસંપૂર્ણ રૂપમાં વિચારી હતી અને વર્તી બતાવી હતી. સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવોના હિંસાજનિત આર્ત્તનાદને એમણે સાંભળ્યો હતો અને એટલે જ તેમણે આવી મતલબનું કહ્યું હતું કે હે પાઠકો અને શ્રોતાઓ તમે બરાબર સાંભળો અને નોંધ કરી લ્યો કે આ પૃથ્વીગત અને જલગત જીવો કકળી ઉઠી કહે છે કે તેઓ પૃથ્વીમાં અને જલમાં જ છે પૃથ્વી અને જલ તેમનું ઘર છે અને આશરો છે. આગળ વધી એ જીવો કહે છે કે લોકો તેમનો નિરર્થક ઉપયોગ કરે છે, તેમને ખોદે છે, વાપરે છે અને પીવે છે.

પરંતુ તેમ કરવા જતાં તેમને એ વાતનું ધ્યાન નથી રહેતું કે એથી તેમના (પૃથ્વી–જલના) તો પ્રાણ જાય છે.

અહિંસાનો આટલો ઝીણો ઉપદેશ લોકોને ન રૂચે એ સ્વાભાવિક છે. પરંતુ અહિંયા રુચિ કે અરુચિનો પ્રશ્ન જ નથી. સત્ય ગમે કે ન ગમે પરંતુ સત્ય તો સત્ય જ રહેવા સર્જાયું છે. મહાવીરની દલીલ તો તદ્દન સાદી, સીધી, અને સરળ હતી. તેઓ તો એમ જ કહેતા કે આપણને જેમ આપણો જીવ વ્હાલો છે તેમ સૌ કોઇને પોતાનો જીવ વ્હાલો જ હોય–પછી એ નાનો હોય કે મોટો. પ્રાણાતિપાત એટલે કે જીવહિંસા મોટામાં મોટો અધર્મ છે એ મહાન સિદ્ધાંત કેન્દ્રમાં રાખી મહાવીરે નિર્ગ્રન્થ ધર્મને સંસ્કાર આપ્યો. ગૌતમ બુદ્ધના સંઘમાં હજારો શ્રમણો હતા. પરંતુ સૂક્ષ્મ જીવોની રક્ષા કરવાની ઉદ્દઘોષણા તેઓ કરી શકયા નો'તા. મહાવીરના શ્રમણ સંઘે અને શ્રમણી સંઘે નવકોટિ વિશુદ્ધ અહિંસાના પાલન માટે સ્પષ્ટ વિધાન કર્યું હતું. અહિંસાના સંબંધમાં "બ્રાહ્મણ ધમ્મિયસુત્ત" નામના બૌદ્ધગ્રંથમાં નિમ્નોક્ત ગાથા મળી આવે છે જે નોંધ પાત્ર છેઃ–

सव्वे तसन्ति दण्डस्स सव्वे भयन्ति मच्चुतो।
अत्तानं उपमं कत्वा न हनेय्य न घातये॥

અર્થઃ—સર્વ જીવો દંડથી ત્રાસ પામે છે અને સર્વ જીવો મૃત્યુથી ડરે છે. પોતાની જાતનો દાખલો લઇને કોઈએ જીવને હણવો ન જોઇએ તથા કોઇએ જીવનો ઘાત ન કરવો જોઈએ. પરંતુ આ ગાથાના અનુસંધાનમાં એક ખાસ બાબત ધ્યાનમાં લેવાની છે અને તે એ છે કે એમાં જીવહિંસા નિષેધ તરફ જે અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે તે છે મોટા જીવોની હિંસા નહિ કે નાના જીવોની. જો નાના જીવોની અહિંસા તેમને અભિપ્રેત હોત તો તેઓ કદિ કોઇ જીવને મારત જ નહિ પરંતુ વ્યવહારમાં એમ જણાતું નથી. વર્તમાન-

કાળે ગાંધીજીએ કોઈ પણ જીવને મારશો નહિ એવું સૂત્ર ઉચ્ચાર્યું હતું પરંતુ એમનો નિર્દેશ સ્થૂલ પ્રાણી પૂરતો જ હતો. એ એમના વર્તનથી સ્પષ્ટ જણાઈ આવે છે. શ્વાન, વાનર અને સર્પાદિ પ્રત્યે મનુષ્યોએ જ્યારે હિંસાત્મક વલણ અખત્યાર કર્યું હતું ત્યારે ગાંધીજીએ મૌન ધારણ કર્યું હતું એમ નથી તેમજ તેમના કાને વાત ગઈ નો'તી એમ પણ નથી. ઉલટાનું, એ જીવોના સંરક્ષણ વિરૂદ્ધ એમણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. આથી એ ચોકખું સ્પષ્ટ છે કે ગાંધીજીની અહિંસા પણ કેવળ મોટા—સ્થૂલ જીવો સુધી સીમિત હતી એમની અહિંસા વિષવક વ્યાખ્યાના વર્તુલમાં ક્ષુદ્ર જીવો સમાવિષ્ટ થતા નો'તા.

વળી, એક રીતે જોઈએ તો ગૌતમ બુદ્ધની અહિંસા ગાંધીજીની અહિંસા કરતાં વિશેષ વિસ્તૃત હતી. ગૌતમ બુદ્ધની અહિંસામાં પશુ, પક્ષી વગેરેનો સમાવેશ થતો હતો. તેમના ઉપદેશથી આ વિધાનને પુષ્ટિ મળે છે. પરંતુ પશુ અને પક્ષીનું માંસ તેમણે સ્વીકાર્યું અને તેથી તેમણે જ પ્રરૂપેલા પશુ, પક્ષીના અહિંસાના સિદ્ધાંતનું ખૂન તેમણે પોતે જ કર્યું. ગાંધીજી જન્મે અને ધર્મે હિંદુ હોઈ સંયોગ અને સંસ્કારના બળે હિંસાના ઉપદેશમાંથી બચી ગયા છે પરંતુ દયાનો સિદ્ધાંત વેગપૂર્વક આગળ ધરનાર ગૌતમ બુદ્ધ અને તેમનો સંઘ માંસાહારથી મુક્ત ન રહી શક્યા. ગૌતમ બુદ્ધના સંઘમાં અમુક એવા જરૂર હતા કે જેમણે વિરોધનો સૂર કાઢેલો પરંતુ ખૂદ ગૌતમ બુદ્ધ જ માંસહારની લોલૂપતામાં ફસાઈ પડ્યા હતા ત્યાં બીજું શું બને? આજે પણ તિબ્બત, આસામ, અને લંકા જેવાં બૌદ્ધ ધર્મના મુખ્ય કેંદ્રોમાં માંસાહારે માઝા મુકી છે. વસ્તુસ્થિતિ આવી ગુંચવણ ભરેલી હોવા છતાં અને વિરોધથી ભરપૂર હોવા છતાં યજ્ઞ—યાગાદિમાં ગો—મહિષીની હિંસા સામે ગૌતમ બુદ્ધે જબ્બર આંદોલન સર્જ્યું હતું એ પણ ઇતિહાસ પ્રસિદ્ધ છે.

તત્કાલીન વાતાવરણની આ પૂર્વભૂમિકામાં મહાવીરનો

જન્મ થાય છે. વિચારભિન્નતાની જંજીરમાં જનતા જકડાએલી હતી આચાર અને વ્યવહારના વૈષમ્યે સમસ્ત વાયુમંડળને કલુષિત કરી દીધું હતું. વિચારમાં અમુક, વાણીમાં બીજું તો વળી વર્તનમાં કાંઇક ત્રીજું જ આવા પ્રકારની પરિસ્થિતિ પ્રવર્તતી હતી. આ સમયનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે આ આ વખતના માણુસો તદ્દન હૃદય વિહોણા બની ગયા હતા. તેઓ બિલકુલ મોહગ્રસ્ત અવસ્થામાં હતા. પૈસા કમાવા, એ માટે ગમે તેવું પાપાચરણ કરવું પડે તો પણ કરવું, આત્મ રક્ષા માટે અને નિજી સુખ માટે ગમે તેટલાનો ભોગ લેવો પડે તો પણ હરકત નહિ, પરલોકનો અસ્વીકાર, આત્મતત્ત્વમાં અવિશ્વાસ, વિતંડા, કલહ અને કલેશ, યુદ્ધ અને ખુનામરકી, દાવપ્રપંચ અને કપટ —ટૂંકામાં સર્વત્ર સર્વ પ્રકારે ભૌતિકવાદે સામ્રાજ્ય સ્થાપ્યું હતું. પરલોકના અને આત્માના અસ્તિત્વમાં નહિ માનનાર આ સમયની આખી માનવ જાત ઐહિક અયશારામમાં રચી પચી રહેતી. સદાચરણ, નીતિ, ધર્મ ઇત્યાદિને અભેરાઇએ ચડાવી દીધા હતા. સ્વછંદ અને સ્વેચ્છાચારે વર્તાવેલા આ કાળા અને કારમા કેરમાંથી જનતાને મુક્ત કરવા મહાવીર આગળ આવ્યા અને ભાન ભૂલેલ માનવોને આ'વા તાત્પર્યનું ઉદ્બોધન કર્યું "લોકો ! તમારો વ્યવહાર અયથાર્થ છે. તમારો સ્વૈરવિહાર તમને અવનતિની ઉંડી ખીણમાં લઈ જશે. જેમ તમને સુખ ઇષ્ટ છે અને દુ:ખ અનિચ્છનીય છે તેમ સૌને પણ એમજ છે એમ ભલી ભાંતિ સમજો વગેરે વગેરે. લોઢાની કડાઇનો સુંદર દાખલો આપી મહાવીરે આ પરમ સત્યને આબાદ રીતે ઠસાવ્યું. તેમણે કહ્યું" લોઢાની કડાઇમાં અગ્નિ ભરી, હે લોકો ! એને સ્પર્શવાનું અને તમારા પોતાના ખોળામાં મુકવાનું તમને કોઇ કહેશે તો તમે તેમ કરશો ? મને ખાત્રી છે કે તમે તેમ નહિ જ કરો. કારણકે અગ્નિથી ભરેલી લોઢાની કડાઇને અડકવામાં દુ:ખ અને યાતના રહેલા છે એ તમે સારી રીતે જાણો છો—સમ જો છો. દુ:ખથી દૂર ભાગવાની ઇચ્છા

જેમ તમારામાં મોખરે છે તેમ અન્યમાં પણ છે એમ સમ્યક્ પ્રકારે અવધારી બીજાને દુઃખ આપતાં પહેલાં પૂરો વિચાર કરો ઇત્યાદિ, ઈત્યાદિ.

વસ્તુ સ્થિતિ આમ છે. પોતાને પડતું દુઃખ મનુષ્યો સમજે છે જ્યારે અન્યના દુ.ખ તરફ તેઓ બેદરકાર છે. તેઓ એમ લેશ પણ નથી સમજતા કે તેમના ઉપર તૂટી પડેલું દુઃખ તેમણે અન્યત્ર અન્યને આપેલ દુઃખનું જ એક માત્ર કાર્ય છે. બીજાને દુઃખ આપ્યું છે માટે આપણને પણ દુઃખ પ્રાપ્તિ થવીજ જોઇએ આ એક સામાન્ય સિદ્ધાંત છે. અને એ એટલો અમોઘ સિદ્ધાંત છે કે એની સ્વીકૃતિ કર્યેજ છૂટકો છે. મહાવીરે કહ્યું "હે લોકો! આપણને જે અનુભવ થાય છે તે અનુભવ અન્યને પણ સદા રીતેજ થાય છે એજ દષ્ટિ ન્યાય યુકત છે. હે ભવ્યો! જેમ તમને તમારૂં હિત હૈયે વસ્યું છે તેમ બીજાના સંબંધમાં પણ સમજો. આત્મહિત તરફ તમે જેમ અભિમુખ છો તેમ પરહિત તરફ પણ અભિમુખ બનો. તમારા સ્વાર્થ જેટલોજ બીજાના સ્વાર્થને વ્હાલો ગણો. અન્ય તરફથી તમને કરવામાં આવેલ અન્યાય જેમ તમને કષ્ટદાયક છે તેમ તમારા તરફથી કરવામાં આવેલ અન્યાય બીજાને પણ કષ્ટકારી જ નિવડવાનો એ બાબતનું રખે વિસ્મરણ કરતા. કહેવાનો સારાંશ એ છે કે જે દૃષ્ટિથી તમે તમારી તરફ જુઓ છો એ જ દૃષ્ટિથી તમે બીજા તરફ જુઓ. પોતાની અને પરની વચ્ચે જે ભેદ દષ્ટિ છે તેને ત્યાગો અને સંપૂર્ણ અભેદને સ્થાપો."

ગૌતમ બુદ્ધ પ્રણીત જીવદયા અને મહાવીર પ્રણીત જીવદયા વચ્ચે અનંત ગુણો તફાવત છે. આગળ કહેવાઈ ગયું છે તેમ ગૌતમ બુદ્ધની જીવદયા વિષયક પ્રરૂપણામાં કેવળ સ્થુલ અને મોટા જીવોજ સમાવિષ્ટ છે જ્યારે મહાવીર પ્રરૂપિત જીવદયા વિષયક ભાવનામાં સમસ્ત સચરાચર વિશ્વ અંતર્ગત છે. ચાલુ સમયમાં પણ મહાવીરની એ અહિંસક વૃત્તિનું આચરણ એના શાસનમાં પ્રવર્તી રહ્યું છે

જો કે એ વૃત્તિ તરફ આધુનિક યુગ ઉપહાસની નજરથી જોઇ રહ્યો છે. પોતે આચારી શકે નહિ એવી અહિંસાનું કાર્યરૂપમાં પરિણમન થઈ રહી રહ્યું હોય ત્યારે બીજાઓ એ બાબતને હાંસીમાં ઉડાવી એને હલકી પાડવા કુચેષ્ટા કરે એ માનવી માનસમાં મૂળથી જ ભરેલું છે. મહાવીર પંચયામના ધારક હતા અને અભૂતપૂર્વ તથા અશ્રુતપૂર્વ ત્યાગી પુરુષ હતા. ભૂતકાલીન કોઇ વ્યકિતમાં એવો ત્યાગ જોયો કે વાંચ્યો જાણ્યો નથી.

ગૌતમ બુદ્ધે તપશ્ચરણ કર્યું હતું પરંતુ પાછળથી એની નિરર્થકતા લાગવાથી કે પછી ગમે તે બીજા કોઈ કારણે એને છોડી દીધી હતી, જ્યારે મહાવીરે દેવોને પણ દુષ્કર એવા અનશનો–ઉપવાસો માસમાસના અને છેવટે તો ૭ ૭ માસના, ખૂબજ જ્ઞાનપૂર્વક અને અને યતનાપૂર્વક કર્યા હતા. શરીર શુશ્રૂષાને તેમણે તિલાંજલિ આપી હતી અને પશુઓએ તથા મનુષ્યોએ આપેલા, સાંભળતાં રૂંવાટી ઉભી થાય તેવા ભયંકર કષ્ટો અને ઉપસર્ગો અડોલપણે, સમભાવે, અને ધૈર્યપૂર્વક સહ્યા હતા. આવું એકધારૂં, અઘોર દુ:ખ તેમણે લગભગ સાડાબાર વર્ષ જેટલા દીર્ઘ કાળ સુધી સહન કર્યું હતું.

સમકાલીન કોઇ પણ વ્યકિતમાં જે જ્ઞાનનો એક અંશ પણ ન હતો એવું દિવ્ય અને અપૂર્વ જ્ઞાન અર્થાત કેવળ જ્ઞાન મહાવીરમાં હતું. આ જ્ઞાનના પ્રભાવથી આશ્ચર્ય મુગ્ધ થઇ મનુષ્યો કરતાં દેવો એમની પૂજા વધારે કરતા. જૈનાગમોમાં વર્ણિત છે કે દેવો મહાવીરને પ્રવચન કરતાં સાંભળવા વ્યાખ્યાન સભામાં આવતા હતા. મૃત્યુલોકમાં આવવાનું મન દેવોને એકદમ ન થાય પરંતુ વ્યાખ્યાનકાર મહાવીરની વ્યાખ્યાન મોહિનીમાં મુગ્ધ થઇ તેઓ આપોઆપજ ત્યાં આવી ચડતા અને વ્યાખ્યાન સાંભળી પાવન થતા. આટલા મોટા પ્રમાણમાં દેવો આકૃષ્ટ થઈ ત્યાં આવતા હતા એ ઘટના પં. સુખલાલજીના ગળે ઉતરતી નથી. પંડિતજીએ મહાવીરના

સંબંધમાં બહાર પાડેલી પુસ્તિકામાં જણાવ્યું છે "મહાવીરને બે માતા અને બે પિતા તે એક વાત અને મહાવીરને બાળપણમાં ઇંદ્રો મેરુ ઉપર જન્માભિષેક કરવા લઈ ગયા ત્યાં આખા મેરુ પર્વતને ડોલાવ્યો તે બીજી વાત અને દેવવૃંદ સમવસરણમાં આવે છે એ ત્રીજી વાત હૃદયને સ્પર્શ કરતી નથી. ગમે તેમ હો પણ આ ત્રણ હકીકતો વધારે પડતી લાગે છે." અહિં પંડિતજીના આ અનુમાન ઉપર એ વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે કે તેમણે કરેલ વક્તવ્ય તેમનું પોતાનું જ સર્જન છે કે જૈનાગમોનું કથન છે? પંડિતજી પોતાની બુદ્ધિતુલામાં તોળીને આમ કહેતા હોય તો તો આપણે કાંઈ કહેવાનું રહેતું જ નથી. અન્યથા એ હકીકતો માટે તો ખુદ જિનાગમોમાં જ રદીયો આપવામાં આવ્યો છે. હવે જો એ જિનાગમોનેજ આપણે અવિશ્વસનીય ગણશું તો બધાજ જિનાગમો અવિશ્વસનીય માનવા પડશે કારણકે અમુક જિનાગમો વિશ્વસનીય અને અમુક અવિશ્વસનીય એવો ભેદ કોઈ પણ હિસાબે પાડી શકાય નહિ. માનો તો બન્નેને માનો; ન માનો તો એકયને ન માનો. આ ન્યાય્ય છે. હવે જો જિનાગમોને સમૂળગાજ ઉડાવી દેવા હોય તો તો સવાલ જ રહેતો નથી. જેને જેમ ફાવે તેમ લખી શકે છે. પરંતુ પુરાવા તરીકે અમુક ગ્રંથોને આધારભૂત તો ગણવા જ પડશેને? અને જો જિનાગમોને-બધાજ જિનાગમોને-આધાર ભૂત ગણશું તો પંડિતજીની ઉપર્યુક્ત ઉક્તિઓ હજુ પુનર્વિચારણાને પાત્ર છે.

એક વ્યક્તિ માટે એક માતા અને બે પિતા હોવા એ ઘટના નિંદાનો વિષય બની જાય છે. પરંતુ આ ઘટના એ રૂપે નથી બની. મહાવીરના જીવે અભિમાન કર્યું હતું એ સૂત્રભાષિત છે. એ કર્મને મહાવીરે ભોગવવું જ રહ્યું. એટલા માટે પ્રાણત દેવલોકથી ચ્યવી મહાવીરના જીવે ઋષભદત્ત બ્રાહ્મણને ત્યાં દેવાનંદા બ્રાહ્મણીની કુખે સ્થાન લીધું. શક્રેન્દ્રને આ વાતની જાણ થતાં બરાબર ત્રાસીમી રાત્રિએ હરિણૈગમેષી પાસે એ ગર્ભનું આહરણ કરાવ્યું અને ત્રિશલાના ઉદરમાં

સ્થાપન કર્યો. જિનાગમો આ ઘટનાને એક અછેરા તરીકે ઓળખાવે છે અને એના અનુસંધાનમાં કહે છે કે એવા અછેરા અનંતકાળે થાય છે. આમ કેમ બની શકે એવી લોકોની કુશંકાનું નિરસન કરતાં જિનાગમો ભાખે છે કે દેવો ગર્ભને હરી શકે છે અને ધારે તે અન્ય સ્થળે એને સ્થાપી શકે છે. આના સમર્થનમાં દેવકીના ૭ પુત્રોને દેવો લઇ ગયા અને સુલસાને ત્યાં મુકયા એ હકીકતને ધ્યાનમાં લેવી જોઇએ.[૧] ઋષભદત્ત અને દેવાનંદા મહાવીરના દર્શને આવે છે અને એકમીટથી જોઇ રહે છે ત્યારે ખુદ મહાવીર જ બેલે છે કે દેવાનંદા એમની માતા છે.[૨] પંડિતજી શા આધારે આમ નથી માનતા એ સમજાતું નથી. એ સૂત્રને નહિ માનવા જતાં અન્યને પણ નહિ માનવાની આફત ઉતરી પડશે એ ન ભુલાવું જોઈએ.

દેવો મહાવીરને સાંભળવા આવતા હતા એ વાતને માનવાની પંડિતજી આનાકાની કરે છે. પંડિતજીએ આના અનુસંધાનમાં એ યાદ રાખવું જોઇતું હતું, કે જિનાગમાનુસાર તીર્થંકરોના પંચ કલ્યાણક-ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ, અને નિર્વાણ–વખતે અસંખ્ય દેવો આવે છે અને એ પંચ કલ્યાણકોને ખૂબજ દબદબાથી ઉજવે છે. એ ઉપરાંત, તીર્થંકર ભગવાનની દેશના વખતે પણ થોક બંધ દેવો આવે છે. આટલું જ નહિ પરંતુ પોતાના હિત માટે, સ્વાર્થ માટે, અને સંશય નિવારણ માટે ખુલાસો મેળવવા પણ દેવો આવે છે. તીર્થંકરો સમયોચિત સ્પષ્ટીકરણ પણ કરે છે. દેવોએ આવી પોતાની ઋદ્ધિ, વૈભવ, શકિત અને સંપતિનું પ્રદર્શન પણ કર્યું છે.[૩] મહાશુક્ર દેવ-લોકના બે દેવો આવી મહાવીરને, લોકો ન સાંભળે તેવી રીતે, પૂછે છે "હે ભગવન્! આપના કેટલા શિષ્યો અને શિષ્યાઓ આ ભવે મોક્ષે

---

૧. "અંતકૃદ્દશાંગ."

૨. "ભગવતી, નવમું શતક."

૩. "ભગવતી."

જશે ?" એ પ્રશ્નનો ઉત્તર મહાવીર પણ લોકો ન સાંભળી શકે તેવી રીતે આપે છે.[૧]

જન્માભિષેક વખતે મહાવીરે મેરૂ ડોલાવ્યો એ ત્રીજી ઘટનાના તથ્યાતથ્યના સંબંધમાં એ જણાવવું જોઈએ કે એ બાબત મૂળ જિનાગમોમાં નથી; પરંતુ પાછળથી એ હકીકત આચાર્યોએ ઘુસાડી હોય એમ લાગે છે. આ ઘટનાને જતી કરો પરંતુ જિનાગમવર્ણિત પ્રથમની બે બાબતોનું શું ? મૂળ જિનાગમોને આપણે જો અસત્ય ઠરાવશું તો માનશું કોને ? આ સવાલ મહત્ત્વનો છે અને એનો સંતોષકારક જવાબ આપવો એ કાંઈ સહેલી વાત નથી.

જિનાગમોમાં તીર્થંકરોની મહત્તા અલૌકિક અને અવર્ણનીય છે એમ અસંદિગ્ધપણે કહેવામાં આવ્યું છે. તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન અત્યંત ત્યાગ અને અત્યંત પ્રશસ્ત વિચારનું પરિણામ છે. તીર્થંકરો થનાર જીવોને ચાર અતિશયો હોય છે, પુણ્યમાં તેઓ દેવોને પણ ચડી જાય છે. જિનાગમાનુસાર તીર્થંકર પદ બધા પદોમાં સર્વોત્કૃષ્ટ છે. તીર્થંકર આ જગતનો ઉદ્ધાર કરે છે. તીર્થંકરોના અતિશયો આ પ્રમાણે છે; (૧) અનંત વિજ્ઞાન; (૨) સંપૂર્ણ વીતરાગતા; (૩) વાણીગત વિચાર કોઈથી તુટી શકે નહિ; અને (૪) સર્વ દેવોની પૂજનીયતા.

તીર્થંકરોની પૂજા-અર્ચા લગભગ મનુષ્યનો મોટો ભાગ, જાણતો નહિ હોવાથી, યથાવત્ નથી કરતો. પરંતુ દેવો બુદ્ધિમંત હોવાથી પ્રભુની પ્રભુતા યોગ્ય સ્વરૂપે જાણે છે અને તેથી તેમની સત્કાર વિધિ બરાબર રીતે કરે છે. જિનાગમો આ સત્યની સાક્ષી પૂરે છે. અત્યારના યુગમાં મહાપુરુષનો જન્મોત્સવ દેવો કરતા નથી એ કહેવાની ભાગ્યે જ જરૂર છે. ગૌતમ બુદ્ધના જન્મ સમયે દેવો આવ્યા હતા એનો પુરાવો બૌદ્ધ સાહિત્યમાંથી મળી રહે છે.[૨] ધર્માનંદ કોસા-

---

૧. "ભગવતી."

૨. "લલિત વિસ્તરા."

બી આ વાતને અતિશયોકિતભરી ગણી અવગણે છે. દેવો દ્વારા મનુષ્યપૂજા થવી એ ઘટનાને અસંભવિત ગણવા તરફ અત્યારના યુગનું વલણ છે અને પંડિતજી એટલા માટે દેવો માર્ફત થયેલ મહાવીરની પૂજાને બુદ્ધિગમ્ય માનતા નહિ હોય એ એક જ કારણ નજરે પડે છે.

આ સ્થળે તો અમારો કહેવાનો હેતુ એક જ છે અને તે એ કે તીર્થંકરોનું બહુમાન આગમોકત છે અને એ કારણે જિનાગમોમાં જેને શ્રદ્ધા છે તેનો તો એ સત્ય બાબત સ્વીકાર્યે જ છૂટકો છે. મૂળ જિનાગમો જેને તેના અર્વાચીન સ્વરૂપમાં દિગંબરો માનતા નથી તેઓ પણ તીર્થંકરોના દેવકૃત ભકિત કાર્યને યથાર્થ રીતે જરૂર સ્વીકારે છે.

બૌદ્ધ સાહિત્ય અભિવાચિત અને વર્ણિત ગૌતમ બુદ્ધનું ઉચ્ચ સ્થાન એશિયાખંડવાસી બૌદ્ધોમાં જે છે તે સામે અમારે કશો ખાસ વિરોધ નથી. પરંતુ આવી બાબતોના નિર્ણયમાં એક પક્ષી વૃત્તિ દાખવવી ખતરનાક છે. ઢાલની બંને બાજુ તપાસવી જોઇએ અને એ લોકન્યાયાનુસાર બધા સાહિત્ય પ્રવાહોની-જૈન, બૌદ્ધ, અને વૈદિક–તુલનાત્મક ગવેષણા પછી એ નિર્વિવાદ પણે મુકર્રર કરી શકાય તેમ છે કે મહાવીરના જ્ઞાન અને ત્યાગ અજોડ હતા.

ગૌતમ બુદ્ધના જીવન સંબંધી સાહિત્યના અભ્યાસ પછી એટલું માલુમ પડે છે કે તેમણે અનેક ગુરુઓ કર્યા હતા. તે ગુરુઓ પાસેથી તેમને ઇપ્સિતસિદ્ધિ થઈ નો'તી. છેવટે વૈશાખી પૂર્ણિમાએ કોઈ ભોજન કર્યા પછી તેઓ શાંતિ મેળવે છે એમ એમનું જીવનચરિત્ર કહે છે. સાચા સુખની કે અલૌકિક જ્ઞાનની ઝળહળતી જ્યોત એમણે જોઈ નો'તી. અપૂર્વ જ્ઞાનનો તેમને આભાસ સરખો પણ થયો નો'તો એમ એમનું જીવનચરિત્ર નિર્દેશે છે.

આથી ઉલટું, મહાવીરના જ્ઞાન અને ત્યાગના અદ્ભુત અને દ્યોતક પ્રમાણો સ્વકથિત જિનાગમોમાં ડગલે અને પગલે મળી રહે

છે. ઉત્તરકાલીન આચાર્યોએ વ્યક્તિ પૂજાના અતિરેકથી પ્રેરાઈ થોડી ઘણી અતિશયોક્તિઓ જરૂર દાખલ કરી દીધી છે તો પણ કૈવલ્ય પ્રાપ્ત થતાં સુધીમાં મહાવીરે બતાવેલ અસાધારણ ત્યાગ, આચરેલ અપૂર્વ તપશ્ચર્યા અને સહન કરેલ સેંકડો ઉપસર્ગોનું સુરેખ બ્યાન મૂળ જિનાગમોમાં જરૂર મળી રહે છે. એટલે એ વિષે બે મતને સ્થાન ન જ હોવું જોઇએ. દેવોનું આગમન પણ ઉત્તરોત્તર વધતું જતું હતું અને મહાવીરની વ્યાખ્યાન સભા દેવોથી ભરાઈ જતી એ વાતનો ઉલ્લેખ જિનાગમોમાં શોધવો પડે તેમ નથી. દેવોના આ સત્કારમાં તીર્થંકરો જરા પણ તણાતા નથી. તેઓ તો તે ક્ષણે પણ નિર્લિપ્તજ હોય છે.

★

# ત્રીજું પ્રકરણ

## શ્રી. મહાવીર પછીની દિગંબર તથા શ્વેતાંબર પરંપરાઓનો ઇતિહાસ

શ્રી. મહાવીર નિર્વાણ બાદ ઇન્દ્રભૂતિ ગણધરને કેવલ પ્રાપ્ત થયું. તેમની પછી સુધર્માને અને તેમની પછી જંબૂસ્વામીને. શ્વેતાંબર પરંપરાનુસાર ૧૨, ૮, અને ૪૪ વર્ષો કેવળ પર્યાયમાં રહી મોક્ષ પ્રાપ્તિ કરી. દિગંબર પરંપરા જેનું અત્રે પ્રથમ નિરૂપણ કરવામાં આવે છે તે અહિં જુદી પડે છે અને કહે છે કે જંબૂસ્વામીને આડત્રીસ વર્ષ કેવળ જ્ઞાન રહ્યું હતું. તથા ત્યાર બાદ સકળ સિદ્ધાન્તના જાણકાર વિષ્ણુ નામના આચાર્ય થયા. અને તેમની પછી નન્દિમિત્ર આચાર્ય થયા. અપરાજિત, ગોવર્ધન, અને ભદ્રબાહુ એ ત્રણ શ્રુતકેવલીઓ ઉત્તરોત્તર ક્રમશઃ થયા. વિષ્ણુ, નન્દિમિત્ર, અપરાજિત, ગોવર્ધન, અને ભદ્રબાહુની વચ્ચે સો વર્ષ વ્યતિત થયા હોવાનું દિગંબર પરંપરા જણાવે છે. સમસ્ત શ્રુત જ્ઞાન વિચ્છેદ થયાનું દિગંબરો કહે છે. વિશાખાચાર્ય આચારાંગાદિ અગિયાર અંગના અને દશ પૂર્વના ધારક હતા. પ્રત્યાખ્યાન, પ્રાણાવાય, ક્રિયાવિશાલ અને લોકબિંદુસાર નામના ચાર પૂર્વના એક દેશના માત્ર ધારક હતા. પછી જે આચાર્યો થયા તેના નામો આ પ્રમાણે છે— પ્રોષ્ઠિલ, ક્ષત્રિય, જયસેન, નાગસેન, સિદ્ધાર્થ, ધૃતિસેન, વિજય, બુદ્ધિલ, ગંગદેવ, અને ધર્મસેન આ દશ આચાર્યો દશ પૂર્વ ધારી હતા. આ આચાર્યોની વચ્ચેનો ગાળો એકસો ત્યાશી વર્ષ જેટલો હતો. એ આચાર્યોના સ્વર્ગારોહણ બાદ ભારતવર્ષમાં દશ પૂર્વનો લોપ થયો. વિશેષતા એટલી છે કે નક્ષત્રાચાર્ય, જસપાલ, પાંડ, ધ્રુવસેન અને કંસાચાર્ય એ પાંચ મુનિરાજો અગિયાર અંગ અને ચૌદ પૂર્વના એક દેશના ધારક હતા. આમાં બસો અને વીસ વર્ષનો સમય ગયો હતો. એ કંસાચાર્યના સ્વર્ગગમન પછી કોઇ અગિયાર અંગધારી ન થયા.

દિગંબર પરંપરા પ્રમાણે સુભદ્ર, યશોભદ્ર, યશોબાહુ, અને લોહાચાર્ય—એ ચાર આચાર્યો પૂર્ણ આચારાંગના ધારક હતા તથા શેષ અંગોના દેશધારક તથા પૂર્વના એક દેશના ધારક હતા. આ આચાર્યોનો કાળ એકસો અને અઢાર વર્ષનો થાય છે. લોહાચાર્ય પછી આચારાંગનું જ્ઞાન લુપ્ત થયું. આ બધા આચાર્યો વચ્ચે કુલ્લે ૬૮૩ વર્ષો પસાર થયા હોવાનું દિગંબર પરંપરા જણાવે છે.

એમના પછી અંગ તથા પૂર્વના દેશધારી ગુણધરનો કાર્યકાળ આવે છે. એ ગુણધર ભટ્ટારકે પ્રવચન તરફના આદરભાવથી પ્રેરાઈ જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વની દશમી વસ્તુમાંથી અધિકાર ઉદ્ધૃત કરી "કષાયપ્રાભૃત" નામ આપ્યું. આ પૂર્વનોપણ લોપ થશે એવા ડરથી તેમણે એના સોળહજાર પદોને એકસો અને એંશી ગાથામાં સંક્ષેપથી સમાવી દીધા. આ ગાથાઓનો આર્ય મંગુ અને નાગહસ્તી નામક આચાર્યોએ અભ્યાસ કર્યો અને તેમની પાસેથી પ્રવચનભકત યતિવૃષભે એ ગાથાઓ સાંભળી ચૂર્ણિ રચી.[1]

શ્રી વીરસેન સ્વામી પછી થઇ ગયેલા "શ્રુતાવતાર"ના રચયિતા ઇન્દ્રભૂતિ નામક આચાર્ય પણ "કષાય પ્રાભૃત" ના પ્રાદુર્ભાવ સંબંધે એ જ પ્રમાણે જણાવે છે. આ રીતે "ષટ્ખંડાગમ" અને "કષાયપ્રાભૃત" નો રચના સમય ૬૮૩ વર્ષનો આવે છે. પુષ્પદંતે અને ભૂતબલિએ મલી "ષટ્ખંડાગમ" ની અને ગુણધરે "કષાયપ્રાભૃત" ની રચના કરી હતી. આ બન્ને પુસ્તકોમાં પ્રથમ કયું એ નિર્ણય હજુ થઈ શક્યો નથી. ગુણધર અને ધરસેનના ગુરુવંશના પૂર્વાપર ક્રમના જ્ઞાનની અનિશ્ચિતતા આમાં કારણ ભુત છે.[2]

---

૧. "કષાય પ્રાભૃત", પ્રસ્તાવના, પૃષ્ઠ. ૪૧–૪૨.

૨. गुणधरधरसेनान्वयगुर्वोः पुर्वापरक्रमोऽस्माभिर्न ज्ञायते तदन्वयकथकागममुनिजनाभावात् ॥ ઇન્દ્રનંદિકૃત "શ્રુતાવતાર."

ઉપર જે બધી હકીકત જણાવી છે તેનો આધાર "કષાયપ્રાભૃત" ની પ્રસ્તાવના છે. વીર પછી ૬૮૩ વર્ષ સુધી અંગોનું જ્ઞાન અસ્તિત્વમાં હતું. જ્ઞાનના કોઈક અંશનો લોપ થયો હોય એ વાત જુદી પરંતુ સામાન્ય રીતે તો એ જ્ઞાન સચવાઈ રહ્યું હતું. પૂર્વોનું પણ થોડું થોડું જ્ઞાન હતું જ. "ષટ્ખંડાગમ "ની પ્રસ્તાવના પણ આ જ વાતને પુષ્ટ કરે છે. અહિંયા એક વિસંગતિ ખાસ નોંધવા જેવી છે અને તે એ છે કે જે પૂર્વગત વસ્તુ "ષટ્ખંડાગમ" અને "કષાયપ્રાભૃત" માં છે તે વસ્તુને તેના રચનાર આચાર્યોએ સ્વીકારી પરંતુ જે અંગોનું જ્ઞાન તેમને હતું નહિ તે અંગોને ન સ્વીકાર્યા. અંગોનું અસ્તિત્વ તો હતું જ તો પછી અમુક અંગોને અપનાવ્યા અને અમુકને ન અપનાવ્યા એનું શું કારણ?

ઉપરની સમુચિત શંકાનો અસમુચિત પ્રત્યુત્તર અમુક દિગંબર ભાઈઓ તમામ અંગોનો વિચ્છેદ થઈ ગયો હતો એમ કહીને વાળે છે. પરંતુ ઉપર્યુક્ત બે પુસ્તકોના સંપાદકો પ્રસ્તાવનામાં ખુલ્લો ઇકરાર કરે છે કે અંગોનું જ્ઞાન ૬૮૩ વર્ષ સુધી તો ચાલુ રહ્યું હતું જ. જો વસ્તુ સ્થિતિ આમ હતી તો પછી એ અંગોને સંઘ સમક્ષ એમણે કેમ ન મુકયા? અત્યારનો શ્વેતાંબર જૈન સમાજ તો એને પ્રકાશિત કરી રહ્યો છે. દિગંબર જૈનોનો આ પ્રશ્નનો ઉત્તર એ છે કે અત્યારે ઉપલબ્ધ થતા જિનાગમો પ્રાચીન જિનાગમો નથી એ તો છે નૂતન સંસ્કરણ. આ બાબતનો ઉત્તર એ રીતે વળી પાછો દઈ શકાય કે જો પ્રાચીન અંગો દિગંબર આચાર્યોના કંઠે હતા તેને તેમણે શા માટે તો પછી લિપિબદ્ધ ન કર્યાં? ૬૮૩ વર્ષ સુધી તો અંગજ્ઞાન પ્રવર્તમાન રહ્યું હતું. ધરસેન, ગુણધર, પુષ્પદંત, અને ભૂતબલિ નામના સમર્થ વિદ્વાનોએ એમની પાસે હતા તેટલા અંગજ્ઞાનને પણ જો લિપિબદ્ધ કર્યું હોત તો અત્યારના દિગંબર સમાજ ઉપર મહાન ઉપકાર થાત. *આચાર્ય ધરસેને "ષટ્ખંડાગમ"ની વાચના પુષ્પદંત અને ભૂતબલિને*

આપી હતી. એ વાચનાના મૂળ "અગ્રાયણી" પૂર્વમાં છે. "કષાય પ્રાભૃત"ના મૂળ પાંચમાં પૂર્વની દસમી વસ્તુમાં છે. પૂર્વની વાંચના આ રીતે એમણે આડકતરી રીતે તો આપીજ. તો પછી અંગો કે જેનું જ્ઞાન તેમને હતુંજ તેની વાચના આ માટે ભલા ન આપી? શ્વેતાંબર જૈનોએ જિનાગમોને નવા લેબાસમાં રજુ કર્યા છે એવો દિગંબર જૈનોનો આક્ષેપ આથી નિરાધાર સિદ્ધ થાય છે. એમણે એ અંગોને હેતુપૂર્વક જ જતા કર્યા છે એવું અનુમાન જ એમાંથી ફલિત થઇ શકે છે. પૂર્વનું અને અંગોનું જ્ઞાન અમુક આચાર્યો સુધી ચાલ્યું આવેલું; પૂર્વગત જ્ઞાનને ઉદ્ધૃત પણ કર્યું; અને અંગો નષ્ટ થઇ ગયા હતા એમ કહ્યું. દિગંબર જૈનોની આ આખી વિચારસરણિ ભૂલભરેલી નથી લાગતી શું? આ દલીલો પોકળ છે એમ લાગ્યા વિના નથી રહેતું. આ ભ્રામક વિચારણાના મૂળમાં અભિનિવેશ સિવાય બીજું કાંઈ નજરે પડતું નથી. દિગંબર જૈનો ભલે ગમે તે દાવો પેશ કરે પરંતુ "ષટ્ખંડાગમ" અને "કષાયપ્રાભૃત"ની પ્રસ્તાવનાઓમાં કરવામાં આવેલ વિધાનો જ એમને ખુલ્લા પાડે છે. અસ્તુ.

હવે, "ષટ્ખંડાગમ" અને "કષાયપ્રાભૃત"—એ બન્નેમાં પ્રથમ કોની રચના થઈ હશે એ સમસ્યાને ઉકેલીએ. "શ્રુતાવતાર"ના કર્તા ઈંદ્રનંદિ અને "ધવલા" તથા "જયધવલા" ટીકાના લખનાર વિદ્વાન્ આ સંબંધમાં મૌન સેવે છે.

વસ્તુસ્થિતિ એવી છે કે દિગંબરો અને શ્વેતાંબરો અમુક ગૌરવશીલ આચાર્યોને તથા તેમની કૃતિઓને પોતપોતાની પરંપરાના ચોકઠામાં પોતાને ખરી ખાત્રી નહિ હોવા છતાં તથા પુરાવાનો અભાવ હોવા છતાં ગોઠવવાની ચેષ્ટા અને તાણાખેંચી કરે છે. દાખલા તરીકે આર્ય મંગુ અને નાગહસ્તિ એ બે નામો બન્ને પરંપરામાં છે. આર્ય મંગુ પહેલાં થયા અને પછી થયા નાગહસ્તિ એમ દિગંબરો કહે છે.[1] એ બન્ને વચ્ચે કશું અંતર નથી.

---

૧. "કષાયપ્રાભૃત", પ્રસ્તાવના.

શ્વેતાંબરો આર્ય નંદિલને એ બન્ને આચાર્યો વચ્ચે મુકે છે. અર્થાત્ પહેલા આર્ય મંગુ, પછી આર્ય નંદિલ, અને ત્યારબાદ નાગહસ્તિ. બીજી રીતે કહીએ તો આર્ય મંગુના નાગહસ્તિ પ્રશિષ્ય થાય.[1]

તાત્પર્ય એ નિકળે છે કે શ્વેતાંબર પરંપરા સંમત આર્ય મંગુ અને નાગહસ્તિ તથા દિગંબર પરંપરા કથિત ધવલાકાર મહાવાચક આર્ય મંગુ અને જયધવલાકાર મહાવાચક નાગહસ્તિ એક જ છે. બન્ને પરંપરાઓ વિદ્વાન આચાર્યોનો આ રીતે કબજો લે છે. એ પણ જોઇ શકાશે કે બન્ને પરંપરામાં લગભગ એકવાક્યતા છે. પરંતુ શ્રી. કલ્યાણ વિજયજી જુદીજ વાત રજુ કરે છે.[2] એમણે ઘણી પટ્ટાવલીઓ ભેગી કરી એક ઐતિહાસિક નોંધ તૈયાર કરી છે જેમાં તેઓ ભારપૂર્વક પુરવાર કરે છે કે માથુરી પટ્ટાવલી અનુસાર પંદરમી પાટે આર્ય સમુદ્ર, સોળમી પાટે આર્ય મંગુ, અને બાવીસમી પાટે નાગહસ્તિ આવે છે. જ્યારે વાલભી પટ્ટાવલી પ્રમાણે પંદરમી પાટે આર્ય મંગુ, અને બાવીસમી પાટે આર્ય નાગહસ્તિ આવે છે. ટુંકામાં, બન્ને પટ્ટાવલી મુજબ ક્રમશઃ પાંચ અને છ પાટનો ગાળો આર્ય મંગુ અને આર્ય નાગહસ્તિ વચ્ચે આવે છે. આ રીતે આર્ય મંગુ અને આર્યનાગહસ્તિ, દિગંબર પરિપાટી અનુસાર, નથી સમકાલીન કે નથી સમીપવર્ત્તી. દિગંબરો અને શ્વેતંબરો પાટ–પાટ વચ્ચેના અંતરને ટુંકાવવા ગમે તેટલો તનતોડ પ્રયત્ન કરે તો પણ શ્રી. કલ્યાણ વિજયજીના ઉપયુંક્ત ગ્રંથ ઉપરથી એટલું તો આપાતતઃ સ્પષ્ટ થાય છે કે પાટ–પાટ વચ્ચેનું અંતર ઘણે સ્થળે ઘણું છે અને કોઇ સ્થળે કોઇપણ અમુક પાટ પુરતી સુસંગતિ કયાંય નથી અને છે તો તદ્દન નજીવી છે.

હવે આપણે દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સંબંધમાં વિચાર કરી લઇએ. સામાન્ય માન્યતાનુસાર દેવર્દ્ધિ સત્તાવીસમી પાટે થયા. પરંતુ

---

૧. શ્વેતાંબર સંમત "નંદી સૂત્ર."

૨. "વીરસંવત અને જૈન કાલ ગણના."

શ્રી. કલ્યાણ વિજયજી દશાશ્રુતસ્કંધોક્ત દેવર્દ્ધિને ચોત્રીશમી પાટે મુકે છે. જુઓ એમણે તૈયાર કરેલી ગુરુ પરંપરાની નિમ્નોક્ત તાલિકાઃ—

### વાલભી યુગપ્રધાન પટ્ટાવલી

| | | |
|---|---|---|
| ૧. આર્ય સુધર્મા | ૧૪. ,, સાંડિલ્ય | ૨૭. ,, રક્ષ |
| ૨. ,, જંબૂ | ૧૫. ,, સમુદ્ર | ૨૮. ,, નાગ |
| ૩. ,, પ્રભવ | ૧૬. આર્ય સુસ્થિત—સુપ્રતિબુદ્ધ | ૨૯. ,, જેહિલ |
| ૪. ,, શય્યંભવ | ૧૭. ,, ઈન્દ્રદિન્ન | ૩૦. ,, વિષ્ણુ |
| ૫. ,, યશોભદ્ર | ૧૮. ,, સિંહગિરિ | ૩૧. આર્ય કાલક |
| ૬. ,, આર્ય સંભૂતવિજય | ૧૯. ,, આર્ય વજ્ર | ૩૨. ,, સંપલિત—ભદ્ર |
| ૭. ,, ભદ્રબાહુ | ૨૦. ,, રથ | ૩૩. ,, વૃદ્ધ |
| ૮. ,, સ્થૂલભદ્ર | ૨૧. આર્ય પુષ્પગિરિ | ૩૪. આર્ય સંઘપાલિત |
| ૯. ,, મહાગિરિ | ૨૨. ,, ફલ્ગુમિત્ર | ૩૫. ,, હસ્તિ |
| ૧૦. ,, સુહસ્તિ | ૨૩. ,, ધનગિરિ | ૩૬. ,, ધર્મ |
| ૧૧. ,, દિન્ન | ૨૪. ,, શિવભૂતિ | ૩૭. આર્ય સિંહ |
| ૧૨. ,, સ્વાતિ | ૨૫. ,, ભદ્ર | ૩૮. ,, ધર્મ |
| ૧૩. ,, શ્યામાચાર્ય | ૨૬. આર્ય નક્ષત્ર | ૩૯. ,, દેવર્દ્ધિગણિ |

ઉપર્યુક્ત ક્રમ દેવર્દ્ધિગણિની ગુર્વાવલિ પ્રમાણેનો છે જ્યારે માથુરી યુગ પ્રધાન પટ્ટાવલી જે નીચે ઉદ્ધૃત કરવામાં આવી છે તે વળી કંઈક જૂદું જ બતાવે છે.

### માથુરી યુગ પ્રધાન પટ્ટાવલી

| | | |
|---|---|---|
| ૧. આર્ય સુધર્મા | ૬. આર્ય સ્વાતિ | ૧૧. આર્ય રેવતી નક્ષત્ર |
| ૨. ,, જંબૂ | ૭. ,, શ્યામાચાર્ય | ૧૨. ,, બ્રહ્મદ્વીપકસિંહ |
| ૩. ,, પ્રભવ | ૮. ,, સાંડિલ્ય | ૧૩. ,, સ્કંદિલાચાર્ય |
| ૪. ,, શય્યંભવ | ૯. ,, સમુદ્ર | ૧૪. ,, હિમવંત |
| ૫. ,, યશોભદ્ર | ૧૦. ,, મંગુ | ૧૫. ,, નાગાર્જુન |

| | | |
|---|---|---|
| ૧૬. આર્યસંભૂત વિજય | ૨૨. આર્ય ધર્મ | ૨૮. આર્ય ગોવિંદ |
| ૧૭. ,, ભદ્રબાહુ | ૨૩. ,, ભદ્રગુપ્ત | ૨૯. ,, ભૂતદિન્ન |
| ૧૮. ,, સ્થૂલભદ્ર | ૨૪. ,, વજ્ર | ૩૦. ,, લૌહિત્ય |
| ૧૯. ,, મહાગિરિ | ૨૫. ,, રક્ષિત | ૩૧. ,, દૂષ્યગણિ |
| ૨૦. ,, સુહસ્તિ | ૨૬. ,, નંદિલ | ૩૨. ,, દેવર્દ્ધિગણિ |
| ૨૧. ,, બલિસ્સહ | ૨૭ ,, નાગહસ્તિ | |

આવો ભેદ શા માટે ઉત્પન્ન થતો હશે એ પ્રશ્ન સૌ' જે ઉદ્દભવે. પરંતુ વસ્તુ સ્થિતિ ધ્યાનમાં લેતાં એનું સ્પષ્ટીકરણ આપણને મળી રહે છે. જુદે જુદે સ્થળે જુદી જુદી નોંધો કરવામાં આવી હોય. કોઇમાં કોઇ વસ્તુ રહી જાય, કોઇમાં કોઈ વધારાની વસ્તુ ઘુસી જાય, તો વળી કોઇમાં કોઇ બાબત વિપરીત સ્વરૂપે પણ લખાઇ જાય. આમાં કાળબળ, સ્થાનબળ, વ્યકિતબળ, સ્થિતિબળ-બધું ધ્યાનમાં લેવું જોઇએ. આગમો લિપિબદ્ધ ક્યારે થયા એ એકજ ઘટનને ધ્યાનમાં લેશો તો પણ આ વસ્તુ સમજાઈ જશે. અમુક માન્યતા પ્રમાણે જિનાગમો ૯૮૦ વર્ષ પછી પુસ્તકારૂઢ થયા જ્યારે બીજી માન્યતાનુસાર ૯૯૩ વર્ષ વ્યતીત થયા પછી ગ્રંથસ્થ બન્યા. શ્રી દેવર્દ્ધિ સત્તાવીશમી પાટે થયા એમ કહેવામાં આવ્યું હોય ત્યાં વચગાળાની અમુક પાટોને મુકી દેવામાં આવી હોય, અથવા કેટલાક આચાર્યોને મુકી પણ દેવામાં આવ્યા હોય. શ્રી. કલ્યાણ વિજયજીએ ઉપર્યુક્ત ગ્રંથમાં અનેક વિચારસરણિઓ, પદ્ધતિઓ, સંશોધનાત્મક વિચારો વગેરે રજુ કર્યા છે. આ તમામ દલીલોની તુલના કર્યા પછી એક સત્ય સ્પષ્ટ સમજાય છે કે કેટલાક આચાર્યોનો પરિચય, તેમના વિષેની નોંધો, તેમની પરંપરાઓ કોઇ ઠેકાણે નોંધવી રહી ગઇ હોય અને કેટલાકોની નોંધાઈ હોય. આ એકજ સારાંશ અમને સ્વીકાર્ય લાગ્યો છે.

*દિગંબર અને શ્વેતાંબર સંપ્રદાયના વિદ્વાન શોધકોએ સંશોધનો* કરવામાં બાકી રાખી નથી અને હજુ પણ ગવેષણાઓ ચાલુજ છે

છતાં કોઇ પણ બાબતમાં નિર્ણયાત્મક અનુમાન તારવવામાં તેઓ જોઇએ તેવા સફળ થયા નથી. મારા આ વિધાનને સમજાવવા હું અહિં "સમયસાર" તથા "પ્રવચનસાર"ના સ્થૂલ દૃષ્ટાંતો આપું છું. "સમયસાર" તથા "પ્રવચનસાર"ના વાચન તથા અભ્યાસ હમણાં ઠીક ઠીક થઇ રહ્યા છે. પરંતુ ખેદનો વિષય એ છે કે એના કર્તા વિષે કોઇ પણ નિશ્ચયાત્મક માહિતી પ્રકાશમાં આવી શકી નથી. આ બંને પુસ્તકોના અંધ અનુયાયીઓના મતે તો તેમના કર્તા કુંદકુંદાચાર્ય વિક્રમની પહેલી શતાબ્દિમાં થઈ ગયા છે. પરંતુ ઇતિહાસવિદોએ અને દિગંબર સંપ્રદાયના ધુરંધર વિદ્વાનોએ એ સમય ઉપર અંતિમતાની મહોર મારી નથી. એની વિશિષ્ટ નોંધ "કષાયપ્રાભૃત"ની પ્રસ્તાવનામાં તેના સંપાદકોએ લીધી છે જો કે કશોજ નિર્ણય તેઓ પણ કરી શકયા નથી. અનેક બાબતોનું સંકલન પુરાવાઓ માટે તેમણે કરેલું છે પરંતુ અંતિમ અનુમાન ઉપર તેઓ પણ આવી શકયા નથી. યતિવૃષભના સમય માટે પણ તેઓ સંદેહાત્મક છે. "કષાયપ્રાભૃત" પર ચૂર્ણિ અને "ઉચ્ચારણ" વૃત્તિની રચના થયા પછી કુંડકુંદપુરમાં પદ્મનંદિ મુનિને તેની પ્રાપ્તિ થઇ એમ "શ્રુતાવતાર"નો કર્તા ઇંદ્રનંદિ લખે છે.[1] ત્યારબાદ શ્યામકુંડાચાર્ય અને તુમ્બુલૂરાચાર્ય અને સમંતભદ્રને તેની પ્રાપ્તિ થઈ એમ જણાય છે. હવે જો યતિવૃષભને વિક્રમીય છઠ્ઠી શતાબ્દિમાં મૂકવામાં આવે તો એ બધા આચાર્યો એમના ઉત્તરકાલીન છે એટલે એ સમય પછી થયા એમ ગણાવું જોઇએ જે માન્ય થતું નથી. ઇંદ્રનંદિએ નિર્દિષ્ટ કરેલો કાલક્રમ અયથાર્થ છે એ જોવાનું રહે છે. સૌથી પહેલાં કુંડકુંદપુરના આચાર્ય પદ્મનંદિને લેવા એ ઉપયુક્ત છે?

પ્રસ્તાવનામાં તેઓ કહે છે "કુંદકુંદાચાર્ય"ને "શ્રુતાવતાર"માં યતિવૃષભની પાછળ લેવામાં આવે છે એવો પુરાવો અમને તે પુસ્તક

---

૧. "શ્રુતાવતાર" પૃષ્ઠ, ૫૦.

સિવાય બીજે ક્યાંય મળતો નથી. ઇંદ્રનંદિની આવી માન્યતા હોવામાં શું આધાર છે તે પણ અમને સમજાતું નથી."

અભ્યાસકોએ અહિંયાં સ્મરણમાં રાખવા જેવું જે છે તે એ છે કે "શ્રુતાવતાર"નું પ્રામાણ્ય અનેક સ્થળોએ સંપાદકોએ સ્વીકાર્યું છે પરંતુ કુંદકુંદાચાર્યની બાબતમાં એનું આધારભૂતત્વ ફગાવી દેવામાં આવ્યું છે. ઇંદ્રનંદિના વક્તવ્યમાં સંદેહનું આરોપણ કરે છે. આમ સગવડીઓ ધર્મ અખત્યાર કરવામાં આવ્યો છે. સંપાદકોનો પ્રધાન હેતુ કુંદકુંદાચાર્યને વિક્રમીય સંવતની આદિમાં જેટલા લાવી શકાય તેટલા લાવવાનો છે. ઇંદ્રનંદિ એમાં સહાયક નથી થતા. એટલે એમને એટલા પૂરતા બહિષ્કૃત કરવામાં આવ્યા છે. શ્રી. કલ્યાણ વિજયજીનો અભિપ્રાય એ સંપાદકો પોતાના સમર્થનમાં ટાંકે છે.[૧] શ્રી. કલ્યાણ વિજયજીને મતે કુંદકુંદ-ચાર્યનો સમય છઠ્ઠી શતાબ્દિ છે. પટ્ટાવલી આપતી વખતે તેઓ નીચે પ્રમાણે જણાવે છેઃ—

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | કુંદકુંદાચાર્ય | ૫૧૫–૫૧૯ | ૪ | ધરસેનાચાર્ય | ૫૯૪–૬૧૪ |
| ૨. | અહિંમલ્યાચાર્ય | ૫૨૦–૫૬૫ | ૫. | પુષ્પદંતાચાર્ય | ૬૧૫–૬૩૩ |
| ૩. | માઘનંદ્યાચાર્ય | ૫૬૬–૫૯૩ | ૬. | ભુતબલ્યાચાર્ય | ૬૩૪–૬૬૩ |
| | | | ૭. | લોહાચાર્ય | ૬૬૪–૬૮૭ |

"કષાયપ્રાભૃત"ની પ્રસ્તાવનામાં તેના સંપાદકોએ ઉપર પ્રમાણે શ્રી. કલ્યાણ વિજયજીનો "શ્રમણ ભગવાન મહાવીર"માં રજુ થયેલો મત ટાંકયો છે. પરંતુ આ વર્ષો વીર સંવતના સમજવા કે વિક્રમ સંવતના એમ સંપાદકો પોતેજ શંકા ઉઠાવી, એ શંકાનું સમાધાન કરતાં કહે છે કે શ્રી. કલ્યાણ વિજયજી એ વર્ષો વીર સંવતના કદાચ માનતા હોય એવો વિશેષ સંભવ છે. પરંતુ વસ્તુસ્થિતિ આમ નથી. એ વર્ષો વિક્રમ સંવતના છે કારણકે વિક્રમીય બારમી શતાબ્દિ સુધી

૧. "શ્રમણ ભગવાન મહાવીર."

પ્રાયઃ શક અને વિક્રમીય સંવત્ લખવાની દિગંબરોમાં રૂઢિ હતી. પ્રાચીન દિગંબરાચાર્યના તથા હકીકતોના વિષયમાં વીર સંવત યોજવામાં આવ્યો હોય એમ અમારા જાણવામાં નથી એવું શ્રી. કલ્યાણ વિજયજી પોતે જ આગળ એ પુસ્તકમાં કહે છે.[1] તો પછી એ કેમ હૃદયમાં ઉતરે કે આ હકીકત પૂરતો વીર નિર્વાણ સંવતનો ઉપયોગ કર્યો હશે?

આ ઉપરથી એ સ્વાભાવિક રીતેજ સ્પષ્ટ થશે કે દિગંબરોના પ્રકાંડ વિદ્વાન આચાર્ય કુંદકુંદના સંબંધમાં જ વિચાર વૈવિધ્ય અને મતભેદ પ્રવર્તે છે. "કષાયપ્રાભૃત"ના સંપાદકો પ્રસ્તાવનામાં પ્રમાણો ઉપર પ્રમાણો ખડકયે જાય છે પરંતુ એ બધાં કોઇપણ રીતે સ્વીકાર્ય થઇ શકતા નથી. વસ્તુસ્થિતિ એવી છે કે ઇતિહાસવિદો પુષ્કળ આવિષ્કારો કરે છે પરંતુ કોઇપણ ઘટના તેના યથાસ્થિત સ્વરૂપમાં મળી જ ન શકતી હોય ત્યાં બીજો ઉપાય પણ શું? પુસ્તકોમાં વર્ણિત સામગ્રી અને માહિતીમાં પણ ઘણી ઘણી વખત ધરમૂળનો જબ્બર તફાવત દૃષ્ટિગોચર થાય છે.દાખલા તરીકે 'શ્રુતાવતાર,' "ત્રિલોક પ્રજ્ઞપ્તિ," "પ્રબંધ ચિંતામણિ," તથા "પ્રભાવક ચરિત્ર" વગેરે વગેરે ઐતિહાસિક ગ્રંથોમાં પણ સામ્ય કરતાં વૈષમ્ય જ વધારે જ્ઞાત થાય છે. જોકે પુરાતત્ત્વવિદો પાસે અત્યારે સામગ્રી વિપુલ પ્રમાણમાં છે પરંતુ જે વસ્તુ લુપ્ત થઇ ગઈ અથવા નષ્ટ થઇ ગઈ તેનો સાચો નિર્ણય ક્યાંથી લાવી શકાય?

## દિગંબરીય શ્રુતગ્રંથો

વીરનિર્વાણને ૬૮૩ વર્ષ થઈ ગયા પછી અંગધર અને પૂર્વધર આચાર્યો કોઈ થયા નહિ એમ દિગંબરો માને છે. કોઇ અંગધર હતા તો કોઇ પૂર્વધર હતા. પુષ્પદંત અને ભૂતબલિ આચાર્યોનું બનાવેલું "ષટ્ખંડાગમ" બીજા "અગ્રાયણી" પૂર્વ ઉપર પ્રસ્થાપિત હતું. "જ્ઞાન પ્રવાદ" નામના પાંચમા પૂર્વનો આધાર લઈ ગુણધરે "કષાય

---

૧. "શ્રમણ ભગવાન મહાવીર," પૃ. ૩૪૪–૩૪૬.

પ્રાભૃત" રચ્યું. આ બન્ને ગ્રંથો દિગંબરોમાં જિનાગમને સ્થાને છે. આગમોનો તથા પૂર્વોનો લોપ થયો છે એ દિગંબરોની દલીલ છે. છતાં "ષટ્ખંડાગમ" અને "કષાયપ્રાભૃત"ને ઉદ્ધરી લેવામાં આવ્યા. અંગનો અંશ રહેવા છતાં કોઈ જગ્યાએ અંગનું અસ્તિત્વ જણાતું નથી—એ બીના આશ્ચર્ય જનક નથી શું ?

ગૌતમ, સુધર્મા, અને જંબૂ આદિ ત્રણ કેવલિઓ બાસઠ વર્ષ રહ્યા; આગળ જણાવવામાં આવ્યા છે તે વિષ્ણુ આદિ પાંચ શ્રુતકેવલિઓ સો વર્ષ રહ્યા; પૂર્વોક્ત વિશાખાચાર્યાદિ અગિયાર દશપૂર્વીઓ એકસો-ત્ર્યાશી વર્ષ રહ્યા; પૂર્વોક્ત નક્ષત્રાદિ પાંચ એકાદશ અંગધારીઓ બસો ને વીસ વર્ષ રહ્યા; અને ચાર આચારાંગધારીઓ એકસો અઢાર વર્ષ રહ્યા. આ પ્રમાણે કુલ અઠ્ઠાવીશ પુરુષો સુધી અંગજ્ઞાન અસ્તિત્વમાં રહ્યું.અર્થાત્ છસો અને ત્ર્યાશી વર્ષ સુધી અંગજ્ઞાન જળવાઈ રહ્યું. આ અંગગત ગ્રંથોની વાત થઈ. અંગબાહ્ય ગ્રંથોની (દિગંબરીય) હકીકત આ પ્રમાણે છે. સ્થવીર કૃત અંગબાહ્ય ગ્રંથોની સંખ્યા ચૌદની છે. (૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિસ્તવ, (૩) વંદના, (૪) પ્રતિક્રમણ, (૫) વૈનયિક, (૬) કૃતિકર્મ, (૭) દશવૈકાલિક, (૮) ઉત્તરાધ્યયન, (૯) કલ્પ વ્યવહાર, (૧૦) કલ્પાકલ્પિક, (૧૧) મહાકલ્પિક, (૧૨) પુંડરિક, (૧૩) મહાપુંડરિક, અને (૧૪) નિશીથિકા. આ ચૌદ અંગબાહ્ય ગ્રંથો આજે નથી; લુપ્ત થયા છે

દિગંબર અંગગ્રંથો અને અંગબાહ્ય ગ્રંથો લુપ્ત થઈ ગયા. શ્વેતાંબર અંગગ્રંથો અને અંગબાહ્ય ગ્રંથો જળવાઈ રહ્યા. આ ઘટના જ આશ્ચર્ય-જનક છે. દિગંબરાચાર્યોએ પોતાની હયાતીમાં જ શા માટે અંગગ્રંથેનો લોપ થવા દીધો ? શ્વેતાંબરો કરતાં તેઓ શારીરિક અને બાહ્ધિક દૃષ્ટિએ શું કમ હતા ? જ્યાં જ્યાં પ્રસંગ કે અનુકૂળતા મળે છે ત્યાં ત્યાં દિગંબરો પોતાની જાતને શ્વેતાંબરો કરતાં ચઢીયાતી માને છે—મનાવે છે. તો પછી એવું શું થયું કે જેથી અંગગ્રંથો સાચવવામાં તેમને મુશ્કેલી પડી ? વિદ્વતામાં, અભ્યાસમાં, ધારણામાં તેઓ જેવા તેવા તો નથી જ.

વર્તમાનમાં તેઓના કયા કયા પુસ્તકો છે તે ટુંકમાં જોઈ જઈએ. આગમોનો તો તેઓ લોપ માને છે એ આગળ ઘણી વખત કહેવાઈ ગયું છે. અત્યારે તેમની પાસે જે ગ્રંથો છે તેના ઉપર તેઓ જિનાગમો જેટલું જ મહત્ત્વ સ્થાપે છે. તેઓની પાસે અત્યારે જે ગ્રંથરાશિ છે તેને ચાર અનુયોગમાં નીચે પ્રમાણે વિભકત કરે છેઃ—(૧) પ્રથમાનુયોગઃ— "પદ્મપુરાણ" (રવિષેણ કૃત), "હરિવંશ પુરાણ" (જિનસેન કૃત), અને "ઉત્તર પુરાણ" (ગુણભદ્ર કૃત);. (૨) કરણાનુયોગઃ— "સૂર્યપ્રજ્ઞપ્તિ," "ચંદ્રપ્રજ્ઞાપ્ત", અને "જયધવલા"; (૩) દ્રવ્યાનુ યોગઃ— "પ્રવચનસાર", "સમયસાર," "નિયમસાર", "પંચાસ્તિકાય" (કુંદકુંદકૃત) અને "તત્ત્વાર્થાધિગમસૂત્ર" (ઉમાસ્વામી કૃત). આ છેલ્લો ગ્રંથ શ્વેતંબરોનો છે છતાં દિગંબરો એ ગ્રંથને પોતાનો ગણે છે. એની ઉપર સમંતભદ્ર, પૂજ્યપાદ, અકલંક, અને વિદ્યાનંદીએ ટીકાઓ લખી છે. સમંતભદ્રે "આપ્તમીમાંસા" લખી છે અને એના ઉપર અકલંક તથા વિદ્યાનંદિએ ટીકાઓ લખી છે; (૪) ચરણાનુયોગઃ— "મૂલાચાર" (વટ્ટકેર કૃત), "ત્રિવર્ણાચાર", અને "રત્નકરંડ શ્રાવકાચાર". આ તમામ ગ્રંથો દસમી શતાબ્દિની અંદરના છે.

સોનગઢથી બહાર પડેલ "સમયસાર" ગ્રંથના ઉપોદ્ઘાતમાં જણાવવામાં આવ્યું છે કે પ્રથમ શ્રુતસ્કંધ અને દ્વિતીય શ્રુતસ્કંધ પહેલા ઉત્પન્ન થયા. તેમાં પ્રથમ શ્રુતસ્કંધમાં "ષટ્ખંડાગમ", "ધવલ", "મહા ધવલ", "જયધવલ", "ગોમ્મટસાર", "લબ્ધિસાર", "ક્ષપણા સાર" વગેરે શાસ્ત્રોનો સમાવેશ થાય છે, જ્યારે દ્વિતીય શ્રુતસ્કંધમાં ગુણધરાચાર્યે પાંચમા પૂર્વમાંથી જે ઉદ્ધૃત કર્યું તે- તથા તેની પછીના આચાર્યોએ ઉદ્ધૃત કરી રચ્યા તે "પંચાસ્તિકાય" અને "પ્રવચનસાર" ઇત્યાદિનો સમાવેશ કરવામાં આવે છે.

## શ્વેતાંબર પટ્ટાવલી અને ગ્રંથો

મહાવીર નિર્વાણ પછીના પટ્ટધર મહાપુરુષોની હકીકત આ

પ્રમાણે છે. મહાવીર નિર્વાણ પછી સુધર્મા વીસવર્ષ અને જંબૂ ચુમ્માલીસ વર્ષ સુધી અર્થાત્ કેવળ જ્ઞાન ચોસઠ વર્ષ રહ્યું હતું; ત્યારબાદ પ્રભવ અગિયાર, શય્યંભવ ત્રેવીશ, યશોભદ્ર પચાસ, સંભૂતિવિજય આઠ, ભદ્રબાહુ, ચૌદ અને સ્થૂલભદ્ર પીસ્તાલીશ વર્ષ સુધી યુગપ્રધાનપદે હતા. અહિં સુધી બસો અને પંદર વર્ષ થયા. પછી આર્ય મહાગિરિના ત્રીશ, આર્ય સુહસ્તિના છેંતાલીસ, અને ગુણસુંદરના ચુમ્માલીસ વર્ષ ગણતાં મહાવીર નિર્વાણ બાદ ત્રણસો અને પાંત્રીશ વર્ષ થયા. એમની પછી નિગોદની વ્યાખ્યા કરનાર કાલક જેઓ એકતાલીસ વર્ષ સુધી અને ત્યાર પછી શાંડિલ્ય આવે છે જે આડત્રીશ વર્ષ સુધી યુગપ્રધાનસ્થાને રહ્યા. આમ ચારસો અને ચૌદ વર્ષ એકંદરે થયા. આ કાલક તે જ "પ્રજ્ઞાપના સૂત્ર"ના રચયિતા શ્યામાચાર્ય સમજવા. પરંતુ કાલકાચાર્યો ચાર થઇ ગયા જે નિમ્નોક્ત ગાથાઓથી સ્પષ્ટ થાય છેઃ—

सिरिवीराओ गएसु पणतीसहिएसु तिसयवरिसेसु ।
पढमो कालगसूरी जाओ सामज्जनामत्ति ॥५५॥
चउसयतिपन्नवरिसे कालगगुरुणा सरस्सई गहिआ।
चउसयसत्तरिवरिसे वीराओ विक्कमो जाओ ॥५६॥
पंचेव य वरिससये सिद्धसेणो दिवायरो जाओ ।
सत्तसयवीसअहिए कालिगगुरु सक्कसंथुणिओ ॥५७॥
नवसयतेणउएहिं समइक्कंतेहिं वद्धमाणाओ ।
पज्जोसयणचउत्थी कालिकसूरीहिंतो ठविआ ॥५८॥

ઉપર્યુક્ત એ ચાર ગાથાઓ પ્રમાણે [1] ચાર કાલકાચાર્યો થયા. તેમાંના પ્રથમ જે ત્રણસો અને પાંત્રીશમા વર્ષમાં થયા તે "પ્રજ્ઞાપના-

1. " रत्नसंचय. "

સૂત્ર"ના રચનાર શ્યામાચાર્ય છે. બીજા કાલકાચાર્ય વીરનિર્વાણાત્ ચારસો અને ત્રેપન વર્ષે થયા જે પોતાની સંસાર પક્ષની બેન સરસ્વતી નામની સાધ્વી ઉપર ગર્દભિલ્લે કરેલ આક્રમણનો બદલો વાળવા પારસ દેશમાં ગયા હતા અને ત્યાંના રાજાને સમજાવી ગર્દભિલ્લના ઉચ્છેદ નિમિત્તે તેને ઉજ્જયિનીમાં લાવ્યા હતા. તેમણે ચતુર્થીને દિવસે પર્યુષણ (સંવત્સરી) કર્યા. વધારામાં એમ પણ કહેવાય છે કે વિનીત શિષ્યનો તેમણે પરિહાર કર્યો હતો.

પહેલા કાલકાચાર્ય અને શાંડિલ્ય પછી અર્થાત્ ચારસો અને ચૌદ વર્ષ પછી રેવતી મિત્ર, આર્ય મંગુ, આર્ય ધર્મ, ભદ્રગુપ્ત, શ્રી ગુપ્ત, વજ્ર, આર્ય રક્ષિત અને પુષ્યમિત્ર અનુક્રમે છત્રીસ, વીસ, ચોવીસ, ઓગણ ચાલીસ, પંદર, છત્રીશ, તેર, અને વીસ વર્ષો સુધી પાટે રહ્યા. અહિં સુધીમાં વીર નિર્વાણાત્ છસો અને પાંચ વર્ષો થયા.[1] આ પછી શક સંવત્સરની ઉત્પત્તિ થઇ. આ પ્રમાણે ગણતાં શ્રી. કલ્યાણ વિજયજીના મતે "સ્થવિરગણના"અનુસાર તથા "તિત્થોગાલી. પઇન્ના"અનુસાર સ્થવિર ભદ્રબાહુનો સ્વર્ગવાસ શ્રી. વીરનિર્વાણાત્ એકસો અને સિત્તેર વર્ષે થયો તે બરાબર મળી રહે છે. આ બે પદ્ધતિ અનુસાર નિર્વાણ સંવત્ અને શક સંવત્સરનો મેળ પણ સધાય છે.

## શ્વેતાંબર શ્રુત સાહિત્યનું સંરક્ષણ

શ્રુત જ્ઞાનનો હ્રાસ આર્ય રક્ષિતના સમયથી શરૂ થયાના ચિન્હો નજરે પડે છે. આર્યરક્ષિતના શિષ્ય-સમુદાયમાં શ્રુતસાહિત્યનો અભ્યાસ ધીમો પડયો હતો. દુર્બલિકા પુષ્યમિત્ર માત્ર નવ પૂર્વોજ ભણી શકયા હતા. નિયમિત પઠન–પાઠનની અસમર્થતાને કારણે નવમું પૂર્વ તેઓ પણ ભૂલી ગયા અને ઉત્તરોત્તર આ હ્રાસ વધતો ચાલ્યો.

---

૧. અહિંયા સરવાળો છસો અને સત્તરનો થાય છે. બાર વર્ષનો તફાવત નિકળે છે. (?)

તે એટલી હદ સુધી વધી ગયો કે એની જાણકાર કોઈ વ્યક્તિ રહીજ નહિ. પરિણામ એ આવ્યું કે વીર નિર્વાણાત્ એક હજાર વર્ષના ગાળામાં તમામ પૂર્વોનું જ્ઞાન નષ્ટ થઈ ગયું. દિગંબર માન્યતા મુજબ વીર નિર્વાણાત્ છસો અને ત્યાશી વર્ષની અંદર પૂર્વોનો અભાવ થઈ ચૂક્યો હતો.

## માથુરી વાચના

આર્ય સ્કંદિલના સમયમાં બાર વર્ષી દુકાળ પડ્યો. દુકાળ પછી મથુરામાં શ્રમણસંઘ એકત્રિત થયો. વિશાળ જ્ઞાન અને અનુયોગના ધારક પુરુષો કોઈ રહ્યા નો'તા. એક અનુયોગના ધારક પૈકી માત્ર આર્ય સ્કંદિલાચાર્ય એકજ હતા. તેમની અધ્યક્ષતામાં શ્રમણોની પરિષદ્ મળી અને જે કાલિક શ્રુતજ્ઞાન સ્મૃતિમાં રહ્યું હતું તેની સંકલના કરી. આ કંઠસ્થ જ્ઞાન પારસ્પરિક વિનિમય પછી વ્યવસ્થિત થઈ ગયું. આર્ય સ્કંદિલનો કાળ શ્રી. કલ્યાણ વિજયજીને મતે આઠસો સત્તાવીશથી આઠસો ચાલીશનો છે. શ્રુતજ્ઞાનની આ વાચનાને સ્કાંદિલી વાચના કહેવાય છે.

## વાલ્લભી વાચના

મથુરામાં આર્ય સ્કંદિલના સભાપતિત્વમાં જ્યારે વાચના થઈ ત્યારે વલભીમાં પણ એક વાચના નાગાર્જુનની અધ્યક્ષતામાં થઈ હતી. જુદી જુદી વ્યક્તિઓના કંઠમાં સચવાયલું શ્રુતજ્ઞાન બહાર આવ્યું અને અવ્યવસ્થિત જ્ઞાને આકાર ધારણ કર્યો જો કે લિપિબદ્ધ અવસ્થા હજુ પણ શ્રુતજ્ઞાનને પ્રાપ્ત થઇ ન હતી. બન્ને વાચનામાં પાઠભેદો રહ્યા. એ સ્વભાવિક છે કે પાઠભેદો રહેજ. આર્ય સ્કંદિલ અને આર્ય નાગાર્જુન વાચનાઓ પછી મળ્યા નથી: એમ લાગે છે. મુખોપમુખ વાચના થઇ એટલે અહિં તહિં ભેદ જરૂર દેખાય છે. આ ઘટનાને આશરે દોઢસો વર્ષો થયા હશે એ બાદ દેવર્દ્ધિગણિના પ્રમુખસ્થાને વળી પાછો મોટો શ્રમણસંઘ એકઠો મળ્યો. આ સમયે અંગ, ઉપાંગ, મૂળ, છેદ, પ્રકીર્ણક વગેરે વગેરે શ્રુતજ્ઞાનના અંશો

સાધુઓને કંઠે તેમજ સ્મૃતિમાં હતા તે બધાને પત્રાકાર આપવામાં આવ્યો. જે કાંઇ પાઠભેદ હતા તે બધાને વિધિપૂર્વક નોંધવામાં આવ્યા જો કે સ્કાંદિલીવાચનાને દૃષ્ટિ સમક્ષ પ્રધાનપણે રાખવામાં આવી હતી. મુખ્ય મુખ્ય હકીકતો કે જેમાં ઐક્ય હતું તે બધીને મૂળમાં લેવામાં આવી અને સંદિગ્ધ બાબતોને ચૂર્ણી,અવચૂરિ,અને ટીકામાં સ્થાન આપી આગમના સમગ્ર સ્વરૂપને ઉભું કરવામાં આવ્યું. શ્રી. કલ્યાણ વિજયજીનું એવું કથન છે કે જ્યાં જ્યાં બન્ને આચાર્યો સંમત હતા તે બધી હકીકતોને પ્રકીર્ણકમાં ગોઠવી એકવાક્યતા સાચવી. જ્યાં પાઠાંતરો હતાં ત્યાં "नागार्जुनीया एवं पठंति" એમ કહી તે બધાને ટીકામાં નોંધવામાં આવ્યા. આવા પાઠાંતરો ખાસ કરીને "આચારાંગ" અને "સૂત્રકૃતાંગ"ની ટીકાઓમાં તથા "કથાવલી"માં વિશેષ મળી આવે છે. દેવર્દ્ધિગણિએ સ્કાંદિલી વાચનાને મુખ્યપણે આધારભૂત ગણી હતી અને સૂત્રજ્ઞાનને લિપિબદ્ધ કરતી વખતે એને પ્રધાનતયા અનુસર્યા હતા. આ વિધાનને અનુમોદતી એક ગાથા "નંદીસૂત્ર"ની સ્થવિરાવલીમાં છે.[1] એનું તાત્પર્ય એ છે કે આજે પણ અર્ધભરતમાં જેનો અનુયોગ પ્રસરી રહ્યો છે અને જેમનો યશ અનેક શહેરોમાં વ્યાપ્ત છે એવા આર્ય સ્કંદિલાચાર્યને વંદુ છું. વાલભી વાચનાનું કેંદ્ર નાગાર્જુની વાચના હોત તો સ્કંદિલાચાર્યની વાચના અદ્યાપિ અર્ધભરતમાં ફેલાઈ રહી છે એવું સ્પષ્ટપણે કહી એને ફૂલ ન ચડાવ્યા હોત. વળી વાલભી વાચનાના મૂલાધાર કોઇ બીજા સ્થવિરો હોત તો સ્થવિરાવલીમાં સ્કંદિલાચાર્યનું નામ પ્રવેશી શકત જ નહિ. એ ઉપરાંત, નાગાર્જુનના સ્થાને સ્કંદિલાચાર્યને મુકવામાં આવ્યા છે એ નિ:સંદેહ બતાવે છે કે વાલભી વાચના અનુયોગ આર્ય સ્કંદિલનો છે.

"वायणांतरे" એમ કહી સ્કંદિલાચાર્યના અને નાગાર્જુનના અભિપ્રાયો નિર્દિષ્ટ કરવામાં આવે છે. "કલ્પસૂત્ર"માં મહાવીર નિર્વાણ

---

१. जेसिं इमो अणुओगो पयरइ अज्जवि अड्ढभरहंमि ।
बहुनगरनिग्गयजसे तं वंदे स्कंदिलायरियं ॥

વર્ષ સંબંધમાં વાચનાંતર છે. મહાવીર નિર્વાણના દસમા સૈકાના એંશી વર્ષ વ્યતીત થયા પછી જિનાગમો દેવર્દ્ધિગણિની અધ્યક્ષતામાં લિપિબદ્ધ થયા એ કથનના વાચનાંતર તરીકે "કલ્પસૂત્ર"માં મહાવીરના નિર્વાણ સમય પછી દસમા શતકના ત્ર્યાણુ વર્ષ ગયા બાદ એવું કથન પણ મુકવામાં આવેલ છે. આ ચોકખું વાચનાંતર છે. શ્રી. કલ્યાણ વિજયજી એ મતભેદને સમજાવી શક્યા નથી. વિચાર કરતાં એમ જણાય છે કે જે બે સ્થવિરાવલી આ સમય પછીથી મળે છે તેના મૂળ આ મતભેદમાં હોય. પહેલી સ્થવિરાવલી "નંદીસૂત્ર" ગત દેવર્દ્ધિગણીએ માથુરી વાચનાને અનુસારે આપી છે તે અને બીજી છે વાલભી યુગપ્રધાન પટ્ટાવલી. આર્યસુહસ્તિ સુધી બન્ને સ્થવિરાવલીઓ મળતી આવે છે અને ત્યાર પછી તફાવત પડે છે.

## શ્વેતાંબર સંમત આગમગ્રંથો

અંગો બાર હતા જેમાં છેલ્લા અંગનો અર્થાત્ દૃષ્ટિવાદનો લોપ થયો. હાલ અગિયાર અંગો છે. તેના નામો આ પ્રમાણે છે:—(૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪) સમવાયાંગ, (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, (૬) જ્ઞાતાધર્મકથાંગ, (૭) ઉપાસકદશાંગ, (૮) અંતકૃત્, (૯) અનુત્તરૌપપાતિક, (૧૦) પ્રશ્નવ્યાકરણ, અને (૧૧) વિપાક. અંગબાહ્યમાં બાર ઉપાંગો છે જેના નામો આ પ્રમાણે છે:–(૧) ઔપપાતિક, (૨) રાજપ્રશ્નીય, (૩) જીવાજીવાભિગમ, (૪) પ્રજ્ઞાપના, (૫) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, (૬) ચંદ્રપ્રજ્ઞપ્તિ, (૭) સૂર્યપ્રજ્ઞપ્તિ, (૮) નિરયાવલિયા, (૯) કલ્પાવતંસિકા, (૧૦) પુષ્પિકા, (૧૧) પુષ્પચૂલિકા, અને (૧૨) વૃષ્ણિદશા. દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, નંદી, અને અનુયોગદ્વાર આ ચાર મૂળ સૂત્રો છે અને દશા શ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, નિશીથ અને વ્યવહાર આ ચાર છેદ સૂત્રો છે. ઉપર એક આવશ્યક. આ પ્રમાણેની માન્યતા શ્વેતાંબર અમૂર્ત્તિપૂજકોની છે. જ્યારે શ્વેતાંબર મૂર્ત્તિપૂજકો એમાં દશ પ્રકીર્ણકોને ઉમેરી તે બધાને આગમની સમકક્ષ મુકે છે જોકે નંદિસૂત્રમાં એને સમર્થન નથી મળતું. જે દસ

પ્રકીર્ણકો ઉપર ગણાવ્યા છે તેના નામો આ પ્રમાણે છે:- (૧) ચતુઃશરણ, (૨) આતુર પ્રત્યાખ્યાન, (૩) ભક્તપરિજ્ઞા, (૪) સંસ્તારક, (૫) તંદુલવૈચારિક, (૬) ચંદ્રવેધ્ય, (૭) દેવેંદ્રસ્તવ, (૮) ગણિવિદ્યા, (૯) મહાપ્રત્યાખ્યાન, અને (૧૦) વીરસ્તવ. ચાર છેદ સૂત્રો જે ઉપર ગણાવ્યા છે તેમાં શ્વેતાંબર મૂર્તિપૂજકો જિતકલ્પ અને મહાનિશીથ નામના બે છેદ સૂત્રોનો ઉમેરો કરે છે. એવી પરંપરા છે કે પંચકલ્પ હતું તે લુપ્ત થઈ ગયું તેથી તેનું સ્થાન જિતકલ્પે લીધું. એના કર્તા જિનભદ્રગણિ છે જો કે તે જિતકલ્પ અંગપ્રવિષ્ટ નથી. મહાનિશીથને હરિભદ્રાદિ કેટલાક આચાર્યોએ તૈયાર કર્યું હતું. શ્વેતાંબર મૂર્તિપૂજકો ચાર મૂળ તરીકે દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આવશ્યક અને પિંડનિર્યુક્તિને ગણે છે અને નંદિસૂત્રને તથા અનુયોગદ્વારને ચૂલિકાસૂત્ર તરીકે ગણે છે.

## આગમોના કર્તા કોણ ?

અગિયાર અંગો ગણધરકૃત છે એ બાબત હવે નિઃસંદેહ પણે સ્વીકારવામાં આવે છે. પરંતુ એ બધામાં પ્રથમ અંગ સૂત્ર એટલે કે આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધની રચના સર્વ પ્રથમ થઇ હોય એમ લાગે છે સામાન્ય રીતે તો બધાજ અંગસૂત્રો ગણધરમુખનિઃસૃત છે છતાં આગળ પાછળ થયા હોય એમ ભાષાભેદની દૃષ્ટિએ લાગે છે. પ્રશ્ન વ્યાકરણના સંબંધમાં નંદિસૂત્રમાં જે વર્ણન મળે છે તે અનુસાર એ અંગસૂત્ર નથી એટલે એ ક્યારે બદલાયું હશે એનો કોઈ ખુલાસો વિદ્દ્વર્ગને મળી શકતો નથી. અંગબાહ્ય સૂત્રો પૈકીનું પ્રજ્ઞાપના સૂત્ર એકલા શ્યામાચાર્યે અથવા કાલકાચાર્યે જે નિગોદના ખાસ વ્યાખ્યાતા હતા અને જેનું વર્ણન આગળ ઉપર આવી ગયું છે તેમણે બનાવ્યું હતું. બીજા ઉપાંગ સૂત્રોના કર્તા કોણ કોણ હતા તે કહી શકાય તેમ નથી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, અને સૂર્ય પ્રજ્ઞપ્તિ—એ ત્રણેય પ્રજ્ઞપ્તિઓ શ્વેતાંબરો અને દિગંબરો એમ બન્નેમાં છે પરંતુ તેમનોવિનાશ થયો હોય એમ તેઓ બન્ને માને છે. ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિ—બન્ને તપાસવાથી માલુમ પડે છે કે

બન્નેમાં વર્ણિત વિષય, થોડો તફાવત બાદ કરીએ તો, એક સરખો છે. એ ઉપરથી એમ અનુમાન છે કે તે બે પૈકીનું એક સૂત્ર કદાચ નષ્ટ થયું હોય. પ્રકીર્ણકોની રચના ક્યારે થઈ હશે તે કહેવાના કોઇ ઐતિહાસિક સાધનો ઉપલબ્ધ નથી. નિશીય સૂત્ર આચારાંગ સૂત્રની ચૂલિકા અથવા એક ભાગ હોવાને કારણે આચારાંગ સૂત્ર જેટલુંજ પ્રાચીન ગણવામાં હરકત નથી. દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ અને વ્યવહારને વીરનિર્વાણ સંવત એક સો અને સિતેરમાં થઇ ગયેલ મનાતા ભદ્રબાહુ પ્રથમે પ્રત્યાખ્યાન પૂર્વમાંથી ઉદ્ધૃત કરી બનાવ્યા છે. આત્મપ્રવાદ, કર્મપ્રવાદ અને સત્યપ્રવાદ નામના પૂર્વોમાંથી ઉદ્ધૃત કરી શય્યંભવાચાર્યે દશ વૈકાલિક રચ્યું હતું. એ દશેય અધ્યયનો ઉપર જે ચૂલિકાઓ છે તે ગમે ત્યારે રચાણી હોય. તે મૂળ સાથે નથી એ તો ચોકકસ છે. ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીશ અધ્યયનો હાલ ઉપલબ્ધ છે તેના સંબંધમાં વિવિધ કર્તૃત્વની કલ્પના કરવામાં આવે છેઅને તે વિક્રમ પૂર્વ બીજી કે ત્રીજી શતાબ્દિમાં રચાયા હોય એવી સંભાવનાને આગળ ધરવામાં આવે છે. આવશ્યક સૂત્રની ગણના અંગ બાહ્યમાં કરવામાં આવેલ છે તે ઉપરથી કદાચ એમ મનાય કે એ ગણધર કૃત ન હોય. પરંતુ દરેક યતિએ પ્રાતઃકાળે અને સંધ્યાકાળે એ અવશ્ય કરવાનું હોય છે એ હકીકત ઉપરથી નિષ્પન્ન થતી એની આવશ્યકતા એનું નિર્માણ અંગ સૂત્રની સાથોસાથજ થયું હોય એમ માનવા પ્રેરે છે.[૧]

પિંડનિર્યુક્તિમાં અને દશવૈકાલિકમાં આવતી હકીકતના સામ્ય ઉપરથી એમ લાગે છે કે એ દશવૈકાલિક પછી કોઇ પણ કાળે રચાણી હોવી જોઈએ. કોઇને મતે એ ભદ્રબાહુકર્તૃક ગણાય છે. તો પણ એના અનુસંધાનમાં એ નોંધવું આવશ્યક છે કે આ ભદ્રબાહુ તે ભદ્રબાહુ પ્રથમ નહિ પરંતુ ભદ્રબાહુ બીજા સમજવા જેનો જીવન કાળ વિક્રમીય પાંચમી કે છઠ્ઠી શતાબ્દિનો સંશોધકોએ સ્થિર કર્યો છે. નંદિસૂત્ર

---

૧. સરખાવો:—"सामाइयाणि एगादसाणि अंगाणि अहिज्जइ" ।

ખૂદ દેવર્દ્ધિગણિનું બનાવેલું છે. જે આગમો લિપિબદ્ધ થયા છે તે બધા દેવર્દ્ધિગણિની સમક્ષ એકત્રિત થયેલા સાધુઓની સંમતિ પછી લખાયા હતા એવું અનુમાન હવે નિયત થઇ ચૂકયું છે. હવે બત્રીશ આગમોમાં જે તેર ઉમેરીને પિસ્તાલીસનો સરવાળો કરવામાં આવે છે તે તેર પૈકીના દસ પ્રકીર્ણકો નંદિ સૂત્રમાં નિર્દિષ્ટ નથી તેથી અને "જિતકલ્પ" જિનભદ્રગણિ કૃત હોવાથી. તથા "મહાનિશીથ" હરિભદ્રકૃત હોવાને કારણે તેમજ "પિંડનિર્યુક્તિ" ભદ્રબાહુ દ્વિતિય રચિત હોવાને સબબે વિવેકી આચાર્યો આગમોમાં એની ગણના કરવા તૈયાર નથી.

## આગમો ઉપરની ટીકાદિના કર્તાઓ તથા સમય

મૂળ જિનાગમો ઉપર જે કાંઇ ટીકા, ટિપ્પણીઓ રૂપે લખવામાં આવ્યું છે તે સાહિત્યના પ્રાકૃત અને સંસ્કૃત એવા બે પ્રકારો છે. પ્રાકૃત ભાષામાં જે સાહિત્ય મળી આવે છે તે નિર્યુક્તિ, ભાષ્ય, અને ચૂર્ણિના રૂપમાં છે. નિર્યુક્તિઓ અને ભાષ્યો પદ્યમય છે જ્યારે ચુર્ણિઓ ગદ્યમય છે. ભદ્રબાહુ દ્વિતીય, અને નહિ કે ભદ્રબાહુ પ્રથમ, એ નિર્યુક્તિઓના કર્તા છે. "જૈન તત્ત્વાદર્શ" ના કર્તા શ્રી આત્મારામજીનું જે માનવું છે કે એ નિર્યુક્તિઓ ભદ્રબાહુ પ્રથમે રચી હતી તે હવે સચોટ પૂરાવાને લઇ નિરાધાર સાબિત થયું છે.[૧] તે ભદ્રબાહુ દ્વિતીયનો સમય વિક્રમીય પાંચમી કે છઠ્ઠી શતાબ્દિનો નિર્ધારિત કરવામાં આવ્યો છે.[૨] સંઘદાસ ગણિએ અને જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ ભાષ્યો લખ્યા. એ ભાષ્ય રચનાનો કાળ વિક્રમીય સાતમી શતાબ્દિ છે. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે "વિશેષાવશ્યક ભાષ્ય" લખ્યું છે. જિનદાસ ગણિ મહત્તરે વિક્રમીય સાતમી અને આઠમી સદીમાં

---

૧. જુઓ મહાવીર જૈન વિદ્યાલયનો સ્મારક અંક, શ્રી પુણ્યવિજયજીનો લેખ.

૨. એજન

ચુર્ણિઓ બનાવી. હવે આગમ ઉપરના સંસ્કૃત લખાણો પૈકી ટીકાઓ મુખ્ય છે જેમાંની પ્રાચીન ટીકાઓ લખવાનું હરિભદ્રસૂરિને ફાળે જાય છે. એમનો સમય વિક્રમીય આઠમી, નવમી શતાબ્દિનો નિશ્ચિત થયેલ છે. એમની પછી શીલાંક આવે છે જેમણે આચારાંગ અને સૂત્રકૃતાંગ ઉપર ટીકાઓ લખી છે. તેઓ વિક્રમીય દસમી સદીમાં થઇ ગયા હોવાનું મનાય છે. પછી આવે છે શાંત્યાચાર્ય જેમણે ઉત્તરાધ્યયન સૂત્ર ઉપર બૃહદ્ટીકા રચી. ત્યારબાદ થઇ ગયા પ્રસિદ્ધ નવાંગી ટીકાકાર અભયદેવસૂરી જેમણે પ્રથમના બે અંગો સિવાય બાકીના નવે ય અંગો ઉપર ટીકાઓ રચી. એમનો જન્મ વિ. સં. ૧૦૭૨ માં અને સ્વર્ગવાસ વિ. સં. ૧૧૩૫ માં થયો મનાય છે. એવાજ પ્રકાંડ વિદ્વાન્ અને ટીકાકાર બારમી શતાબ્દિમાં થઇ ગયેલ મલધારી હેમચંદ્ર છે. આગમોની સરળ, સુબોધ, અને સરસ ટીકાઓ લખનાર તો છે મલયગિરિ જેઓ હેમચંદ્રના સમકાલીન વિદ્વાન હતા.

ઉપર્યુક્ત તમામ આચાર્યોએ આગમો ઉપર પ્રાકૃતમાં અને સંસ્કૃતમાં એટલું તો ઉંડાણુ પૂર્વક અને અગાધ પાંડિત્યથી ભરેલ શૈલીથી લખ્યું છે કે જેમાં ચંચુપ્રવેશ કરવો અશક્ય નહિ તો પણ દુષ્કરતો છે જ. જિનાગમો મૂળે જ ગહન છે અને ઘણે સ્થળે સમજ્યા, સમજાવ્યા સમજાય કે સમજાવી શકાય તેવા નથી. છતાં પ્રાચીન આચાર્યોએ તનતોડ કોશિષ કરી વિષયને સુબોધ બનાવવા લક્ષ્ય આપ્યું હતું છતાં એ ટીકાઓ વિસ્તૃત બની ગઇ, વિદ્વદ્ભોગ્ય બની ગઇ. મંદ બુદ્ધિવાળા જિનાગમના જ્ઞાનથી વંચિત ન રહી જાય એ પરોપકારમય હેતુથી કેટલાક ઉત્તરકાલીન આચાર્યોએ સમયને ધ્યાનમાં લઇ મૂળ ઉપર ગુજરાતીમાં સ્તબકો ભર્યા-લખ્યા. એનો લાભ અત્યરે ઘણા લઈ રહ્યા છે. આ સ્તબકો-લોકભાષામાં જેને "ટબ્બા" કહેવામાં આવે છે તેના-ઉપર ઘણા લોકો ગેરસમજથી અને અણસમજથી આક્ષેપ કરે છે કે એ "ટબ્બાઓ"માં અર્થ બરાબર કરવામાં નથી આવ્યો. આવા ટીકાકારોને કમને અમને કહેવાનું પ્રાપ્ત થાય છે કે

પ્રાચીન ટીકાકારોએ જે કાંઇ લખ્યું છે તે પ્રમાણભૂત જ છે એ માનવા–મનાવવાનું એમની પાસે શું સાધન છે? તેઓ આ " ટબ્બાઓ " લખનાર કરતાં બુદ્ધિમત્તામાં ચડીયાતા હતા એવું સિદ્ધ કરનારા કયા પ્રમાણો તેમની પાસે છે ? ભાષા ઉપરના પ્રભુત્વનો સવાલ જ નથી. ભાષાના ઉત્તમ અધિકારીઓ અનેક સમયે અનેક દેશમાં આ ટીકા લખનાર આચાર્યો કરતાં ચડીયાતા કયાં નથી થયા ? અહિયાં જે ગંભીર નિરબત છે તે આગમના અર્થની છે. અને આ " ટબ્બાઓ " જિનાગમોના રહસ્યના ઉકેલમાં ટીકાઓ કરતાં ઉતરતી પંક્તિના છે એવું વિધાન કયો નિષ્પક્ષ ગવેષક કરી શકે તેમ છે? વળી એ પ્રાચીન ટીકાકારોમાં પણ કેટલો મતભેદ હતો? આશયને પામ્યા હોત, પરમાર્થને સમજ્યા હોત, સત્યનો સ્પર્શ કરી શકયા હોત તો પછી એક બીજાની વચ્ચે મતભેદને જરા જેટલો પણ અવકાશ નો'તો. પ્રભુ મહાવીરના એકના એક સ્પષ્ટ કથનની કેટલી વિવિધ અર્થપ્રણાલીઓ! એ શું બતાવે છે? જિનાગમોની બાબતમાં આર્ય સ્કંદિલ અને નાગાર્જુનના વખતથી જ થોડોથોડો ફેરફાર દાખલ થઈ ગયો. ત્યારબાદ એ ફેરફારે ટીકાકારોના સમયમાં વિશાળ અને સ્પષ્ટ સ્વરૂપ ધારણ કર્યું. નિર્યુક્તિકાર, ભાષ્યકાર, ચૂર્ણીકાર, અને ટીકાકારો વચ્ચે મતભેદ પ્રકટયો. અને પછી તો એક ટીકાકાર અને બીજા ટીકાકાર વચ્ચે પણ એ મતભેદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. હરિભદ્ર, શીલાંક, શાંત્યાચાર્ય, અભયદેવ અને મલયગિરિની ટીકાઓમાં એકની એક બાબત પરત્વે કેવું અને કેટલું જૂદું લખાણ નજરે ચડે છે? જિનાગમો ઉપર થયેલ આ અનુચિત આક્રમણને ટાળવા એક જ રસ્તો ધર્મસિંહ મુનિએ અંગીકાર કર્યો. જિનાગમના રહસ્યને જ માત્ર ધ્યાનમાં રાખી ટીકાકારોના અર્થોને એમણે ફમાવી દીધા. ટીકાકારોનું પોકળ એમણે જોઈ લીધું. એટલે એમણે તો કેવળ જિનાગમોની જ દીવાદાંડી લક્ષ્યમાં રાખી. એટલા માટે જ ધર્મસિંહ મુનિ રચિત બાલવબોધમાં નિશ્ચિતતાની સુગંધ ભરી પડી છે.

આગમકાળની બુદ્ધિ તીવ્ર હતી. ઉત્તરોત્તર એનો હ્રાસ થતો ગયો એ તો આપણે આગળ જોયું. એટલે એ વખતની લોકભાષામાં—પ્રાકૃતમાં—નિર્યુકિતઓ, ભાષ્યો, અને ચુર્ણિઓ લખાઇ. ત્યારબાદ સંસ્કૃતનું ગૌરવ વિશેષ થતું હશે એટલે એ ભાષામાં આચાર્યોએ પોતાની શકિત અજમાવી. અને છેવટે ગુજરાતીનો જમાનો આવ્યો એટલે ધર્મસિંહ મુનિએ એ ભાષાંનું અવલંબન લીધું. એથી કરી પ્રાકૃત ભાષામાં, સંસ્કૃત ભાષામાં કે ગુજરાતીમાં લખનારજ વિદ્વાન એવું એકાંતિક કથન કરવું કોઈ રીતે ન્યાય્ય નથી. આગમના રહસ્યનું પ્રકટીકરણ કરનાર લખાણજ—પછી તે પ્રાકૃતમાં હોય, સંસ્કૃતમાં હોય કે ગુજરાતીમાં— સર્વ શ્રેષ્ઠ મનાવું જોઇએ. આ કસોટી ઉપર ચડાવતાં ધર્મસિંહ મુનિના સ્તબકો ઉત્તરકાલીન ટીકાકારોના લખાણો કરતાં કયાંય ચડી જાય તેવા છે. અસ્તુ.

# ચોથું પ્રકરણ

## કેટલીક જૈન ઐતિહાસિક ત્રૂટિઓ

વર્તમાન કાળે, જૈન સમાજમાં અનેક પુસ્તકો અને કૃતિઓ વિદ્યમાન છે. પરંતુ સૂત્ર સિવાય, જે કાંઈ ગ્રંથો છે જેવા કે નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ અને એવા અન્યાન્ય ગ્રંથો, તેમના કર્તા સંબંધે, તેમના લેખન સમયના વિષયમાં ગવેષકો તરેહ તરેહની શોધો ચલાવી રહ્યા છે પરંતુ કાંઈ પણ નિર્ણયાત્મક અન્વેષણ જેટલાં જોઇએ તેટલાં તત્સંબંધે કરી શકયા નથી. શ્વેતાંબરો અને દિગમ્બરો પોતપોતાના આચાર્યો તરફનું પક્ષપાતયુકત મમત્વ પ્રસંગોપાત વ્યકત કરી રહ્યા હોય છે પરંતુ એ તો મમત્વયુકત અન્વેષણ કહેવાય. એ કાંઈ નિષ્પક્ષ આવિષ્કારનું સ્થાન ન લઈ શકે. પોતાના આચાર્યોને પ્રાચીન સિદ્ધ કરવાની ચેષ્ટા બન્નેમાં દેખાય છે. પરંતુ એ ચેષ્ટામાં સત્ય પક્ષનો પ્રાયઃ ભોગ દેવાયો હોય છે.

(૧) આગમો ઉપર જે નિર્યુક્તિઓ છે તે ભદ્રબાહુકર્તૃક છે એમ શ્વેતાંબરો સામાન્યતયા કહે છે. એ ભદ્રબાહુ શ્રીમાન વર્ધમાન પછી પાંચમી કે છઠ્ઠી પેઢીએ આવે છે તે છે એમ આત્મારામજી (વિજયાનંદસૂરી) કહે છે.[૧] અમુક વિદ્વાનો આ મંતવ્યનો સ્વીકાર કરતા નથી અને કહે છે કે નિર્યુક્તિકાર ભદ્રબાહુ વરાહમિહિરના ભાઇ જે ભદ્રબાહુ થઇ ગયા તે છે અને તેમનો કાર્યકાળ ચોથી કે પાંચમી શતાબ્દીનો છે.[૨]

(૨) સિદ્ધસેન દિવાકરની પણ સમય વિષયક અનિશ્ચિતતાનો અંત આવ્યો નથી. તેમની મનાતી કૃતિ, "કલ્યાણ મંદિર સ્તોત્ર" ની

---

૧. "જૈનતત્ત્વાદર્શ."

૨. જુઓ સતીશચન્દ્ર વિદ્યાભૂષણ અને ગોપાળદાસ જીવાભાઇની નોંધ.

ટીકામાં તેનો ટીકાકાર સિદ્ધસેન દિવાકરે પોતાના પ્રભાવથી વિક્રમ રાજાને જૈનધર્માનુયાયી કર્યો હતો એમ કહે છે. એ ટીકામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે દિવાકરે રાજસત્તામાં જઇને વિક્રમરાજાની અવર્ણનીય સ્તુતિ કરી હતી અને તે રાજાએ તેથી પ્રસન્ન થઇ પોતાનું સર્વસ્વ આપી દીધું હતું.[1] જ્યારે પ્રભાવકચરિત્રકાર તથા અન્ય વિદ્વાનો પણ એ જ દિવાકરને વિક્રમીય ચોથી કે પાંચમી શતાબ્દિમાં મૂકે છે; છેવટે ચોથી, પાંચમી સદી પછી તો નહિ જ.[2] આવી રીતે આ બાબતમાં પણ સંદિગ્ધતા છે પરંતુ એ તો સ્પષ્ટ જ થયું કે વિક્રમના વખતમાં શિવલિંગમાંથી પાર્શ્વનાથની મૂર્તિનો ઉદ્ભવ કર્યો તે તો અસત્ય વસ્તુ છે. જૈન મૂર્તિના પુરસ્કર્તાઓ માટે આ ઘટના ગ્લાનિપ્રદ નિવડશે કારણ કે મૂર્તિ ઉત્પન્ન કર્યાની હકીકત ગલત સિદ્ધ થાય છે.

(૩) યાકિનીસૂનુ હરિભદ્રસૂરિના સમય સંબંધે પણ એવી જ અરાજકતા પ્રવર્તે છે. યાકિની નામની એક મહત્તરા (સાધ્વી) હતી. હરિભદ્રસૂરિ જન્મથી બ્રાહ્મણ હતા. પરંતુ તેમને પોતાના જ્ઞાનનું એટલુ બધું અભિમાન હતું કે તેમણે જાહેર કર્યું હતું કે તેઓ જેનનું બોલેલું નહિ સમજી શકે તેમના તેઓ શિષ્ય થશે. એકદા એવું બન્યું કે તે યાકિની મહત્તરા 'चक्किदुगं हरिपणगं" વાળી ગાથા બોલી રહ્યા હતા. જ્યારે ઉક્ત હરિભદ્ર રસ્તા ઉપરથી પસાર થઇ રહ્યા હતા ત્યારે તેમણે તે ગાથા સાંભળી અને એ ગાથા પ્રાકૃતમાં હોવાથી તેમજ પારિભાષિક અર્થથી ગંભીર હોવાથી તે તે ગાથાના રહસ્યને પામી ન શકયા. પછી તેઓ તે મહત્તરા પાસે ગયા જે તેમને એક સાધુ પાસે લઇ ગઈ અને અંતે હરિભદ્રે જૈન ધર્મની દીક્ષાનો અંગીકાર કર્યો. ત્યારથી પોતાની ઘોષણા મુજબ તેઓ પોતાને યાકિની મહત્તરા સૂનુ તરીકે ઓળખાવવા લાગ્યા.[3] તેમણે

---

૧. " કલ્યાણ મંદિર સ્તોત્ર ટીકા " ૨. "પ્રભાવકચરિત્ર."
૩. "પ્રબંધ ચિંતામણિ," હરિભદ્ર પ્રબંધ.

"સમરાઇચ્ચકહા" આદિ અનેક ગ્રંથો લખ્યા છે. તેમના સમય વિષે હર્માન યાકોબી અને અન્ય સંશોધકો વચ્ચે મતભેદ હતો.[1] પરંતુ આચાર્ય જિનવિજયજીના લેખે એ મતભેદ સદંતર ટાળ્યો છે અને હરિભદ્રસૂરિનો સમય નિયત કર્યો છે.[2] હર્માન યાકોબી જેવાએ પણ એમનો અભિપ્રાય મંજૂર રાખ્યો છે. કહેવાનો આશય એમ છે કે આમ એમના સમય સંબંધે પણ અનેક મતો પ્રચલિત હતા.

(૪) "પંચાસ્તિકાય," "પ્રવચનસાર," "નિયમસાર," "સમયસાર," વગેરે ગ્રંથોના કર્ત્તા કુંદકુંદાચાર્ય દિગંબર સંપ્રદાયમાં અને "તત્ત્વાર્થસૂત્ર"ના કર્તા ઉમાસ્વાતિ (ઉમાસ્વામી પણ કેટલાક કહે છે) શ્વેતાંબર સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. તે બન્નેના સાચા સમય સંબંધે અનેક મત–મતાંતરો ચાલી રહ્યા છે. સંશોધકો ફાવે ત્યાં તેમને મુકે છે. સત્ય શું છે તે નિશ્ચયાત્મક રીતે કોઈ કહી શકયું નથી. કુંદકુંદાચાર્ય દિગંબર હતા એ સંબંધે હવે મતભેદને અવકાશ રહ્યો નથી. ઉમાસ્વાતિના દિગંબરપણા કે શ્વેતાંબરપણા વિષે વિવાદ ચાલુ છે. "સમયસાર"ના પ્રકાશને[3] આચાર્ય કુંદકુંદને વિક્રમના ૪૯ વર્ષમાં મુકયા છે. સતીશચંદ્ર વિદ્યાભૂષણ પછીના સમયમાં અર્થાત્ વિક્રમની કેટલીક શતાબ્દિ પછી મુકે છે. "ષટ્ખંડાગમ" ની પ્રસ્તાવનામાં પ્રો. હિરાલાલ જૈન તેમના સમયના સંબંધમાં અનેક અભિપ્રાયો ટાંકે છે અને વિક્રમની બીજી શતાબ્દિથી માંડી છઠ્ઠી શતાબ્દિ સુધીના ગાળામાં મુકે છે.[4] આટલો મોટો સમયનો ગાળો શું બતાવે છે? કેટલાક અન્વેષકો એમને સમર્થ વિદ્વાન માને છે જ્યારે કેટલાકને

૧. "સમરાઇચ્ચકહા", હર્માન યાકોબી સંપાદિત, પ્રસ્તાવના.

૨. આચાર્ય જિનવિજયજીનો "હરિભદ્રસૂરિકા સમય નિર્ણય" શીર્ષક લેખ.

૩. જુઓ સોનગઢથી પ્રકાશિત "સમયસાર."

૪. "ષટ્ખંડાગમ", પ્રસ્તાવના.

અભિપ્રાયે તેઓ ખાસ ગણતરીમાં આવી શકે તેવા વિદ્વાન નો'તા.[1] એમના સમય વિષે ઘણો મતભેદ પ્રવર્તે છે અને કોઈ સ્થિર અનુમાન હજુ દોરી શકયા નથી.[2] ઉમાસ્વાતિને શ્વેતાંબરો ઉમાસ્વાતિ કહે છે અને દિગંબરો ઉમાસ્વામી અને ઉમાસ્વાતિ બન્ને કહે છે શ્વેતાંબરો તેમને પોતાના સંપ્રદાયના અને દિગંબરો તેમને પોતાના સંપ્રદાયના માને છે. બન્ને બાજુએ ઘણા પુરાવાઓ છે. કારણ કે એમના "તત્ત્વાર્થસૂત્ર" ઉપર શ્વેતાંબરોએ તથા દિગંબરોએ–બન્નેએ–ટીકાઓ લખી છે. પં. સુખલાલજીએ "તત્ત્વાર્થસૂત્ર" ઉપરના પોતાના વિવેચનમાં તેમનો પરિચય આપ્યો હોવાની સાથે સાથે તેમને શ્વેતાંબર દલના, અને નહિ કે દિગંબર દલના, પુરવાર કર્યા છે.[3] "તત્ત્વાર્થસૂત્ર"ની પાછળ ગ્રંથકારની પ્રશસ્તિ છે જેમાં પોતાના માતા-પિતા, ગોત્ર, દીક્ષાગુરુ, અને શિક્ષા ગુરુ, ઇત્યાદિ, ઇત્યાદિ બાબતો વિષે ગ્રંથકારે સ્પષ્ટ ખુલાસો કર્યો છે પરંતુ પુસ્તક નિર્માણ સમય વિષે ગ્રંથકારે તદ્દન મૌન સેવ્યું છે. દિગંબરો એમને કુંદકુંદાન્વયજ તરીકે ગણાવે છે પરંતુ કુંદકુંદાચાર્ય તો દક્ષિણમાં થયેલા છે અને ઉમાસ્વાતિ બિહારમાં થયેલા છે એ દલીલને આધારે પં. સુખલાલજી દિગંબરોની એ માન્યતાને વજૂદ વિનાની સિદ્ધ કરે છે.[4]

ઉમાસ્વાતિનું "તત્ત્વાર્થ" ઉભયમાન્ય છે; અને બન્ને એમને પોતાના સંપ્રદાયના માને છે. પ્રો. હિરાલાલ જૈન એમના સંબંધમાં અધોલિખિત નોંધ આપે છેઃ–[5]

---

૧. પંડિત નાથુરામ પ્રેમીનો પત્ર.

૨. જુઓ "અનેકાંત" માસિકમાં જુગલ કિશોર મુખ્તારના અને "જૈનહિતૈષી"માં નાથુરામ પ્રેમીના લખાણો.

૩. "તત્ત્વાર્થ સૂત્ર" પં. સુખલાલજી સંપાદિત, પ્રસ્તાવના.

૪. એજન.

૫. "ષટ્ખંડાગમ," બીજું પુસ્તક, પ્રસ્તાવના.

ગૌતમાદિ
(ઉનકી સંતાનમેં)
|
ભદ્રબાહુ
|
ચંદ્રગુપ્ત
(ઉનકે અન્વયમેં)
પદ્મનંદિ–કુંદકુંદ
(ઉનકે અન્વયમેં)
ઉમાસ્વાતિ ગૃધ્રપિચ્છ
|
બલાક પિચ્છ
(ઉનકી પરંપરામેં)
સમંત ભદ્ર
(ઉનકે પશ્ચાત્)
દેવનંદિ જિનેંદ્રબુદ્ધિ પૂજ્યપાદ
(ઉનકે પશ્ચાત્)
અકલંક
ઉનકે પશ્ચાત્ મૂલસંઘ નંદિગણ કે દેશીગણમેં
ગોલ્લાચાર્ય

પ્રો. હીરાલાલ જૈન કહે છે કે આ બધી નોંધો શ્રવણ બેલ્ગોલના અનેક શિલાલેખોમાં કોતરેલી મલી આવે છે. આ નોંધ ઉપરથી સમજાશે કે દિગંબરો ઉમાસ્વાતિને કુંદકુંદના વંશજ માને છે જ્યારે પં. સુખલાલજી એમને શ્વેતાંબર સંપ્રદાયના સિદ્ધ કરે છે એટલુંજ નહિ પરંતુ તેમનું ગોત્ર પણ "કલ્પસૂત્ર" અને "નંદી સૂત્ર" ઉપરથી સિદ્ધ કરી બતાવે છે. ઉચ્ચૈર્નાગર શાખા શાંતિ શ્રેણિક આર્યથી નિકલી છે અને "કલ્પસૂત્ર" પ્રમાણે તેમાં આર્ય સુહસ્તિ, સુસ્થિત, અને સુપ્રતિબદ્ધ એમ શિષ્ય–પ્રશિષ્યોની પરંપરા ચાલે છે. [૧] એટલે એ નામ અને એવી શાખા દિગંબર પરંપરામાં છે

૧. "તત્ત્વાર્થ", પં. સુખલાલજી સંપાદિત, પરિચય, પૃ. ૮.

નહિ. દીક્ષાગુરુ, શિક્ષાગુરુ, માતા-પિતા વગેરેના સંબંધમાં પાછળના પ્રશસ્તિગત શ્લોકો પ્રમાણે તેમનું મંતવ્ય છે. પરંતુ "તત્ત્વાર્થ" ક્યારે લખાયું તે વસ્તુ પ્રશસ્તિમાં જણાવી નથી. પરંતુ તેમના સમય નિર્માણ વિષે પં. સુખલાલજીએ સારો શ્રમ લીધો છે અને "તત્ત્વાર્થ સૂત્ર" ઉપર ઉપલબ્ધ પ્રાચીનમાં પ્રાચીન ટીકા દિગંબરીય "સર્વાર્થ સિદ્ધિ" છે અને સર્વાર્થસિદ્ધિકાર પૂજ્યપાદ (દેવનંદિ) વિદ્વાનોના કથનાનુસાર વિક્રમીય પાંચમી-છઠ્ઠી શતાબ્દિમાં થઇ ગયા છે એ દલીલનો આશ્રય લઇ સૂત્રકાર ઉમાસ્વાતિ મોડામાં મોડા વિક્રમીય પાંચમી-છઠ્ઠી શતાબ્દિ પહેલા થયા હોય એવું પુરવાર કર્યું છે.

આ બધી વિચારણાનું તાત્પર્ય એ છે કે તે તે વ્યક્તિની કૃતિ અને વસ્તુ ઉપર વિદ્વાનો પ્રીત્ત થાય છે. તેના સમયને શોધવા પ્રયત્ન કરે છે પરંતુ ચોક્કસ કહી શકતા નથી. એમ જ દિગંબરમાં કુંદકુંદાચાર્ય થયા છે તેમના વિષે પણ વિદ્વાનો ઉહાપોહ કરે છે; પરંતુ નિર્ણય લાવી શકતા નથી. કોઇ વિદ્વાન તેમને વિક્રમની પ્રથમ શતાબ્દિમાં મુકે છે તો કોઇ વળી તેથી આગળ એટલે કે પછીની સદીમાં મુકે છે. પ્રો. હીરાલાલ જૈને અનેક શ્વેતાંબર તથા દિગંબર પટ્ટાવલીઓનો આધાર લઈ કુંદકુંદાચાર્ય અંગે નોંધ આપી છે.[૧] તત્સંબંધે ખૂબ જ વિચાર વિમર્શ કર્યો છે પરંતુ સમયનો નિશ્ચય તેઓ કરી શકયા નથી. મુનિ કલ્યાણ વિજય અને ઇતર કેટલાક વિદ્વાનો કુંદકુંદાચાર્યને વિક્રમની છઠ્ઠી શતાબ્દિમાં મુકે છે.[૨] ત્યારે ઉકત પ્રોફેસર જૈન એટલે બધે દૂર લઇ જવાનો ઇનકાર કરે છે. પ્રોફેસર જૈન "નિયમસાર"ની સત્તરમી ગાથાને[૩] "લોક વિભાગ" નામના ગ્રંથનો ઉલ્લેખ આપી તેમને વિક્રમની આરંભની સદીઓમાં મુકવા પ્રયત્ન કરે છે. અર્થાત્ કુંદકુંદને છઠ્ઠી

---

૧. "ષટ્ખંડાગમ"ની પ્રસ્તાવના તથા "કષાયપ્રાભૃત"ની પ્રસ્તાવના.

૨. "શ્રમણ ભગવાન મહાવીર."

૩. "નિયમસાર."

શતાબ્દિમાં થઇ ગયેલા યતિવૃષભની પહેલા મુકે છે.

આ કુંદકુંદાચાર્યે "પ્રવચનસાર", "નિયમસાર", અને "પંચાસ્તિકાય" વગેરે ગ્રંથો બનાવ્યા છે. ઉપરાંત, "સમયસાર" પુસ્તક પણ તેમણે રચ્યું છે. આ પુસ્તક ઉપરથી કેટલાક તેમને એક સમર્થ પુરુષ અને મહર્ષિ તરીકે ગણવા લલચાય છે. તો વળી કેટલાક "સમયસાર" પુસ્તક ઉપરથી એવા અનુમાન ઉપર આવે છે કે તેમના વિચારમાં પરિવર્તન થયું છે. એ પુસ્તકમાં કેટલેક સ્થળે પોતે પોતાની ગાથામાં સંક્ષોભ અનુભવે છે અને તેથી તેઓ સ્પષ્ટપણે એમ કહે છે કે રખે તમે એવું માનતા કે આ સાંખ્ય દર્શનના વિચારો છે.[1] આ "સમયસાર"માં નવ તત્વો ઉપર ચર્ચા છે. નિશ્ચય-વ્યવહાર, શુદ્ધ-અશુદ્ધ નય, જ્ઞાની અને અજ્ઞાની-એવી એવી બાબતોને અનુલક્ષી પોતાના મંતવ્યો તે ઉપર દર્શાવ્યા છે. આગમો ઉપર શ્રદ્ધા રાખનારાઓ એ મંતવ્યો સ્વીકારશે કે નહિ એ બાબતને ધ્યાનમાં રાખ્યા વિના તેઓ પોતાના વિચારો સ્વતંત્રપણે તેમાં રજુ કરે છે. એ "સમયસાર"ના કેટલાક પ્રકાશકો, એવા વિચારો ગમે તેટલા ઉચ્ચ હોય છતાં સમાજને પચાવવા સરલ થશે કે કેમ તે વિષે, શંકા સેવે છે અને તેઓ શ્રદ્ધાપૂર્વક માને છે કે આગમવાચનથી પાઠકને જે રસ આવશે તે રસ "સમયસાર"ના વાચનથી નહિ આવે. આ સંબંધે પં. સુખલાલજી ઉપરના પોતાના પત્રમાં તથા "જૈન હિતૈષી" માસિકમાં દિગંબર પંડિત નાથુરામ પ્રેમી જણાવે છે "મેરી સમજમેં કુંદકુંદ એક ખાસ આમ્નાય યા સંપ્રદાય કે પ્રવર્તક થા. ઇન્હોંને જૈનધર્મકો વેદાંતકે ઢાંચેમેં ઢાલા થા. જાન પડતા હૈ કિ જિનસેન આદિકે સમય તક ઉનકા મત સર્વમાન્ય નહિ હુઆ ઔર ઇસી લિએ ઉનકે પ્રતિ ઉન્હેં કોઇ આદરભાવ ન થા."

ઉપરના પેરેગ્રાફથી એ સ્પષ્ટ થાય છે કે પં. નાથુરામ પ્રેમીની માન્યતાનુસાર "સમયસાર"ના વિચારો સાંખ્ય અને વેદાંત તરફ ઢળ-

---

૧. જુઓ "સમયસાર"ની ખાસ કરીને ૧૧૭મી તથા ૧૨૨મી ગાથાઓ.

નારા છે. મુનિપણાનું પાલન, "સમયસાર"ને મતે વ્યવહાર છે અને અશુદ્ધ નય છે. આજે ઘણા લોકો "સમયસાર" તરફ આદર ભાવથી જુએ છે અને એનું વાચન ખૂબ જ ભક્તિભાવથી કરે છે. પરંતુ એ વાચન બાદ તેઓ વ્યવહાર માર્ગથી અથવા સામાન્ય ત્યાગ અને ચારિત્ર્યના પંથથી દૂર હડસેલાતા જાય છે. તેઓનું એમ કહેવું થાય છે કે આ બધી પ્રવૃત્તિ અશુદ્ધ નયનો હેતુ છે અને પુણ્યબંધનું કારણ છે. આગમ ગ્રંથોનાં વાચનથી લોકો ઊર્ધ્વગામી બને છે જ્યારે આ અને આના જેવા ગ્રંથોના વાચનથી તેઓ અધોગામી બની રહ્યા છે. પરમ-શ્રુત પ્રભાવક મંડળ તરફથી પ્રસિદ્ધ થયેલ "સમયસાર"ના હિંદી ભાષા-કાર પ્રસ્તાવનામાં જણાવે છે કે આ "સમયસાર"ની વચનિકા સ્વાભાવિક ઉપર શ્રેણીમાં લઈ જવા માટે છે પરંતુ નીચે જવા માટે નથી. તથાપિ લોકો જ્યારે વાંચશે ત્યારે આ ચારિત્ર્ય વ્યવહારરૂપ માનશે અને નિષ્પ્રયોજન જોશે. એટલે આ "સમયસાર" થી સમાજને લાભ કરતાં હાનિ વધારે થશે એમ લાગે છે. પ્રો. જૈન ઉમાસ્વાતિને કુંદકુંદના વંશમાં થયેલ માને છે પરંતુ બન્ને ક્યારે થયા એ નિર્ણયાત્મક રીતે કહી શકતા નથી. બન્નેએ લખેલ ગ્રંથોના સંબંધમાં મતભેદ નથી. કુંદકુંદ મૂલ સંઘના અગ્રણી હતા. ઉમાસ્વાતિ ઉચ્ચ નાગર શાખાના હતા. કુંદકુંદ દક્ષિણ વિહારી હતા. ઉમાસ્વાતિ બિહારમાં ચંક્રમણ કરતા હતા. આ રીતે ઉમાસ્વાતિ કોઈપણ હિસાબે કુંદકુંદના વંશજ નો'તા. પટ્ટાવલીઓ ઉપરથી પ્રો. જૈને ઘણી નોંધ કરી છે પરંતુ નામ મળે છે તો સમય મળતો આવતો નથી. સમયનો મેળ મળે છે ત્યારે નામો જૂદા પડે છે. આ સંબંધમાં મુનિ કલ્યાણ-વિજયે અનેક ત્રુટિઓ બનાવી છે.[૧]

દિગંબરો બારેય અંગોનો લોપ માને છે. જે કાંઈ બચ્યું તે તેમના આદરપાત્ર "ષટ્ખંડાગમ", "કસાય પાહુડ", અને "મહાબંધ"

૧. "વીર સંવત્ અને કાલ ગણના."

વગેરે પુસ્તકોમાં સમાવિષ્ટ છે એમ તેઓ માને છે. આ પુસ્તકો તેમને માટે આગમના સમકક્ષ છે. ઇ. સ. ના નવમા સૈકામાં વીરસેન નામના આચાર્યે "ષટ્ખંડાગમ" અને "કસાય પાહુડ" ઉપર "ધવલા" અને "જય ધવલા" નામની ટીકાઓ લખી છે. "ષટ્ખંડાગમ" પુષ્પદંત અને ભુતબલિ નામના આચાર્યોએ રચ્યું છે અને "કસાય પાહુડ" આગમ ગુણધર આચાર્યે લખ્યું છે. યતિવૃષભ નામક આચાર્યે "કસાય પાહુડ" ઉપર, આચાર્ય વીરસેને "જયધવલા" ટીકા લખી તે પહેલાં, ચૂર્ણી લખી હતી. "કસાય પાહુડ"ના પૂર્ણ અભ્યાસી આર્ય મંગુ અને નાગ હસ્તી આચાર્યના પગ પાસે આશ્રય કરી એ ચૂર્ણી એમણે લખી હતી.

વીરસેનાચાર્યના કથનાનુસાર આચાર્ય ગુણધરકૃત "કસાય પાહુડ" નો રચના સમય વીરનિર્વાણ પછી છસો અને ત્યાસીનો છે. પરંતુ નંદીસંઘની પ્રાકૃત પટ્ટાવલી તથા શ્વેતાંબર વંશાવલીની આચાર્ય અનુક્રમણિકા તપાસતાં એમાં ઘણી અસ્પષ્ટતા માલુમ પડે છે. ઇ. સ. ની બીજી કે ત્રીજી શતાબ્દિમાં "કસાય પાહુડ" લખાયું હોય. યતિવૃષભ છઠ્ઠા સૈકામાં વિદ્યમાન હતા એમ પ્રાયઃ લાગે છે. "જયધવલા" વૃત્તિના અંતિમ શ્લોક પ્રમાણે એની રચના આઠસો અને ચોરાણુમાં નિશ્ચિત છે. અર્થાત્ તે વખતે શક સંવત્ સાતસો અને ઓગણસાઠ ચાલતો હતો.

"કસાયપાહુડ" ઉપરની પોતાની "જયધવલા" ટીકાનો તૃતીય ભાગ લખી રહ્યા હતા એ દરમ્યાનજ વીરસેન આચાર્ય દેહત્યાગ કરે છે. અને બે ભાગ જેટલી તે અવશિષ્ટ ટીકા તેમના જિનસેન નામના શિષ્ય પૂર્ણ કરે છે. આ જિનસેન ઘણા સમર્થ વિદ્વાન હતા. તે વખતનો રાષ્ટ્રકૂટ વંશીય અમોઘવર્ષ રાજા પણ તેમનો શિષ્ય હતો.

કહેવાનો આશય અહિંયા એ પ્રસ્તુત છે કે આગમિક ત્રણ પુસ્તકો અને તેના ટીકાકારનો સમય ઉપર્યુક્ત નોંધ ઉપરથી સ્પષ્ટ રીતે અવગત થાય છે જ્યારે કુંદકુંદાચાર્યની કોઈ તારીખ હજુ સુધી સમ્યક્ નિર્ણીત થતી નથી. ગમે તે સમય ગવેષકો એમનો સ્થિર કરે

તોપણ એ અંતિમ નિર્ણય તરીકે સ્વીકારાવાની ભૂમિકાએ પહોંચી શકતો નથી. આ આગમિક "ષટ્ખંડાગમ"નો સમય વિક્રમીય તૃતીય શતાબ્દિનો નિશ્ચિત છે. તો પછી કુંદકુંદાચાર્યનો વિ. સ. ઓગણ-પચાસનો સમય સ્વીકાર્ય કેવી રીતે થઈ શકે? પ્રો. હીરાલાલ જૈન અને અન્ય વિવેચકોનું એમ માનવું અને કહેવું છે કે "ષટ્ખંડાગમ" ઉપર આચાર્ય કુંદકુંદે જરૂર કાંઇક લખ્યું હતું પરંતુ તે પ્રાપ્ય નથી. અને એમણે કાંઇ ન લખ્યું હોય એ શું શક્ય છે? અર્થાત્ આચાર્ય કુંદકુંદ વિ. સં. ઓગણપચાસ પછી અને તેમાંય પણ ઘણા મોડા થયા હોય એજ ઘડ વધારે બંધબેસતી લાગે છે. મુનિ કલ્યાણ વિજય એમનો જીવનકાળ વિક્રમીય પાંચમી કે છઠ્ઠી શતાબ્દિનો માને છે.[1] અન્ય વિદ્વાનો પણ લગભગ આવાજ અભિપ્રાયના છે. ગમે તેમ હો પણ એમનો સમય હજુ પણ વિચારાધીન છે. "કસાય પાહુડ"ની પ્રસ્તાવનામાં[2] નિમ્નોક્ત કોષ્ઠક આપેલ છે:—

| | | |
|---|---|---|
| ૧ | કુંદકુંદાચાર્ય | ૫૧૫–૫૧૯ |
| ૨ | અહિબલ્લાચાર્ય | ૫૨૦–૫૬૫ |
| ૩ | માઘનંદ્યાચાર્ય | ૫૬૬–૫૯૩ |
| ૪ | ધરસેનાચાર્ય | ૫૯૪–૬૧૪ |
| ૫ | પુષ્પદંતાચાર્ય | ૬૧૫–૬૩૩ |
| ૬ | ભૂતબલ્યાચાર્ય | ૬૩૪–૬૬૩ |
| ૭ | લોહાચાર્ય | ૬૬૪–૬૮૭ |

પરંતુ આ વર્ષો વીર નિર્વાણના છે કે વિક્રમ સંવતના કે શક સંવતના તે વિષે અનેક તર્ક, વિતર્કો તે સ્થળે કરવામાં આવ્યા છે.

આ બધા વિવેચન ઉપરથી વાંચકોને એ સ્પષ્ટ થયું હશે કે ભદ્રબાહુ, સિદ્ધસેન દિવાકર, યાકિની મહત્તરા સૂનુ હરિભદ્ર, વાચક ઉમાસ્વાતિ અને કુંદકુંદના સમય વિષે ઓછે વત્તે અંશે અનિશ્ચિતતાનું વાતાવરણ પ્રવર્તે છે.

---

૧. "વીર સંવત અને કાલગણના." ૨. પૃષ્ઠ. ૬૦.

## પાંચમું પ્રકરણ

### "ષટ્ખંડાગમ" માં સ્ત્રી મુક્તિ અને કેવલીભુક્તિ.

દિગંબરો કહે છે કે અગિયારે અંગો લુપ્ત થઇ ગયા છે. તો એમને સૌને એ પ્રશ્ન પુછવાનું મન થઈ આવે છે કે એ અંગો તેમણે સાચવી કેમ ન રાખ્યા ? શ્રુત ભક્તિ, બુદ્ધિ, અને અપ્રમાદમાં તેઓ શ્વેતાંબરો કરતાં કોઈ રીતે ઉતરે તેવા તો નથી જ. પૂર્વનો જે એક ભાગ છે તે "ષટ્ખંડાગમ" ને તેઓ સાચવી રાખી શકયા; તો પછી અગિયાર અંગોને કેમ ન સાચવી રાખી શકયા ? શ્વેતાંબર-સંમત અગિયાર અંગોમાં સ્થળે સ્થળે સ્ત્રીઓ મોક્ષે સ્ત્રીને ભવેજ જઇ શકે છે તથા કેવલજ્ઞાનીઓ આહાર કરે છે એમ જણાવ્યું છે. એથીજ એ અંગો દિગંબરોને માન્ય થઇ શકતા નથી. વળી એ અંગોમાં વસ્ત્રનો સ્વીકાર છે પરંતુ વિરોધ નથી. આ કારણોને લઇ દિગંબરો એ અગિયાર અંગોને સ્વીકારતા નથી.

તેમનો આ વિરોધ કૃત્રિમ અને અર્વાચીન છે. સમાજમાં એ વિરોધે તડ ઉત્પન્ન કર્યો છે. શ્વેતાંબરોના સિદ્ધાંતો બનાવટી છે એવો જે આક્ષેપ દિગંબરો તરફથી કરવામાં આવ્યો છે તે "ષટ્-ખંડાગમ" ના પ્રકાશનથી નિરાધાર સિદ્ધ થાય છે. અચેલકત્વ, સ્ત્રી મુકિતનિષેધ, અને કેવલી અભુકિત સંબંધેનો રદીયો દિગંબરોનાજ સિદ્ધાંત દ્વારા અમે નીચે પ્રમાણે આપીએ છીએ.

"ષટ્ખંડાગમ" ના સંપાદક પ્રો. હીરાલાલ જૈને અમુક બાબતો જ્યારે પ્રકાશમાં મુકી ત્યારે અમુક દિગંબરીય વિદ્વાન વર્ગ એમની સામે ટૂટી પડયો હતો. તે વિદ્વાનોએ એવી દલીલ કરી કે વસ્ત્ર પરિધાન, સ્ત્રી મુકિત, અને કેવલી ભુકિતના સિદ્ધાંતોનો સ્વીકાર કરવાં જતાં દિગંબર શ્વેતાંબર વચ્ચેના અભેદનો પણ સાથે સાથે સ્વીકાર થઈ જશે.[1] આ ઉપરથી એ તો સ્પષ્ટ થઇ જાય છે કે

---

૧ "જૈનસિદ્ધાંત", પ્રથમ અંશ.

બન્ને વચ્ચેના ભેદને દિગંબરોએ ઉપર્યુક્ત મોટી, મોટી ત્રણ માન્યતા દ્વારા જન્માવ્યો છે અને અત્યારે પણ એ રીતે જ તેઓ તેને પોષી રહ્યા છે. પ્રો. હીરાલાલ જૈનનો હેતુ બન્ને ફિરકા વચ્ચેનું અંતર કાંઇક અંશે એ રીતે ટુંકાવવાનો હશે. ઉપર્યુક્ત "જૈન સિદ્ધાંત" ના એક અંશમાં મુનિ કુંથુસાગરજીનો પણ મેળ વગરનો એક લેખ હતો.

"ષટ્ખંડાગમ" માં જીવ સ્થાનકને આશ્રી અનેક દ્વારો ચર્ચ્યાં છે, જેવા કે ગતિ, ઇંદ્રિય, લેશ્યા, વેદ, યોગ, કષાય, દર્શન, દૃષ્ટિ, પર્યાપ્તિ અને આહાર વગેરે વગેરે. પ્રસ્તુત વિષયનો સંબંધ વેદ અને આહાર સાથે છે તેથી અહિં તેની વિચારણા કરીએ છીએ.

"ષટ્ખંડાગમ" ના પહેલા પુસ્તકમાં વસ્તુ સ્પષ્ટ નથી; પરંતુ બીજા, ત્રીજા, અને ચોથા, તથા પાંચમા ભાગમાં કાંઇક વિસ્તાર છે. જે સ્થળોએથી આપણે માહીતી એકઠી કરી છે તે સ્થળો પુસ્તક બીજાના પૃ. ૬૮૧, ૬૮૨, ૬૮૩ ઉપર આવેલા છે. સ્ત્રી પાંચમે જીવસ્થાનકે હોય છે; પરંતુ છઠ્ઠે જીવસ્થાનકે નથી. સરખાવો:– "સ્ત્રીવેદી પ્રમત્ત-સંયત જીવોંકે આલાપ કરને પર એક પ્રમત ગુણસ્થાનક એકસંજ્ઞી પર્યાપ્ત જીવસમાસ...દો પર્યાપ્તિયા" વગેરે વગેરે. જુઓ નકશો નં. ૩૦૭. તેમજ "સ્ત્રીવેદી અપ્રમત્ત સંયત જીવોકે આલાપ કરને પર એક અપ્રમત્ત સંયત ગુણસ્થાનક"...વગેરે વગેરે. જુઓ નકશો (કોષ્ઠક) નં. ૩૦૮. એજ પ્રમાણે "સ્ત્રીવેદી અપૂર્વ કરણ અનિવૃત્તિ કરણમેં જાય છે." તે માંટે જુઓ નં ૩૦૯ અને ૩૨૦ નકશા.

### પુસ્તક બીજું–આહાર વિષે

ક્ષીણ કષાયી જીવો આહાર કરે છે પરંતુ દિગંબરો કહે છે કે કેવલ જ્ઞાન થયા પછી તેઓ આહાર કરતા નથી. જુઓ પૃ. ૮૫૦.

"આહારક સંયોગી કેવલી જીનકે આલાપ કરને પર એક સંયોગી કેવલી ગુણસ્થાનક...વગેરે વગેરે."

પુસ્તક ત્રીજું, પૃષ્ઠ ૪૧૫.

"સાસાદન સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનસે લેકર સંયતાસંયત ગુણસ્થાનક પ્રત્યેક ગુણસ્થાનમેં સ્ત્રીવેદી જીવ ઓઘ પ્રરૂપણા કે સમાન પલ્યોપમ કે અસંખ્યાતમેં ભાગ હૈં" ૧૨૫ (સૂત્ર).

"પ્રમત્ત સંયત ગુણસ્થાનસે લેકર અનિવૃત્તિ બાદર સંપરાય પ્રવિષ્ટ ઉપશામક ઔર ક્ષપક ગુણસ્થાનક તક જીવ દ્રવ્યપ્રમાણકી અપેક્ષા કિતને હૈં? સંખ્યાત હૈં" ૧૨૬ (સૂત્ર). "પ્રમત સંયત આદિ ગુણસ્થાનક સંબંધા ઓઘરાશિકો સંખ્યાતસે ખંડિત કરને પર એક ખંડ પ્રમાણ સ્ત્રીવેદી પ્રમત્તસંયત આદિ ગુણસ્થાનક વર્ત્તી જીવ હોતે હૈં. સ્ત્રીવેદી ઉપશામક દસ ઔર ક્ષપક વીસ હૈં."

આહાર માર્ગણા, પુસ્તક તેજ, પૃ. ૪૮૩–૪૮૪.

"આહાર માર્ગણા કે અનુવાદસે આહારકોમેં મિથ્યાદષ્ટિ ગુણસ્થાનસે લેકર સયોગી કેવલી ગુણસ્થાનક તક પ્રત્યેક ગુણસ્થાનમેં જીવ ઓઘપ્રરૂપણાકે સમાન હૈં."

પુસ્તક ચોથું, પૃષ્ઠ. ૪૩૬.

આ જગ્યાએ હકીકત એ છે કે સ્ત્રીવેદી જીવ તે તે ગુણસ્થાનમાં કેટલો સમય રહે છે તો તેનો ખુલાસો કરતાં મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક (જીવસ્થાનક) માં કાલ કહ્યો છે તે કહેતાં સ્ત્રીવેદી સાતમા, આઠમા વગેરેમાં કેટલો રહે એ પ્રશ્ન કરે છે તો ઉત્તર નીચે આપે છે.

"સંયતાસંયત ગુણસ્થાનસે લેકર અનિવૃત્તિકરણ ગુણસ્થાનક સ્ત્રીવેદી જીવોંકા કાલ ઓઘ કે સમાન હૈં."

આહાર વિષે, પુસ્તક તેજ, પૃ. ૪૮૭.

"સાસાદન સમ્યગ્દષ્ટિસે લેકર સયોગી કેવલિ ગુણસ્થાનક તકકે આહારકોંકા કાલ ઓઘ કે સમાન હૈં."

પુસ્તક પાંચમું, પૃ ૯૯–૧૦૦.

સ્ત્રીવેદી જીવ સંયમને પ્રાપ્ત કરી ત્યાંથી મોહકર્મના ઉદયે કરી

ખસી જાય છે અને પાછો ત્યાં આવે છે. તો તે જીવને અંતર પડે તો કેટલા કાળનું અંતર પડે એ સંબંધી આ જગ્યાએ હકીકત છે. કોઈ એમ કહે કે સ્ત્રીવેદી જીવ છઠ્ઠા, સાતમા, આઠમા વગેરે જીવસ્થાનકે જતો નથી તો આ "ષટ્ખંડાગમ" પુસ્તકકાર કહે છે "જૈસે મોહકર્મકી અટ્ઠાઈસ પ્રકૃતિયોંકી સત્તાવાલા કોઇ એક અન્યવેદી જીવ સ્ત્રીવેદી મનુષ્યોમેં ઉત્પન્ન હુઆ ઔર આઠ વર્ષકા હોકર સમ્યક્ત્વ ઔર સંયમકો એક સાથ પ્રાપ્ત હુઆ (૧) પશ્ચાત્ અનંતાનુબંધી કષાયકા વિસંયોજન કર, (૨) દર્શન મોહનીયકા ઉપશમ કર, (૩) અપ્રમત્ત સંયત, (૪) પ્રમત્ત સંયત, (૫) અપ્રમત્ત સંયત, (૬) અપૂર્વકરણ, (૭) અનિવૃત્તિ કરણ, (૮) સૂક્ષ્મ સંપરાય, (૯) ઔર ઉપશાંત કષાય હોકર પુનઃ પ્રતિનિવૃત્ત હો સૂક્ષ્મ સંપરાય, અનિવૃત્તિ કરણ ઔર અપૂર્વકરણ હો નીચે ગિરકર અંતરકો પ્રાપ્ત હુઆ ઔર સ્ત્રીવેદકી સ્થિતિ પ્રમાણ પરિભ્રમણ કર અંતમેં સંયમકો પ્રાપ્ત હો કૃતકૃત્ય વેદક હોકર અપૂર્વકરણ ઉપશામક હુઆ. ઇસ પ્રકાર અંતર લબ્ધ હુવા." "સ્ત્રીવેદી અપૂર્વકરણ ઔર અનિવૃત્તિકરણ ઇન દોનોં ક્ષપકોંકા અંતર કિતને કાલ હોતા હૈ? નાના જીવોંકી અપેક્ષા જઘન્યસે એક સમય અંતર હૈ (૧૯૦). સ્ત્રીવેદી અપૂર્વકરણ ઔર અનિવૃત્તિ કરણ ક્ષપકોંકા ઉત્કૃષ્ટ અંતર વર્ષ પૃથક્ત્વ હૈ (૧૯૧).

પુસ્તક પાંચમુ, પૃ. ૩૪૬–૩૪૭.

આહાર બાબતમાં જેમ ઉપરના પુસ્તકમાં હકીકત છે તેમ આ પુસ્તકમાં આહાર કરવા વિષે કહે છે. "આહાર માર્ગણા કે અનુવાદસે આહારકોંમેં અપૂર્વકરણ આદિ તીન ગુણ સ્થાનોમેં ઉપશામક જીવ પ્રવેશકી અપેક્ષા તુલ્ય ઔર અલ્પ હૈ". (પૃ. ૩૫૮). "આહારકોંમેં ઉપશાંત કષાય વીતરાગ છદ્મસ્થ જીવ પૂર્વોક્ત પ્રમાણ હૈં." (પૃ. ૩૫૯). "ઉપશાંત કષાય વીતરાગ છદ્મસ્થોંસે ક્ષપક જીવ સંખ્યાત ગુણિત હૈં." (પૃ. ૩૬૦). "ક્યોંકિ ઉનકા પ્રમાણ એક સો આઠ હૈ." આહારકોંમેં

સયોગી કેવલી જિન પ્રવેશકી અપેક્ષા પૂર્વોકત પ્રમાણ હી હૈં. (પૃ, ૩૬૨)
સયોગી કેવલી જિન સંયમ કાલકી અપેક્ષા સંખ્યાત ગુણિત હૈ ".

સ્ત્રીવેદના જીવસ્થાનક વિષે અને કેવલિ આહાર કરે છે એ વિષેના પુસ્તકના પ્રમાણો આપણે જોઇ ગયા. છઠ્ઠા જીવસ્થાનકે સ્ત્રી ઉપજતી નથી એમ દિગંબરોનો એક પક્ષ કહે છે જ્યારે ખાસ પ્રાચીન અને સૈદ્ધાંતિક ગણાતું એવું દિગંબરોનુ "ષટ્ખંડાગમ" નામક પુસ્તક બન્ને બાબતો પુકાર કરે છે. આ ઉપરથી આપણે શું સમજવું? કેવલી ભગવાન આહાર કરે છે એમ શ્વેતાંબરો કહે છે; કેવલી ભગવાને અંતરાય કર્મ તોડી નાખ્યું હોઈ ક્ષુધાનો પરિસહ સહન કરવાનો હોતો નથી તેથી તેઓને આહારની જરૂર નથી. પ્રો. હીરાલાલ જૈને તો દિગંબર જગતને સ્પષ્ટ સંભળાવી દીધું છે કે તેરમે જીવસ્થાનકે રહેલા કેવલીઓ આહાર કરે છે. હા; ચૌદમે જીવસ્થાનકે રહેલા અયોગી કેવલીઓ આહાર કરતા નથી. પુસ્તક એકદમ જેને લભ્ય ન હોય તેઓ માટે દરેક પુસ્તકના પુરાવા આગળ આપી દીધા છે. સુજ્ઞ લોકો એ પુસ્તકના બતાવેલા પૃષ્ઠ ઉપર મૂલ અને અર્થ જોઇ જશે તો તેમને ખુલાસો મળી રહેશે. પરંતુ જેઓ અભિનિવેશથી યુકત હશે તેઓ એમાંથી પોતાના અભિપ્રાયને સમર્થક અર્થ તારવી વાડાબંધી ઉભી કરશે. દ્રવ્ય અને ભાવની નૂતનદૃષ્ટિથી સ્ત્રીવેદ વિષયક વિધાન તેઓ કરે છે; તથા કેવલી આહારની જાતિની નવીન કલ્પનાથી કેવલી ભુક્તિ સંબંધે તેઓ કથન કરે છે. તેમનો આ પ્રપંચ ઉપર્યુક્ત પુસ્તકોમાં તેમણે જ્યાં ઉત્તરો આપવા કોશિષ કરી છે ત્યાં દૃષ્ટિગોચર થાય છે. પરંતુ "ષટ્ખંડાગમ"માં એવું કાંઈ જોવામાં આવતું નથી.

આથી એક વસ્તુ ફલિત થાય છે કે જે યુક્તિ, પ્રયુક્તિઓનું અવલંબન તેમણે એટલે કે દિગંબરોએ લીધું છે તે "ષટ્ખંડાગમ" પછીનું છે. સ્ત્રી ઉપરના જીવસ્થાનકે જતી નથી તે અને કેવલીભુક્તિનો નિષેધ, અન્યથા પુષ્પદંતે અને ભૂતબલિએ "ષટ્ખંડાગમ"માં સ્વીકાર્યો

હોત. "ભગવતી આરાધના" કે "મૂલારાધના"માં શિવાર્યે વસ્ત્રનો નિષેધ નિર્દિષ્ટ કર્યો છે. બરાબર તેમજ પુષ્પદંતે અને ભૂતબલિએ "ષટ્ખંડાગમ"માં સ્ત્રી ઉપરને જીવસ્થાનકે જતી નથી તેનો તથા કેવલીભુક્તિનો નિષેધ નિર્દિષ્ટ કર્યોજ હોત પરંતુ સ્ત્રી માટે ઉપરના જીવસ્થાનકે જતાં, ઉપશમ અને ક્ષપક-બન્ને માર્ગો-બતાવ્યા છે. સ્ત્રી વેદ નીચે ઉતરે છે એ વાત કરી છે અને સ્ત્રી વેદ ક્ષપક ભાવમાં જાય છે તે વાત પણ કરી છે.

હકીકત આમ હોવા છતાં દિગ્વાસીઓ આટલો બધો વિરોધ શા કારણે બતાવી રહ્યા છે તે સમજમાં ઉતરતું નથી. મનુષ્ય જીવનમાં અસૂયા અને વેરવૃત્તિ સ્વાભાવિક રીતે જ જડાયેલા છે એનું આ પ્રતીક નહિ તો બીજું શું? મનુષ્યની અભિનિવેશયુક્ત પ્રકૃતિનું આ દૃષ્ટાંત છે. સાચી વાત હોય પરંતુ એનો મેળ પોતાની અભિરુચિ સાથે ન થતો હોય તો તે સાચી વાતને પણ મનુષ્ય ફગાવી દે છે; તેમજ દોષયુક્ત બાબત હોય પરંતુ પોતાને રુચિકર હોય તો મનુષ્ય એને અપનાવી લે છે. મનુષ્યસ્વભાવની આ વિલક્ષણતા છે અને એનોજ પૂરાવો આપણને અહિં મળી રહે છે.

સ્ત્રી, પુરુષ, અને નપુંસક—એ ત્રણેય વેદ નવ જીવસ્થાનક સુધી હોય છે. પછી વેદ ગમે તે હોય છતાં ક્ષય કે ઉપશમ થાય છે. ઉપશમ થાય તો જીવ પતિત થાય છે અને ક્ષય થાય તો જીવ ઉપરને સ્થાનકે જાય છે-જીવ પછી ગમે તે વેદમાં હોય-અને આખરે એનો મોક્ષ થાય છે. વ્યવહાર તથા કલ્યાણ પૂરતો પુરુષ જેટલો જ સમાન અધિકાર સ્ત્રીને પણ છે. આધ્યાત્મિક વિકાસમાં પછી સ્ત્રીત્વ આડે આવી શકતું નથી.

પુરુષત્વ રૂપે જે શક્તિ કે તત્ત્વ પુરુષમાં પ્રકટીભૂત થઈ રહ્યું છે તેજ સ્ત્રીત્વ રૂપે સ્ત્રીમાં પણ વિલસતું હોય છે. તરતમ ભાવે એ તત્ત્વમાં વૃદ્ધિ, હ્રાસ ભલે દેખાય. બીજી વાત પણ સંભવિત છે કે

જેટલા ટકા પુરુષોના મોક્ષમાં જાય તેટલા ટકા સ્ત્રીના ન જાય પરંતુ એથી સમાન તત્ત્વનો સ્ત્રીમાં આવિર્ભાવજ નથી એમ કદાપી ન કહી શકાય. શ્રી. ધરસેન, પુષ્પદંત અને ભૂતબલિએ સ્ત્રીની પુરુષ કરતાં નિકૃષ્ટતા છે એ વિષે મૌન સેવ્યું છે પરંતુ ઉત્તરકાલીન કુંદકુંદાચાર્યથી સ્ત્રીની નિકૃષ્ટતા વિષેના ઉદ્‌ગારોનું સ્પષ્ટ દર્શન આપણને થાય છે. આચાર્ય કુંદકુંદ સ્ત્રાને કેટલી ઉતારી પાડે છે તે સંબંધે વાંચો તેમની અધોલિખિત ગાથાઃ—

लिंगंनि य इत्थीणं, थणंतरे णाहिकक्खदेसंमि ।
भणिओ सुहमो काओ, तासं कह हो [इ] पव्वज्जा[1] ॥

અર્થઃ—સ્ત્રીની યોનિમાં, સ્તનના અંતરમાં, નાભિમાં અને કાંખમાં સૂક્ષ્મ જીવો રહેલા છે. એને પ્રવ્રજ્યા કેવી રીતે હોઇ શકે? એટલે કુંદકુંદાચાર્ય કહે છે કે તેને દીક્ષા ન હોય.

સ્ત્રી જાતિના દોષો કુંદકુંદાચાર્યને જોવામાં આવ્યા હોય અને એ હેતુથી એમણે સ્ત્રીને અયોગ્ય ઠરાવી હોય કે ગમે તેમ હો. વૈદિક બ્રાહ્મણો પણ "स्त्रीशूद्रौ नाधीयीयाताम्' કહી સ્ત્રીને તથા બ્રાહ્મણને ભણવાનો અધિકાર આપતા નથી. પરંતુ 'ષટ્‌ખંડાગમ"માં સ્ત્રી તરફની આ ઘૃણાના વિચારોનું અંશતઃ પણ નિદર્શન મળતું નથી.

સ્ત્રી છઠ્ઠા જીવસ્થાનકને લાયક નથી તો પછી સંયતાસંયત જીવસ્થાનક અને ચોથા સમ્યગ્દર્શનને યોગ્ય તે કેવી રીતે થઇ શકે છે એવી શંકા વાંચકો ઉઠાવે છે. સૂક્ષ્મકાય જીવો તેના શરીરમાં નિરંતર ભર્યા પડ્યા હોય તો તે શ્રાવિકા વ્રતનું પણ પાલન ન કરી શકે. છઠ્ઠા જીવસ્થાનકે જવામાં જે અયોગ્યતા સ્ત્રીના માર્ગમાં અંતરાય ઉભો કરે છે તેજ અયોગ્યતા તેને પાંચમા ગુણસ્થાનકે જતાં પણ રોકશે. તેના હાથની ગોચરી પણ કેમ લઇ શકાય? સ્ત્રી અશુદ્ધિનો, અશુચિનો આગાર છે.

---

૧. "ષટ્‌પાહુડ", સૂત્ર પાહુડ.

દિગમ્બરો કહે છે કે બ્રહ્મચર્યરક્ષણ માટે ગુહ્ય ભાગ ઢાંકવા સ્ત્રીને વસ્ત્રની અપેક્ષા રહે છે. તો અહિં એ કહેવાનું પ્રાપ્ત થાય છે કે એ જ કારણ માટે પુરુષને વસ્ત્રની અપેક્ષા નથી શું ? કારણ કે સ્ત્રીનો ગુહ્ય ભાગ કે સ્તનાદિ પુરુષો માટે મોહનું કારણ જે રીતે બને છે તે રીતે જ પુરુષનું લિંગ પણ સ્ત્રીઓ માટે મોહાંધતાનું કારણ બની શકે છે. ઉલટું, સ્ત્રીમાં તો, શાસ્ત્રકારોના કથનાનુસાર, અષ્ટગુણ અધિક કામ હોય છે. એક બીજાના ગુપ્તાંગદર્શનથી એક બીજા મોહાભિભૂત બને છે. એ ક્રમ સ્વાભાવિક છે. સ્ત્રી જ બને છે અને પુરુષ નથી બનતો અથવા પુરુષ બને છે અને સ્ત્રી નથી બનતી એ બધાં એકાંતો છે.

સ્ત્રીથી નગ્ન ન રહેવાય; પુરુષથી નગ્ન રહી શકાય અર્થાત્ સ્ત્રી મોક્ષ ન મેળવી શકે અને પુરુષ મેળવી શકે અને પુરુષ મેળવી શકે એ મતનો પ્રચાર પુરુષે જ શરૂ કર્યો છે. એમાં કાંઈ તથ્ય નથી. પુરુષનું એ વલણ કેવળ અન્યાયયુક્ત છે. બન્નેમાં મોહ છે અને મોહનીય કર્મ જ બન્ને એક બીજા તરફ આકર્ષે છે. સ્ત્રીનું નૈસર્ગિક આકર્ષણ પુરુષને રહે છે અને પુરુષનું નૈસર્ગિક આકર્ષણ સ્ત્રીને રહે છે. એથી ગુહ્યાંગ ઢાંકવા માટે સ્ત્રીને વસ્ત્રની જરૂર છે અને વસ્ત્ર પહેરે તે મોક્ષે ન જઈ શકે એ કેવી વાહીયાત વાત છે ?

શ્વેતાંબરો, અંગોપાંગ સૂત્રને આધારે, સ્ત્રી મોક્ષ સ્વીકારે છે અને એવા કેટલાય વર્ણનો ધર્મકથાઓમાં આવે છે કે જેમાં સ્ત્રીએ દીક્ષિત થઇ મોક્ષ સાધ્યો હોય. આટલા ખાતર દિગંબરોએ જિનાગમોનો લોપ માન્યો. પરંતુ કુંદકુંદાચાર્યના અનુયાયીઓએ માનવું જોઇએ કે ખુદ તેમનું જ પ્રાચીન પુસ્તક "ષટ્ખંડાગમ" પણ સ્ત્રી મુક્તિ નિષેધમાં માનતું નથી તેનું શું ? આ વિચારસરણી ઉત્તરકાલીન આચાર્યો અર્થાત્ કુંદકુંદાચાર્ય પ્રભૃતિએ ઉપજાવી કાઢેલી દેખાય છે. વીતરાગ ભાષિત ધર્મથી વિરૂદ્ધ જઇ, સ્ત્રીને મોક્ષ માટે અનધિકારિણી

સિદ્ધ કરવામાં, આ દિગ્વાસોએ સમાજનું મહાન્ અકલ્યાણ કર્યું છે.

શ્વેતાંબર સૂત્રોમાં વસ્ત્રનો વિરોધ કે રાગ દેખાતો નથી. "આચારાંગ સૂત્ર" જે અંગસૂત્રોમાંનું પ્રથમ છે તેમાં ન્યૂનમાં ન્યૂન અને જીર્ણ વસ્ત્ર ધારણ કરવાનું કહ્યું છે. જો ચાલી શકે તેમ હોય તો તથા લજ્જા પરિષહ સહન થઇ શકે તો તે જીર્ણ વસ્ત્ર પણ છોડી દેવાનું કહ્યું છે.[૧] પરંતુ વસ્ત્ર રાખવાનું કે નહિ રાખવાનું કહ્યું નથી. "ભગવતી" વગેરે અંગસૂત્રોમાં કહ્યું છે કે સાધુઓ જ્યારે તપશ્ચર્યા કરતા હતા ત્યારે રાત્રિએ અચેલક થતા હતા અને બની શકે ત્યાં સુધી વસ્ત્રનો ત્યાગ કરતા હતા.[૨] અર્થ એ છે કે સચેલક દળની દૃષ્ટિએ વસ્ત્ર રાખવા કે ન રાખવાનો આગ્રહ નથી અર્થાત્ બન્ને બાજુઓ છે; ત્યારે અચેલક (દિગંબર) લોકો વસ્ત્રનો નિરોધ કરવામાં અને તે તરફની દલીલો કરવામાં કાંઈ પણ કચાશ રાખતા નથી. સ્ત્રીના ગુપ્તાંગને વસ્ત્રથી આચ્છાદિત કરવાની આવશ્યકતા છે એવી મૂળમાંજ ખોટી દલીલનો આશરો લઈ વસ્ત્ર પહેરે તેને મોક્ષ ન મળે એવું પ્રતિપાદન કરવા જતાં પ્રથમની એક ભૂલમાંથી બીજી ભૂલ કરે છે અને છેવટ બન્ને ભૂલોનો ભોગ બને છે.

કેવલી ભુકિતના સંબંધમાં કહેવાનું કે ક્ષુધાનું દુઃખ સહન કરવું એ વેદનીયકર્મનો વિષય છે અને જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી કેવલીઓને આહાર વિના ચાલી શકે નહિ. ભગવાન મહાવીરને માટે રેવતી નામની ગૃહસ્થિનીને ત્યાંથી સિંહ નામના અણગાર ભોજન લાવ્યા છે. એ આગમોકત કથન છે[૩] પરંતુ દિગંબરો તો આગમોને માનતાજ નથી તેનું શું? શું આ અને આવા કારણોને લઈને દિગંબરોએ આગમ લોપ ગયાની વાત કલ્પી કાઢી તો નહિ હોય ને?

---

૧. "આચારાંગ". ૨. "ભગવતી".

૩. "ભગવતી", શતક પંદરમું,

# છઠ્ઠું પ્રકરણ

## "સમયસાર" વિષે કાંઈક.

પં. નાથુરામ પ્રેમીના લિખિત મંતવ્યાનુસાર આચાર્ય કુંદકુંદ સામાન્ય અભિપ્રાય પ્રસરી રહ્યો છે તેટલા મશહૂર નો'તા. તેમનો "સમયસાર" નામનો ગ્રંથ પણ આગળના વખતમાં એટલો બધો પ્રસિદ્ધ નો'તો જેટલો તે અત્યારે થઇ રહ્યો છે. આચાર્યનું જીવન તત્સમયે કેવું હતું એ જાણવાના કશા સાધનો આપણી પાસે નથી. પરંતુ ગ્રંથ જોતાં અત્યારે એ વિદિત થાય છે કે એમણે આગમસ્થ વિચારોનું હાર્દ પલટાવી નાખ્યું છે અને નયો ઉપર વધારે ભાર મુકી કોઇ અલગ રસ્તાનું જ અવલંબન કર્યું છે. આગમાનુસાર ષટ્ દ્રવ્યો પૈકીનું જીવ દ્રવ્ય કર્ત્તા અને ભોક્તા એમ બન્ને છે. અન્ય દ્રવ્યો અકર્ત્તા અને અભોક્તા છે. "સમયસાર" માં આચાર્ય કહે છે કે કર્મનો કર્ત્તા કર્મ છે અને જીવ જીવનો એટલે કે જીવ સ્વભાવનો કર્ત્તા છે. અર્થાત્ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને અજ્ઞાનાદિથી કર્મબંધ થાય છે પરંતુ જીવથી નહિ કારણ જીવ તો પોતાના સ્વભાવનું મંથન અને મનન કરે છે. એમના આ અભિપ્રાયની વ્યંજક ગાથા નીચે પ્રમાણે છે:—

ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वजाए ।
णाणी जाणंतो वि हु पुग्गलकम्मफलमणंतं ॥ (૭૮)

અર્થ:—જ્ઞાની અનંત પુદ્ગલ કર્મના ફલને જાણતો છતો પરદ્રવ્ય પર્યાયમાં પરિણમતો નથી તેમ તેને ગ્રહણ કરતો નથી અને તેમાં ઉપજતો નથી. અર્થાત્ તે કર્મનો કર્ત્તાભાવ તેને (જીવને) નથી. ભાવાર્થ એ છે કે જીવ દ્રવ્ય અંતર્વ્યાપક છતાં એટલે કે ગ્રહણ, વ્યાપ્તિ, અને પરિણમન કરવા છતાં બહાર ભાવે તે રહે છે. તેમાં તે પરિણમતો નથી.

વિવરણઃ—આ જીવ જો કર્મનો કર્તા નથી તો અષ્ટ કર્મનું યૂથ કર્યું કોણે? જીવ અકર્તા છે તો વેદના કોને થાય છે? સુખ, દુઃખની અનુભૂતિ જીવ કરતો નથી તો પછી હર્ષ અને ગ્લાનિ એ વ્યક્ત શું કામ કરે છે? એ કર્મને જીવ વિના અન્ય કોણ કરી શકે?

"સમયસાર" કહે છે કે જીવને જો જ્ઞાન થાય કે તેને કાંઇ લેવા, દેવા કર્મ સાથે નથી તો પછી તેને કર્મનો બંધ જ ન પડે. વાંચોઃ—

जइया इमेण जीवेण अप्पणो आसवाण तहेव।
णादं होदि विसेसं तहं तु तइया ण बंधो से ॥ (૭૧)

અર્થઃ—જ્યારે જીવને પોતાના અને આસ્રવોના સ્વભાવની વિશેષપણે જાણ થાય છે ત્યારે તેને બંધ થતો નથી. અર્થાત્ આત્મા અને કર્મબંધ થનાર જે આસ્રવો છે તેની વિશેષે કરી સમજણ થાય છે ત્યારે અનાદિ કાલની થયેલી અજ્ઞાન પ્રવૃત્તિ (હું કરૂં છું એવી કર્તૃકર્મપ્રવૃત્તિ) સ્વયં અદૃશ્ય થાય છે.

વિવરણઃ—શાસ્ત્રકારો કહે છે કે જીવ ચોથે જીવસ્થાનકે આવે છે ત્યારે તેને જીવ અને કર્મ, બંધ અને મોક્ષ એમ નવ પદાર્થોનું યથાતથ્ય ભાન થાય છે. પરંતુ તે જગ્યાએ કર્મબંધનો અભાવ હોય છે એમ જરાય સમજાતું નથી. જો ચોથે જીવસ્થાનકે એવી દશા પ્રવર્તતી હોય તો પાંચમા અને છઠ્ઠા જીવસ્થાનકે ગયેલા જીવો ભટકે છે અને તેનું ચારિત્ર્ય અશુદ્ધ છે અથવા વ્યવહાર નયનું છે એ અર્થ જ ક્યાં રહ્યો? સમજણ એટલે કે ભેદ જ્ઞાન જીવને ચોથે જીવસ્થાનકે આવે છે. આવું સ્પષ્ટ અને ઉજ્જવલ ભેદ જ્ઞાન અથવા સમ્યક્ત્વ શ્રેણિક રાજા અને કૃષ્ણ વાસુદેવને નો'તું આવ્યું શું? શું તેમને નરકમાં જવાનું અટકી પડયું હતું? આગમકાર કરતાં પોતે પોતાનું તત્ત્વજ્ઞાન કોઇ જૂદીજ ઢબે પ્રસારી રહ્યા હોય એમ લાગે છે. એક તરફ એમ કહે છે કે

ભેદ જ્ઞાન થયા પછી કર્તા–કર્મની બુદ્ધિ રહેતી નથી; જ્યારે બીજી તરફ એમ કહે છે કે અશુદ્ધ (વ્યવહાર) નાય છે ત્યાંસુધી જીવને સંસાર ઘટતો નથી. તાત્પર્ય એ છે કે વાચકોએ કુંદકુંદાચાર્યના કયા કથન ઉપર વિશ્વાસ રાખવો અને કયા કથનનો ત્યાગ કરવો ?

કુંદકુંદાચાર્ય આગળ એમ કહે છે કે જીવ, જીવના પરિણમન ભાવમાં અને પુદ્ગલ પુદ્ગલના પરિણમન ભાવમાં વર્તે છે. બન્ને પરસ્પર નિમિત્ત–નૈમિત્તિક ભાવમાં છે પરંતુ કર્તા–કર્મ ભાવમાં વર્તે છે તેમ નથી. અર્થાત્ જીવ કર્તા છે અને પુદ્ગલ કર્મ છે એમ કોઈ વસ્તુ નથી. જુઓઃ—

जीवपरिणामहेदुं कम्मत्तं पुग्गला परिणमंति ।
पुग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमइ ॥ (૮૦)
ण वि कुव्वइ कम्मगुणे जीवो कम्मं तहेव जीवगुणे ।
अण्णोण्णनिमित्तेण दु परिणामं जाण दोण्हं पि ॥ (૮૧)
एएण कारणेण दु कत्ता आदा सएण भावेण ।
पुग्गलकम्मकयाणं ण हु कत्ता सव्वभावाणं ॥ (૮૨)

અર્થઃ—જીવના પરિણામ હેતુ જે કર્મ તે રૂપે પુદ્ગલો પરિણમે છે. તે પ્રકારે જીવ પોતે પણ પુદ્ગલ રૂપ જે કર્મ તેનું કારણ એટલે નિમિત્ત તે રૂપે પરિણમે છે (૮૦). જીવ કરતો નથી કર્મના ગુણોને તેમ કર્મ કરતા નથી જીવના ગુણોને. માત્ર બન્ને પરસ્પર એક બીજાના નિમિત્તો છે. (૮૧). એ કારણથી આત્મા, ખરેખર, પોતાના ભાવનો કર્તા છે; પણ પુદ્ગલરૂપ જે કર્મ તેનો અને સર્વભાવોનો કર્તા આત્મા નથી. (૮૨)

વિવરણઃ—હકીકત એ છે કે કુંદકુંદાચાર્યના અભિપ્રાયે જીવ કર્મનો કર્તા નથી; પણ પોતાના ભાવનો કર્તા છે ત્યારે આ જે અષ્ટ કર્મયૂથ જીવ ઉપર લદાયેલું પડયું છે તે કોણે કર્યું ? કારણ કે એ અષ્ટકર્મ પ્રકૃતિ તો જડ છે તે જીવ સાથે કેવી રીતે મળી ? કર્મ તો અચેતન કે કહો જડ છે તે જીવ ઉપર શા માટે આક્રમણાદિ કરે છે ? જીવ

જો કર્મનો કર્તા નથી જ તો આ વિશ્વ જે નારક, પશુ, માનવ, અને દેવરૂપે પ્રવર્તી રહ્યું છે તે શા આધારે આમ ચાલે છે એમ શું વાચકો પ્રશ્ન નહિ કરે?

હકીકત એ છે કે કુંદકુંદાચાર્ય પોતાની ઇચ્છાનુસાર સર્વ વસ્તુની વ્યાખ્યા કરે છે. કુંદકુંદાચાર્ય વળી કર્મનો કર્તા જીવ નથી એટલું જ નહિ પરંતુ જ્ઞાનીને કર્મ લાગતા નથી એમ કહેવાને પણ તૈયાર છે. તેઓ આગળ કહે છે કે જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ હોય છે. વાંચો:—

पुढवीपिंडसमाणा पुव्वणिबद्धा हु पच्चया तस्स ।
कम्मसरीरेण हु ते बद्धा सव्वे पि णाणिस्स ॥ (१६९)

અર્થ:—તે જ્ઞાની જનોને પૂર્વે બાંધેલા જે કર્મો છે જે પૃથ્વીના પિંડ સમાન છે તે સર્વ કાર્મણ શરીરથી બંધાયા છે નહિ કે જીવે પોતે બાંધ્યા છે.

વિવરણ:—કુંદકુંદાચાર્ય પોતે કે જેઓ જ્ઞાની હોવાનો દાવો કરી રહ્યા છે તેમને મન જીવે કર્મો બાંધ્યા નથી પરંતુ કાર્મણ શરીરે બાંધ્યા છે. એટલે તેમના અભિપ્રાયે જ્ઞાની સદા જ્ઞાનભાવમાંજ વર્તે છે એટલે કે નિરાસ્રવ ભાવમાં ને જ્ઞાયક દશામાં વર્તે છે. તેમના હિસાબે રાગ, દ્વેષ, અને મોહ જ્ઞાની જનોને હોતા નથી. એ અભિપ્રાયે આગલ વધીને તેઓ કહે છે:—

रागो दोसो मोहो य आसवा णत्थि सम्मदिट्ठिस्स ।
तम्हा आसवभावेण विणा हेदु ण पच्चया होंति ॥ (१७७)

અર્થ:—રાગ, દ્વેષ, અને મોહરૂપી આસ્રવો સમ્યગ્દષ્ટિ જીવને હોતા નથી. તેને લઇ આસ્રવના ભાવવિના કર્મના કારણો(હેતુઓ) પણ નથી. કુંદકુંદાચાર્યનો અહિં કહેવાનો આશય એ છે કે સમ્યગ્દષ્ટિ જીવોને રાગ, દ્વેષ, અને મોહાદિ થતા નથી. જો રાગ, દ્વેષ, અને મોહ થતા ન હોય તો કર્મને આવવાનો રસ્તો જ ક્યાં રહ્યો? અર્થાત્ કર્મ આવવાનો તેમનો રસ્તે નથી.

વિવરણ:—કયા જીવસ્થાનકે સમ્યગ્દષ્ટિ દશા પ્રાપ્ત થતી હશે એ જ અહિંયા પ્રશ્ન છે. રાગ, દ્વેષ, અને મોહરૂપ કર્મબંધનો સર્વથા અભાવ તો તેરમે જીવસ્થાનકે થાય છે; અને સમ્યગ્દષ્ટિ તો વર્તમાનકાળે ઘણા જીવને હોય છે. શાસ્ત્રકારો કહે છે કે સમ્યગ્દષ્ટિ ચોથા જીવસ્થાનકે શરૂ થાય છે. તે પાંચમે, છઠ્ઠે, અને સાતમે જીવસ્થાનકે પણ હોય છે. તો ત્યાં રહેલા જીવોને રાગ, દ્વેષ અને મોહ હશે કે નહિ ? રાગ, દ્વેષ, અને મોહ નથી એમ જો માનીએ તો વર્તમાન કાળે જીવોમાં એ વસ્તુ દેખાય છે. આચાર્ય તર્ક કરશે કે આ જીવોમાં સમ્યગ્દષ્ટિ છેજ ક્યાં ? તો પછી આપણે વિચારીએ કે કૃષ્ણને તથા શ્રેણિકાદિને સમ્યગ્દષ્ટિ હતી કે નહિ ? તેમને ચોથું જીવસ્થાનક હતું. તેમણે તે જીવસ્થાનકે આવી તીર્થંકર નામ ગોત્ર બાંધ્યું હતું. હવે આપણે સમજીએ કે તેમને રાગ, દ્વેષ, અને મોહરૂપી આસ્રવો હતાં કે નહિ ? જો નહિ હતા તો તેઓ શા માટે નરકગતિમાં ગયા ?

અર્થ એ છે કે તે જીવોને સમ્યગ્દષ્ટિ હતી અને રાગ, દ્વેષ, અને મોહરૂપી આસ્રવો પણ હતા. એટલે કુંદકુંદાચાર્યનું આ કથન શા હેતુને અનુલક્ષી હશે તે સમજમાં ઉતરતું નથી. તેરમા જીવસ્થાનકે રાગ, દ્વેષ, અને મોહરૂપી આસ્રવો થતા નથી. તે જીવો તો આત્માની પૂર્ણ દશાએ પહોચી ગયા છે. તેઓ તો સમ્યગ્દષ્ટિ ઉપરાંત ચારિત્ર્ય મોહનો નાશ કરી ઉપરની ભૂમિકામાં રહેતા હોય છે.

આ સ્થળે કુંદકુંદાચાર્યનો અભિપ્રાય એમ જણાવે છે કે સમ્યગ્દષ્ટિ જ જ્ઞાનની દશા છે અને એ જ્ઞાની પુરૂષોને રાગ, દ્વેષ, અને મોહનો અભાવ હોય છે. ધારો કે તેમનો અભાવ ન હોય તો પણ સમ્યગ્દષ્ટિ જ મુખ્ય વિષય છે એટલે તેમને કર્મનો, આસ્રવનો અભાવ થાય છે. આ ઉપરથી કોઇ મનુષ્ય એમ શંકા લાવે કે તે પોતે જ્ઞાની છે એમ ધારતા હોય અને તેમના જેવાને એવા રાગ,

દ્વેષ, અને મોહરૂપી આસ્રવ આવતા નથી. નહિ તો આવી ઘટના કેમ કહે?

કુંદકુંદાચાર્ય સમ્યગ્દષ્ટિ થવાથી પોતાને જ્ઞાની માને છે એકલુંજ નહિ પરંતુ જ્ઞાની જે ભોગો ભોગવે છે તે તેમના કર્મની નિર્જરાનું કારણ છે એમ તે જણાવે છે. તે અંગે જુઓ;—

उवभोगमिंदियेहिं दव्वाणं चेदणाणमिदराणं ।
जं कुणदि सम्मदिट्ठी तं सव्वं णिज्जरणिमित्तं ॥ (१९३)

**અર્થ:**—ચેતન કે અચેતન દ્રવ્યોનો ઉપભોગ જે ઇંદ્રિયોથી સમ્યગ્દષ્ટિ જીવો કરે છે તે સર્વ નિર્જરાનો હેતુ છે.

વિવરણ:—મિથ્યાદષ્ટિ જીવો જે પુદ્ગલોને ભોગવે છે તેને અજ્ઞાન છે એટલે કર્મ બંધ પડે છે પરંતુ સમ્યગ્દષ્ટિ તો જ્ઞાની છે એટલે તે ગમે તેવા પુદ્ગલોને (ચેતનસહિત પુદ્ગલોને અને અચેતન, જડ પુદ્ગલોને) ભોગવે છે તો તેને પાપ થતું નથી પણ ખરેખર નિર્જરા થાય છે એટલે તે ભોગવવું નિર્જરાનો હેતુ છે. આગરાવાળા બનારસીદાસ કહે છે કે 'જ્ઞાનીકો ભોગ નિર્જરાકો હેતુ હે."

કુંદકુંદાચાર્યના આશયનું સ્પષ્ટ ભાન હવે આથી અભ્યાસીઓને થયુંજ હશે. લોકોક્તિ છે "ભુઓ ધૂણે તો પણ નાલીએર તો પોતાના ઘર ભણીજ નાખે છે." પોતે માને છે કે પોતાને સમ્યગ્દષ્ટિ થઇ છે એટલે પોતાને પાપ લાગતું નથી. જિનાગમો સાથે તેમની સ્વૈરવિહારિણી વૃત્તિને મેળ નથી. જિનાગમો કહે છે કે સમ્યગ્દષ્ટિ હેય પણ આસ્રવની પ્રવૃત્તિ હોય તેને કર્મબંધ પડે જ છે અને એ કર્મબંધજ સંસારનું ખરૂં કારણ છે. પરંતુ આચાર્ય આત્મજ્ઞાનીનો દાવો લાવી કર્મબંધ પડે કે નહિ તેવા વિચારમાં ઉતરી ગયા છે. આખું "સમયસાર" પુસ્તક તેમના પોતાના મનભાવતા વિચારોનું પ્રતીક છે. લેકો કદાચ એમનો પક્ષ લઈ એમ કહેવા સુદ્ધાં તૈયાર થઈ જાય કે કુંદકુંદાચાર્ય શું એવા મૂર્ખ હતા

કે આગમવિરૂદ્ધ બકવાદ કરે ? પરંતુ જવાબમાં કહેવાનું કે લોકો ભલે એમનામાં જ્ઞાન કે વિદ્વતા જોતા હોય પરંતુ એ નિર્વિવાદ છે કે આચાર્ય આગમથી વિપરીત દિશામાં પળી રહ્યા છે. આ વાત તેમના પોતાના વિચારોથીજ સ્પષ્ટ થાય છે. એમાં કોઇને કાંઇ કહેવાની જરૂરજ રહેતી નથી. તેઓ વેદાંત અને સાંખ્ય તરફજ ઢળી રહયા છે એ કહેવાની ભાગ્યેજ જરૂર હોય. વાંચો ;-

दव्वे उवभुंजंते णियमा जायदि सुहं च दुक्खं वा।
तं सुहदुक्खमुदिण्णं वेददि अह णिज्जरं जादि॥ (१९४)

અર્થ:- દ્રવ્ય—પદાર્થ–નો ઉપભોગ કરતાં અવશ્ય સુખ, દુ:ખ ઉત્પન્ન થાય છે. પણ તે ઉદય આવેલા સુખ—દુ:ખને વેદે તો તેને નિર્જરા થાય છે.

વિવરણ :— કોઈ મનુષ્ય શંકા લાવે કે તમે કહો છો તે બરાબર છે પણ તે કર્મ કરવથી જીવને સુખ કે દુ:ખનો ઉદય થાય તો જીવને ભોગવવા પડે ને ? કુંદકુંદાચાર્યનો એ પ્રશ્નનો ઉત્તર એ છે કે અલબત્ત, જીવ જો ઉદયમાં આવેલા (હર્ષથી) અનુભવે છે કે વેદે છે તો તેને કર્મની નિર્જરા થાય છે. અર્થાત્ આત્મજ્ઞાનભાવે વેદી લેવું પણ ખેદ કરવો નહિ. વિષય સુખ ભોગવતાં પાપનો બંધ પડે છે પણ અજ્ઞાની (મિથ્યા દૃષ્ટિ) હોય તો તે ભોગવતાં અનિર્જરા કરે છે અને સમ્યગ્દષ્ટિ જીવ તો નિર્જરા કરે છે.

સમ્યગ્દશાનું સામર્થ્ય એ છે કે વિરાગ હોવાથી કોઈ પણ જીવ કર્મને ભોગવતો થકો કર્મને બાંધતો નથી. જ્ઞાનનું સામર્થ્ય શું છે તે હવે બતાવે છે:-

जह बिसमुवभुंजंतो वेज्जो पुरिसो ण मरणमुवयादि।
पोंग्गलकम्मस्सुदयं तह भुंजदि णेव बज्झए णाणी॥ (१९५)

અર્થ:- વૈદ્ય વિષને ભોગવતાં જેમ મરણને પામતો નથી તેમ જ્ઞાની પુદ્ગલ કર્મના ઉદયને ભોગવે છે પણ કર્મ બંધને કરતો નથી.

વિવરણ:—હકીકત એ છે કે વૈદ્ય પોતાની વિદ્યાના પ્રભાવે જેમ ઝેરના વેગને રોકે છે તેમ જ્ઞાની પુરુષ પોતાની શક્તિથી કર્મ બંધને રોકી શકે છે તાત્પર્ય એ છે કે જ્ઞાની જીવ ગમે તેટલા સુખોપ-ભોગમાં મસ્ત રહે અથવા ગમે તે પ્રમાણે વર્તે તો પણ તેને સંસાર વધતો નથી. કયાં આગમકારનો આદેશ અને કયાં "સમયસાર" નો સ્વચ્છંદ વિહાર ! કયાંય બન્ને વચ્ચે સાદૃશ્યની જરા જેટલી પણ છાયા દેખાય છે ? ગમે તેવી સમ્યગ્દૃષ્ટિ હોય અથવા ગમે તેવીજ્ઞાન દશા વર્તતી હોય પરંતુ આસ્રવ સેવનારને કર્મબંધ પડે જ. આ એકનું એક ફરમાન આગમોનું છે જ્ઞાની થયો એટલે કર્મબંધ ગયો એવું કોઈ સ્થળે આગમોમાં કહ્યું નથી. વૈદ્ય ગમે તેટલો નિપુણ હોય પરંતુ વિષસેવન તેના પ્રાણને હરશેજ. જ્ઞાનીને પાપ લાગતું નથી એ સિદ્ધાંતનું સમર્થન બ્રાહ્મણ ગ્રંથોમાંથી ગમે તેટલું મળી રહેતું હોય પરંતુ જિનાગમો એ સ્વીકારી શકે તેમ નથી જ. બ્રાહ્મણ ગ્રંથોમાં જનક વિદેહીનો દૃષ્ટાંત આપવામાં આવેલ છે. એ એટલો બધો અનાસક્ત હતો કે અગ્નિમાં રાખેલ હાથ તેને દુઃખ આપી શકતો નહિ; તેમજ સ્ત્રીના સ્તન ઉપર રાખેલ હાથ તેને સુખ આપી શકતો નહિ. પરંતુ આ સિદ્ધાંત જૈન દૃષ્ટિને બંધ બેસતો નથી. બ્રાહ્મણ લોકોનો આ કેવળ બચાવજ છે. જો તેમજ હોયતો વિષમાં અમૃત કોઇએ જોયું છે ? શું વિષ કોઈપણ વખતે અમૃતરૂપે પરિણમી શકે છે ? વિષ ખાનાર મનુષ્ય ગમે તેટલા ઉપાય કરે તો પણ એ એનાથી બચી શકયો છે ? શું વિષને એવો ખ્યાલ છે કે અમુકને હું ન મારૂં ? અને અમુકને હું મારૂં ? વિષ અને વિષયના પરિણામો આ રીતે તપાસતાં સરખાં જ છે. જ્ઞાની હો કે અજ્ઞાની—બન્નેને—સમાન ફળજ આપે છે. આચાર્ય જનક રાજાની જેમ એ અભિપ્રાયને વર્ણવે છે:—

जह मज्जं पिबमाणो अरदिभावेण मज्जदि ण पुरिसो ।
दव्वुवभोगे अरदो णाणी वि ण बज्झदि तहेव ॥ (१९६)

અર્થ:-મદ્યપાન કરનાર પુરુષ અરતિ ભાવથી પાન કરતો થકો તોફાન કરતો નથી તેમ અવિરક્ત ભાવે દ્રવ્યનો ઉપભોગ કરતો થકો જ્ઞાની મનુષ્ય કર્મબંધ કરતો નથી. ભાવાર્થ એ છે કે અનાસક્તપણે (અરતિભાવે) મદ્યપાન કરનાર મનુષ્ય તોફાને ચડતો નથી તેમ કદાચ અરતિપણે ભોગનો ઉપભોગ કરે તો પાપનો બંધ કરતો નથી.

વિવરણઃ—અહિં સર્વ પ્રથમ તો એજ શંકા થાય છે કે મદ્યમાં જો રસ કે મિઠાશ જ ન હોય તો શા સારૂ તે મદ્યપાન કરે છે? લોકોમાં અનાસક્ત ભાવ બતાવવો તેના કરતાં મદ્યપાન જ બંધ કરવું અનુચિત છે? મદ્યપાન કરવું અને વિરાગ બતાવવો એ ધૂર્તતા નહિ તો બીજું શું? જ્ઞાની હોવાનો ડોળ કરવો અને વિષય સેવન કર્યે જવું એ નર્યો દંભ જ કે બીજું કાંઈ? જ્ઞાની હોય તે વિષયો સેવેજ નહિ અને વિષયો સેવે તે જ્ઞાની નહિ. જગતમાં કોઇ જ્ઞાની થઇ વિષયને સેવતો હોય અને છતાં તે જ્ઞાની કહેવાતો હોય એવું કોઈ સ્થળે સાંભળ્યું છે? કુંદકુંદાચાર્ય તો વિષય સેવનારની નિર્દોષતા બતાવે છે અને નહિ સેવનારને પાપીમાં જણાવે છે. વાંચોઃ—

सेवंतो वि ण सेवइ असेवमाणो वि सेवगो होइ ।
पगरणचेट्ठा कस्स वि ण य पायरणो त्ति सो होइ ॥ (१९७)

અર્થ:—કોઈ પુરુષ વિષયોને સેવતા છતાં નથી સેવતો એમ કહી શકાય છે. જ્યારે કેટલાક મનુષ્યો નથી સેવતા છતાં સેવે છે એમ સમજાય છે. કારણ કોઈ પુરુષની બધી પ્રવૃત્તિ છતાં જાણે કે કોઈ તેને તેમ કરવા કહેતો હોય તેમ કરે છે. અર્થાત્ પોતાની ઇચ્છા વિરૂદ્ધ બીજાની પ્રેરણાથી કરે છે.

વિવરણ:—કુંદકુંદાચાર્યને મતે વિષયોને ભોગવતાં છતાં તે મનુષ્ય નથી ભોગવતો અને નહિ ભોગવતાં છતાં તે મનુષ્ય વિષયોને ભોગવે છે. આનો અર્થ ભલા શું હશે? તેમની આ ઘોષણા કેવા પ્રકારની ગણવી? ધારો કે વિષય નથી સેવતો છતાં તેના અંતરમાં

કલ્પના વૃત્તિ રહ્યા કરતી હોય તો તે પાપી છે અથવા વિષયાભિલાષી છે. પરંતુ જેઓ વિષયને સેવે છે તે ઇચ્છા વિના સેવતા હોય એમ કોઇએ જોયું છે શું ? શું તીર્થંકરો ગૃહસ્થાવાસમાં રહ્યા હતા ત્યારે તેમણે ઇચ્છા વિના વિષયસેવન કર્યું હતું એમ કોઈ કહી શકશે ? પોતાની ગૃહસ્થાવસ્થા દરમ્યાન ભોગવેલા ભોગોને તેમણે કદિ નિર્જરાનું કારણ કહ્યું હતું ? ભોગ ભોગવવા અને સમદષ્ટિયુક્ત કહેવડાવવા જેટલા તેઓ દંભી નો'તા. કુંદકુંદાચાર્યની પહેલા આવો નૈતિક સડો હશે કે નહિ તે જ્ઞાની જાણે પરંતુ એમના વખતથી જ એ શરૂ થયો છે એમ તો સ્પષ્ટ કહી શકાય તેમ છે. તેમનું પોતાનું જીવન ગમે તેવું હોય પરંતુ તેમના લખાણે તો પાઠકો ઉપર બહુજ ખરાબ અસર કરી છે. ભોગ ભોગવવા છે, ભોગ છોડવા નથી અને છતાં સુજ્ઞ કહેવડાવવું છે એ કઈ રીતે બની શકશે ? એટલે જ્ઞાન અને જ્ઞાની જન વિષે ભાર આપવા તેમણે માર્ગ શોધી કાઢયો છે. પરંતુ તેમણે જાણવું જોઇતું હતું કે જ્ઞાન અને સમ્યગ્દષ્ટિની દોલત ગમે તેટલી હોય પરંતુ જો ત્યાગ ન હોય તો એ બન્ને શું કરવાના ? અલબત્ત, સમ્યગ્જ્ઞાનની આવશ્યકતા સંબંધે બે મત હોઇ શકે જ નહિ પરંતુ એની સાથે ત્યાગ ન ભળે તો એ માનવી ઉચ્ચ કક્ષાએ જઈ ન શકે.

ભોગના ફળનો કર્મોદયભાવ આવે ત્યારે કુંદકુંદાચાર્ય તેને આત્મામાં કેવી રીતે સમજાવવું તે કહે છે:—

उदयविवागो विविहो कम्माणं वण्णिओ जिणवरेहिं।
ण हु ते मज्झसहावा जाणगभावो हु अहमिक्को ॥ (१९९)

અર્થ:— કર્મનો ઉદયભાવ જિનવરોએ અનેક પ્રકારે વર્ણવ્યો છે પરંતુ આ આત્મજ્ઞાની પુરુષે જાણવું જોઇએ કે એ મારા સ્વભાવો નથી એટલે એ તો કર્મના ફળ છે. હું તો એક માત્ર જ્ઞાયક સ્વભાવરૂપ છું. ભલે ગમે તે થાય પરંતુ મને કાંઈ થતું નથી. હું તો મારા સ્વભાવમાં છું. એવું સમ્યગ્દષ્ટિ સમજે; પણ બીજો વિચાર ન કરે.

**વિવરણઃ**—અભ્યાસીઓએ આ સ્થળે જાણવું જોઇએ કે સમ્યગ્દ-ષ્ટિયુક્ત જીવ આમ પોતાના આત્માને સમજાવે એ વાત બરાબર છે પરંતુ જેને કર્મ ઉદય આવ્યા છે તેણેજ કર્મો કર્યા હશે કે બીજાએ? જો તેણે પોતેજ કર્મો કર્યાં છે તો તેને વિષે કેમ ખ્યાલ નથી આવતો કે આ મારા કર્મનું ફળ છે? ઉદય આવતાં જીવ કહે કે આ મારો સ્વભાવ નથી તો પછી કર્મ કરતી વખતે તેણે એમ કહેવું જોઇએ કે નહિ કે વિષય ભોગવવા એ મારો સ્વભાવ નથી? એ વિષયો મારા નથી અને હું તેનો નથી. આવો વિચાર કરી જ્ઞાની પુરુષો વિષયો ભોગવતાં દૂર રહે છે. સરખાવો આગમકારનું વચનઃ—

सल्लं कामा विसं कामा कामा आसीविसोवमा।
कामे भोए पत्थेमाणा अकामा जंति दुग्गइं ॥[१]

અર્થઃ—(બ્રાહ્મણના વેષમાં રહેલા ઇંદ્ર સાથે વાત કરતાં નમિ રાજર્ષિ કહે છે કે) હે બ્રાહ્મણ! વિષયો શલ્ય (સમાન) છે; વિષયો વિષ છે; અને વિષયો આશીવિષ સર્પની ઉપમાને લાયક છે. કામભોગની માત્ર ઇચ્છા કરનાર — કામભોગ ભોગવનારાજ નહિ — દુર્ગતિને પામે છે. તો પછી ભોગ ભોગવનારનું તો પૂછવું જ શું? એટલે આગમકાર કહે છે કે ભોગ ભોગવવાથી પરિણામ સારૂં આવતું નથી. જ્યારે કુંદકુંદાચાર્ય સમ્યગ્દૃષ્ટિમાન્ જીવ ભોગ ભોગવે તો કાંઇ અડચણ નથી એમ કહેછે. ટુંકામાં, કુંદકુંદાચાર્યની દૃષ્ટિમાં સમૂળગો વિપર્યાસ છે; જોકે "સમયસાર"ના રસીયા એની તરફ કોઇ અપૂર્વ ભક્તિ ભાવથી જુએ છે અફીમચી અફીમચીની પ્રશંસા કરેજ. પોતાને જે પ્રિય છે તેનું આચરણ જ્યારે બીજો કરતો હોય ત્યારે તેને જોઇ તેનો આત્મા પ્રફુલ્લિત બને છે. એટલુંજ નહિ પરંતુ પોતાની જમાતમાં એકનો વધારો થયો એ જોઇ એના હર્ષની સીમા નથી રહેતી. મનુષ્ય પોતાની પ્રકૃતિમાં વિષમતા જોવા ટેવાયેલોજ નથી. આગમકારને છોડી

---

૧. "ઉત્તરાધ્યયન", નવમું અધ્યયન.

"સમયસાર" કારને પકડે છે ત્યારે એમને મતે "સમયસાર" પ્રામાણિક પુસ્તક જ થયું ને? આગમો પસંદ ન પડ્યા કારણ કે સખત પરહેજ પાળવાનો હુકમ કરનાર વૈદ્ય જેવા એ છે જ્યારે "સમયસાર" ગળ્યું મધ જેવું લાગ્યું કારણ કે બધું ખાવાની છૂટ આપનાર વૈદ્ય જેવું એ છે. "સમયસાર" નો ધ્વનિ બસ એકજ છે. આત્માની ઓળખાણ કરો; સમ્યગ્દૃષ્ટિ બનો; પછી તમને કાંઈ વાંધો જ નથી; પુણ્ય આચરો કે પાપ; તમારૂં આત્મસ્વાસ્થ્ય બગડશેજ નહિ; કારણ કે મારી આપેલી જડીબુટ્ટી તમારી પાસે છે; પછી શું વાંધો છે?

હવે કુંદકુંદાચાર્ય કહે છે કે વ્યવહાર નથી એમ કહેવું તે ઇષ્ટ નથી. વ્યવહાર નયથી અભવ્યો પણ સમિતિ, ગુપ્તિ વગેરે રાખે છે પરંતુ તેથી શું?

वदसमिदिगुत्तीओ सीलतवं जिणवरेहिं पण्णत्तं ।
कुव्वंतो वि अभव्वो अणाणी मिच्छदिट्ठी दु ॥ (२७३)

અર્થ:—વ્રત, સમિતિ, ગુપ્ત, શીલ અને તપ વગેરે જિનવરોએ કહ્યા છે. તેને અભવ્યો આચરે છે ને અમલમાં મુકે છે તો પણ તેનો કાંઇ અર્થ નથી. કારણ કે તેઓ પૂર્ણ અજ્ઞાની છે અને મિથ્યા દૃષ્ટિ છે. વળી શ્રદ્ધાશૂન્ય છે. તેમને એકાદશ અંગનું જ્ઞાન હોય છે પણ વ્યર્થ છે. કેવી રીતે?

मोक्खं असद्दहंतो अभविय सत्तो दु जो अधीएज्ज ।
पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं तु ॥ (२७४)

અર્થ:—અશ્રદ્ધાલુ જીવ મોક્ષને નહિ શ્રદ્ધતો થકો કદિક અભ્યાસ કરે (અને અગિયાર અંગને ભણી જાય) તો તેથી શું? અશ્રદ્ધાલુને એ (અંગોનો) પાઠ કે એ જ્ઞાન કંઈજ ગુણ કરતા નથી.

વિવરણ :— હકીકત એમ છે કે મોક્ષ થવામાં કે કર્મક્ષય કરવામાં અભવ્ય જીવોની પ્રવૃત્તિ અર્થસૂચક છેજ નહિ. અર્થાત્ તેઓ ગમે તેટલી ઉત્કૃષ્ટ પ્રવૃત્તિ કરતા હોય તો પણ વ્યર્થ છે આનો અર્થ અવગત થઈ શકતો નથી. અભવ્ય દીક્ષા લે અને અગિયાર

અંગો ભણે તો શું અન્યે દીક્ષિત ન થવું અને અગીયાર અંગનો અભ્યાસ ન કરવો શું? વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ, અને તપ ઇત્યાદિ ભવ્ય જીવો જો સ્વીકારે તો મોક્ષ જાય કે નહિ? જેઓ મુક્તિ પામ્યા તેઓ શું સમિતિ, ગુપ્તિ, સંયમ, અને તપ વિના પામ્યા ? એકલા સમ્યગ્જ્ઞાનથી તેઓ શું મુક્તિ પદને પામ્યા? મોક્ષ જવામાં ચારિત્ર્યને અને તપની આવશ્યકતા થોડી પણ નથી શું ? અભવ્યોને મોક્ષ નથી એ સુવિદિત છે. પરંતુ ભવ્યો તો વ્રતાદિના પાલનથીજ મોક્ષે ગયા છે એ વાત હકારાત્મક કરતાં નકારાત્મક સ્વરૂપમાં તેમણે આ માટે કહી ? અલ્પ વિચાર પછી પણ એ સમજાશે કે કુંદકુંદાચાર્યને વ્રત, નિયમ, ચારિત્ર્ય, તપ ઇત્યાદિ પ્રત્યે રૂચિજ નથી. અન્યથા તેમને આવી વિપરીત પ્રરૂપણાનું કોઈ પ્રયોજનજ નથી. અનેક ભવ્ય જીવો મોક્ષની શ્રદ્ધા કરતાં, અગિયાર અંગ ભણતાં અને સમિતિ, ગુપ્તિનું પાલન કરતાં જ મોક્ષે ગયા છે; પરંતુ તેમનો હેતુ ચારિત્ર્ય પાલનમાં રસ ધરાવનારને નિરૂત્સાહી બનાવવાનો છે આ તેમનો એક પ્રકારનો પ્રપંચજ છે. મોહ અને અજ્ઞાનના અંધકારમાં સપડતાં માણસોને આ પ્રરૂપણા રુચિકર નિવડે છે અને તેઓજ કુંદકુંદાચાર્યની જાળમાં ફસાય છે. ઘણા ઘણા દિગંબરીય વિદ્વાનો કુંદકુંદાચાર્યના "સમયસાર" ગત આ વિચારોને સહર્ષ વધારી રહ્યા છે ત્યારે સુજ્ઞ પં. નાથુરામજી આ "સમયસાર" વ્યક્ત વિચારોને વીતરાગના વિચારોથી ભિન્ન છે એમ સહેતુક જાહેર કરી રહ્યા છે અને એમાં જરા જેટલો પણ વિશ્વાસ નહિ મુકવાની ઘોષણા પણ કરી રહ્યા છે.

"સમયસાર" માં તે આચાર્ય જણાવે છે કે રાગ-દ્વેષથી પરિણત આત્મા કર્મને બાંધે છે:—

रायम्हि य दोसम्हि य कसायकम्मेसु चेव जे भावा।
तेहिं दु परिणमंतो रायाइ बंधदे चेदा ॥ (२८२)

અર્થ:— રાગ, દ્વેષ, અને કષાય કર્મોની અંદર જે ભાવો વર્તે છે તે ભાવોમાં પરિણમતો ચેતા (આત્મા) રાગાદિ કર્મોને બાંધે છે. આશય એ છે કે અજ્ઞાની જીવો અજ્ઞાન, કર્મ વગેરે નિમિત્તથી કર્મ બાંધે છે પરંતુ જ્ઞાની જનો કર્મને બાંધતા નથી.

વિવરણ:— હકીકત એ છે કે જ્ઞાની ગમે તે આચરે પરંતુ તેને કર્મ બંધનું વળગણ છે જ નહિ. જૈન દર્શન વ્રત, પ્રત્યાખ્યાન અને પ્રતિક્રમણ કરવા કહે છે અને આધા કર્માદિ દોષને છોડવા કહે છે ત્યારે આ કુંદકુંદાચાર્ય જ્ઞાનભાવને આગળ કરી તે વાતને જતી કરે છે. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાનાદિને સપૂચા ત્યાગી દેવાનું કહેવાને બદલે નિમિત્ત-નૈમિત્તિકભાવનો ખોટો ખ્યાલ ઊભો કરી આખી બાબત જે સરળ છે તેને જટિલ બનાવી દે છે. આગમોની અંદર એ વસ્તુને જે રીતે સમજાવી છે તે કરતાં કોઈક જુદી જ રીતે સમજાવી છે. વાંચો.—

अपडिक्कमणं दुविहं अपच्चक्खाणं तहेव विणेयं ।
एएणुवएसेणं य अकारको वण्णिओ चेदा ॥ २८३ ॥

अपडिक्कमणं दुविहं दव्वे भावे तहा अपच्चक्खाणं ।
एएणुवएसेण य अकारओ वण्णिओ चेदा ॥ २८४ ॥

जावं अपडिक्कमणं अपच्चक्खाणं य दव्वभावाणं ।
कुव्वइ आदा तावं कत्ता सो होइ णायव्वो ॥ २८५ ॥

અર્થ:—અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન બે પ્રકારે છે એમ સમજવું. એ ઉપદેશે કરી ચેતા (આત્મા) અકારક છે એમ કહેવું. (૨૮૩). અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે એ ઉપદેશે કરી ચેતા અકારક વર્ણવ્યો છે. (૨૮૪).

જ્યાં સુધી દ્રવ્ય (વસ્તુ) અને ભાવ (રાગાદિ)ના અપ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન છે ત્યાં સુધી આત્મા કર્તા છે એમ સમજવું. (૨૮૫).

વિવરણુ:—આચાર્યનો ઉપર્યુક્ત ગાથામાં નિર્દિષ્ટ ભાવ સમજી શકાય તેમ નથી. ૨૮૩–૨૮૪ મી ગાથામાં જીવને અકારક કહીને તેમજ તરત જ ત્યાર બાદની ૨૮૫ મી ગાથામાં ચેતા (આત્મા) ને કર્તા કહીને એક પ્રકારનું અભેદ્ય, વિરોધી વાતાવરણુ ઉભું કર્યું છે. રાગ અને વસ્તુને સમજી જીવ ત્યાગ કરે તો અને પ્રતિક્રમણુ કરે તો સેંજે બંધ પદાર્થથી મુક્ત થઇ શકે. પરંતુ આચાર્ય તો એ વાતને અલ્પાંશે પણુ સ્પર્શતા નથી; પરંતુ અપ્રતિક્રમણુ અને અપ્રત્યાખ્યાન કહી વાતને અસ્પષ્ટ બનાવી દીધી છે. એમ આગળ પણુ ગુંચવણુ વાળી જ વાત રજુ કરે છે.

સરસ, વિરસ આહાર તથા માનાપમાનાદિ ચિંતા રૂપ કારણુ હોય તો પણુ જ્ઞાની જનોને બંધ છે જ નહિ. વીતરાગ પુરુષોએ કહ્યું છે કે આધાકર્માદિ દોષયુક્ત આહાર લેવો એ જ્ઞાનીનો વિષય નથી ત્યારે આ કુંદકુંદાચાર્ય, એ પુદ્ગલભાવ છે એટલે જ્ઞાની જનો એમાં રાચતા નથી તો પછી બંધ હોય જ ક્યાંથી એમ કહે છે. વાંચો:—

आधाकम्माईया पुग्गलदव्वस्स जे इमे दोसा।
कह ते कुव्वइ णाणी परदव्वगुणाउ जे णिच्चं ॥ २८६ ॥
आधाकम्मं उद्देसियं य पुग्गलमयं इमं दव्वं ।
कह तं मम होइ कयं जं णिच्चमचेयणं उत्तं ॥ २८७ ॥

અર્થ:—આધાકર્માદિ દોષો પુદ્ગલ દ્રવ્યના છે. તે પરદ્રવ્યના ગુણોને જ્ઞાની પોતાના કેવી રીતે કહે? આધાકર્મ અને ઉદ્દેશિક એ પુદ્ગલમય દ્રવ્ય છે. એ મારા છે એમ કેવી રીતે માની શકાય? કારણુ એ નિત્ય અને અચેતનમય છે. ભાવાર્થ એ છે કે આધાકર્માદિ આહાર અને ઉદ્દેશિકાદિ આહાર પુદ્ગલ દ્રવ્યથી ઉત્પન્ન થયેલા છે. તેમાં જ્ઞાનીને શું લેવા દેવા? જ્ઞાની તો એ વસ્તુ મારી છે એમ કદી માનતો નથી. જ્ઞાની છે તે તો ચેતનમય છે અને આહાર તો અચેતનમય છે. એટલે એ બન્નેને એક બીજા સાથે સંબંધ ન હોઈ શકે.

વિવરણ:–આ જે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન વિધિ અને આધાકર્માદિ આહાર ન લેવા વિષેની પ્રવૃત્તિ વીતરાગ પુરુષોએ જે વિહિત તથા નિષિદ્ધ છે એમ બતાવ્યું છે તે કુંદકુંદાચાર્યની દૃષ્ટિએ ઇષ્ટ નથી. એમની દૃષ્ટિ વીતરાગધર્મથી પરાઙ્મુખી છે. પોતાનું જીવન એમણે ગમે તે રીતે વીતાવ્યું હોય પરંતુ તેમના વિચારો આગમવિરુદ્ધ છે. તેમનું મુનિપણું પણ, આ ઉપરથી અનુમાન થાય છે કે, આગમથી વિરુદ્ધજ હોવું જોઇએ. નવતત્વની ચર્ચાના બહાના તળે તેમણે પોતાના સ્વચ્છંદી વિચારો "સમયસાર" દ્વારા વહેતા મુકયા છે એમ જ લાગે છે. જ્ઞાનીને તથા સમ્યગ્દૃષ્ટિને બંધ નથી એ સ્થળે સ્થળે તેમણે કહ્યું છે. જેટલો ભાર આ વસ્તુ ઉપર મુકયો છે તેટલો ભાર તેમણે સંયમ તથા ત્યાગ ઉપર નથી મુકયો. દ્રવ્ય અને ભાવ, વ્યવહાર અને નિશ્ચયનું પોતાની મન ફાવતી ઢબે પૃથક્કરણ કરી આખી વસ્તુને ગુંચવાડા ભરી બનાવી મુકી છે. તેમના "પ્રવચનસાર", "નિયમસાર", અને "પંચાસ્તિકાય" વીતરાગભાષિત આગમોની નજીક છે પરંતુ "સમયસાર"ની આખી પ્રરૂપણા અનાગમિક છે.

બંધતત્ત્વની ચર્ચા બાદ તેમણે મોક્ષતત્ત્વની વિવેચના કરી છે પરંતુ એ મોક્ષપ્રાપ્તિમાં ત્યાગ અને પૌરુષની જરૂરત છે એ બાબત તેમણે જણાવીજ નથી. સ્વ–ભાવ અને પરભાવની જાળમાં પોતે ફસાઈ પડયા છે અને બીજાને પણ ફસાવવાની કુચેષ્ટા કરી છે. સમ્યગ્દૃષ્ટિ ગમે તેવી હોય અને આત્મા સિવાયના બધા ભાવ પરભાવ છે એમ કહેવાથી શું મોક્ષ થઈ જવાનો? અગ્નિ શબ્દ જેના ઉપર લખવામાં આવ્યો હોય એવી કાગળની ચબરખીઓ રૂની ગાંસડીમાં નાખો તો તેથી શું રૂની ગાંસડી સળગી જશે ખરી? ઘણા મિથ્યા૰ દૃષ્ટિ લોકો એવો પ્રેમ પ્રભુ સાથે બતાવે છે. અને કહે છે કે આમાંનું મારૂં કાંઇ નથી–આ બધું પ્રભુનું છે. તો તેમ કહેવાથી શું તેનો મોક્ષ થઇ જશે? જીવ, અજીવ, પુણ્ય, પાપાદિ તત્ત્વો જાણ્યા તેથી

શું મુક્તિ મળી જશે? ચોથે જીવસ્થાનકે સત્ય જ્ઞાન ઘણાને હોય છે છતાં એમનો મોક્ષ થતો નથી કારણકે સમજણ સાથે એ સમજણ ઉપર પ્રતિષ્ઠાપિત ત્યાગયુક્ત ચારિત્ર્ય હોવું જોઈએ ચારિત્રય વિનાની લાંબી, પહોળી વાતો નકામી છે.

મોક્ષ માટેના તેમના વિચારો માટે વાંચો:—

जया विमुंचए चेया कम्मफलमणंतयं ।
तया विमुत्ती हवइ जाणओ पासओ मुणी ॥३१५॥

અર્થ:—જ્યારે ચેતા (આત્મા) અનંત કર્મફલને છોડી દે છે ત્યારે તે મુક્ત થાય છે અને ત્યારે તે જ્ઞાતા અને દૃષ્ટા હોય છે. વળી વાંચો:—

अणाणी कम्मफलं पयडिसहावट्ठिओ दु वेदेइ ।
णाणी पुण कम्मफलं जाणइ उदियं ण वेदेइ ॥३१६॥

અર્થ:—અજ્ઞાની જીવ પ્રકૃતિ-સ્વભાવમાં રહેલા કર્મફલને વેદે (ભોગવે) છે પરંતુ જ્ઞાની પુરુષ તો ઉદયમાં આવેલા કર્મને જાણે છે પણ ભોગવતા નથી. એમનો કહેવાનો આશય એ છે કે અજ્ઞાનીને શુદ્ધ આત્માનું ભાન નથી એટલે એ કર્મને પોતાના માને છે અને એટલે વેદે છે. જ્ઞાની જનોને શુદ્ધાત્માનો અનુભવ છે એટલે તેમને અહંતા નથી અને એથી વેદતા પણ નથી. માત્ર એ જાણેજ છે.

વિવરણ:—અહિં એ શંકા સ્વાભાવિકપણે થાય છે કે જ્ઞાની અને અજ્ઞાનીમાં ફેર છે એ વાત સ્પષ્ટ છે પણ અજ્ઞાનીને દુઃખ થાય છે તો જ્ઞાનીને શું દુઃખ થતું નહિ હોય? જ્ઞાની કષાય અને અહંભાવને સેવે નહિ પરંતુ તેના શરીરમાં વ્યથા થાય કે નહિ? જો પીડા ન થાય તો તેનામાં ચેતન નથી એમ પુરવાર થાય છે. દુઃખનો અનુભવ ચેતનને તો થવોજ જોઇએ; જડ હોય તો જુદી વાત. આગળ વાંચો:—

णिव्वेयसमावण्णो णाणी कम्मफलं वियाणेइ ।
महुरं कडुयं बहुविहमवेयओ जेण सो होइ ॥ (૩૧૮)

અર્થ:—નિર્વેદ (વૈરાગ્ય) ને પામેલો જ્ઞાની જીવ કર્મફલને જાણે છે એ કર્મફળ મધુર, કડવા અને અનેક પ્રકારના છે એમ સમજે છે તેથી તે અવેદક (અભોક્તા) છે. ભાવાર્થ એ છે કે જ્ઞાની પોતાના અધીનપણે કર્મનો કર્તા નથી તેમ ભોક્તા પણ નથી; કેવલ જ્ઞાતા-દૃષ્ટા છે.

વિવરણ:—કુંદકુંદાચાર્ય જ્ઞાનીની સ્થિતિ જણાવે છે એ વાત બરાબર છે. પરંતુ વિચાર કરવો જોઇએ કે સાતા, અસાતારૂપ સુખ, દુઃખ જ્ઞાનીના શરીરમાં શું જણાતા નથી? શું આમ કલ્પના કરવાથી જ્ઞાનીજનો સુખ, દુઃખના અનુભવથી મુક્ત થઈ જઇ શકે છે? એ કર્મ મારા નથી તો શરીર કોનું છે? જીવ જ્યાં સુધી શરીર સાથે છે ત્યાં સુધી સુખ, દુઃખનો પ્રસંગ જીવ સાથે શરીરને પણ આવે જ છે. ગમે તેટલી ના પાડો પરંતુ જીવ, જ્ઞાની હોય તોપણ વ્યથાથી પીડાય જ છે. એ વ્યથારૂપ કાર્યનું કારણ જીવે પોતે જ ગમે ત્યારે પણ કર્યું છે. જ્ઞાની થઈ ભલે ક્લેશ ન કરે પરંતુ અસંખ્યાત પ્રદેશમાં જીવ અવશ્ય વેદે છે. જો વેદના નથી તો કર્મ નથી. જો કર્મ નથી તો શરીર નથી. પરંતુ જ્યાં શરીર છે ત્યાં કર્મ છે અને જ્યાં કર્મ છે ત્યાં ઉદયભાવ છે. મનુષ્ય પૂર્ણજ્ઞાની (કેવલજ્ઞાની) ન થાય ત્યાંસુધી તેના જીવનમાં રાગ–દ્વેષની પરિણતિઓ છે અને મોહ તથા શોકની સ્પંદનાઓ ક્ષણે, ક્ષણે ઉપસ્થિત થાય જ છે. ભલે સમ્યગ્દષ્ટિ યુક્ત થઇ વૈરાગ્યમાં આવી જઇ રાગ, દ્વેષ વિરહિત થવાના ચાળા કરે પણ રાગ, દ્વેષ સમૂળગા ગયા વિના ક્યારેય એ એવી સ્થિતિ મેળવી શકતો નથી. માત્ર એકલી વાતો કરવાથી રાગ, દ્વેષ છૂટી શકતા નથી. રાગ, દ્વેષ છોડવા માટે તેણે સૌથી પહેલાં કર્મ થવાના કારણો ઘટાડવા જોઈએ. ભલે વ્યવહાર નય કહે અથવા અશુદ્ધ નય કહે પરંતુ ક્રમવાર જીવસ્થાનક ઉપર આવ્યા વિના એ ઉચ્ચ સ્થિતિ–રાગ, દ્વેષ રહિત

દશા–પ્રાપ્ત કરી શકાતી નથી. ચોથાથી બારમા જીવસ્થાનક સુધી જીવને ઉપર ચડવાને સાધક દશાના પગથીયાં છે. એ પગથીયાં ઉપર ક્રમવાર આવવાને ક્રમે, ક્રમે અજ્ઞાન, કષાય, અને વિષયની સ્થૂલ અને સૂક્ષ્મ પ્રકૃતિઓનો ક્ષયોપશમ થવો જોઇએ. ક્ષયોપશમ થવા માટે એ ક્રમિક જીવસ્થાનકો ઉપકારક છે. અશુદ્ધ નય આવ્યા વિના રાગ, દ્વેષનો વિનાશ થાય તેવું તેરમું જીવસ્થાનક આવે શી રીતે? રાગ, દ્વેષ ન કરવો પરંતુ તેમ થવામાં જે ક્રમવાર જીવસ્થાનક જોઇએ તે વિષે કાં વાત થાય છે? ચારિત્ર્યાવરણ પ્રકૃતિઓનો અને તેને મદદ કરનાર અવ્રત, પ્રમાદનો ત્યાગ કરવા જીવે પ્રથમ પ્રયત્ન કરવો જોઇએ. અર્થાત્ મુકિત મેળવવામાં સંપૂર્ણ અવ્રત, પ્રમાદ, અને કષાય છોડતાં છોડતાં રાગ, દ્વેષ છૂટે છે. પરંતુ જીવ જ્યાંસુધી અવ્રત અને પ્રમાદના કારણો છોડે નહિ અને કહે કે રાગ, દ્વેષ ન કરવો તો તે કાર્ય બનશે ખરૂં? વીતરાગ દર્શને તો આવી યુકિતવાલી વાતો કરી નથી. એટલે હિંસા, અસત્ય વગેરે સેવતાં છતાં હું નથી સેવતો અથવા એ પર-ભાવ છે એમ જાણી રાગ, દ્વેષ નથી કરતો એવું આ જૈન દર્શન કહેતું નથી.

જૈન દર્શન તો કહે છે કે જે જે કરે છે તે જીવ કરે છે, અને ભોગવે છે તે પણ જીવજ ભોગવે છે. અથવા કર્મનો કર્ત્તા અને ભોકતા એકલો જીવ છે, નહિ કે કર્મ. " સમયસાર" કહે છે કે જીવ, જીવના પર્યાયનો કર્ત્તા છે અને કર્મ, કર્મના પર્યાયનો કર્ત્તા છે એક બીજા એક બીજાના કર્ત્તા હોઈ શકે નહિ. જૈન દર્શન કહેછે કે ધર્મા-સ્તિકાયાદિ ષટ્ દ્રવ્યો છે તેમાં બધામાં એક માત્ર જીવ કર્ત્તા અને ક્રિયાકારક છે અર્થાત્ જીવજ કર્મનો કારક છે. જો જીવ નથી તો કર્મને કર્યાં કોણે? જીવ નથી તો રાગ, દ્વેષનો ઉત્પાદક કોણ? જીવ નથી તો આ સંસાર જે ચતુર્ગતિરૂપ છે તેમાં પરિભ્રમણ કોણ કરે છે? જીવ નથી તો પુણ્ય, પાપ અથવા શુભ, અશુભ પ્રવૃત્તિ કોણ કરે છે વાચકોએ સમજવું જોઇએ કે " સમયસાર " પુસ્તક કહે છે તે જો

બરાબર હોય તો અથવા કર્મનો કર્ત્તા જીવ ન હોય તો આ સંસારનો પ્રવર્ત્તક કે સંચાલક શું જડ છે એમ માની શકાય છે? જીવ વિના આ બધી પ્રવૃત્તિ શું હોવી સંભવે કે? જડમાં ક્રિયા છે; જડમાં હલન, ચલન છે પણ કર્તૃત્વ તેમાં નથી એમ જૈન દર્શન કહેછેઅને આપણી આંખે દેખાય છે. પુદ્‌ગલ કે જેમાં શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ વગેરે ગુણોછે તે પોતાની જાતે જીવને શું સ્પર્શી શકે? ખરેખર નહિજ. જો જીવ પોતાની ઇંદ્રિયોથી એ ગુણોને ગ્રહે નહિ તો એ ગુણો જીવના ભોગમાં આવતા નથી. અથવા જો જીવ એ વિષયોનો ગ્રાહક ન થાય તો રાગ અને દ્વેષરૂપ કર્મ તેને (જીવને) સ્પર્શે પણ નહિ. જીવ પોતાના સ્વરૂપમાં રહે તો કર્મનો કર્ત્તા નથીજ. પણ અત્યાર સુધી જીવ એ કર્મના કારણો મેળવવામાં અને એ કારણોથી ઉત્પન્ન થયેલ કાર્યરૂપ કર્મ મેળવવામાં રોકાઈ રહ્યો છે તથાપિ આપણે કહીએ કે જીવ કર્મનો કર્ત્તા નથી એ વાત વિચારકોના હૃદયમાં કયાંથી ઉતરશે? ઇંદ્રિયો, વિષયો અને કર્મો—એ બધી પૌદ્‌ગલિક વસ્તુઓ છે. જીવ એ બધાથી જૂદોછે તો પણ એ વિષયોમાં રસ લેવા લોલુપતા સેવી રહ્યો છે. વસ્તુ સ્થિતિ આવી છે તો પછી કર્મો એના ફલ સ્વરૂપે આત્મા પાસે કેમ ન આવે? અર્થાત્ કર્મો આત્મા નજીક જરૂર આવશેજ. એ કર્મો જીવકૃત છે એટલે એને સુખ, દુઃખનો અનુભવ કરાવવા એ એની પાસે આવવાનાજ. કર્મો જો કે પૌદ્‌ગલિક છે તો પણ જીવે પોતાની પ્રકૃતિથી પુણ્ય, પાપ રૂપ શુભ, અશુભ ક્રિયાઓ કરી છે તેના ફળરૂપે એ કર્મો જીવ ઉપર આવી બાઝયા છે. દાખલા તરીકે ઔષધ જડ છે પરંતુ તેમાં કાંઇક ગુણ અને કાંઈક અવગુણ રહેલા છે. હવે જો એ ઔષધને શરીરમાં નાખવામાં આવે તોજ એ ગુણ, અવગુણ રૂપ પોતાનું કાર્ય બતાવે પરંતુ એને શરીરમાં નાખવામાંજ ન આવે તો એ ગુણ, અવગુણ કયાંથી પ્રકટાવી શકવાનું હતું? તાત્પર્ય એ છે કે ઔષધનો ભોકતા જીવ ઔષધને ન વાપરે, તો ઔષધ એકલું પોતાનો ગુણ ધર્મ પ્રકાશી શકતું નથી. જીવ પોતાના દ્રવ્યનો જેમ

કર્ત્તા અને ભોક્તા છે તેમ વિશ્વના તમામ દ્રવ્યોનો પણ કર્ત્તા અને ભોક્તા છે. આની મતલબ એ પણ છે કે જીવ સિવાયના બધા દ્રવ્યો અકર્ત્તા અને અભોક્તા છે. કર્તૃત્વ અને ભોક્તૃત્વના ગુણોનું આરોપણ પણ એકલા જીવ નામના દ્રવ્યમાં જ થઇ શકે તેમ છે. એ સિવાયના ધર્માસ્તિકાયાદિ અન્ય દ્રવ્યો પોતાના સ્વભાવમાં સ્થિર છે અને રહેશે; તેમનામાં ચૈતન્ય, જ્ઞાન, કર્તૃત્વ કે ભોક્તૃત્વાદિ કોઇ ગુણ નથી.

હવે આપણે બીજી રીતે આ આખી વસ્તુને તપાસીએ. ચેતન એટલે કે જીવ જો કર્મોનો કર્ત્તા નથી એમ માનીએ તો એ કર્મોનો ભોક્તા પણ નથી એમ માનવુંજ પડશે. હવે આપણે જો એમ માનીશું તો આ કેવલ પ્રકૃતિ (કર્મ) બધી પ્રવૃત્તિઓ અને સંસાર પરિભ્રમણ કરે છે એમ આપોઆપ માનવું પડશે. ઘરમાં સ્ત્રી કાર્ય કરતી હોય છે; પુરુષ માત્ર દૃષ્ટા હોય છે. આમ જો આપણે માનશું તો સાંખ્ય દર્શનનું અનુસરણ કર્યું કહેવાશે જે ઇષ્ટ નથી. આ બધું પ્રકૃતિ (કર્મ) કરે છે; જીવ તો તટસ્થ છે એ સાંખ્ય દર્શનનો મુખ્ય સિદ્ધાંત છે. પરંતુ એ જૈન દર્શનથી તદ્દન વિપરીત છે. આચાર્ય કુંદકુંદ આ સાંખ્ય સિદ્ધાંતનો સ્વીકાર કરે છે. પરંતુ એ સ્વીકાર કરવામાં તેમને આપત્તિ નડતી હોઈ પોાતની મનગમતી રીતેજ એનો એ સ્વીકાર કરે છે અર્થાત્ સાંખ્ય દર્શનની જેમ જીવ તથા પુદ્ગલોને અપરિણામી નહિ માનતાં તેઓ જૈન દર્શનાનુસાર એ બન્નેને પરિણામી કહે છે કારણકે એમ ન કહે તો સંસારસ્થ જીવ કધિ પણ મોક્ષ ન મેળવી શકે એ આડખીલી એમને નડે છે. સાંખ્ય દર્શનનો શ્લોક આ પ્રમાણે છે.;—

प्रकृते: क्रियमाणानि गुणै: कर्माणि सर्वश: ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥

અર્થ:—પ્રકૃતિના ગુણોને લઇને સર્વત્ર ક્રિયાઓ થઈ રહી છે. અહંકારથી ઘેરાયેલો આત્મા નકામો પોતાની જાતને કર્ત્તા ગણે છે. બાકી એનું કોઈ નથી. એટલે કે ખરી રીતે એ કર્ત્તા નથી.

આ બધી ચર્ચાથી એટલું સ્પષ્ટ થયું હશે કે કુંદકુંદાચાર્ય સાંખ્યોના ઉપર્યુક્ત સિદ્ધાંત સાથે સંમત છે. જીવને કર્મોનો કર્ત્તા કહેવો એ એમના હિસાબે મિથ્યા દષ્ટિ છે. અર્થાત્ તેમ નહિ કહેનાર સમ્યગ્દષ્ટિ છે.

અહિંયા જે વિચારવાનું છે તે એ છે કે જીવને કર્મોનો કર્ત્તા કહેવો તે મિથ્યાદષ્ટિ છે કે સમ્યગ્દષ્ટિ ? જૈન દર્શન તો જોર, શોરથી અસંદિગ્ધપણે પોકારી પોકારીને કહે છે કે જીવ કર્મોનો અને કર્મ રહિત જે મોક્ષદશા તેનો પણ કર્ત્તા છે. "સમયસાર" એ વાતનો ઈનકાર કરે છે. અહિં આપણને જરૂર એમ લાગ્યા વિના નહિ રહે કે કુંદકુંદાચાર્ય ભ્રમની જાળમાં અહિંયા ફસાઈ ગયા છે. એક બાજુ તેઓ જીવને તથા પુદ્ગલને પરિણામી કહે છે અને બીજી બાજુ સાંખ્યદર્શનના અક્રિયાવાદના અથવા જ્ઞાનવાદના સિદ્ધાંતને સ્વીકારે છે. એમના મતે જ્ઞાનવાદ વધારે સુંદર છે. ક્રિયાવાદનું આકર્ષણ તેમને નથી. "સમયસાર" માં ડગલે અને પગલે તેમણે જ્ઞાનવાદના સિદ્ધાંતને આગળ કર્યો છે. જ્ઞાનીને કાંઈ કહેવાનું કે કાંઈ વેદવાનું નથી એમ તેઓ કહે છે. જુઓ:—

ण वि कुव्वइ ण वि वेदइ णाणी कम्माइं बहुपयाराइं ।
जाणइ पुण कम्मफलं बंधं पुण्णं च पावं च ॥ (३१९)

("સમયસાર", ગાથા ૩૧૯)

**અર્થ**:—તેઓ કહે છે કે જ્ઞાનાવરણીયાદિ બહુ પ્રકારના કર્મોને જ્ઞાની કરતો નથી તેમજ તેને વેદતો પણ નથી. જો કે પુણ્ય, પાપ રૂપ બંધ જે કર્મનું ફળ છે તેને તે (કેવળ) જાણે છે. આશય એ નિકળે છે કે કુંદકુંદાચાર્યના અભિપ્રાય મુજબ જીવ કર્મનો કર્ત્તા કે ભોક્તા પણ નથી. તે છે કેવળ જ્ઞાતા અગર દૃષ્ટા. હવે એને દૃષ્ટા કેવી રીતે માને છે તે જોઈએ.

दिट्ठी जहेव णाणं अकारयं तह अवेययं चेव ।
जाणइ य बंधमोखं कम्मुदयं णिज्जरं चेव ॥

("સમયસાર", ગાથા ૩૨૦)

અર્થ:—દૃષ્ટિ (નેત્ર) જેમ પદાર્થોથી ભિન્ન અથવા અકારક અને અવેદક હોવા છતાં બધા પદાર્થોને દેખે છે તેમ જ્ઞાન પણ અકારક અને અવેદક હોવા છતાં બંધ, મોક્ષ, કર્મોદય, અને નિર્જરાને જાણે છે. મતલબ કે આંખ સર્વ વસ્તુને દેખે છે પરંતુ વસ્તુથી ભિન્ન છે તેમ જ્ઞાન જાણવા છતાં કર્ત્તા નથી તેમજ ભોકતા પણ નથી.

વિવરણ:—હકીકત એમ છે કે "સમયસાર" જ્ઞાનની અને જ્ઞાનીની વકીલાત કરે છે. પરંતુ અહિંયા એક શંકા એ ઉભી થાય છે કે એ જ્ઞાન અને એ જ્ઞાની કયાં છે? એવા જ્ઞાની તેરમા કે ચૌદમા જીવસ્થાનકમાં સમજવા કે તેનાથી નીચા જીવસ્થાનકમાં સમજવા?

જ્ઞાનની અંદર શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનનો પણ સમાવેશ થાય છે એ વાત કુંદકુંદાચાર્યની ધ્યાન બહાર રહી ગયેલ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયાદિ કર્મોનો સર્વથા ક્ષય થયા પછી કેવળજ્ઞાન ઉદ્દભવે છે. માટે કેવળ જ્ઞાન કે કેવળજ્ઞાની વિષે તો શંકાને સ્થાન જ નથી. પરંતુ શ્રુતજ્ઞાન ધરાવનાર શ્રુતજ્ઞાની દશમા જીવસ્થાનક સુધીમાં હોય ત્યાંસુધી કર્મ કરતા નથી અને ભોગવતા પણ નથી એમ કોણ કહી શકશે? શ્રુતજ્ઞાની સમ્યગ્દશામાં હોય પરંતુ કર્મબંધ એમને પડતો નથી એ વાત કોણે કહી છે? તેરમા અને ચૌદમા જીવસ્થાનકમાં ગયેલા જીવો કર્મોને ન વેદે એ વાત તો જાણે કે ઠીક છે પરંતુ શ્રુતજ્ઞાની તો ક્ષણે ક્ષણે કર્મને વેદે છે જો કે મિથ્યાદૃષ્ટિની અને એમની વેદનામાં ભેદ જરૂર છે એટલે કે પ્રથમનાની વેદના તીવ્ર હોય છે જ્યારે બીજાની શિથિલ હોય છે. કુંદકુંદાચાર્ય એમ માનતા હોય તેમ લાગે છે કે મિથ્યાદૃષ્ટિનો લોપ થયો એટલે સંસાર અલ્પ

રહ્યો–સાગરમાં બિન્દુ જેટલો. પરંતુ સાથે સાથે એમણે એ પણ જાણવું જોઇતું હતું કે સમ્યગ્દષ્ટિ જીવ ચારિત્ર્ય મોહનો ક્ષયોપશમ કે ક્ષય ન કરે તો એમને પણ સંસાર ભ્રમણ ઘણા કાળ સુધી કરવાનું હોય છે. એ સમ્યગ્દષ્ટિ જીવો જ્ઞાની હોવાનો ડોળ ભલે કરે તો પણ જ્ઞાનાવરણીય અને વેદનીયાદિ કર્મોથી અંદરમાં તેઓ પીડાતા હોય છે. તેઓ પોતાને જ્ઞાતા કે દૃષ્ટા કહે તેથી તેઓ જ્ઞાતા કે દૃષ્ટા બની જઇ શકતા નથી. કોઇ મનુષ્ય જ્ઞાનપૂર્વક વિષભક્ષણ કરે અને એ વિષ શરીરમાં પરિણમી રહ્યું હોય તો પણ તે કહે કે તે તો માત્ર દૃષ્ટા જ્ઞાતા–છે એ એની વાત કોઈ માની શકશે ખરૂં ? શું એ વિષ મિથ્યાદૃષ્ટિને વિષ સમાન અને સમ્યગ્દષ્ટિને અમૃત સમાન લાગતું હશે ? જ્ઞાન અને કર્મનો ઉદયભાવ એ બન્ને વસ્તુઓ જુદી જુદી છે.

જેમને કેવળ જ્ઞાન છે તેમને વિષ કે દુઃખનું જ્ઞાન છે પરંતુ તેઓ સહન કરી લે છે જ્યારે શ્રુત જ્ઞાનીને એવું જ્ઞાન હોવા છતાં સહન કરી શકતા નથી. બન્ને વચ્ચેનો આ જ મૌલિક તફાવત છે. અપથ્યભોજન ભોજી જીવ અપથ્ય ભોજનથી ખરેખરો દુઃખ પામી રહ્યો હેય છતાં ઉપહાસના ડરથી એ દુઃખ એને નથી થઈ રહ્યું એવું બતાવવાનો ડોળ કરી રહ્યો હોય છે. તો શું આપણે એમ માનવું કે તેનો જ્ઞાતા હોવાનો, દૃષ્ટા હોવાનો દાવો સાચો છે ? આવી જ્ઞાન દશા કેવળ ઉચ્ચ શ્રેણીના પુરુષોમાં જ હોવાનો સંભવ છે. સહન કરવાનું તો તેને પણ હોય છે પરંતુ નીચી કોટિના જીવો સમભાવે વેદી શકતા નથી જ્યારે ઉચ્ચ કોટિના જીવો સમભાવે વેદી શકે છે. આ જ અને આટલો જ તફાવત છે. પરંતુ તેથી કરી વિષ વિષ રૂપે પરિણમતું નથી એમ કોઇ રીતે કહી શકાય તેમ નથી.

આપણે અહિં શ્રેણિક રાજાનો દાખલો લઇએ. શ્રેણિકમાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દષ્ટિ બન્ને છે. તેઓ અત્યારે સાતમી નરકમાં છે. નરકની અનેકાનેક ભીષણ યાતનાઓ તેઓ અત્યારે સહી રહ્યા છે.

પરંતુ તેઓ શું એમ કહેશે કે તેમને નરકની યાતનાઓથી કાંઈજ દુઃખ નથી થતું? અસાતા વેદનીય જન્ય અનેક દુઃખો તેમને સહન કરવા પડતા હશે. પરંતુ તેઓ શું એમ કહેશે કે એ દુઃખો એમને દુઃખ લાગતા જ નથી? તેમના આત્માને એક પળ માટે પણ સુખનો આસ્વાદ આવતો હશે શું? ખરેખર નહિ. અલબત્ત, એમના વેદવામાં અને મિથ્યાદષ્ટિ જીવના વેદવામાં ઘણો જ ફેર છે. સમ્યગ્દષ્ટિ જીવ સમભાવે વેદે; મિથ્યાદષ્ટિ આર્ત્તધ્યાને અને રૌદ્રધ્યાને વેદે. વેદવાનું બન્નેને પરંતુ એ વેદવાની બન્નેની પદ્ધતિમાં આસમાન જમીનનો ફરક છે એ વાત ચોક્કસ.

વસ્તુસ્થિતિ આમ હોવા છતાં કુંદકુંદાચાર્ય વીતરાગ ભાષિત જિનાગમોથી વિરુદ્ધ જઇ પોતાની મન ફાવતી રીતે પોતાના વિચારોનું, મન્તવ્યોનું ચક્ર ચલાવી રહ્યા છે. પોતાના વકતવ્યને લોકોના ગળે તેઓ કેવી રીતે ઉતારી રહ્યા છે તે હવે જોઇએ.

તેઓ કહે છે કે જીવો કર્મથી જ્ઞાની અને કર્મથી અજ્ઞાની બને છે; કર્મથી જાગે છે અને કર્મથી સુએ છે; કર્મથી સુખી અને કર્મથી દુ;ખી થાય છે; કર્મથી શુભ અને કર્મથી અશુભ પામે છે અને કર્મથીજ ઉંચે, નીચે, અને તિર્યક્ દિશામાં સ્થાન પ્રાપ્ત કરે છે. તેઓ આગળ વધી કહે છે કે આવા મંતવ્યો આપણે પરંપરાશ્રુતિથી મેળવ્યા છે પરંતુ તેઓ શંકા ઉઠાવી કહે છે કે જો આમજ હોય તો જીવ કર્તૃત્વથી ક્યારે મુક્ત થશે? અલબત્ત, કદિ નહિ થાય એવું કહેવાનો તેમનો ધ્વનિ છે.[1]

पुरुसिच्छियाहिलासी इच्छीकम्म च पुरिसमहिलसइ ।
एसा आयरियपरंपरागया एरिसी दुसुइ[2] ॥

---

૧. "સમયસાર", ગાથા. ૩૩૩, ૩૩૪, ૩૩૫.

૨. "સમયસાર" ગા. ૩૩૬

**અર્થ**:—પુરુષ પુરુષ શરીર (વેદ)થી સ્ત્રીને અભિલાષે છે અને સ્ત્રી શરીર (વેદકર્મ) થી પુરુષ શરીરને ચાહે છે. આવી આચાર્ય પરંપરાગત વાણી સંભળાય. છે

तम्हा ण को वि जीवो अबंभचारी उ अम्ह उवएसे ।
जम्हा कम्मं चेव हि कम्मं अहिलसइ इदि भणियं[1] ॥

**અર્થ**:—તે માટે અમારા ઉપદેશમાં કોઈ પણ જીવ અબ્રહ્મચારી નથી (એટલે કે બધા જ બ્રહ્મચારી છે). એટલા માટે જ કર્મ જ કર્મને ચાહે છે એમ (અમે) કહ્યું છે.

શ્રી. કુંદકુંદાચાર્ય કહે છે કે તેમને હિસાબે કોઈ પણ અબ્રહ્મચારી નથી અર્થાત્ બધા બ્રહ્મચારી છે એનો અર્થ શું સમજવો? જીવનું પરિણમન કર્માધીન છે એવું વીતરાગ દર્શનનું કથન શ્રી. કુંદકુંદાચાર્યને માન્ય નથી. કર્મ જ કર્મને ઇચ્છે છે એવું કહી શ્રી કુંદકુંદાચાર્ય આખા વિષયમાં ગુંચવાડો ઊભો કરે છે. સ્ત્રી પુરુષને ઇચ્છે અને પુરુષ સ્ત્રીને ઇચ્છે એ બ્રહ્મચર્ય કહેવાય? એ નામકર્મની પ્રકૃતિનો ઉદય ભાવ ન કહી શકાય? આ બધી ચર્ચાનો નિચોડ એક જ નિકળે છે અને તે એ કે વીતરાગકથિત આગમો તેમને માન્ય નથી તેમ જ કેવળ અકર્તૃત્વ પોષક સાંખ્ય દર્શન પણ તેમને મંજૂર નથી. જીવ ઉપર કર્મનું આધિપત્ય ન હોત તો અથવા કર્મની પરિણતિએ જીવનું પણ પરિણમન ન થતું હોત તો તે સ્વાભાવિક, શુદ્ધ, અને નિષ્ક્રિય હતો એ સહજ છે પરંતુ જીવ જ જ્યારે મન, વચન, અને કાયાના યોગથી કર્મની પ્રવૃત્તિ કરતાં શિખ્યો ત્યારે એ કર્મનો કર્તા થયો એમ કહેવું એમાં શું ખોટું છે?

પુરુષ સ્ત્રીને ઇચ્છે છે અને સ્ત્રી પુરુષ શરીરને ઇચ્છે છે એ આચાર્ય પરંપરા ગત વાણી છે. એમ શ્રી. કુંદકુંદાચાર્ય કહે છે તો કહેવાનું કે શું એ આગમ કથિત વાણી નથી? પુરુષ સ્ત્રીને ઇચ્છે છે

---

૧. "સમયસાર," ગા. ૩૩૭.

અને સ્રી પુરુષને મોહથી ચાહે છે એ વાત શું કલ્પના જન્ય છે કે જેથી તે વાતને શ્રી. કુંદકુંદાચાર્ય હસી કાઢે છે? પ્રકૃતિ પ્રકૃતિનું કામ કર્યે જાય છે; તેમાં જીવને કાંઈ લેવા દેવા નથી એવું તેમનું કહેવું થાય છે. સાંખ્ય દર્શનનો વિરોધ કરવા છતાં આખરે રસ્તો તો તેઓ તે જ પકડે છે.

जम्हा घाएइ परं परेण घाइज्जए सा पयडी ।
एएणत्थेण ।कर भण्णइ परघायणामिति[1] ॥

तम्हा ण को वि जीवो वघायओ अत्थि अम्ह उवएसे ।
जम्हा कम्मं चेव हि कम्मं घाएदि इदि भणियं[2] ॥

અર્થ:- જે પ્રકૃતિથી જીવ બીજાને મારે છે અથવા જીવ જેથી મરી જાય છે તે પરઘાત પ્રકૃતિ છે. પણ અમારા મતમાં અથવા ઉપદેશમાં જો તમે પૂછતા હો તો, જીવ કાંઈ ઉપઘાતક (નાશ કરનાર) નથી; કારણ કર્મ કર્મને હણે છે.

ઉપરની ગાથાથી સ્પષ્ટ થાય છે કે આત્માનું કર્તૃત્વ શ્રી. કુંદ-કુંદાચાર્ય સપૂચું નિષિદ્ધ કરે છે. સાંખ્યદર્શનાનુસાર પ્રકૃતિ કરે છે કારણ કે આત્મા અકારક છે. વળી શ્રી. કુંદકુંદાચાર્ય કહે છે કે મારો આત્મા આત્માને કરે છે એમ કહેવું તે મિથ્યા સ્વભાવ છે (ગા. ૩૪૦–૩૪૧).

अप्पा णिच्चो असंखिज्जपदेसो देसिओ उ समयम्हि ।
ण वि सो सक्कइ तत्तो हीणो अहिओ य काउं जे[3] ॥

અર્થ:–સિદ્ધાંતમાં અસંખ્યાત પ્રદેશી આત્મા નિત્ય કહ્યો છે તેથી તે આત્મા ઓછું કે વધારે કાંઈપણ કરવાને સમર્થ નથી.

---

૧. "સમયસાર", ગા. ૩૩૮.

૨. "સમયસાર", ગા. ૩૩૯.

૩. "સમયસાર", ગા. ૩૪૨.

વિવરણઃ-વાચકોને હવે બરાબર વિદિત થયું હશે કે સાંખ્ય દર્શનાનુસાર પ્રકૃતિ બધું કરે છે તે વાત પણ શ્રી. કુંદકુંદાચાર્યને મંજૂર નથી. ઉપરાંત, વીતરાગદર્શન મુજબ અગર કોઇ અન્ય દર્શન મુજબ જીવનું કર્તૃત્વ પણ તેમને ઇષ્ટ નથી. એટલે તેમણે ત્રીજોજ માર્ગ શોધી કાઢયો. તેમણે કહ્યું કે આત્મા અસંખ્યાત પ્રદેશી છે; નિત્ય છે; અને તેથી તે કાંઇ પણ ન્યૂન કે અધિક કરવા શક્તિશાળી નથી. પરંતુ અહિંયા એમણે આ જીવ કરે છે કે કર્મ એ બેમાંથી કાંઈ કહ્યું નથી. આવી રીતે તેમણે પોતાને માટે છટક બારી શોધી કાઢી છે.

## સારાંશ

નવ તત્ત્વની વિચારણાને ઓઠે શ્રી. કુંદકુંદાચાર્ય પોતાનો અભિપ્રાય-મત વાડો સ્થાપે છે. કુંદકુંદાચાર્ય ગમે ત્યારે થયા હોય, એમના તરફ લોકોની અભિરુચિ ગમે તે પ્રમાણમાં હોય પરંતુ એટલું તો ચોક્કસ છે કે તેમના વિચારોનો આગમ સાથે જરા પણ મેળ નથી. અર્થાત્ જિનાગમ પ્રણીત ત્યાગ અને સંયમધર્મ સાથે તેમના વક્તવ્યની જરા જેટલી પણ સંગતિ નથી. સ્ત્રી વેદથી પુરુષ શરીર ઉપર મોહ થાય છે અને પુરુષ વેદથી સ્ત્રી ઉપર એને આચાર્ય પરંપરા, કર્ણ શ્રુતિ કહી આગમોની અવહિલના કરે છે આ જગતમાં કોઇ અબ્રહ્મચારી નથી એવી ઘોષણા કરનાર માટે કેવો અભિપ્રાય બાંધવો એ વાંચકોજ સ્વયં વિચારી લે.

આજે વીતરાગભાષિત આગમો વાંચી, સાંભળી ઘણા ત્યાગી બને છે. વખતના વહેણ સાથે તેઓ શિથિલાચારી બને છે. એમાં "સમયસાર" જેવા પુસ્તકો તેમના હાથમાં આવે છે. તેમના વિચારોનું તેમાં સમર્થન થતું મળી રહે છે. તેઓ તેથી થનગની ઉઠે છે અને આ "સમયસાર" પુસ્તક એક અજોડ પુસ્તક છે એમ સાબીત કરવા તથા પ્રચાર કરવા મંડી પડે છે. આ પંચમ આરો છે. એમાં મનુષ્યો સહજે જ બહુલકર્મી હોય છે; ચારિત્રાવરણ મોહ-

નીય કર્મને લઇ ચારિત્રમાં મંદતા આવી જ ગમ્ર હોય છે એવામાં આ અને આના જેવા પુસ્તક મળી રહેતાં તેઓ ખુશખુશાલ થઇ જાય છે. આ તો ભાવતું હતું અને વૈદ્યે બતાવ્યું એના જેવો ઘાટ થયો પરંતુ રોગથી દર્દી રીબાઇ રહ્યો હોય અને પરહેજ જરા જેટલી પણ પાળવા અસમર્થ હોય ત્યારે વૈદ્ય તેને કડક અને સખત પરહેજ પાળવાનું કહે તો તે રોગીને ગમશે ખરૂં ? એ વૈદ્યને પડતો મુકી રોગી એવા વૈદ્ય પાસે જશે જે એને ઓછી કડક પરહેજ બતાવે. રોગીને રોગ મુકત થવાના તો ભાવ છે જ પરંતુ ઓછા ખર્ચે અને નહિ જેવી પરહેજ પાળીને. આવા વૈદ્ય તરફ ઘણા દર્દીઓ આકર્ષાય એ સ્વાભાવિક છે. "સમયસાર" ઓછી કડક પરહેજ બતાવનાર વૈદ્ય જેવો ગ્રંથ છે.

કુંદકુંદાચાર્યનો સમય જ શિથિલાચારના વાતાવરણથી વ્યાપ્ત હતો. એ વખતે આ ગ્રંથનો લોકોએ સત્કાર કર્યો; તો પછી અત્યારના લોકોની તો વાત જ શું પૂછવી ? સમાજને સાચો ત્યાગ ખપતો નથી કારણ કે એ પાળવો દુષ્કર છે. છતાં કોઈ કોઇ સંયમના અનુરાગી પણ નિકળી આવે છે પરંતુ તેઓ પણ માંડમાંડ એ સંયમ પાળી રહ્યા હોય એવો દેખાવ કરે છે. ઘણા ખરા તો સંયમનો અંચળો ફેંકી દઈ ભાગતા નાસતા ફરે છે અને કોઇ યુકિત, પ્રયુકિતથી પોતાના પરિવર્તનને સાચું ઠરાવવા કોશિષ કરતા હોય છે. "સમય-સાર" નું સ્થાન આવા પ્રકારના શિથિલાચારીઓના વર્તુળમાં છે. નવ તત્ત્વો પૈકીના સંવર અને નિર્જરા નામના તત્ત્વો ઉપર ચર્ચા કરતી વખતે પાંચ ઇંદ્રિયના કષાયને રોકવાની તથા બાર પ્રકારની તપશ્ચર્યાની વાત તેઓ કરતા નથી. ઉલટું, ભેદ વિજ્ઞાનની વાત કરી રાગ, દ્વેષ અને અજ્ઞાનને રોકવાની વાત કરે છે અને કહે છે કે આત્મા જ્ઞાયક છે અને એ માટે જ્ઞાન પ્રાપ્તિના ઉપાયો સમજાવે છે. હકીકત એ છે કે સાધકને મૂલ જે સાધનોની આવશ્યકતા છે તે બતાવવા એ સમયસાર પુસ્તકકાર બીજો માર્ગ ગ્રહણ કરે છે.

જૈન દર્શનના બ્હાના નીચે "સમયસાર" પુસ્તક અક્રિયા (જ્ઞાન) વાદને પોષી રહ્યું છે. ત્યાગ અને વૈરાગ્યમાં રહેવા માટે જ્યાં જ્યાં પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, નવ બ્રહ્મચર્ય, દશ સામાચારી ઈત્યાદિના બનેલા ક્રિયાકાંડની આવશ્યકતા છે ત્યાં ત્યાં એ બાબતો ઉપર ભાર દેવાને બદલે તેઓ મૌન સેવે છે અથવા વિચાર કરે છે તો તે જ્ઞાન-વાદનો આશરો લઇને કરે છે

એટલું તો ચોક્કસ પ્રતીત થાય છે કે આ સમયસાર પુસ્તક-કાર ત્યાગમાર્ગથી તદ્દન પાછા વળ્યા છે. પોતે જ પાછા વળ્યા છે એમજ નથી પરંતુ પોતાના પુસ્તક દ્વારા સમાજને ક્રિયાકાંડ તરફથી પાછા વાળી રહ્યા છે. એનો અનુયાયી સમાજ પોતાને જૈન દર્શના-નુયાયી કહેવડાવે છે પરંતુ ખરી રીતે તો તે જૈનદર્શનને ખાડામાં નાખી રહ્યો છે. એજ કારણે આજના જૈન સમાજના અમુક ભાગે એના અસલી ઘાટ અને વર્ણ ગુમાવ્યા છે. જૈન ધર્મના અહિંસા, સંયમ, અને તપ રૂપી ત્રણ સ્તંભો મૂળમાંથી એજ કારણે ખળભળી ઉઠયા છે. "સમયસાર" ના કર્ત્તા હિંસા ને હિંસા કહેતા નથી. તેઓ તો એમ કહે છે કે કોઈ કોઇની હિંસા કરતું જ નથી, કરી શકતું જ નથી. અર્થાત્ હિંસાથી જીવને કર્મ બંધ થાય છે એ વાત સાથે તેઓ સંમત નથી. "કસાયપાહુડ" માં તેઓ આથી વળી જુદી રીતે કહે છે કે હિસા પ્રમાદથી થાય છે અને અપ્રમાદીને હિંસા થતી જ નથી. જુઓ:—

अत्ता चेव अहिंसा अत्ता हिंसति णिच्छयो समये ।
जो होइ अप्पमत्तो अहिंसओ हिंसओ इयरो ॥

અર્થાત્ આત્મા જો પ્રમાદી હોય તો હિંસક અને અપ્રમાદી હોય તો અહિંસક એમ જિનાગમ કહે છે.

---

૧. "કસાય પાહુડ", પૃ. ૧૦૩ ઉપરની ગાથા.

હકીકત એમ છે કે "કસાય પાહુડ" થી આ "સમયસાર" ના કર્ત્તાએ વિચારનો પલટો લીધો છે. હિંસાને પ્રમાદનું કાર્ય કહી પ્રમાદથી હિંસા કર્મ લાગે છે. ત્યારે "સમયસાર" ના કર્ત્તાને એ વાતનો ધોખો નથી. શ્રી. વર્ધમાન સ્વામીને થઇ ગયાને કેટલીક સદીઓ જતાં જતાં આવડો મોટો પલટો થઇ ગયો છે તો હવે આજે આ કાલે કેટલો બધો પલટો થયો હશે? કુંદકુંદાચાર્ય તો તેમના આગમકાલ પછી તરતજ થયા છે તેટલામાંજ આવડું મોટું વિચાર પરિવર્તન કર્યું એ કાંઇ થોડા આશ્ચર્યની વાત નથી.

## વર્તમાન કાલ

ભગવાન મહાવીરના નિર્વાણ પછી થોડી શતાબ્દિમાં જૈન સમાજમાં અવ્યવસ્થાનું વાતાવરણ પ્રસરી ગયું હતું. અત્યારે તો બેશુમાર અવ્યવસ્થા ફેલાઈ ગઇ છે. કાળે કાળે મહાપુરુષ પાકતો અને અવ્યવસ્થાને સ્થાને, ધર્મના હ્રાસને સ્થાને, વ્યવસ્થા તથા ધર્મ વૃદ્ધિને સ્થાપતો પરંતુ એ મહાપુરુષ રૂપી સિતારો અસ્ત થયો, ન થયો તેટલામાંજ પુનઃ અવનતિના ખાડામાં સમાજ ધકેલાઇ જતો. ઘણી ઘણી વખત તો પહેલાના કરતાં પણ પછીની સ્થિતિ વિશેષ ગ્લાનિજનક થઇ જતી. એમાં હાલની પરિસ્થિતિ તો એટલી બધી બગડી ગયેલી દેખાય છે કે એને કેટલાક અગ્રણીઓએ હુંડાવસર્પિણીનું જે નામ આપ્યું છે તે બરાબર સાર્થક લાગે છે. પાંચમો આરો બેઠાને હજુ પચીસ સદીઓ માંડ ગઇ છે. પરંતુ એટલામાં ચોતરફ હાહાકાર વર્તી રહ્યો છે. મુનિજનોના વર્તન સંબંધે જૈન આગમોમાં જે આદર્શો ભર્યા પડયા છે તે મુજબ કોણ મુનિરાજ વર્તી રહ્યા છે? શ્રાવક આગળ એ આગમો મુનિરાજો ધરે છે પરંતુ એ પ્રમાણે પોતેજ વર્તતા ન હોય ત્યાં વાતજ શી? આગમોના અર્થ તેઓ પોતાની મન ફાવતી રીતે કરે છે. નવ કોટિ વિશુદ્ધ અહિંસાનું પાલન કોઇ મુનિરાજ હાલમાં કરતા નથી. દેરાસરમાં કરવામાં આવતી જિનબિંબ પ્રતિષ્ઠાને બ્હાને તથા ઉદ્યાપન, ઉપધાન, અને ઓળીને બ્હાને ષટ્કાયના જીવોની હિંસા

કરવામાં તેઓ પાછી પાની નથી કરતા એટલુંજ નહિ પરંતુ એમ કરવા શ્રાવકવર્ગને પણ તેઓ પ્રેરી રહ્યા છે. એ ઓઠા નીચે કરવામાં આવતી હિંસાને ધર્મ તરીકે જણાવે છે ત્યાં તો હદ થાય છે.

જન્મ, મરણથી છૂટવા માટે વંદન, પૂજાદિક દ્વારા ષટ્કાય જીવનો નાશ કરવામાં આવે એ નિષિદ્ધ છે.[1] એવી હિંસા કરનારનો ઉલટો સંસાર વધે છે અને નરકમાં રખડવાનું પ્રાપ્ત થાય છે. કયાં "આચારાંગ સૂત્ર"નું આવું કથન અને કયાં આજના મુનિરાજોના ઉપદેશો ! આજનો આ પૂજ્ય વર્ગ આવો ઉપદેશ આપતાં ડરતો નથી. સેવક વર્ગ શાસ્ત્રથી અજ્ઞાત છે; અનેક રીતે આ સેવ્ય વર્ગને અધીન છે, દબાયેલો છે; એની સામે એ માથું ઉંચું કરી શકે તેમ નથી. પૂજ્ય વર્ગ એટલે કે સાધુ વર્ગ હવે જ્યારે આ શ્રાવક વર્ગને પોતાની હા જી હા કહેવડાવવા ખાતર વિપરીત માર્ગે વાળી રહ્યો હોય તો એનું પરિણામ એને કેવું શોષવું પડશે એનો ખ્યાલ કરો. જે વર્ગ અન્યવર્ગ ઉપર આવી જોહુકમી ચલાવી રહ્યો હોય તેનામાં કેટલી બુદ્ધિ અને કેવી દૃષ્ટિ હશે તેનો વિચાર કરો. શ્રાવક વર્ગ માટે હિંસાના દ્વાર ખુલ્લા મુકનાર આ વર્ગ પાપથી બીતો હશે એમ લાગે છે ? એ વર્ગમાં કરૂણા કે અનુકંપાના અંકુર નથી તો પછી એ વ્યક્તિઓમાં સત્ય અને અચૌર્યના વિચારો હશે ખરા ? જે સમાજની મદાર અહિંસા અને સત્ય ઉપર છે તે સમાજ આવું અનાચરણ કરતો હોય તો "પરોપદેશે પાંડિત્યમ્" જેવું નહિ થાય ! આખો જૈન વર્ગ કે જે જગતની હિંસા સામે પોકાર ઉઠાવી રહ્યો છે તેજ જ્યારે પોતાની મનસ્વી રીતે ધર્મને ઓઠે હિંસા આચરી રહ્યો હોય અને એ હિંસાને અહિંસામાં ખપાવી રહ્યો હોય તો તે જૈન સમાજનો પ્રભાવ દુનિયા ઉપર શું પડશે ! પોથી માંહેના રીંગણા જેવી સ્થિતિથી દુનિયા હવે જરા પણ ઠગાય

---

૧. "આચારાંગ સૂત્ર."

એ દિવસો ગયા. વેદોમાં કહેલી હિંસા ધર્મનું કારણ નથી.[1] એમ કહી જૈન સમાજનો આ સેવ્ય, પૂજ્ય વર્ગ એ લોકોને નીચા પાડે છે પરંતુ પોતાની ધર્મ ક્રિયામાં થઇ જતી હિંસાને ધર્મનું રૂપ આપનાર આ સેવ્ય વર્ગ ઇતર જનોની નિંદા, અવહિલના, કે હાંસીમાંથી ક્યાં સુધી બચી શકશે? ખરી રીતે તો તેમણે ઇકરાર કરવો જોઈએ કે તેમની ક્રિયા પાછળ થતી હિંસા પણ ધર્મનું કારણ નથી જ નથી.

લોકો અણગલ પાણી વાપરે, વનસ્પતિના પાંદડાં, ફૂલ, ફલાદિ તોડે કે ખાય તો તેમાં હિંસા છે, એવું અસંદિગ્ધ પણે જૈનશાસ્ત્રાનુસાર જૈન સમાજ ઇતર લોકોને કહે પરંતુ એ જ જૈન વર્ગ તીર્થંકરોની પ્રતિમાની નીચે અઢળક સચેત પાણી વહેતું જુએ, તેમાં ત્રસાદિ જીવોની હિંસા ચાલુ હોય એ જુએ અને એ પ્રતિમા ઉપર હંમેશાં ઢગલાબંધ ફૂલો અને ફૂલની માલાઓ ચડાવવામાં આવતી હોય છે. એ પણ જુએ છતાં ઠંડે કલેજે એ બધું સાંખી રહે એટલું જ નહિ પરંતુ એને ધર્મનું કારણ માને–મનાવે એ કયાંનો ન્યાય? આ બધું શું તીર્થંકરોને ગમતું હશે?

જૈન દર્શનીઓ અન્યને મિથ્યાદર્શની કહી રહ્યા છે. પરંતુ એ જૈનો જ શું મિથ્યાદર્શનમાં આળોટી નથી રહ્યા? મિથ્યાદર્શનીઓને તો બ્હાનું પણ છે કે તેઓ અહિંસા વા દયાના સિદ્ધાંતને સમજ્યા નથી કે સમજતા નથી. પરંતુ જૈનો કે જેઓને અહિંસાદિનું સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞાન છે તેમને હિંસામય વર્તન કયાંથી પોષાય? તેમને તો કાંઈ છટકવા બારી છે જ નહિ. તેઓને જ્ઞાન છે અને છતાં ખાડામાં પડી રહ્યા છે. એ નરી મૂર્ખતા નહિ તો બીજું શું? અહો કેવો દુર્નિવાર મોહ!

કોઈ તટસ્થ, નિરપેક્ષ દ્રષ્ટા જૈનશાસ્ત્રોને જુએ અને તેના અનુયાયીઓના વર્તનને નીરખે તો કેટલો મોટો ફરક તેમને જણાશે? અમુક સાચા માર્ગ ઉપર ચાલવાની અશક્તિ હોવી એ જુદી વાત

---

૧. न धर्महेतोर्विहीताऽपि हिंसा ।

છે પરંતુ મોટો માર્ગ પોતે નથી જાહેર કર્યો છે એમ કહી એના ઉપર સ્વચ્છંદ પૂર્વક ચાલ્યે રાખવું એ એક પ્રકારનો દંભ છે, એક પ્રકારની ધૃષ્ટતા છે. હિંસાનો સર્વ પ્રકારે ત્યાગ જિનેન્દ્રોએ ભાખ્યો છે. પછી એ દેવ માટે થતી હોય કે ગુરુને માટે. એ નિયમ સાર્વત્રિક છે, ત્રિકાળાબાધિત છે, નિરપવાદ છે. અર્થાત્ દેવ, ગુરુને નામે થતી કોઈ પણ હિંસા (પછી એ ગમે તેટલી સૂક્ષ્મ હોય) હિંસા જ છે. એને પ્રરૂપી શકાય જ નહિ. ધર્મના નિમિત્ત તરીકે એની ઉદ્ઘોષણા કરવી એ પણ એક જાતનું અધાર્મિક વર્તન જ છે.

સુદર્શન શ્રેષ્ઠી અને શુક પરિવ્રાજકે થાવચ્ચાપુત્ર અણગારની પાસે પોતાનો શૌચમૂલ ધર્મ કહ્યો[1] ત્યારે તેમની સમીપે થાવચ્ચા પુત્ર અણગારે કહ્યું "હે સુદર્શન! અને હે શુક પરિવ્રાજક! કોઈ વ્યક્તિ લોહીથી ખરડાયેલા કપડાને શુદ્ધ કરવા લોહીના કુંડમાં નાખે તો એ કપડાં સ્વચ્છ થાય ખરાં કે?" તેઓએ કહ્યું "એ કેમ બને? શુદ્ધ ન જ થાય." તેમણે ફરી કહ્યું "હે શુક! હિંસાદિ અધર્મથી આત્મા સંસારભ્રમણ કરી રહ્યો છે. એનાથી આત્મા ખરડાયેલો છે. હવે તેને શુદ્ધ કરવા હિંસાનો ઉપાય તમે યોજો તો તે શુદ્ધ થશે કે અશુદ્ધ? સાંસારિક સાધનો હિંસાદિ દોષોથી દૂષિત છે અને સ્વર્ગમાં લઇ જનારા સાધનો પણ દોષમય છે. તાત્પર્ય કે હિંસાદિ દોષો આત્મા પાસેથી મુકાવવા જોઇએ. આ સિદ્ધાંતોની પ્રરૂપણા જિનાગમોમાં[2] કરવામાં આવી છે છતાં વર્તમાન જૈન વર્ગ એ કેમ નહિ સમજતો હોય? તીર્થંકરોની આગળ કરવામાં આવતી હિંસા લોહી છે તથા સંસારને અંગે થતી હિંસા પણ લોહી જ છે. તાત્ત્વિક દૃષ્ટિએ એ બન્નેમાં જરા પણ તફાવત નથી. આજના જૈન સેવ્ય વર્ગે તથા જૈન સેવક વર્ગે બરાબર નોંધ કરી લેવી જોઇએ કે ગમે તેને

---

૧. જ્ઞાતા ધર્મ કથાંગ સૂત્ર, પાંચમું અધ્યયન.

૨. "જ્ઞાતા, ભગવતી, નિરયાવલિકા" વગેરે.

માટે કરવામાં આવતી હિંસાથી ભલે પૃથ્વીની, જલની કે અગ્નિની કે ગમે તેવી હોય તો પણ એ હિંસા સંસાર વધારનારી છે અને જન્મ, મરણના ફેરા લંબાવનારી છે. કદાચ તેઓ એમ માની આશ્વાસન લેતા હોય કે દેવ, ગુરુ આદિને માટે કરવામાં આવેલી હિંસાથી તેમને કર્મબંધ નહિ થાય તો એ વાતમાં અને એ આશ્વાસનમાં કાંઈ માલ નથી. અત્યારના જૈનોની મૂઢ દશા તો જુઓ! અગ્નિનો એક તણખો જોઈ તેઓ ધ્રુજી જાય છે પરંતુ તીર્થંકરોની મૂર્તિઓ આગળ પ્રગટાવવામાં આવતી રોશની કે અગણિત દીપમાળ જોઇ તેઓ હર્ષથી ગાંડાતૂર બની નાચી ઉઠે છે! એ દીપમાળમાં થતો ત્રસ જીવોનો બેશુમાર સંહાર તેમના રૂંવાડાને પણ ઉભો કરી શકતો નથી. આ કેવી નવાઇની વાત! લોક સમૂહ તો બિચારો અજ્ઞાન તિમિરમાં અથડાતો હોય છે. એને આવી સૂક્ષ્મ બાબતોની કદાચ જાણ પણ ન હોય એમ ઘડીભર માની લ્યો. પરંતુ જૈનોનો સેવ્ય વર્ગ આ સત્ય શું નથી જાણતો કે તીર્થંકરોની પ્રતિમાને રોશનીની, ફળ-ફૂલની કે પાણીની કાંઈ જરૂર નથી? આવો નિષ્કારણ અધર્મ કરવા માટે જૈનોને પ્રેરવા, ઉત્તેજવા એ શું આ સેવ્ય વર્ગ માટે સરાહનીય છે? વળી ખુબી તો એ છે કે એ જૈનો પોતાને સમ્યગ્જ્ઞાની માનતા હોય છે તો કહેવાનું એટલું જ કે આ તે સમ્યગ્જ્ઞાન કે મિથ્યાજ્ઞાન? જૈન આગમો[1] તો બેધડક કહે છે કે આ ભવમાં તેઓ ભલે ગમે તેવી ધાંધલ મચાવે પરંતુ આગામી ભવમાં તેઓ વીતરાગ ધર્મને પામવાના નથી એ બાત નિર્વિવાદ છે. જૈન સાધુઓ, પછી ભલે તે મૂર્તિપૂજક, દિગંબર કે સ્થાનકવાસી મંડળના હોય, આ દીપમાળ માટે ઉત્સાહ ધરાવનારા હોય તો તેઓએ ખસુસ યાદ રાખવું ઘટે કે તેઓ પોતાનું અહિત જ કરી રહ્યા છે. પાટ ઉપર બેસી શ્રાવકોને ગમે તેમ અંડ-બંડ સમજાવે, યુક્તિ-પ્રયુક્તિથી

---

૧. " આચારાંગ ".

પોતાનો કક્કો ખરો કરાવે અથવા પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરાવે પરંતુ એકેંદ્રિય જીવોની થતી હિંસા પણ તેમના ભવભ્રમણને વધારી મુકશે એમ તેમણે પોતાના હૃદયની પાટી ઉપર લખી રાખવું જોઇએ. તેમાં વળી અગ્નિકાયની હિંસાની ઉત્કટતાના સંબંધમાં લખાયેલી નીચેની ગાથાઓ ખાસ વાંચવા જેવી છેઃ—

जायतेयं न इच्छंति पावगं जलइत्तए।
तिक्खमन्नयरं सत्थं सव्वओ वि दुरासयं॥ ३३ ॥

पाइणं पडीणं वा वि उड्ढं अणुदिसामवि।
अहे दाहिणओ वा वि दहे उत्तरओ वि य॥ ३४ ॥

भूयाणं एस वाघाओ हव्ववाहो न संसओ।
तं पईवपयावट्ठा संजया किंचि नारभे॥ ३५ ॥

અર્થઃ—અગ્નિશસ્ત્ર એટલું બધું પ્રબળ છે કે એ શસ્ત્રને જલાવવા, સળગાવવા મુનિજનો ક્યારેય ઇચ્છતા નથી. કોઇ પણ શસ્ત્ર કરતાં એ અગ્નિશસ્ત્ર તીક્ષ્ણ છે અને સર્વ પ્રકારે આકરૂં છે. પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઉપર અને નીચે વ્યાપી રહેલા સર્વ જીવોનો એ અગ્નિશસ્ત્ર નાશ કરે છે. ખરેખર ! એ હવ્યવાહ (અગ્નિ) પ્રાણી માત્રનો ઘાત કરનાર છે. માટે અગ્નિ (દીવા વગેરે) સળગાવવાનો આરંભ મુનિજનો કદિ પણ ન કરે.

આ ઉપરથી સારાંશ એ નિકળે છે કે બધા શસ્ત્રોમાં અગ્નિ શસ્ત્ર કાતીલ છે. બીજા શસ્ત્રોના ઉપયોગમાં તો જીવોને બચવાનો કાંઈકેય અવકાશ છે પરંતુ અગ્નિશસ્ત્ર આગળ દરેક જીવ લાચાર છે. હકીકત આમ છે એટલે કોઇ કોઈ ગૃહસ્થો તો ચાલે ત્યાંસુધી અગ્નિ (દીવા) શસ્ત્રના વપરાશમાં યથાશક્ય શિથિલતા, લાચારી બતાવે છે ત્યારે આજનો આપણો ત્યાગી વર્ગ જે શ્રાવક કરતા જ્ઞાનમાં અને શ્રદ્ધામાં ચ્હડીયાતો હોવાનો દાવો કરે છે તે ઉપાશ્રયમાં કે બહાર બે તરફ

કિટ્સન લાઈટો–પેટ્રોમેક્સ આદિ મુકાવી આપવો સ્વીકારતાં અચકાતા નથી. આટલેથી જ નહિ અટકતાં અંધારું સારું નથી લાગતું એટલા માટે તેને દૂર કરાવવા તથા શ્રાવક વર્ગના મુખડા નિહાળવાનો આનંદ મેળવવા ઉપાશ્રયમાં વિજળીક બત્તીઓ મુકાવવામાં પોતાની સંમતિ આપી રહ્યો છે તેમને બત્તીનો મોહ લાગ્યો છે એમ કહીએ તો પણ તેમાં જરાય ખોટું નથી. આખી રાત્રિ ઉપાશ્રયમાં બત્તી રાખવા, રખાવવાની તેમને લાલસા થઇ આવી છે. હવે જરા વિચારો કે ક્યાં તેમનું શાસ્ત્રોનું જ્ઞાન અને ક્યાં તેમનું આવું અશાસ્ત્રીય વર્તન ! “છકાયના પિયર,” “છકાયના રક્ષક” આવાં આવાં ઉજ્જ્વલ વિશેષણો તેમને માટે વપરાવવાની તકેદારી રાખે છે. પરંતુ તેઓ રક્ષક છે કે ભક્ષક એ તમારે જ વિચારવાનું રહ્યું. ઉલટું, તેઓ એક બેહુદી દલીલ કરે છે કે અંધારામાં સાધુ કે શ્રાવક કોઈ પડે તેથી જે પાપ લાગે તેના કરતાં અગ્નિકાયનું પાપ કાંઇ બહુ ભારે નથી. અફ-સોસ સાથે કહેવું પડે છે કે નિર્ગ્રંથોએ નિરવદ્ય, નિરૂપદ્રવ અને નિરૂપાધિક સ્થળોએ રહેવું જોઈએ એ જિનાગમોના આદેશોને તેઓ સદંતર ભૂલી જ ગયા છે. અગ્નિ (દીવા, બત્તી) આગળ કેટલા પતંગી-યાઓનો, કુદાઓનો તથા અન્ય જીવોનો કેટલો કચ્ચરઘાણ નીકળી જાય છે એ નક્કર હકીકત આ મુનિવર્ગને શું રોશન નહિ હોય ? મુનિજનો શું આ પંચ મહાવ્રત પૈકીના સર્વ પ્રથમ મહાવ્રતના પાલનમાંથી પોતાને મુક્ત માની રહ્યા હશે ? કાંઈ સમજણ પડતી નથી.

જૈન દર્શનના તત્ત્વને જાણતા, પ્રીછતા છતાં વર્તનમાં આવું જોવા મળે છે ત્યારે એક જ અનુમાન થઈ શકે છે કે સર્પ ગયા અને લીસોટા રહ્યા. સાધુજનોએ લોકનો હૃદય પલટો કરવો તો ધરે ગયો પરંતુ પોતાના હૃદયનો જ પલટો કરી દીધો. નાના કે મોટા સૌ જીવો સાધુને મન તો સરખા જ હોવા જોઇએ. લોકો ભલે તેમ માને પરંતુ સાધુએ તો ન જ માનવું જોઇએ. જો એમ માને તો

તેઓને પહેલું મહાવ્રત નથી એ એક જ સારાંશ નીકળે છે. જૈન શાસ્ત્રોમાં[1] કહેવામાં આવ્યું છે કેઃ—

जे केइ खुद्दगा पाणा अदुवा संति महालया ।
सरिसं तेहिं वेरं ति असरिसं ति य णो वए ॥
एएहिं दोहिं ठाणेहिं ववहारो ण विज्जइ ।
एएहिं दोहिं ठाणेहिं अणायारं तु जाणए ॥

અર્થાત્ આ ક્ષુદ્રક (નાનું) પ્રાણી છે અને આ મહાકાય (મોટું) પ્રાણી છે તો તેમને હણવામાં પાપ બરાબર છે અથવા બરાબર નથી—આ બેમાંથી એક ભાષા વાપરવી એ સાધુજનોનો વ્યવહાર નથી; અને એમાંથી કોઈપણ ભાષા વાપરે છે તે તે મુનિજનનો અનાચાર છે.

મુનિજનોએ છ કાયના જીવોની રક્ષા કરવામાં મંદોત્સાહ ન બનવું જોઈએ. અતિચાર, પ્રમાદ, કે ભુલ થતા હોય તો તેને ટાળવા જોઈએ.

## ઉપસંહાર

હે જિનેંદ્ર! અત્યારે કાળે વર્તમાન શાસનમાં હાહાકાર પ્રવર્તી રહ્યો છે. આજે ચારે ય તીર્થો સુષુપ્ત સ્થિતિમાં આવી ગયા છે. શ્રાવક, શ્રાવિકા રૂપી નાના તીર્થો શું કરે? મોટા તીર્થરૂપ સાધુ, સાધ્વીઓ ઘોર નિદ્રામાં અને [illegible] પડેલા જણાય છે. સાધુ, સાધ્વી થતી વખતે કદાચ તે વસ્તુની કિંમત હોય પરંતુ થયા પછી આજે તો તે વિસ્મરણમાં ચાલતા જણાય છે. દર્શન, જ્ઞાન, અને ચારિત્રની આરાધના કરવામાં તેઓ નિષ્ફળ ગયા હોય એમ સ્પષ્ટ લાગે છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, અને ત્રણ ગુપ્તિની કેટલી દરકાર રાખવી જોઈએ તે ભૂલી ગયા છે. ચારિત્રશાલી પણે જીવન વીતાવવું કે અચારિત્રશાલી પણે જીવવું એ વિષે હૃદયમાં

---

૧. "સૂત્ર કૃતાંગ" ભાષા અધ્યયન.

ઉહાપોહ થતો મટી ગયો છે. કોઇક રડયા ખડયા અપવાદને બાદ કરીએ તો લગભગ બધાજ કલુષિત જીવન જીવી રહ્યા છે. સેવક વર્ગની આળ પંપાળમા સેવ્ય વર્ગના કાળનો મોટો ભાગ વ્યતીત થઇ રહ્યો હોય તેમ લાગે છે. પોતે ઘરબાર છોડી અનગાર થયા છે પરંતુ અહિંની કેટલીક ઉપાધિ તેમણે ઉભી કરી છે. કેટલાકો તો પ્રભુની મૂર્ત્તિ, બિંબ, પ્રતિષ્ઠા, ઉદ્યાપન, ઉપધાન, રાત્રિજાગરણાદિ કરાવવા ગામોગામ ખુંદી વળી રહ્યા છે. તેઓ લોકોને કહે છે કે શું તમારો પૈસો કેવળ તમારાજ માટે છે શું ? પ્રભુ, ધર્મ, અને લોકોના ઉપકાર માટે તમે તે કેમ ખર્ચતા નથી ? ત્યારે વળી કેટલાક ઉપાશ્રયે, જ્ઞાનશાળા, પાઠશાળા, પુસ્તકાલય અને વાંચનાલય સ્થાપવાની કોશીશ કરી રહ્યા છે. સાધુતાનું જે લક્ષ્ય છે તે ભૂલી જવામાં તેમને વાંધો નથી આવતો પરંતુ આ પ્રવૃત્તિઓને ભૂલી જવામાં વાંધો આવે છે. હે વીતરાગ દેવ ! તમને યાદ કરતાં કરતાં તેઓ તે મકાન પર પોતાના ગુરુદેવનું સ્મરણપટ પણ ચીતરાવતા હોય છે. ગુરુના ઉપકારના ભારથી તેઓ દબાઇ ગયા છે.

એટલે એ ભાર ઓછો કરવા જાણે કે તેઓ આ રીતે આકાશ પાતાળ એક કરી રહ્યા છે. હે સર્વજ્ઞ ! આ દુઃષમ કાલમાં એ મોટા નાના જંગમ તીર્થની શું સ્થિતિ છે તે તમે જાણો છો માટે તમે જ બચાવો અને તમારી ઉચ્ચ ભૂમિકામાં લઈ જાઓ એ જ પ્રાર્થના ! ! ! ઇત્યલમ્.

## સાતમું પ્રકરણ

## સોનગઢી અને સોનગઢીના સિદ્ધાંતો

આ જગતમાં અનેક દર્શનો (ધર્મ વિચારો) પ્રવર્તમાન છે. તેમાં જૈન દર્શન પણ એક દર્શન છે. એક દર્શન ઉપર અન્ય દર્શનનો આક્રમણ કરવાનો ધર્મ થઇ પડયો છે. બધા દર્શનોમાં એક જૈન

દર્શનજ એવું છે જે બીજાથી જૂદું પડે છે. જૈન દર્શને ત્યાગ અને જ્ઞાન ઉપર જે ભાર મૂકયો છે તે બીજા દર્શનોમાં જોવા મળતો નથી. અન્ય દર્શનો જૈન દર્શન સાથે હરીફાઇમાં ઉતરે છે પરંતુ તેની આગળ સફળતાપૂર્વક ટકી શકતા નથી. જૈન દર્શન પ્રરૂપિત જ્ઞાન અને ત્યાગ એવા અનોખા પ્રકારના છે કે એની આગળ અન્ય દર્શનો ઝાંખા પડી જાય છે. મોક્ષપ્રાપ્તિનાં સાધનો જેવા જૈન દર્શનમાં પ્રરૂપિત અને વર્ણિત છે તેવા અન્ય દર્શનોમાં નથી. જૈન દર્શનમાં ત્રિકરણ અને ત્રિયોગ શુદ્ધ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ આદિનું જેવું નિરૂપણ છે તેવું અન્ય દર્શનોમાં નથી, અને આ એકજ વિલક્ષણતા જૈન દર્શનને અન્ય દર્શનોથી ભિન્ન પાડે છે.

જૈન દર્શનમાં અતીન્દ્રિય જ્ઞાન અથવા દિવ્ય જ્ઞાન અથવા કહો કે કેવળ જ્ઞાનને અન્ય દર્શનો સમજી શકયા નથી. જૈન સૂત્રે પ્રતિપાદિત શ્રુતજ્ઞાન પણ અન્ય દર્શનીઓની સમજણની મર્યાદા બહારની વસ્તુ છે. સંપૂર્ણ ત્યાગ વિના આ અતીંદ્રિય જ્ઞાનની પ્રાપ્તિ અસંભવિત છે. એ પરમ રહસ્ય અન્ય કોઈ દર્શનકારો સમજી શકયા નથી.

હિંસાદિ અવ્રતોથી નિવર્તવા માટે જીવને ત્યાગની ઉચ્ચ ભૂમિકા ઉપર સ્થિત થવું પડે છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવામાં જીવને મોહ, વિષય, ભોગોપભોગ વગેરેનો સફળ સામનો કરવો પડે છે. જીવ આ મુકાબલો જેવો જોઈએ તેવો કરી શકતો નથી. કારણ કે મોહનું પ્રાબલ્ય એટલું વધી ગયું હોય છે કે જીવ મોહમાં ફસાઈ જાય છે. મોહની આ ઉંડી અને ગંભીર ખાઇનો ભેટો થતાં જીવ હિંમત હારી જાય છે અને એ વખતે તડજોડનો કોઇ માર્ગ શોધી કાઢે છે. એટલા માટેજ વનમાં પર્ણકૂટી બાંધી રહેવાની અને સ્ત્રી–પરિવારાદિને સાથે રાખવાની અનુમતિ અન્ય દાર્શનિકોએ આપી છે. પોતાના ત્યાગની પોલ–પોકળતા એના ભક્ત અનુયાયીઓના મનમાં ઠસી જવા ન પામે એ અશુભ ઈરાદાથી તેઓ પોતાના અનુગામી વર્ગને

કહેતા કે ચાંચલ્ય વૃત્તિને મનુષ્ય જો અલિપ્ત રાખી શકે તો તે કર્મ બંધનથી મુક્ત રહી શકે છે. સત્ય જે પર છે, પુરસ્થ છે, કે તટસ્થ છે અને સર્વત્ર વ્યાપ્ત છે જ્યાં અલિપ્તતા છે તેને યથાર્થ સ્વરૂપે ઓળખે અને વિચારે તો પણ બસ છે એમ પણ તેઓ કહેતા.

જ્યારે વસ્તુસ્થિતિ આ પ્રકારની છે. જીવ મોહના અંધકારથી, આવરણથી આવૃત્ત છે. તેને ખસેડવું એ જેવી તેવી વાત નથી. એમાં નિરવધિ પુરુષાર્થની અપેક્ષા છે. આ પુરુષાર્થ કેળવવાની શક્તિ દરેકને વરી હોતી નથી. એટલે અન્ય દાર્શનિકોએ વચલો માર્ગ શોધ્યો. તેઓ ઉંચી ઉંચી અને મોટી મોટી તત્ત્વજ્ઞાનની વાતો કરવા મંડી પડયા. તત્ત્વજ્ઞાનના પરમોચ્ચ જ્ઞાનમાં પૃથ્વી આદિ પંચ મહાભૂતોનો સમાવેશ કર્યો. આ રીતે સાંખ્ય, વેદાંતાદિ અનેક મત-મતાંતરોની ઉત્પત્તિ થઈ. જૈનદર્શન આ બધા દર્શનોથી પૃથક્ હોવા છતાં એમાં અન્ય દર્શનોનો [illegible] થયો. આ છાયા જૈનોની નિર્બળતાને કારણે આવતા પામી છે.

“કલ્પસૂત્ર” કહે છે કે ભગવાન ઋષભદેવ ત્યાગી થયા અને અનેક સહસ્ર શિષ્યો સાથે રહ્યા.[1] આ શિષ્યો પૈકીનો મરિચી પ્રભુનું અનુકરણ કરવામાં અસમર્થ અને અસફલ નિવડયો. એથી એણે જૂદો પડી પંથ પ્રવર્તાવ્યો. અલબત્ત, એવી રીતે જૂદા પડવામાં એના હૃદયની વક્રતા કારણભૂત નો'તી. ઉલટું, એણે તો એમ ખુલ્લે ખુલ્લું કહ્યું હતું કે અને કબૂલ કર્યું હતું કે ભગવાન ઋષભદેવ અને તેનું શિષ્યવૃંદજ સત્ય માર્ગાનુસારી છે. તેણે એ પણ સ્વીકાર્યું હતું કે તે એ માર્ગનું અનુસરણ કરવામાં અસમર્થ હતો, સુખનો ઇચ્છુક હતો; અને સ્વચ્છંદપણે વર્તતો હતો. ન્યાયમાર્ગનો એ પથિક નો'તો એમ તે પોતેજ કહેતો. અર્થાત્ તે સરળ સ્વભાવનો હતો અને પૃથક મતની સ્થાપનામાં ભગવાન ઋષભદેવ પ્રણીત કઠણ ત્યાગમાર્ગ ઉપર

---

૧ “કલ્પસૂત્ર”.

આચાર્યોની જેવી શિથિલતા નિમિત્તભૂત હતી. પરંતુ આવી ઋજુતા પાંચમા આરામાં વર્તમાનકાળે મળવી દુર્લભ છે. એ જો હોત તો આચારના કલહો ક્યારનાય શમી ગયા હોત. પરંતુ કાળની એજ બલિહારી છે. ઋજુતા તો નથી પરંતુ મૂઢતા, અજ્ઞતા, વક્રતા પ્રસરી રહી છે. જીવોને કરવું નથી કાંઇ અને છતાં પોતાનું સ્થાન સાચવી જવું છે. ભગવાન ઋષભદેવના સમયની મરિચીની આ કાયરતા માટે તો "કલ્પસૂત્ર" જ સાક્ષી છે. તેમના અને ભગવાન મહાવીરના સમય વચ્ચે શું સ્થિતિ હતી તે જ્ઞાની જાણે. પરંતુ ભગવાન મહાવીર પછીનો ઇતિહાસ તો ઉપલબ્ધ છે. એ ઉપરથી એમ અનુમાન બાંધી શકાય છે કે ભગવાન મહાવીરના નિર્વાણ બાદ ઘણા ઘણા ફેરફારો થયા. તેમાં એક સમર્થ કુંદકુંદાચાર્ય થયા તે પણ છે. તેઓ આચાર્યની કોટિના હતા કે સામાન્ય કોટિના— તે ગમે તેમ હો. પરંતુ વિદ્વાનોનો મોટો ભાગ તેમને એક સમર્થ વ્યક્તિ તરીકે સ્વીકારે છે. આથી વિપરીત, એટલે કે તે વખતની સમર્થ વ્યક્તિઓમાં તેમની ખાસ ગણના નો'તી એમ પં. નાથુરામ પ્રેમી કહે છે.[1] તો પણ એટલું તો ચોક્કસ છે કે તેમણે રચેલ "સમયસાર" નામક પુસ્તકમાં તેમણે જે ચીલો પાડ્યો છે તે ભગવાન મહાવીરના દર્શનથી જૂદો છે. ભગવાન મહાવીરે ત્યાગ ઉપર અત્યંત ભાર મુક્યો છે. જ્યારે કુંદકુંદ "સમયસાર" માં એવું કહે છે કે જ્ઞાની જ્ઞાનદશામાં હોય એ વખતે એ ગમે તે પ્રવૃત્તિ કરે તો પણ તેને એ પ્રવૃત્તિની કાંઇજ અસર—સારી કે નરસી—થતી હોતી નથી.[2] "સમયસારોક્ત" આ કથન તરફ તે વખતના લોકોનું આકર્ષણ કેવું અને કેટલા પ્રમાણમાં થયું હતું એનું માપ કાઢવાનું કોઇ સાધન આપણી પાસે ઉપલબ્ધ નથી. પરંતુ હાલના જમાનામાં આ "સમયસારોક્ત" ઉક્તિનું પુરસ્કરણ

૧. "જૈન હિતૈષી".
૨. "સમયસાર".

સોનગઢી વ્યક્તિ પોતાની નવી ઢબે કરી રહ્યા છે. આ સોનગઢી વ્યક્તિને શ્વેતાંબર માન્ય જૈન ગ્રંથો ઉપર અભિરુચિ નથી એ તો હવે ઉઘાડી વાત છે પરંતુ દિગંબર લિખિત અને દિગંબર સંમત ત્યાગપ્રધાન પુસ્તકો જે અમુક કોઇ છે તેના તરફ પણ તેમનું વલણ નથી. આ ઘટનાથી સેંજે શું પ્રતીત થઈ શકે તે તો સામાન્ય માણસ પણ સમજી શકે તેમ છે.

ભગવાન મહાવીરનો પંથ સ્વીકાર્યો. એ પાળવો દુષ્કર છે એમ અધવચ ભાન થયું. હવે જવું કયાં? એટલે એક નવોજ પંથ પ્રવર્તાવ્યો. જો એમ ન કરે તો પોતાને સ્થાનભ્રષ્ટ થવાનો પ્રસંગ આવે છે. જો આમ ન હોય તો સોનગઢી પોતાને શ્વેતાંબર સાધુ કે દિગંબર ક્ષુલ્લક શા માટે કહેવડાવતા નથી? અર્થાત્ પોતે પોતાને માટે ઉચ્ચ સ્થાનની ના પાડે છે. બ્રહ્મચારી કે એવું કાંઈ ભળતું, ભળતું પોતાને માટે નામ વાપરે છે. અહિંયા તેમની અંગત ટીકા કરવાનો અમારો જરા જેટલો પણ આશય નથી. "સમયસારે" તેમના ઉપર શું અસર કરી?, "સમયસાર" લોકો વાંચતા હશે પરંતુ એનો સાચ્ચો ઉદ્દેશ શું છે? ઇત્યાદિ, ઇત્યાદિ પ્રશ્નો ઉભા કરી "સમયસાર" વિષયક પોતાના મંતવ્યોનું પ્રકટીકરણ કરી, તે દ્વારા પોતાની નૂતન પ્રણાલિકાની અભિવ્યક્તિ કરી રહ્યા છે.

એ સોનગઢી વ્યક્તિ "સમયસાર" તથા તેને લગતાં અન્ય લખાણોને મધ્યમાં રાખી વિવેચન કરે છે. તે વિવેચનોમાં તે સોનગઢી વ્યક્તિ જનતાને શું સમજાવવા—ઠસાવવા માગે છે તે તેમના જ લખાણો દ્વારા બતાવી આપણે અહિં એ સાબીત કરવાનું છે કે તેઓ કઈ વલણ ધરાવે છે. મનુષ્યનો સ્વભાવ અનેક યુક્તિઓ, પ્રયુક્તિઓ રચી તેની જાળમાં મનુષ્યને ફસાવવાનો હોય છે. અમુક શ્રોતાઓ રાગાંધ હોય છે અને તેથી કરી સારી, નરસી વસ્તુને તેઓ સ્પષ્ટપણે જોઇ શકતા નથી. મોહાવિષ્ટ મનુષ્ય પોતાની વાણીને અવનવા ઓપ અને રંગ ચડાવે છે અને તેને તે દ્વારા જુદી જુદી રીતે સમજાવે છે તથા

કુયુક્તિઓ લડાવે છે. મનુષ્યો આ રમતને જોઇ શકતા હોતા નથી. છતાં અહિંયા તેમના પુષ્પો દ્વારા પ્રકાશિત થયેલ તેમની વાણીનો વિચાર તથા પૃથક્કરણ કરવા ઇરાદો છે. પુષ્પ અઠ્ઠાવીસમા તરીકે પ્રસિદ્ધ થયેલ "મોક્ષ માર્ગ પ્રકાશ" નામના તેમના પુસ્તકમાં તેમણે આગળ, પાછળ એવા વિચારો પ્રકટ કર્યા છે કે જેને લોકો સરળતાથી સમજી શકે તેમ નથી. છતાં તેમનો ત્યાં કહેવાનો જે આશય છે તે અમે અહિં રજુ કરીએ છીએ. "કોઇ જ્ઞાનીઓ હજારો સ્ત્રીયોને ભોગવતા દેખાય પરંતુ જડ સ્પર્શ, અને એ પ્રત્યેનો રાગ એ બન્નેને ખરેખર તેઓ ભોગવતા નથી. પણ પોતાના અસ્પર્શી જ્ઞાનભાવનેજ ભોગવતા હોય છે. જે રાગ છે તેને દોષ તરીકે જાણી લ્યે છે. આ ખાલી ભાવના નથી પણ પોતે સ્વભાવમાં અંશે પરિણમીને પૂર્ણની ભાવના કરે છે. અજ્ઞાની જીવ સ્પર્શને અને તે પ્રત્યેના રાગને ભોગવવાનું માને છે. જેને એક પણ સ્પર્શ ને ભોગવવાની ભાવના છે તેને ત્રણેય કાળના સ્પર્શને ભોગવવાની ભાવના છે; કેમકે તેની દૃષ્ટિજ અસ્પર્શી આત્માને ભૂલીને સ્પર્શ ઉપર ગઈ છે.[1]

હવે આપણે આ સ્થળે વિચાર કરીએ કે આ વાક્યો શું સરળ ભાવે લખાયા છે કે માયા પ્રપંચથી લખાયા છે?

ખરેખરી રીતે તપાસતાં, વીતરાગ ધર્મને અનુસરનાર આવા ઉદ્‌ગારો નજ કાઢે ઉપરના વાક્યો વાંચતાંજ એ સુસ્પષ્ટ થાય છે કે એ વાક્યોનો ઉચ્ચરનાર કોઇ મોહાક્રાંત વ્યક્તિ છે અને ઉપર્યુક્ત મોહોક્તિઓ કાઢવાની કળામાં પ્રવીણ છે; કારણકે જે પુરુષો સ્પર્શ અને તજ્જન્ય સુખને અનુભવતા નથી તે પુરુષો હજારો સ્ત્રીયોના સંયોગને ભોગવતા હોય એ માનીજ કેમ શકાય? જડ સ્પર્શ ઉપર રુચિજ ન હોય તો પછી સ્ત્રીયોના સહવાસ સુખની એને અભિલાષા હોયજ ક્યાંથી? જે પુરુષો સ્ત્રી સંયોગ સુખને ભોગવવા તલસી

---

૧ "મોક્ષમાર્ગ પ્રકાશ," પુષ્પ ૨૮ મું, પૃ. ૭૧

રહ્યા હોય તેજ પુરુષો સ્ત્રી સહવાસને ભજે છે. કોઇ પણ જ્ઞાની એવો બતાવશો કે જેને પાણીની ઇચ્છા ન હોય છતાં હોઠ આગળ પાણીનો પ્યાલો રાખી મુકતો હોય? એ ખોટા તો પાગલની ચેષ્ટાજ ગણાય. વિશેષ આશ્ચર્યકારક બાબત તો એ છે કે કોઇ જ્ઞાનીને સ્ત્રીના ભોગની વાંછા સરખી ન હોય છતાં તેઓ સ્ત્રીને ભોગવી રહ્યા હોય. આ કથન કેવળ મૂર્ખતાનુંજ નિદર્શક છે આ વસ્તુ વદતો વ્યાઘાત જેવી નથી લાગતી? જ્ઞાની હોય તે ભોગ ભોગવે ખરા? ભોગ ભોગવે તે જ્ઞાની હોઇ શકે ખરા? તો પછી જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે તફાવતજ ક્યાં રહ્યો! જ્ઞાન છે ત્યાં ભોગ નથી અને ભોગ છે ત્યાં જ્ઞાન નથી. એજ ખરૂં જૈનત્વ છે. બાકીનું બધું અજૈનત્વ છે. જ્ઞાની હોય અને છતાં ભોગ ભોગવતો હોય એવું પરસ્પર વિરોધી કથન કરનાર જૈનતત્વજ્ઞાનનો સાચો જાણકાર નથી એમ કહેવું જોઈએ. પોતાના ભક્ત શ્રોતજનો સમક્ષ ગમે તે કોઇ ગમે તેમ ગપ્પ—ગપ્પ ચલાવી શકે છે. એની કોઈ ના પાડી ન શકે. પરંતુ તેથી એ જૈન દર્શનનો જ્ઞાતા છે એમ નિતાંત ન કહી શકાય. એવું બોલનાર જૈન દર્શનથી અનભિજ્ઞ છે અથવા મોહજ્વરથી ગ્રસ્ત છે એમજ કહેવું જોઈએ. અને જ્યાં મોહ છે ત્યાં વીતરાગનો ધર્મ નથી. વલી, તે કહે છે "આ ખાલી ભાવના નથી" કારણકે "તે જ્ઞાની અસ્પર્શી જ્ઞાનભાવનેજ ભોગવે છે." હવે કહો કે જે સ્ત્રીના સહવાસમાં રહ્યો હોય તે સ્ત્રીનો સહવાસ શું સ્પર્શરહિત છે? સ્ત્રી શરીર શું જ્ઞાનમય છે? બ્રાહ્મણગ્રંથોમાં આવી કાંઇક વાતો ચાલી છે અને આ જૈનદર્શન નામધારીમાં એમાંથી આવી છે એમ લાગે છે. બ્રાહ્મણગ્રંથો ઉપદેશે છે કે જનક વિદેહી રાજા એક હાથ સ્ત્રીના સ્તન ઉપર રાખતો અને બીજો અગ્નિની સગડીમાં રાખતો છતાં પહેલા હાથ દ્વારા એને સુખાનુભવ થતો નહિ તથા બીજા હાથ દ્વારા દુઃખાનુભવ થતો નહિ આવી વાતો તેમાં ચલાવવામાં આવી છે અને અજ્ઞાન શ્રોતા એને શ્રદ્ધાથી સ્વીકારે છે. તેજ પ્રમાણે અહિં જૈનધર્મના અમુક ફીરકામાં પણ

ચાલી રહ્યું છે. જ્યાં ઉપદેષ્ટા અને શ્રોતાઓ અમુક પ્રકારના [illegible] વર્તુળમાં જ બંધાયેલ [illegible] હોય ત્યાં શાસ્ત્રની આશા રાખવી વ્યર્થ છે " [illegible] ન્યાયઃ " [illegible] ચાલી રહ્યું હોય ત્યાં બીજાનું [illegible] પણ શું કરે? શ્રોતા વખાણે ઉપદેશકને અને ઉપદેષ્ટા વખાણે શ્રોતાને. ન્યાય કોને તોળવો જે [illegible] હોય [illegible] હોય. અને એમ છતાંય શ્રોતાઓમાંના વિચારશીલ કોઈ શંકા ઉઠાવે તો "તમને હજુ સમ્યક્ત્વ પ્રાપ્તિ થઇ નથી" એમ ધુત્કારી કાઢી ઉપદેષ્ટા તરફથી અને એમના અનુરાગી શ્રોતાઓ તરફથી એને બેસાડી દેવામાં આવે. "ખાલી માથાકુટ ન કરશો અમે ન કરાવશો" અને "રસ્તો પકડો" એવા એવા નિર્ભર્ત્સનાના વાક્યોથી શંકા કાઢનારને ઢંડોગાર બનાવી દેવામાં આવે પોતે બાંધેલ મંડળમાંજ સમ્યક્ત્વ હોય છે—બીજે હોતું નથી. એટલે બહારનાને તો એમના તરફથી જોડાજ મળેને! આ દશા કેવળ મોહવિલસિત છે. મોહોદય માણસને મદાંધ બનાવે છે. પોતાને જ જ્ઞાની અને બીજાને એ અજ્ઞાની માને છે. પાગલ આખા જગતને પાગલ માનશે પરંતુ પોતાને એ કદિ પાગલ નહી માને. કમલાનો રોગી જગતને પીળું માનશે પરંતુ પોતાને કમળો થયો છે એમ નહિ કહે. આવી દશા આવા મોહમુગ્ધ મનુષ્યોની છે.

આ વ્યાખ્યાનકાર સોનગઢી વ્યક્તિ કહે છે "અજ્ઞાની જીવ સ્પર્શને અને તે પ્રત્યેના રાગને ભોગવવાનું માને છે. જેને એક પણ સ્પર્શને ભોગવવાની ભાવના છે તેને ત્રણેય કાળના સ્પર્શને ભોગવવાની ભાવના છે." અર્થ એ થયો કે નિકળ્યો કે જે સ્પર્શને કે તે પ્રત્યેના રાગને ભોગવવાનું માને છે તે અજ્ઞાની છે. આ વ્યાખ્યાકાર પોતાના મંડળમાં કેવો ન્યાય ઘટાવે છે તે આ સ્થળે ખાસ નોંધવા જેવું છે. અજ્ઞાનીને રાગ છે; જ્ઞાનીને નથી. પરંતુ ભાઈ! જ્ઞાની કોણ? અને અજ્ઞાની કોણ? એ બન્ને વચ્ચેનો ભેદ તો જરા સમજાવો.

ક્રિયા તો બન્નેની એકજ છે. જુદી નથી. ભોગી વિષયમાં રચ્યો, પચ્યો રહે છે. અને અભોગી જ્ઞાની પણ વિષયમગ્ન રહે છે. તો પછી એકને જ્ઞાની અને બીજાને અજ્ઞાની કહેવા—તે શા આધારે? શું એમ સમજવું કે વ્યાખ્યાનકારને મતે વિષય ભોગવે છે તે જ્ઞાની અને બીજા બધા અજ્ઞાની છે? વસ્તુસ્થિતિ એમ છે કે વ્યાખ્યાનકાર પોતાની ઇચ્છા પ્રમાણે વ્યાખ્યાન ચલાવે છે અને મંડળ બધું હાએ હા પાડે છે.

જેઓ હજારો સ્ત્રીઓના સહવાસસુખને ભોગવી રહ્યા હોય અને તે છતાં તે જ્ઞાની હોય એમ શા આધારે માનવું? જો જ્ઞાની ખરેખરા જ્ઞાની હોય તો સ્ત્રીથી હજાર ડગલા દૂરજ રહે છે. જ્ઞાની હોય તેને પણ નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યપાલનની આજ્ઞા છે. તો પછી કેવી રીતે સ્ત્રી સાથે રહી શકે? જો જ્ઞાની સ્ત્રી ભોગ ભોગવવા ખુશી છે અને એથી કર્મબંધન થતો હોય તો પછી અજ્ઞાનીએ ભોગથી દૂર શા માટે રહેવું? જ્ઞાનીને સ્ત્રીભોગની ઇચ્છા રહે અને એના ભોગથી એને પાપ ન લાગે તો અજ્ઞાનીને ભોગેચ્છા કેમ ન રહે? અને એને પાપ શું કામ લાગે? જ્ઞાનની અને શાસ્ત્રની સારી વ્યાખ્યા કરે તે શું જ્ઞાની? અને જે તેમ ન કરી શકે તે શું અજ્ઞાની?

જ્ઞાની અને અજ્ઞાનીનું લક્ષણ બાંધવામાં આવા વ્યાખ્યાનકાર લોકોએ કેવળ ઊંધું જ માર્યું છે. આ વસ્તુસ્થિતિ કાંઇ અત્યારના સમયની જ વિશિષ્ટતા નથી પરંતુ ખુદ ભગવાનના વખતમાં પણ હતી. અને ત્યારપછી પણ આગમકારને પડખે ઉભા રહી મોહની પ્રણાલિકામાં ઘસડી જાય તેવા ગ્રંથો અનેક લોકોએ લખ્યા છે. કુંદકુંદાચાર્યે જેમ પોતાના સિદ્ધાંતો સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે તેમ અન્ય લોકોએ પણ કર્યો છે. આવા ગ્રંથોના વાંચનથી સમિતિ, ગુપ્તિના પાલનને તથા પંચ મહાવ્રતોના આરાધનને છોડી દઇ અન્ય બાબતોમાં એ લોકો ફંટાઇ ગયા છે. વિષય સેવન મોક્ષ પ્રાપ્તિનું કારણ બની

શકતું હોય તો વિષય રહિત થવાનું કાંઇ કારણ નથી. આવી રીતે કુમાર્ગે પ્રેરનાર ગ્રંથકારો ઘણા ચાલાક હોય છે. લોકોને પણ એવા કુમાર્ગે જવાની સ્વાભાવિકી ઇચ્છાજ હોય છે.

પરમ રહસ્ય એ છે કે વીતરાગભાષિત મુનિપણું પાળવું અતિ દુષ્કર છે લોકોમાં કહેવત છે કે:—

ભણુના, ગણુના, ચાતુરી ત્રણે બાતાં સહેલ,
(પણ) કામદહન, મનવશકરણ, ગગન ચઢન મુશ્કેલ.

જૈન દર્શનના અભ્યાસીઓએ જૈન દર્શનના ગૂઢ તત્વોને સમજી શકયા નથી એમ નથી. પરંતુ પોતે એનું પાલન કરી શકતા નથી તેથી તેઓએ પોતાના નિભાવ માટે આ બધા રસ્તાઓ શોધી કાઢયા છે. લોકોને મન ભાવતું મળી જવાથી ત્યાં દોરાય છે અને પછી રાગાંધ બની એમની જાળમાં વિશેષ વેગપૂર્વક ફસાય છે. વીતરાગ માર્ગથી વિરુદ્ધ ઉપદેશ કે પ્રરૂપણા કરવી હિતાવહ નથી. સૌ સારા વિચારકો આ વસ્તુ સમજતા હોય છે પરંતુ સંયમ નિભાવવાની અશક્તતાને કારણે અર્થાત્ સ્વાર્થવશાત્ એ વાતને ફેરવે છે. આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ કે જેઓ વીતરાગની આજ્ઞાનું નિર્વહણ કરવા શક્તિશાળી છે તેઓ મોળું બોલતા નથી કે ખોટો ઉપદેશ આપતા નથી. પરંતુ જેઓ મોળા પડે છે અને ઘર ભણી જવા કે આશ્રમ બાંધવા, કરવાની વૃત્તિ રાખતા હોય છે ત્યારે તેઓ જ મોળું બોલે છે અને વિપરીત ઉપદેશ આપવાનો આરંભ કરે છે. "ષટ્ખંડાગમ" ના કર્ત્તા શ્રી-ધરસેનાચાર્ય અને પુષ્પદંત તથા ભૂતબલિ જેવા પુરુષોને મુકી કુંદકુંદાચાર્યનો આશ્રય લીધો અને તેમના "સમયસાર" નો મહિમા ગાવા માંડયો. મનુષ્ય માત્ર મોહને વશ છે. ખુદ ભગવાનના સમયમાં પણ આમ બન્યું હતું તો અત્યારે બને એમાં શું આશ્ચર્ય ? વીતરાગ-ધર્મથી વિપરીત પ્રરૂપણા કરવી તે પોતાને તથા અન્યને દુઃખરૂપ

છે આમ્નાયકારથી જુદા પડી કુંદકુંદાચાર્યે અન્ય પંથ પ્રવર્તાવ્યો અને "સમયસાર" ગ્રંથ રચ્યો. "પ્રવચન સાર" અને "નિયમ સાર" પ્રમાણેજ "સમય સાર" હોત તો કુંદકુંદાચાર્ય જુદા કેમ પડત ? "સમય સાર" પ્રમાણે સોનગઢી વ્યક્તિ આજે પોતાનો આશય જાહેર કરી રહ્યા છે. પરંતુ કુંદકુંદાચાર્યનો સિદ્ધાંત જોતાં, કુંદકુંદાચાર્ય તે વખતે મુનિપણા-માં હશે કે કેમ તેની અભ્યાસીઓને પૂરી શંકા છે. "સમય સાર" માં જ્ઞાનીને પાપ લાગતું નથી એમ અનેક સ્થળે કુંદકુંદાચાર્યે યુક્તિ-પૂર્વક કહ્યું છે. અને બરાબર તેજ પ્રમાણે આ સોનગઢી વ્યક્તિ પણ કહી રહેલ છે. પાપ લાગતું નથી તો વ્યર્થ દુઃખ શા માટે–આ વિચારસરણિએજ સોનગઢીને " સમય સાર " નો આશ્રય લેવા પ્રેર્યા હોય તેમ લાગે છે.

સ્રીને મોક્ષનો અધિકાર નથી એવા કુંદકુંદાચાર્યના કથનને આ સોનગઢી પણ સર્વાંશે અનુસરે છે. અહિંયા એ બોધ લેવાનો છે કે આ સિદ્ધાંતનો સ્વીકાર સમસ્ત દિગંબર સંપ્રદાય નથી કરતો. નીચેની ગાથા વાંચો:–

> अडयाला पुंवेया इत्थिवेया हवंति चालीसा ।
> वीस नपुंसकवेया समयेगेण सिज्झन्ति ॥[1]

અર્થ:-એક સમયે પુરુષ અડતાલીસ, સ્રી ચાલીસ અને નપુંસક વીસ સિદ્ધ થાય છે. " ગોમ્મટ સાર " જેમાંથી ઉપરની ગાથા અવ-તારવામાં આવી છે તે દિગંબર ગ્રંથ છે એ વાચકોએ ભૂલવું નહિ. આમાં શું સમજવું ? કોને અનુસરવું ? કુંદકુંદાચાર્યને કે " ગોમ્મટ સાર " રચયિતા નેમિચંદ્ર ચક્રવર્તિને ? કુંદકુંદાચાર્યના પુરોગામી શ્રી ધરસેનાચાર્ય તરફથી પુષ્પદંત અને ભૂતબલી નામના મુનિઓએ " ષટ્‌ખંડાગમ " બનાવ્યું છે જેમાં સ્રીમુક્તિનો વિરોધ કરવામા નથી આવ્યો. તે પુસ્તક કહે છે કે સ્રીવેદ નવમા

૧. " ગોમ્મટ સાર ".

જીવસ્થાનકમાં હોય છે જ્યાં ઉપશમ અને ક્ષાયિક–બન્ને–શ્રેણીઓ હોય છે. કુંદકુંદાચાર્યના અનુગામી "ગોમ્મટ સાર" ના રચયિતા પણ ઉપર કહી ગયા તેમ, ચાલીસ સ્ત્રી મોક્ષે જવાનું કહે છે. તો પછી વચલા ગાળા વાળા કુંદકુંદ કહેછે તે સાચું કેવી રીતે માનવું? મૂળ વાત એમ છે કે દિગંબરોમાં ગમે તેટલા મંડળો–આમ્નાયો હોય પરંતુ તે બધામાં એકવાક્યતા નથી. અર્થાત્ દિગંબર સાહિત્યમાં પરસ્પર વિરોધી બન્ને બાબતો કથિત થયેલી ઝાઝે ભાગે જોવામાં આવે છે.

દિગંબરો જે કહે છે કે કેવલી આહાર કરતા નથી તો તે વાત પણ ટકતી નથી. દિગંબરોના પ્રાચીનમાં પ્રાચીન પુસ્તક "ષટ્ખંડાગમ"માં જ કહેવામાં આવ્યું છે કે કેવલીઓ કે જેઓ તેરમા જીવસ્થાનકે છે તેઓ આહાર કરે છે. આવી હકીકતને પાછળના આચાર્ય મરડે તે કેવું કહેવાય? તેમના મનની અસ્થિરતા અને પોકળતા આથી સે'જે સમજાશે

સ્ત્રી મુનિપણું સ્વીકારી છટ્ઠે જીવસ્થાનકે આવી ન શકે કારણકે તેને વસ્ત્ર વિના ચાલે નહિ અને જો વસ્ત્ર પહેરે તો તે મુનિ નહિ એવું દિગંબરો કહે છે. આવી માન્યતા કુંદકુંદના સમયથી ગતિમાન થઇ હોય એમ લાગે છે. પરંતુ તેમના પુરોગામી "ષટ્ખંડાગમ" ના કર્તાએ શામાટે સ્ત્રીજન નવમા સ્થાનકે છે તેમ કહી નાખ્યું? પુરોગામીનું જ્ઞાન વધારે કે અનુગામીનું? પ્રો. હીરાલાલે સ્ત્રીમુક્તિ, કેવલીભુક્તિ અને અચેલકત્વના સંબંધમાં ખૂબ ચર્ચા કરી છે અને તે ત્રણેય બાબતોને યથાશક્ય વિશદ કરી બતાવી છે. પરંતુ અર્વાચીન અને તેમાં પણ અર્વાચીન દિગંબરોને એ વાત રૂચી નથી. શ્વેતાંબરો સામે તેમણે ધૂળ ઉડાડી છે તે ઠીક છે પરંતુ તેમ કરવા જતાં તેમણે દિગંબરો તરફ પણ એ ધૂળ ઉડાડી છે કારણકે તેમણે સિદ્ધ કરેલા મંતવ્યો શ્વેતાંબરપક્ષસમર્થક છે અને નહિ કે તેમની ઇચ્છાનુસાર

દિગંબરપક્ષપોષક મંતવ્યો સિદ્ધ કરતી વખતે તેઓ અભિનિવેશ-યુક્ત બની ગયા છે અને સત્ય તથા ન્યાયથી પ્રાચીન કે અર્વાચીન વિષે થોડો પણ વિચાર કરવા તેઓ અચકતા નથી. જ્યાં સમૂહબલ વધારે ત્યાં એકલો મનુષ્ય શું કરી શકે ? પ્રો. હીરાલાલે બન્ને બાજુનો સમન્વય કરીને એકને બીજી બાજુના સામાસામી સંબંધો મેળવી જેમ બને તેમ એક કરવા પ્રયત્ન કર્યો છે ત્યારે આ લોકો કહે છે કે એમ હોય તો આપણે દિગંબરો જૂદા શાથી ? એ ત્રણ બાબતોને લઇને તો આપણે જુદા છીએ. એટલે પ્રો હીરા-લાલ સામેથી કહે છે કે આપણે જુદા તે જુદા. આપણે એક થવું નથી અને એક છીએ નહિ.

દિગંબર પંથ ભણી વળેલા સોનગઢીનો પણ આવોજ કદાગ્રહ છે. પણ છતાં તેઓ આત્મ જ્ઞાનમાં અને સમ્યક્ દર્શનમાં પ્રવેશ કરે છે અને કહે છે" ત્યાં સવસ્ત્ર મુક્તિ થવાની વાત નથી. ચારિત્ર્ય-દશાનું સ્વરૂપજ એવું છે કે ત્યાં વસ્ત્ર સાથે નિમિત્ત – નૈમિત્તિક સંબંધ હોયજ નહિ. તેથી ચારિત્ર્ય દશામાં વસ્ત્રનો ત્યાગ સહજપણે હોય છે. વસ્ત્રનો ત્યાગ તે પરમાણુની અવસ્થાની લાયકાત છે તેનો કર્ત્તા આત્મા નથી."૧

પ્રશ્ન પુછનારને કેવો યુક્તિપૂર્વક જવાબ એમણે અહિં આપ્યો છે એ જોવાનું છે. એક બાજુ નિમિત્ત – નૈમિત્તિક સંબંધ નથી એમ કહે છે એટલે ચારિત્ર્ય આવતાં વસ્ત્રનો ત્યાગ સે'જે થાય છે. બીજી બાજુ એમ કહે છે કે એ અવસ્થા પરમાણુની લાયકાત છે પણ છતાં તેનો કર્તા આત્મા નથી. એટલે વાચક આમાં શું સમજે ? પરમાણુની લાયકાત નથી તો શું પરમાણુ ચેતન છે ? તે શું સમજે છે કે હવે મારે આ શરીર ઉપર રહી શકાય નહિ ? એક બાજુ આત્મા કર્તા નથી એમ કહે છે. તો આવી ગોળમટોળ વાણીથી વાચકને શુ સમજવું? આને અજ્ઞાનયુક્ત વાણી કહેવી કે પાખંડ યુક્ત?

---

૧. "વસ્તુ વિજ્ઞાનસાર" પુષ્પ ૨૫, પત્ર ૯૯.

વસ્ત્ર પહેરવા એ આત્માનો વિષય નથી એમ કહ્યું. તો પછી કુંદકુંદાચાર્યે આટલી બધી કડાકુટ કરી દિગંબર મત શા માટે ઉભો કર્યો? એક બાજુ કહેવામાં આવે છે કે શરીર શરીરનું કાર્ય કરે છે અને બીજી બાજુ કહેવામાં આવે છે કે આત્મા આત્માનું કાર્ય કરે છે. આ દ્રષ્ટિએ જોતાં ચારિત્ર્ય દશા અને વસ્ત્રને કાંઇ સંબંધ રહેતો જ નથી–એ વાત તદ્દન સ્પષ્ટ થઇ જાય છે. ચારિત્ર્ય આવે એટલે વસ્ત્ર પોતાની મેળે ઉતરી જાય છે એમ કહેવું એનો અર્થ શું? એક બાજુ આત્મા અક્રિય છે એમ કહેવું અને બીજી બાજુ વસ્ત્ર આપો-આપ ઉતરી જાય છે એવું પ્રતિપાદન કરવું–એ માયાયુક્ત નથી લાગતું શું? આત્મા જો અકર્તા છે તો પછી પરમાણુ જે જડ છે અને અકર્તૃત્વ વિશિષ્ટ છે તે શું તેની મેળે ઉતરી જાય ખરૂં! ચેતન હોય તો સમજે કે હું જાઉં કે ખસી જાઉં પણ પરમાણુ કેવી રીતે સમજે કે હું ખસી જાઉં? વળી પરમાણુની લાયકાત કહે છે તો પરમાણુની લાયકાત તો તેનામાં રૂપ, ગંધ, રસ ને સ્પર્શ જે છે તે છે. તે સિવાય બીજી લાયકાત તેનામાં શી છે? જીવ હોય તો કહી શકાય કે તેનામાં યોગ્યતા છે કે નહિ? પણ જડમાં યોગ્યતા કેવી હોય? મુનિજન ઉપર કોઇ વસ્ત્ર નાખી જાય તો તે મુનિરાજનું ચારિત્ર્ય રહે કે જતુ રહે?–એવો પ્રશ્ન કોઈ પુછે તો તેના જવાબમાં ચારિત્ર્યમા કાંઇ બાધા આવતી નથી એમ સોનગઢી તરફથી કહેવામાં આવે છે–જો કે ત્યાં નિમિત્ત નૈમિત્તિક–સંબંધ નથી એટલું ઉમેરવામાં આવે છે. આમ દરેક વાત તેઓ ઊંડા જ્ઞાન સાથે કરે છે.

ચારિત્ર્ય આત્માનો ગુણ છે અને વસ્ત્ર પરિધાન શરીરનો વિષય છે એ વાત કુંદકુંદ કેમ નહિ સમજી શક્યા હોય એજ કૂટ પ્રશ્ન છે. મન, વચન. અને શરીરની ક્રિયા તે તો જડ ક્રિયા છે. ત્યાં આત્માની ક્રિયા નથી; આત્માની ક્રિયા તો આત્મભાવમાં, ચારિત્ર્યમાં હોય છે-એમ સોનગઢી કહે છે. અર્થાત્ જ્યાં જડ ક્રિયા છે ત્યાં આત્માની ક્રિયા

નથી અને આત્માની ક્રિયા જ્યાં છે ત્યાં જડ ક્રિયા નથી. આમાંથી તો એજ એક અનુમાન નીકળી શકે કે શરીર મોક્ષ જતું નથી અને મોક્ષ માટે તેને કાંઇ લેવા દેવા નથી. હવે જે મોક્ષ જાય છે તે આત્મા છે તો શરીર કપડાં પહેરે કે ન પહેરે તેમાં આત્માને શું હરકત છે? જો આત્માને એ બાબતમાં વાંધો હોય તો પછી જડની ક્રિયા આત્માના કાર્યમાં સુખરૂપ કે દુઃખરૂપ થાય છે એ વાત સ્પષ્ટ થાય છે.

હકીકત એમ છે કે વસ્ત્રને ધારણ કરવાથી આત્માનો કયો ગુણ કે ચારિત્ર્ય ખોવાઈ જાય છે? ઉત્તરમાં જણાય છે કે કોઈપણ ચારિત્ર્ય જતું નથી. તો પછી સ્ત્રી ચારિત્ર્ય લઈ શકે છે અને વસ્ત્ર પણ રાખી શકે છે. 'ષટ્ ખંડાગમ" ના કર્તાઓ સ્ત્રી ચારિત્ર્ય લે છે એવું જ્યારે કહે છે તો પછી સ્ત્રીજન વસ્ત્ર પણ પહેરી શકે એમ એજ પુસ્તકથી સ્પષ્ટ થાય છે. અર્વાચીન દિગંબરો જે મમત્વ આ બાબતમાં રાખે છે તે પોતાના માર્ગને નુકસાનકારક છે. પોતાનાજ પગ ઉપર કુહાડો મારવા બરાબર છે.

મનુષ્યો મુખેથી જ્ઞાનની અને જ્ઞાનના માર્ગ તરફ જવાની વાતો કરે છે પરંતુ અહમહમિકા છોડવા તૈયાર નથી. શ્વેતાંબર અને દિગંબરથી માંડી આજ સુધીનો જો વિચાર કરશું તો માલુમ પડશે કે આ બધા ફાંટાઓ, ફિરકાઓ, વાડાઓ વગેરે રાગ–દ્વેષની પરિણતિને આભારી છે. મૌલિક વસ્તુમાં કોઇ પ્રકારનો ભેદ નથી. આચાર, વિચારમાં અને શ્રુતજ્ઞાનમાં બધા ફાંટાઓ દષ્ટિગોચર થાય છે. અજ્ઞાનથી કે ઝનૂનથી કે અવિચારથી આ બધા ફેરફારો થયા છે. આરંભ, પરિગ્રહનો ત્યાગ અને સદાચાર, દશવિધ યતિ ધર્મનું પાલન વગેરે વગેરે મૌલિક બાબતોમાં કોઇ સ્થળે ફેર નથી. છતાં આટલા બધા ફાંટા અને ભેદ જણાય છે તે તેમના બચાવનું કે યુક્તિપુર્વક નિકળી જવાનું કારણ છે. ફાંટા પાડનારાઓના હૃદયમાંજ અહમહમિકા અને સ્વચ્છંદ ન હોત તો આ બધા ફિરકાઓનું અસ્તિત્વ આજે હોત જ નહિ. વીતરાગની આજ્ઞાના ઓઠા નીચે પોતાની અભિલાષા પ્રમાણે વર્તવું

અને બીજાઓને પરાસ્ત કરવાની વૃત્તિ રાખવી એ કર્મની બલિહારી છે. ઋષભદેવ પૌત્ર મરિચી જેમ કહેતો હતો તેમ સૌ કોઇ પોતાની ચરણુ શ્રેણી અલગ રાખી સત્ય માર્ગ ભણી વળવાને લોકો ઉપર આગ્રહ રાખતા હોત તો આ બધા ફાંટાઓ જે આજે વિદ્યમાન છે તે કદિ ન હોત. પરંતુ જો તેમણે તેમ કર્યું હોત તેમનું સ્થાન આ પૃથ્વી ઉપર હોત નહિ. કારણ કે તેમને લોકોને આધારે જીવવાનું હતું. એટલે તેમણે સ્વકીય નિર્મલતાને નિમિત્તે આ માર્ગ લીધો છે એમ સ્પષ્ટ જણાય છે.

જો કે તેઓનું કહેવું એમજ છે કે વીતરાગનો સત્ય માર્ગ જે છે તેનુંજ પ્રતિપાદન તેઓ કરી રહ્યા છે પરંતુ ખરો માર્ગ લોકોને બતાવવા જતાં તથા સમ્યગ્દષ્ટિ અને મિથ્યા દષ્ટિ સંબંધી વિવેચન કરવા જતાં પોતેજ મિથ્યા દષ્ટિમાં કે સમ્યકૃત્વ મોહનીયમાં મુંઝાયા છે તેનો ખ્યાલ તેમને ક્યાં આવે છે? જો તેઓ સમજ્યા હોય કે બુઝયા હોય તો આવા સુંદર વીતરાગ જૈન દર્શનનો સ્પર્શ થવા છતાં અંદર-અંદરના મંડળ સામે ઈર્ષ્યાગ્નિ શા સારૂ વરસાવે છે? એ ઈર્ષ્યાગ્નિ તેઓ વરસાવી રહ્યા છે એ જોઈ તેમના હૃદયમાં સમ્યકૃત્વ છે એવી પ્રતીતિ થતી નથી ઉલટું, તેમનામાં સમ્યકૃત્વ મોહનીયનું રાજ્ય વ્યાપી રહ્યું છે એમજ માનવું પડે છે. જિનેંદ્ર દેવ ઉપર અનન્ય શ્રદ્ધા હોય અને આત્માની ઓળખાણ થઇ હોય તો પણ સમ્યકૃત્વ મોહનીયની પ્રકૃતિ તેઓ ભોગવતા હોય છે. કારણ, વર્તમાનકાળમાં જીવોને એ દર્શન મોહની પ્રકૃતિ છૂટતી હોય તેમ જણાતું નથી. વીતરાગની આજ્ઞાના પાલનની રૂચિ હોય; વીતરાગ ધર્મ ઉપર પ્રેમ હોય; દેવ, ગુરુ અને ધર્મ તથા આત્માની ઓળખાણ થઈ હોય એટલે સમ્યકૃત્વ તેમને કહેવાય પરંતુ તેમનામાં સાથે સાથે અસ્મિતા અને સ્વેચ્છાચાર હોવાથી તેમને દર્શન મોહ હોય છે. આવા લોકો વીતરાગ માર્ગનો ઉપદેશ દેતા હોય અને વીતરાગ પ્રણીત વસ્તુને ભિન્ન ભિન્ન રીતે સમજાવતા હોય છતાં પોતાની કલ્પનાને વશ થઇ તેઓ

ઉપદેશ આપતા હોય છે. તેઓ જ્યાં જ્યાં સમજાવવા જાય છે ત્યાં તેઓ મૂળ વસ્તુને ગમે તે રીતે ફેરવી પોતાની હૃદયગત યુક્તિ લગાડી તે તે હકીકતને મરડતા હોય છે. શ્રોતાઓ કહે છે કે તમે આમ કહો છો ને પેલાઓ આ વાતને બીજી રીતે કહે છે તેનું કેમ ? એટલે સારા વ્યાખ્યાનકારો તેનો ઉત્તર આપવા કોઇ પણ રસ્તો શોધતાજ હોય છે.

"વસ્તુ વિજ્ઞાન સાર"[1]

સમજાવવાની કેવી યુક્તિ કર્તાએ અખત્યાર કરી છે એ સમજવા આમાંથી આ પ્રમાણે એક દાખલો અમે આપ્યો છે. ઉપાદાન–નિમિત્તની સ્વતંત્રતા.[2] ઉપાદાન અને નિમિત્ત–બંન્ને કારણોને–સારી રીતે સમજાવવા જતાં પોતે કયાં યુકિત વાપરે છે એ જણાવવાનો આ પ્રસંગ છે. કહે છે "ગુરુના નિમિત્તથી જ્ઞાન થતું નથી"........"આત્માના પર્યાયની લાયકાતથી જ્ઞાન થાય છે નિમિત્તથી જ્ઞાન થતું નથી. જે વખતે આત્માના પર્યાયમાં પુરુષાર્થ સમ્યગ્જ્ઞાન પ્રકટ કરવાની લાયકાત હોય અને આત્મા સમ્યગ્જ્ઞાન પ્રકટ કરે તે વખતે ગુરુને નિમિત્ત કહેવાય છે. પણ ગુરુના નિમિત્તથી જ્ઞાન થતું નથી."[3] ધારો કે આ વાતમાં કાંઇક અંશે સત્ય હોય પરંતુ વાત કેવી મરડવામાં આવે છે તેજ સમજાવવાનો આ સ્થળે ઇરાદો છે. કહે છે કે જ્ઞાન ગુરુના નિમિત્તથી થતું નથી. પરંતુ આત્માની પર્યાયમાંજ પુરુષાર્થ રહેલો છે. હવે જો આ વાત બરાબર હોય તો મનુષ્યને કોઇ પણ ગુરુની આવશ્યકતા નથી કારણ કે તે પોતાની મેળે આત્માની અંદર પુરુષાર્થ કરી જ્ઞાનની પ્રાપ્તિ કરી લેશે. પરંતુ આવી ઉદ્‌ઘોષણા કરનાર સોનગઢીએ એ વિચારવું જોઇએ કે એ લોકોને જે સમજાવે છે તે અર્થ વિનાનું છે. કારણ કે જ્ઞાનની પ્રાપ્તિ સોનગઢીથી મેળવો આપાવાની નથી. લોકો પોતેજ પોતાના

---

૧. પુષ્પ, ૨૫ મું.
૨. એજન, પૃ. ૫૩.
૩. એજન, પૃ. ૫૪.

આત્માના પર્યાયથી જ્ઞાન મેળવી શકે તેમ છે પરંતુ તેઓ તેમ નહિ કરતાં પોતાની ઉપદેશધારા વહેવડાવવી સતત ચાલુજ રાખે છે.

હવે, આત્મા સ્વયં સંબુદ્ધ થઇ શકે છે તો ગુરુના ઉપદેશથી બોધિત જીવો, ગુરૂપદેશથી સમજનારા જીવો મોક્ષે જાય છે એમ જે શાસ્ત્રકારોએ કહ્યું છે તે શા માટે ? સ્વયંબુદ્ધ, પ્રત્યેક બુદ્ધ અને બુદ્ધબોધિત એમ ત્રણ પ્રકારના જીવો મોક્ષમાં જાય છે એમ તો પછી શાસ્ત્રકારોએ શા માટે કહ્યું ? કદાચ તેઓ એવી દલીલ કરશે કે ગુરુ ગમે તેટલું કહે પરંતુ જીવની યોગ્યતા નહિ હોય તો ગુરુ એકલા શું કરવાના ? બ્રહ્મદત્તને ગમે તેટલો ઉપદેશ આપ્યો તો પણ તે ફોકટ નો'તો ગયો શું ? આ દલીલ ખોટી નથી. કારણ કે જીવમાંજ લાયકાત ન હોય તો ગુરૂપદેશ વ્યર્થ જવા સર્જાયો છે. પરંતુ તર– નારને જેમ તારાની જરૂર છે તેમ મોક્ષ જવા ઇચ્છનાર ઉમેદવારને પણ ગુરુની આવશ્યકતા છે જ. શિષ્યમાં યોગ્યતા હોય છતાં એનું ગુરુ દ્વારા યથા યોગ્ય માર્ગદર્શન ન થાય તો કોઇ જીવ મોક્ષ જવાની ઈચ્છા સરખી પણ નહિ કરે. મનુષ્યને આંખો તો છે; રસ્તો કાપવા સમર્થ પણ છે. પરંતુ ક્યારે ? સૂર્યનો પ્રકાશ હશે તો. અંધારામાં નહિ. અર્થાત્ નિમિત્તની અપેક્ષા રહે જ છે. એ નિમિત્ત નકામું નથી. છેવટે તો સોનગઢી પણ કબુલ કરે છે. પરંતુ કબુલ કરતાં પહેલાં એ વાતને યથાશક્ય મરડે છે. પોતાનો કક્કો ખરો કરવામાં અને લીધેલી લત નહિ મેલવામાં ઘણાજ પ્રયાસ કરે છે. એ નિમિત્ત કારણ ખોટું છે તે સમજાવવા એક પછી એક દાખલા આપ્યે જ જાય છે. જુઓ. (૫) ગુરુને લીધે શ્રધ્ધા નથી. (૬) શાસ્ત્રથી જ્ઞાન થતું નથી. કુંભારને લીધે ઘડો થયો નથી.[૧] આ વાક્યો મોટે અક્ષરે તેમણે મુકેલા છે. આમાં તેઓ ખોટા છે કે તેઓ જેમને બધાને ખોટા કહે છે તે ખોટા છે ? સમજવું શું ? આ વાક્યો વાંચનારાઓ પોતે સમજતા નથી એમ નથી. સમજે છે. બરાબર

૧. એજન, પૃ. ૫૬–૫૭.

સમજે છે. સમજણ શકિત પણ સારી છે. પરંતુ પોતાની વિપરીત સમજણ, વિકૃત સ્વભાવ, અને વિરોધી વલણ તેમની આડે આવે છે. બીજા કોઈ કહે તેનાં કરતાં જુદી રીતે કહેવું અથવા કાંઈક મચડવું અને પછીજ કહેવું એવો એમના મનમાં ફાંકો છે અથવા કહો કે એવું ભૂંસુ એમના મગજમાં ભરાઇ ગયું છે. જિનાગમો પુકારી પુકારી કહે છે કે સદ્દગુરુના ઉપદેશ શ્રવણથી જ્ઞાન—સમજ મનુષ્ય પામે છે. સ્વયંબુદ્ધ જીવો તો આ જગતમાં ગણ્યા—ગાંઠયા જ હોય છે. શ્રવણથી સમજનારા જીવોની સંખ્યા મોટી છે. વર્તમાન કાળે, અતીત કાળે ઉપદેશથી જ ઘણા જીવો ધર્માભિમુખ થયા છે. ગુરુજ તેમાં નિમિત્ત કારણ છે. જો ન હોય તો તેઓ ધર્માભિમુખ થઈ શકયા જ ન હોત. સમાજમાં શાળાઓ કે શિક્ષકો ન હોત તો આટલા બધા ભણેલાઓ કયાંથી પાકત? જે પ્રદેશમાં નિશાળો અને શિક્ષકો નથી તે પ્રદેશમાં લોકો કેટલા બધા અભણ છે તે જુઓ.

વળી તેઓ કહે છે કે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી તો તેમનું તે વાકય કેટલું ખોટું છે? એ વાકયમાં ઘમંડ ભર્યો પડ્યો છે અને પૂર્વગ્રહયુકત છે. જો એમજ હોય તો તેઓ આ જે કહી રહ્યા છે તેમજ પ્રતિપાદિત કરી રહ્યા છે તે શેના આધારે? શાસ્ત્રનેજ આધારે કે નહિ? શાસ્ત્રો, પુસ્તકો વાંચી, મનન કરી, પોતાનો અપેક્ષિત અર્થ કાઢવા તો પછી શામાટે તનતોડ મહેનત કરે છે? વ્યકિતનો કે સમાજનો વિકાસ ગ્રંથોના અભ્યાસને લીધે છે--નહિ કે એકલા પોતાના મનનને લીધે. પરંતુ જેને અન્યથા જ બોલવું છે તેને શું કહેવું? ઘડો કુંભારે બનાવ્યો છે એ તો સૌ કોઇ જોઈ દેખી શકે છે. કુંભાર વિના ( અર્થાત્ બનાવનાર વિના ) ઘડાનું અસ્તિત્વ ન જ હોત. માટીનો પિંડ પડયો છે;, ચક્ર તથા બનાવવાના સાધનો તૈયાર પડયા છે પરંતુ બુદ્ધિપૂર્વક તેને બનાવનાર એટલે કે કુંભારજ ન હોત તો શું એ માટીપિંડ પોતાની મેળે ઘડો બનવાનો હતો? જે ગામમાં એને બનાવનાર એટલે કે કુંભાર ન હોત તો ત્યાં શું

ઘડો મળવાની શક્યતા હતી ? આમ, આંખે સ્પષ્ટ સમજાય તેવી આ હકીકત છે છતાં જેને અન્યથા બોલવું છે તેને કહેવું પણ શું ? લોકોને તેઓ સમજાવે છે " ઘડો થવાનો હતો માટે કુંભારને આવવું પડયું એમ પણ નથી. માટીમાં સ્વતંત્ર તે સમયની પર્યાયની લાયકાતથી ઘડો થયો છે અને તે વખતે કુંભાર પોતાની પર્યાયની સ્વતંત્ર લાયકાતથી હાજર છે, પણ કુંભારે ઘડો કર્યો જ નથી તેમજ કુંભારના નિમિત્તથી ઘડો થયો નથી. ".[૧]

અહો બુદ્ધિનો કેવો વિષય છે અને બુદ્ધિને કેવી રીતે લોકો આગળ સોનગઢી પ્રદર્શિત કરે છે? આ વાકયોમાં શું સત્ય છે ? કોઈ પણને એ નહિ સમજાય વિરોધ અને વાક્છળથી ભરેલું એ વાક્ય છે. એકજ વાકયમાં કુંભાર પોતાની સ્વતંત્ર યોગ્યતાથી હાજર છે અને છતાં કુંભારે ઘડો પેદા નથી કર્યો એવા પરસ્પર વિરોધી કથનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આનું નામ અવિચાર અને અજ્ઞાન યુકત કાળ ક્ષેપ. જો કુંભારે ઘડો કર્યો નથી અને ઘડાને કુંભારના નિમિત્તની અપેક્ષા નથી તો પછી ત્યાં કુંભારને રહેવાની જરૂરત શી ? શું કુંભારના માત્ર દેખાવથી એ ઘડો તૈયાર થઈ ગયો શું ? કુંભારની ઉપસ્થિતિની અપેક્ષા છે. છતાં ઘડાના નિર્માણમાં એનો કાંઇ હિસ્સો નથી એમ કહેવાનો કાંઇ અર્થ ખરો ? કોઈ વિદ્વાન આ સાંભળે તો કહેનારને એ વિદ્વાન કઇ પંકિતમાં મુકશે ભલા ? લોકો કહેશે કે વક્તા તો મૂર્ખ પરંતુ શ્રોતાય મૂર્ખ ? ખરેખર એમ નહિ, તો બીજું શું ? તે સોનગઢી શું કહેવા માગે છે--શું ઠસાવવા માગે છે તે આવા આવા એના વાકયો વાંચવાથી, વિચારવાથી સમજાશે.

ઉપર કહેવામાં આવ્યું છે " માટીમાં સ્વતંત્ર તે સમયની લાયકાતથી ઘડો થયો છે. " તો કહેવાનું કે માટીમાં તે સમયની જે પર્યાય છે તો તે માટી પર્યાય ઘડા સાથે જાય છે અને ઘડા સાથે જાય તે ઉપાદાન કારણ છે પણ તે નિમિત્ત કારણ નથી. નિમિત્ત

૧. એજન, પૃ. ૫૭.

કારણ તો જે વસ્તુ થવાની હોય તેથી બહાર રહે છે. પરંતુ મૂળ વસ્તુ સાથે રહેતી નથી. મૂળ વસ્તુ સાથે જે રહે છે તે ઉપાદાન કારણ છે. ઉપાદાન કારણ માટીમાં હોય છે અને નિમિત્ત કારણ બહાર હોય છે. એ ઘડો ઉત્પન્ન કરવામાં જે હસ્ત ક્રિયાદિની અપેક્ષા છે તે જો કુંભાર ન કરે તો એ ઘડો બનેજ કેવી રીતે? કુંભાર પડખે કેવળ ઉભો રહે તેથી શું માટીમાં રહેલી ક્રિયાથી એ માટી ઘડામાં રૂપાંતરિત થઇ જશે શું? મનુષ્યના મગજમાં અમુક વખતે એવી રાઇ ભરાઇ જાય છે કે એણે જે નાડું પકડ્યું હોય તેને સાચું સિદ્ધ કરવા આકાશ–પાતાળ એક કરે છે. પરંતુ એથી શું અસત્ય સત્ય થઈ જશે?

કોઇપણ કાર્યની ઉત્પત્તિમાં જૈનદર્શનાનુસાર બે કારણોની અપેક્ષા રહે છે. એક કારણ વસ્તુની સાથે રહે છે જેને ઉપાદાન કારણ કહેવામાં આવે છે. જેના વડે જે વસ્તુ બને તેને નિમિત્ત કારણ કહે છે જે બીજું કારણ છે. ઘડામાં આ દૃષ્ટિએ જોતાં માટી ઉપાદાન કારણ છે. માટી વિના ઘડો ન બને અને તે માટી ઘડામાં હોય છે. માટીનો જ ઘડો છે. પરંતુ ઘડાને જે બનાવનાર છે તે તો કુંભાર કે કોઈપણ વ્યક્તિ કે કોઈપણ મનુષ્ય હોય છે. હવે જે બનાવનાર છે તેની અનુપસ્થિતિ હોય તો તે વસ્તુકાર્ય અર્થાત્ ઘડો બનેજ કેવી રીતે? કુંભારની કેવળ હાજરી માત્રથી અથવા તેની મંત્રશક્તિથી માટીને અડયા વિના શું ઘડો બની ગયો? ઘડો થઇ રહ્યો હતો તે વખતની માટીની લાયકાતથીજ ઘડો નિર્મીત થઈ ગયો? માટીની યોગ્યતા તો ઘડો થયો તેમાં ગઇ પરંતુ ઘડો કર્યો કોણે? આવો પ્રશ્ન કરનાર માટીને કારણ કહેશે કે કુંભારને? માટીમાં ગમે તેવી અપૂર્વ યોગ્યતા હોય તેથી શું? માટીનો ઘડો બનાવનાર તો જોઇએને? સંતતિ ઉત્પન્ન કરવાની યોગ્યતા સ્ત્રીમાં ગમે તેટલી હોય તો પણ બીજ આપનાર પતિ વિના સંતતિ થશે શું? કદાચ એમ કહેવામાં આવે છે કે પતિનો યોગ ગમે ત્યાંથી આવી મળવાનો જ અને સંતતિ ઉત્પન્ન થવાની. એ ગમે તેમ

કહેવામાં આવે પરંતુ પતિ ન હોત તો પુત્ર ન થાત એ વાત સિદ્ધ જ છે ને ?

ક્ષેત્ર વિશુદ્ધિ કરી ખેડુત બીજ વાવી ગમે તેટલી તૈયારી કરે પરંતુ જ્યાંસુધી વરસાદ ન આવે ત્યાંસુધી એ વાવેલ બીજ શું ધાન્યરૂપે ઉગશે ? આગળ વધીને સોનગઢી કહે છે "નિમિત્તો ન મળે તો કાર્ય ન થાય એ માન્યતા ખોટી છે". "કોઇને પુત્ર થવાનો હતો પરંતુ વિષયરૂપ નિમિત્ત ન મળ્યું માટે ન થયો એ વાત મિથ્યા છે".[1] સોનગઢી કહે છે કે થવાનું હોય તો વિષયરૂપ નિમિત્ત મળે છે અને તે ક્ષેત્રે તેવા રજકણો ગમે તે ભેગા થઇને થાય છે. આ વાતને ગમે તેટલી લાંબી કરી વસ્તુવિપર્યય કરવા ભલે તે ગમે તેટલો પ્રયત્ન કરે. વિચારકોએ જે વસ્તુ વિચાર કરી અંતિમરૂપે નક્કી કરી છે તે સાચી કે સોનગઢી કહે છે તે સાચી ? કેવળ વિતંડામાં રાચનારમાં સાચા જ્ઞાનનો અભાવ અને ઋજુતાની ઉણપ હોય છે. હઠાગ્રહીને સત્ય પ્રતીતિ ક્યાંથી હોઈ શકે ? બુદ્ધિમાનો તો નિમ્નોક્ત કડી જ સાચી માને :—

"કારણ જોગે હો કારણ નિપજે એમાં કોઈ ન વાદ,
પણ કારણ વિણ કારજ સાધીએ એ નિજ મત ઉન્માદ".

આ કડી આનંદઘનની છે. આનંદઘનની જેમ સૌ વિચારક સંમત થશે કે કારણના યોગથી જ કાર્યોત્પત્તિ થશે. આ સિધ્ધાંત પરત્વે કોઇને કાંઇ જ મતભેદ ન હોઇ શકે. કારણ વિના કાર્યસિધ્ધિ કરવા ઇચ્છનાર ઉન્માદયુક્ત છે. અર્થાત્ સોનગઢી ઉન્માદ દશામાં સબડી રહ્યા છે એમ કહેવું ન હોય છતા કહેવું પડે છે. પોતાની અભિરૂચિ અનુસાર સોનગઢી અર્થનિષ્પત્તિ કરે છે.

## જિનેંદ્રદેવની પૂજામાં વીતરાગતાનું પ્રયોજન કેવી રીતે થાય છે ?[2]

પ્રથમ પ્રશ્નકારના મુખથી સોનગઢી નીચેના તાત્પર્યનો પ્રશ્ન

---

૧. એજન, પૃ. ૫૯.

૨. પુષ્પ ૨૮, પૃ. ૧૪.

પુછાવે છે અને તેનો તેઓ ઉત્તર આપે છે.

પ્રશ્નઃ-જૈન શાસ્ત્રોમાં તો રાગ, દ્વેષ, અને મોહ ઓછો કરવાનું કહેવામાં આવ્યું છે. તો પછી જિનેંદ્ર દેવ પાસે અષ્ટ પ્રકારની પૂજા કરે અને તેમાં ફલ-પુષ્પાદિ મુકે એવું શા માટે હોવું જોઈએ ? એમાં તો નરી હિંસા છે.

ઉત્તરઃ- ( સોનગઢીએ આપેલ ઉત્તર ઘણો લાંબો છે. માટે અહિં એને ટુંકાવીને મુકવામાં આવ્યો છે). ત્યાં પણ રાગ ઘટાડવાનો જ હેતુ છે. બાહ્ય પદાર્થોની ક્રિયા આત્મા કરતો નથી. પરંતુ વીતરાગતાની ભાવનાથી તે ઓતપ્રોત થયો છે માટે તે પોતાનો રાગ ઘટાડે છે. હે પ્રભો ! જિનેંદ્ર દેવ ! આપ વીતરાગ છો. આપની સાક્ષીએ હું આ ફલ વગેરે વસ્તુઓ પ્રત્યેનો મારો રાગ ઘટાડું છું અને મોક્ષફલ પ્રાપ્તિની ભાવના કરૂં છું......જૈનધર્મમાં ભગવાનને પ્રસન્ન કરવાના હેતુથી ફલ, ફૂલ વગેરે મૂકવામાં આવતા નથી......વીતરાગ થવાની ભાવનાથી ભગવાનની પૂજા કરવામાં આવે છે. આત્માની ઓળખ થયા પહેલાં પણ જિન પૂજા વગેરેનો શુભ રાગ કરી અશુભ રાગ ટળે તેનો કાંઇ નિષેધ નથી........પ્રતિમાજીમાં વીતરાગ દેવની સ્થાપના કરીને અને તેની પૂજા કરીને વર્તમાનમાં પોતાનો અશુભ રાગ ટાળે છે. વગેરે વગેરે.

સોનગઢી કહે છે કે પૂજા રાગ ઘટાડવાનો હેતુ છે. વળી કહે છે કે બાહ્ય પદાર્થોની ક્રિયા આત્મા કરી શકતો નથી. આ બે વાકયો પાસે પાસે છે. એકમાં રાગ ઘટાડવાનો હેતુ છે એમ કહે છે; બીજામાં બાહ્ય પદાર્થોની ક્રિયા આત્મા કરી શકતો નથી એમ કહે છે. તો પછી એ પૂજા કરનાર છે કોણ ? એ સમજી શકાતું નથી. જીવ પૂજા કરે છે કે જડ પૂજા કરેછે ? જો જડ પૂજા કરતું હોય તો એ પૂજા થાય જ શી રીતે ? જડ મનુષ્ય પ્રભુને ઓળખવાની તાકાત ધરાવતો નથી. એક બાજુ કહે છે કે હે જિનેંદ્ર દેવ ! આ ફલ, ફૂલ

મૂકું છું તે હે પ્રભો! આપની સાક્ષીએ મૂકું છું. તો એ મૂકવાની ક્રિયા કોણે કરી? જીવે કે જડ પદાર્થે? એક બાજુ કહે છે કે અશુભ રાગ ટાળવા માટે છે અને બીજી બાજુ એ કહે છે કે મોક્ષફળની ભાવના કરૂં છું. ફુલ, ફૂલ મુકવામાં આવે છે તે તદ્દન જડ ક્રિયા છે એમ તેઓ કહે છે તો પછી મોક્ષનુ ફલ જડને કેવી રીતે મળે? મોક્ષફલ તો આત્માને—જીવને મળે છે અને પૂજા કરનારનો ભાવ છે તે તો જડ ભાવ છે. જડ ભાવમાંથી ચૈતન્યભાવવા મોક્ષફલ કેવી રીતે આવી શકે? વળી તેઓ કહે છે કે આત્માની પિછાન થયા પહેલાં જિનેદ્રદેવની પૂજા થાય છે. તો કહેવાનું કે જો આત્માને સ્વનું જ્ઞાન થયું નથી તો જિનેન્દ્રદેવની ઓળખ થઈ કેવી રીતે? જ્યાં આત્માને જ હું કોણ છું—કયાંથી આવ્યો છું—કયાં જવાનો છું—એનું જ્ઞાન થયું નથી ત્યાં એને જિનેંદ્ર દેવની ઓળખ કયાંથી થઈ ગઈ? પ્રથમ આત્માને પોતાના અસ્તિત્વાદિનુંજ જ્ઞાન નથી થયું તો એ જિનેંદ્રની પૂજા કરે શા સારૂ? પહેલાં આત્મા છે એમ સિદ્ધ થાય પછી કર્મની સિદ્ધિ થાય અને પછી જ કર્મમુકિતનો સવાલ આવે. જો મુકિતમાર્ગ સિદ્ધ થાય તો પછી વીતરાગ દેવ, ધર્મ, ગુરુ વગેરે ઉપરનો પ્રેમભાવ તથા પરાભકિતનું સાર્થકય સિદ્ધ થઈ શકે. સોનગઢી કહે છે કે જિનેશ્વરની પૂજા થયા પછી આત્માની ઓળખાણ થાય— ત્યાંજ ગુંચવણ છે. અર્થ એ છે કે આત્માની ઓળખાણ નથી અથવા આત્માનું સ્વરૂપ સમજાયું નથી તો પછી જિનેંદ્રદેવની ભકિત કે પૂજા કોણ કરશે? ખરેખર, પૂજા કરનાર કોઈ જ ન થાય.

ભગવાનને પ્રસન્ન કરવા માટે ફૂલ, ફ્લ મુકવામાં નથી આવતા એમ સોનગઢો કહે છે. જો આમ ન હોય તો પછી ફૂલ, ફ્લ, નૈવેદ્ય, વગેરે ભગવાનને શું કામ ધરાવવામાં આવે છે? શું તેઓ રમત રમી રહ્યા છે? કે સમયનો દુર્વ્યય કરી રહ્યા છે? પ્રભુને રાજી રાખવા ભક્તિ, પૂજા ન કરતા હોયતો શા માટે પૈસાનો ખોટો ખર્ચ અને હિંસા કરતા હશે? પ્રભુ તો કેવલ વિતરાગી છે, નિર્વિકારી છે; એમની આગળ મુકવાથી શું હેતુ સધાશે? કારણ વિનાની કોઇ

પ્રવૃત્તિ મનુષ્ય ન કરે. જો ફૂલ, ફલ મુકવાથી મોક્ષ પ્રાપ્તિ થતી હોત તોપછી વીતરાગ થવાની કાંઇ અગત્ય નથી. જો આવી રીતે સહેલાઈથી — ફૂલ, ફલ વગેરે મુકવાથીજ — મોક્ષ મળતો હોય તોપછી ત્યાગ, કષ્ટ, દમન વગેરે દુઃખરૂપ સંયમની આવશ્યકતાજ કયાં રહે છે?

ફલ, ફૂલ મુકવાનું કારણ શું એટલું પણ વ્યાખ્યાનકારો કે વિવેચનકારો નથી સમજ્યા? ફલ, ફૂલ મુકવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે અથવા પુણ્યોપાર્જન થાય છે કે વિતરાગ દેવ ખુશ થાય છે એવું કોઇ મૌલિક જિનાગમમાં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે? આવી કોઇ વાત મૌલિક ગ્રંથમાંથી ન નિકળતી હોય તો એની જવાબદારી કોના શિરે જશે? તે ફલ, ફૂલમાં જીવ નથી અને એને પ્રભુજી આગળ મુકવાથી હિંસા થતી નથી એમ શું કહી શકાશે? શું પ્રભુજી, વીતરાગના--દિગંબરના કે શ્વેતાંબરના—મૂલ પુસ્તકમાં કોઇ સ્થળે પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, અને વનસ્પતિમાં જીવો નથી એમ કહેવામાં આવ્યું છે? પૃથ્વી, વનસ્પતિ વિગેરેમાં જીવો છે તો પછી ફલ, ફૂલમાં જીવો હોય તેમાં શું આશ્ચર્ય? મતિનો આ દંભ એમનું મનુષ્યત્વ ગુમાવડાવવામાં કારણ બન્યો છે. માનના કાંટાઓ એમને ચુંભી રહ્યા છે એટલે એમના હૃદયમાં એ જીવોની દયા કે અનુકંપા કયાંથી સંભવે? પોતાનું જ બૂરૂં કરવા જ્યારે એ બેઠા છે ત્યારે પરનું ભલું એ શું કરી શકવાના હતા? જ્યાં પોતાનું શું થશે એ ભય કે ગભરામણ નિકલી ગઈ છે ત્યાં બીજા માટે તેઓ શા સારૂ ગભરાય? તેઓ કે બીજા કોઇ પણ વાચકો એમ કહેશે કે આ લખનારાજ ભૂલ્યા છે. તો તેમને કહેવાનું કે લોકો ભલે પરસ્પર વિરુદ્ધ બોલે પરંતુ જાણવું જોઇએ કે જૈન સાહિત્યમાં પૃથ્વ્યાદિમાં જીવોનું અસ્તિત્વ છે કે નહિ? તેની અનુકંપા રાખવી તે બરાબર છે કે ન રાખવી તે બરાબર છે? જૈનદર્શનની સર્વોચ્ચતાનો આધાર અહિંસા કે અન્ય પ્રાણી માત્ર તરફ અનુકંપા ઉપર પ્રતિષ્ઠાપિત છે. એ ફલ, ફૂલથી વીતરાગદેવને ખુશ

થવાપણું છે જ ક્યાં ? તેમને એમાં રસ હોય ખરો ? જે દેવો રાગ, દ્વેષયુક્ત છે તેમને એ પુષ્પો ગમે; તેમને એની સુગંધ આનંદ આપી શકે ; તેમની આગળ ભકતજનો પુષ્પોના ઢગલા કરે આવા વર્ણનો સ્થલે સ્થલે જોવા, વાંચવા મળે છે પરંતુ તે છે દેવોના સંબંધમાં જેઓ રાગ, દ્વેષ યુકત છે. પરંતુ વીતરાગની શાશ્વતી પ્રતિમા આગળ આવું થયું હોવાનું જાણ્યામાં નથી. છતાં દંભી લોકો પોતાની અજ્ઞાન બુદ્ધિથી એમ કરી રહ્યા છે. કહેવું જોઇએ કે તેઓ વીતરાગ દેવના યથાર્થ સ્વરૂપને સમજી શકયા નથી.

જૈનદર્શન અને તેના અનુયાયીઓ જીવહિંસાનો પ્રબલ વિરોધ જ કરે; પૃથ્વી, જલ, આદિ પ્રતિ અનુકંપા બતાવવાનો આદેશ કરે. જ્યારે એ જ અનુયાયીઓ પ્રતિમા પૂજા નિમિત્તે જીવની ઘાત કરવામાં શરીક બને. આ કેટલી વિચિત્રતા ? કોઇ એવી દલીલ કરે છે કે પ્રભુ પૂજા નિમિત્તે હિંસા કરવી તે હિંસા નથી. તો વળી કોઇ કહે છે કે આયુઃકર્મને કોઇ તોડી શકનાર નથી, તેમ વધારી શકનાર નથી તો પછી હિંસા કે પાપ જેવું રહ્યું જ ક્યાં ?

તેઓ મોહાભિભૂત છે અને માનના આવર્તમાં આમતેમ ઘૂમી-રહ્યા છે. ગમે તેમ કહો પરંતુ તેઓ ગમે તેટલા વિદ્વાન હોય તથા તર્કશકિત ધરાવતા હોય છતાં અંતે તેઓ પોતે પોતાનું અહિત જ કરે છે.

ફલ-ફૂલ મુકવાથી અશુભરાગનું નિવારણ થાય છે અને જિન-પૂજાનું પુણ્ય હાંસલ થાય છે એમ તેઓ કહે છે. પરંતુ જિનપૂજા મન, વાણી અને કર્મથી થઈ શકે કે ફલ, ફૂલાદિ ધરવાથી ? પ્રભુજી તો નિરાહારી, અશરીરી છે. ફલ, ફૂલાદિ મુકવાથી જિનેંદ્રપ્રભુની હાંસી કે આશાતના તેઓ કરી રહ્યા છે એ સાદી વાત પણ તેઓ સમજી શકતા નથી ? જેઓએ જે વસ્તુનો સર્વથા ત્યાગ કર્યો છે એ વસ્તુ તેમને ધરવામાં આવે તો તેમાં નિતાંત પાપ છે. કોઈ તથારૂપના

સંયમધારી મુનિરાજને તેમનો ભક્ત ફલ, ફુલ આપે તો તેથી તે પાપનો ભાગી થાય. અકલ્પનીય ચીજ, વસ્તુ મુનિરાજને આપવાથી લોકો તેને માટે શું ધારશે? એ તથારૂપના મુનિરાજ એ વસ્તુ આરોગતાં ઉદ્વેગની લાગણી અનુભવશે. આવી વસ્તુ અનાર્ય લોક ધરે તો તો મુનિરાજ સમજી શકે કે એમ એણે અજ્ઞાનવશ થઇ કર્યું છે પરંતુ ભક્ત-જન તરફથી જ્યારે એમ થાય ત્યારે એ મુનિરાજને દુઃખ થયા વિના રહેજ નહિ. અહિં આપણે સાધારણ મુનિરાજનો દાખલો લીધો પરંતુ હવે એને સ્થાને વીતરાગ પ્રભુનું દૃષ્ટાંત લ્યો. વીતરાગ પ્રભુ તો રાગ, દ્વેષથો પર છે તથા કોઈનું અહિત કરનાર નથી. એવા વીતરાગ પ્રભુને ફલ, ફૂલાદિ ધરવાથી વીતરાગ તરફની ભક્તિને બદલે ફલ, ફૂલાદિના ધરનારા તેમની આશાતના, અવિવેક કરી રહ્યા છે એ બાબતમાં શું સમજાવવાપણું છે? વીતરાગ પ્રભુ તો દરેક ઇચ્છાથી રહીત છે. તો પછી ફલ, ફૂલાદિ ધરવાનો અર્થ શું? ફલ, ફૂલાદિ ધરવાં એ ભક્તિનો એક પ્રકાર જ હોય તો મૌલિક જિનાગમો તત્સંબંધે ચુપકીદી સેવેજ નહિ. જગતના અન્ય દેવો સામાન્ય કોટિના છે અને તેઓ રાગ, દ્વેષથી પર નથી. વીતરાગ પ્રભુ તો દરેકે દરેક વાસનાથી પર છે. એમને ફલ, ફૂલાદિ ધરવા એ તદ્દન વિવેક રહિતતા છે.

સોનગઢી કહે છે કે વીતરાગ દેવ સાક્ષાત્ ઉપસ્થિત નથી માટે તેમની પ્રતિમામાં પ્રથમ વીતરાગતાનું સ્થાપન કરી તેમની પૂજા, અર્ચના કરવી તે અશુભ રાગ ટાળવાનું નિમિત્ત બની શકે છે અહિંયા પ્રશ્ન એ ઉદ્ભવે છે કે પ્રતિમામાં વીતરાગ દેવનું આરોપણ કરવું તે બુદ્ધિ કે સમ્યગ્દષ્ટિનો વિષય હોઇ શકે-બની શકે ખરો? સત્ય વસ્તુમાં સત્ય પ્રતીતિ કરવી એતો સમજી શકાય છે. પરંતુ જે વસ્તુ, અંશ જેમાં નથી તેની કલ્પના કરવી એ સમ્યગ્દષ્ટિ ન કહેવાય. એક બાજુ એમ અસંદિગ્ધપણે પ્રતિપાદિત કરવામાં આવે છે કે વસ્તુમાં વસ્તુત્વનું દર્શન તે જ્ઞાન અને વસ્તુમાં અવસ્તુતાની પ્રતીતિ તે અજ્ઞાન. તો

એમને કહેવાનું પ્રાપ્ત થાય છે કે પ્રતિમા જડવસ્તુ છે કે નહિ? જો જડ છે તો તેમાં ચેતન્યનું, અહિંયા વીતરાગતાનું, ભાન કરવું એ જ્ઞાન કહેવાશે શું? વ્રત, નિયમ, પંચ મહાવ્રતોનું આરાધન, ઉપવાસ, અનશનાદિને બાહ્ય કે જડ ક્રિયા તરીકે ઓળખાવવામાં આવે છે અને બીજી બાજુ પ્રતિમામાં વીતરાગભાવનું આરોપણ કરવાની સલાહ, શિક્ષા આપવામાં આવે છે અને એને આત્મક્રિયા તરીકે બોધિત કરવામાં આવે છે. ફલ, ફૂલાદિ ધરવા અને પ્રતિમામાં વીતરાગતાનું સ્થાપન કરવું એ કઇ પ્રકારની આત્મક્રિયા થઇ? આ તે આત્મક્રિયા કે જડક્રિયા? પત્થરની કે ધાતુની પ્રતિમામાં પ્રભુનું દર્શન કરવું એ બુદ્ધિગમ્ય નથી જ.

સત્ શાસ્ત્રોનો મૂળનો હેતુ જીવોને મોક્ષાભિમુખ બનાવવાનો છે. અને એમાં પ્રતિમાજી આલંબનભૂત બની શકે છે-- આવી તેમની વિચારસરણિ છે. અહિંયા શંકા એ થાય છે કે જીવોને મોક્ષપ્રાપ્તિમાં વીતરાગ શાસ્ત્ર આલંબન બની શકે કે પ્રતિમાજી? માનો કે શાસ્ત્રોનું અસ્તિત્વ નથી. તો પછી કેવળ પ્રતિમાજી દ્વારા આપણે શું મોક્ષ મેળવી શકત? તીર્થંકર ભગવાન થઈ ગયા એ વાત આપણને લિપિબદ્ધ આગમોથી અવગત થાય છે. ઉત્સર્પિણી, અવસર્પિણી, આદિ કાળચક્રો, જીવોની ચાર ગતિ, ચોવીસ દંડકમાં જીવોનું પરિભ્રમણ, મોક્ષ મળ્યા બાદ જીવને પરમ શાંતિની પ્રાપ્તિ થાય છે, ઇત્યાદિ, ઇત્યાદિ સત્ય ઘટનાઓનું જ્ઞાન આપણને એ લિપિબદ્ધ આગમોથી, નહિ કે મૂર્તિથી, થાય છે. હકીકત જો આમ છે તો મૂર્તિને આલંબનરૂપ કેવી રીતે માની શકાય? સમયસારાદિ પુસ્તકો ન હોત તો અચેલકત્વ, સ્ત્રી-નિર્વાણ નિષેધ, કેવલી અભુક્તિ વગેરે કલેષોત્પાદક અને કલહવર્ધક બાબતોનું જ્ઞાન એ લોકોને શું મૂર્તિ દ્વારા થયું હોત? તાત્પર્ય એ છે કે જિનાગમો આલંબનભૂત બની શકે; મૂર્તિ ન બની શકે. મૂર્તિથી અવબોધ થાય છે એ વાત ભ્રામક છે. દિગંબરો અને શ્વેત

એરા મૂર્ત્તિનું પ્રકરણ બહુ જ આગળ ધપાવી રહ્યા છે. પરંતુ માનવો-ના જ્ઞાનનો અમોઘ ઉપાય અને સચોટ તથા સાચો માર્ગ પુસ્તકો છે, તેનું શ્રવણ છે, તેનું પઠન, પાઠન છે. એ સિવાય બીજો કોઈ માર્ગ હોઇ જ ન શકે.

વસ્તુસ્થિતિ આમ હોવા છતાં વિચિત્રતા તો એ છે કે આવી અસત્ય બાબતોનો પ્રચાર મનુષ્ય આવેશપૂર્વક કરી રહ્યો છે. એનું મૂળ રાગ, દ્વેષ, મોહ, કષાય ઇત્યાદિમાં મળી રહે છે. મનુષ્ય આ દોષોથી ભર્યો પડયો છે. એ દોષોને લઇ તેનામાં દૃષ્ટિની વિકૃતિ થઇ છે. અને એ વિકૃત દૃષ્ટિ દ્વારા લાધેલ દર્શન તેને અવળે માર્ગે ચડાવી દે છે. એને સત્યાસત્યનું ભાન રહેતું નથી. એ વિવેક ગુમાવી દે છે. પછી તો પોતાની તીક્ષ્ણ બુદ્ધિનો દુરૂપયોગ કરવા માંડે છે. પોતે તો કુમાર્ગે પળ્યો જ છે પરંતુ બીજા બિચારા ભલા ભોળા હોય છે તેને પણ સરળતાથી વિપરીત માર્ગે ચડાવી દે છે. વાણીનો દમામ તેમને વર્યો હોય છે એટલે નેપોલીયન કે હીટલર જેમ પોતાની વાણીના બળથી લાખ્ખો સૈનિકોને વશવર્તી રાખી શકતા હતા તેમ તેઓ પણ મુગ્ધ શ્રોતાજનોને પોતાના નિયંત્રણમાં રાખી ધારે ત્યાં ફગાવી શકે છે. પરંતુ આવા વાણી વિલાસનો પણ અમુક કાળે અંત હોય જ છે. એ વખતે મુગ્ધજનો પોતાની અજ્ઞ પ્રકૃતિ માટે પશ્ચાત્તાપ કરે છે અને કર્મમાં લખ્યું હોય તો સવળે રસ્તે પણ પડે છે. અસ્તુ.

---

## આઠમું પ્રકરણ

## વીતરાગ પુરુષોનો ધર્મ

जत्थ य विसयविरागो कसायचाओ गुणेसु अणुराओ ।
किरियासु अप्पमाओ सो धम्मो सिवसुहोवाओ ॥

અર્થ :- જ્યાં વિષય વિરતિ છે, કષાયોનો ત્યાગ છે, ગુણોમાં પ્રેમ છે, અને ક્રિયા (શાસ્ત્રોક્ત)માં અપ્રમાદ–ઉપયુક્તતા છે ત્યાં ધર્મ છે જે શિવસુખનો ઉપાય છે.

ઉપર્યુક્ત ગાથાનું જૈન સમાજમાં જોર શોરથી પુરસ્કરણ થઇ રહ્યું છે છતાં કષાયનું સામ્રાજ્ય છે. જૈન દર્શનના બધા અનુયાયીઓ પોતાના વિચારોનું મંડન અને અન્યનું ખંડન કરી રહ્યા છે. શ્રાવકો કે સાધુઓ મુમુક્ષુના સ્વાંગમાં દંભનું નાટક ભજવી રહ્યા છે. પોતે લીધેલી વાતનો કક્કો ખરો કરાવવા આકાશ, પાતાળ એક કરે છે. અર્થાત્ ઉપર્યુક્ત ગાથાનું માત્ર અક્ષરોચ્ચારણ કરી સંતોષ પકડનારા દિગંબરી ભાઈઓ નગ્નતા, અને મૂર્ત્તિપૂજાની તરફેણમાં અને મૂર્ત્તિના ઉત્થાપકોની વિરુદ્ધમાં જેમ આવે તેમ બોલી રહ્યા છે અને કરી રહ્યા છે. મૂર્ત્તિ પૂજકોએ અને મૂર્ત્તિ ઉત્થાપકોએ એક બીજાને ભાંડવામાં કશી કચાશ નથી રાખી. હકીકત આમ છે તો કષાય-ત્યાગ, વીતરાગ વિહિત ક્રિયાનો અપ્રમાદ ક્યાં ગયા ? શું એ કેવળ કહેવામાંજ છે ? સંસાર ત્યાગ શાને ? મૂર્ત્તિના ઉત્થાપકો મૂર્ત્તિને ન માને એટલે તેમને ભાંડન કરવા તેમણે શું દીક્ષા લીધી છે ? શ્વેતાંબરો વસ્ત્રો ધારણ કરે એટલે તેમને નરકના અધિકારી બનાવવા દિગંબરોએ શું નગ્નતાનો અંગીકાર કર્યો છે ? એકજ ભગવાનના અનુયાયીઓ હોવા છતાં એક બીજા ઉપર આવા પ્રહારો કરવામાં શું હેતુ રહ્યો હશે એ તો કેવળ જ્ઞાનીજ જાણે. આમાં ક્યાં વિષયત્યાગ રહ્યો, ક્યાં કષાયજય રહ્યો, અને ક્યાં રહ્યો ગુણાનુરાગ ?

શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે બરાબર તેવોજ કલહભાવ વિદ્યમાન છે જેવો સમાજમાં હિંદુ અને મુસલમાન વચ્ચે છે. મૂળે તો મનુષ્ય જાતિ છતાં હિંદુ, મુસલમાન વચ્ચે કેવું કાતિલ અસ્થિવૈર છે ? બરાબર તેવુંજ વૈર શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે

એકજ ભગવાનના અનુયાયીઓ વચ્ચે છે. જે ભાવનાથી સંસાર ત્યાગ બન્નેએ કર્યા હતા તેને ભુલી જઇ કુમાર્ગે વળી ગયા છે. વીતરાગનો શું આ ધર્મ ?

શ્વેતાંબરો દિગંબરોને નિહ્નવ કહે; દિગંબરો શ્વેતાંબરોને મિથ્યાત્વી કહે. તેઓ બન્ને મળી અમૂર્ત્તિપૂજકોને મૂર્ત્તિના ઉત્થાપકો કહી નવાજે છે. અમૂર્ત્તિપૂજકો આંખમાં કણાની જેમ ખૂંચે છે એટલે તેમને દેવાય તેટલી ગાળો એ બન્ને દે છે. કોણ ભાન ભૂલ્યું છે? મૂર્ત્તિપૂજકો કે અમૂર્ત્તિપૂજકો? એમાંથી કોણ કોનું અહિત કરી રહ્યા છે? શ્વેતાંબરોના પુસ્તકોમાં યશોવિજયે અને દેવચંદ્રાદિ આચાર્યોએ સ્થાનકવાસીઓના વિષયમાં ઘણું લખ્યું છે. એક માત્ર મૂર્ત્તિ નહિ માનવાને લઇને. પરંતુ દિગંબરાચાર્યો પણ કમ ઉતરે તેવા નથી. તેમણે પણ થાય તેટલા પ્રહારો કર્યા છે. થોડાક નમૂના નીચે આપ્યા છે.

શ્રુતસાગરજી વિષે "ષટ્ખંડાગમ" ની પ્રસ્તાવનામાં કહેવામાં આવ્યું છે કે તેઓ કટ્ટર અને અસહિષ્ણુ હતા.[1] તેમના સ્થાનકવાસી મત અંગેના વિચારો નીચે પ્રમાણે છે :–

दंसणमूलो धम्मो उवइट्ठो जिणवरेहिं सिस्साणं ।
तं सोऊण सकण्णे दंसणहीणो ण वंदिव्वो ॥[2] (मूलगाथा)

टीकाः–कोऽसौ दर्शनहीन इति चेत्। तीर्थंकरपरमदेवप्रतिमां न मानयंति न पुष्पादिना पूजयंति......यदि जिनसूत्रमुल्लंघते तदाऽऽस्तिकैर्युक्तिवचनेन निषेधनीयाः ॥ तथाऽपि यदा कदाग्रहं न मुंचति तदा समर्थैरास्तिकैरुपानद्भिर्गूपालिप्ताभिर्मुखे ताडनीयाः । तत्र पापं नास्ति ॥

અર્થ :– દર્શન હીન કોણ છે ? જે તીર્થંકરની પ્રતિમાને માનતા નથી અને પુષ્પાદિથી પૂજા કરતા નથી તે. તેઓ જિન

૧. "ષટ્ખંડાગમ", પ્રસ્તાવના.
૨. "દર્શન પાહુડ" ની મંગલાચરણ પછીની ગાથા પહેલી.

સૂત્રોનું ઉલ્લંઘન કરે તો તેમને આસ્તિકોએ યુકિતયુકત વચનોથી સમજાવવા અને એમ છતાં જો તેઓ પોતાનો કદાગ્રહ ન છોડે તો સમર્થ આસ્તિક લોકોએ તેમના મુખ ઉપર વિષ્ટાથી લિંપાયેલા જોડા મારવા જોઇએ. એમ કરવામાં જરાય પાપ નથી.

કોઇ પણ મનુષ્ય ઉપરનું વાંચી સમજી જઈ શકશે કે જૈન પ્રતિમાને માનનારા એ પ્રતિમાને નહી માનનારાઓ ઉપર કેટલો તીવ્ર દ્વેષ ધરાવે છે ? તીર્થંકરોની પ્રતિમા પૂજો અને એને પુષ્પો વગેરે ચડાવો; તેમાંજ કલ્યાણ છે; અન્યથા નુકસાન છે; આવી વિચારસરણિ ધરાવનારા જૈનતત્ત્વોને કેટલું સુંદર રીતે સમજ્યા છે એ જોઈ શકાશે. વિષ્ટાયુકત જોડા મારવાનું પણ તેઓ ફરમાન કરે છે; અને કહે છે કે એમ કરવામાં જરાય પાપ નથી. આવા કથન કરનારને કોઈ સમ્યકૃત્વી માનવા લલચાશે ખરો ? શું આવા લોકોથી જૈન ધર્મ ટકી રહ્યો છે ? સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવની હિંસામાં અધર્મ સમજનાર જૈન ધર્મ છે. તો પછી એનો ભકત જોડા મારવાનું કહે અને એમાં પાપ નથી એવું કહેવાની હદે જાય ? આ જીવને સમ્યકૃત્વી કહેવો કે સમ્કૃત્વાભાસી ?

એક સ્થળે કહેવામાં આવ્યું છે :—

किं तए पढियाए पयकोडिए पलालभूयाए ।
जत्थि त्तियं ण नायं परस्स पीडा न कायव्वा ॥

અર્થ :- ઘાસ (પરાલ) તુલ્ય કરોડો પદ ભણવામાં આવે તો તેથી શું ? બીજા કોઈને પણ પીડા કરવી જોઇએ નહિ એટલું જો સમજી શકાયું નથી તો પછી શું ?

આ સૂત્ર વિચાર જૈન દર્શનનો દરેક અભ્યાસી સમજતો હોય છતાં તેના હૃદયમાં કેટલી દયા છે તે આ ઉપરની—જોડા મારવાની—

હકીકતથી સમજી જવાયું હશે. પોતાના ઉપાસ્ય દેવ ઉપર ભકતોને અનન્ય ભકિત હોય એ ઇષ્ટ છે, પરંતુ એમાં અન્ય તરફનો દ્વેષ અંતર્ગત નથી. તીર્થંકરદેવ ઉપર પ્રેમ કરવો એ તેમના ભકતને માટે ઇચ્છનીય છે. પરંતુ પુષ્પ જેવા જીવોમાં જીવત્વ સમજાયું નહિ અથવા પૂજા કરવા જતાં પુષ્પના જીવોનો વધ થઇ જશે એ એમના હૃદયમાં ઉતરે નહિ એવો અંધ પ્રેમ તીર્થંકર દેવ ઉપર હોવો ન્યાય-યુકત છે ? પ્રતિમાની પૂજા કરવા જતાં પૃથ્વી, જલ, વનસ્પતિ વગેરેના જીવોની હિંસા નથી થતી શું ? શું પ્રભુની ભકિત ખાતર આવી હિંસા કરવાનો આગમોમાં કયાંય આદેશ આપવામાં આવ્યો છે શું ?

વિનય અને ભકિતકારક વિવેચન કરનાર શ્રુતસાગરજી એ "જરા પણ પાપ નથી" એવો વિચાર નિડરપણે બતાવ્યો ત્યારે આપોઆપ એ ફલિત થાય છે કે તેમને તેમ કરતાં પાપ લાગતું નહિજ હોય. અન્યથા આવું લખે નહિ. જગતમાં નિષ્ણાતો અને વિદ્વાનોની ખોટ નથી. પરંતુ એ બધામાં આ શ્રુતસાગરજી કોઇ અનોખા પ્રકારના વિદ્વાન હોય એમ લાગે છે. વિષ્ટાથી લિંપાયેલા-ખરડાયેલા જોડા મારવાનું કહેવાની હિંમત એમનામાં છે એટલે એ તો ઠર્યા અજોડ, અનન્ય, અદ્વિતીય વિદ્વાન. આ જગતમાં એવા અસંખ્ય લોકો છે જે તીર્થંકર દેવને પીછાણતા પણ ન હોય અને કદાચ વ્યકિત કે મૂર્ત્તિ સામે ખડી હોય તો તેની સાથે લડવાને પણ તૈયાર છે; તો તે બધા લોકો સાથે આ શ્રુતસાગરજી શું લડી લેવા તૈયાર–કટિબદ્ધ થશે કે ? આવી રીતે જગત સામે કે અમૂર્ત્તિ-પૂજકો સામે લડવું એમાંજ એમના સમ્યકૃત્વનો સમાવેશ થતો હોય એમ લાગે છે.

ગમે તેમ હો, પરંતુ પ્રો. હીરાલાલ જૈન જ તેમને કટ્ટર અને અસહિષ્ણુ જયારે જણાવે છે ત્યારે તેમને વિષે વધારે કહેવું

પણ શું ? જૈનોના અનેક વિદ્વાનો અને ધુરંધર પંડિતો તથા પ્રખર નિષ્ણાતો પોતાના રચેલ પુસ્તકોમાં વિપરીત વિચારસરણિ ધરાવનાર લોકો સામે વાક્પ્રહારની જેમ લેખિનીના પ્રહારો પણ કરી ગયા છે. એ ઉપરથી સે'જે સમજી શકાશે કે તેમનામાં કેટલી સહિષ્ણુતા અને નિપુણતા હતી ? જેઓ લડાયક વૃત્તિમાં પાવર્ધા છે અને કષાયની વૃદ્ધિ કરવામાં નિમિત્તભૂત છે તેઓ જૈન દર્શનના રસીયા છે અને ભવભીરૂ છે એમ કયાંથી કહી શકાય વારૂ ?

અમિતગતિ આચાર્ય કહે છે :–

सत्त्वेषु मैत्री गुणिषु प्रमोदं क्लिष्टेषु जीवेषु कृपापरत्वम् ।
माध्यस्थभावं विपरीतवृतौ सदा ममात्मा विदधातु देव ! ॥

અર્થ :– હે દેવ ! મારો આત્મા સમાન જીવોમાં મૈત્રી, અધિક ગુણવાન્ જીવોમાં પ્રેમ, હર્ષ; દુ:ખી જીવોમાં દયાભાવ અને વિપરીત સ્વભાવવાળા જીવોમાં મધ્યસ્થભાવ – તટસ્થભાવ કરે એમ આપ કરો ! (એવું હું ઇચ્છું છું).

વિપરીત વિચારવાળા મનુષ્યો જૈનદર્શનમાં અને અન્યત્ર પણ અનેકાનેક છે. એ હિસાબે શ્રુતસાગરજીમાં વિપરીત વૃત્તિ જાગી અને મધ્યસ્થભાવ પરવારી નિકળ્યો. જૈન જગતમાં વાડાબંધી, ફિરકાઓ, અને સાંપ્રદાયિકતા...જીવોમાં સ્વાભાવિક ઈર્ષ્યા છે તેને કારણે છે. સંસારત્યાગનું કારણ સંસારને બંધન કે દુ:ખનું નિમિત્ત માન્યું છે તે છે. પરંતુ સંસારત્યાગ પછી પણ ઘમંડ, ક્રોધ, માન, માયા, અને મોહ જીવને કનડે છે એ કર્મની બલિહારી છે. વિદ્યાયુકતમાં અને બુદ્ધિ-સમર્થમાં, ઉલટું, આ કષાય ઉગ્ર સ્વરૂપમાં દેખાય છે. ગર્વને છાંડવો એ ભગીરથ કામ છે. સંસારી દશા કરતાં અસંસારી દશામાં ઘમંડનું તાંડવ વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. આ સત્ય હકીકત ખુદ ભગ-વાનના સમયમાંજ થઇ ગયેલા ગોશાલક અને જમાલીના દષ્ટાંતથી આબાદ

પુરવાર થાય છે. એમની પછી થએલા નિહ્નવોમાં તથા આચાર્યોમાં આ ગર્વનું તોફાન તીવ્રતાપૂર્વક વિલસી રહેલું દૃશ્યમાન થાય છે. મનુષ્યશરીરમાં પણ પશુત્વનું આચરણ કરી રહેલાઓના દૃષ્ટાંતો ઇતિહાસમાં ઓછા નથી.

જૈન દર્શનના ભક્ત બન્યા હોવા છતાં અને તેને ઘોળીને પી ગયા હોવા છતાં જૈન દર્શનનું સહજ અને સાચું પરિણામ જે સૌજન્ય છે તેનાથી વિરહિત તેઓ હોય છે. તે વ્યક્તિઓના અંધારમાં સમાજ અંજાઇ જાય છે અને ક્ષણિક વિજયથી એ બુદ્ધિમાં વિલસનારાઓ ફૂલાય છે પરંતુ એમની સ્થિતિ મણિ ધરાવતા અને વિષને પણ ધરાવતા સર્પ જેવી છે. અંતે મણિધર સર્પ તે વિષધારીજ સર્પ અને એ કારણે મનુષ્યો માટે એ ભજનીય નથી.

જૈનદર્શનના જ્ઞાનરૂપી મણિના તેઓ ધારક છે પરંતુ સાથે સાથે કષાયરૂપી વિષથી પણ તેઓ પરિપ્લુત છે. જૈન દર્શનનો સાચા અર્થમાં એ જ ભક્ત છે જેણે સૌજન્યપ્રાપ્ત કરી હોય. એ વિનાનો કેવળ વાણી વિલાસ કુમાર્ગે લઈ જનારો છે-પોતાને અને અને પરને. સંસારના ઉદ્ધારમાં નહિ કે તેને વધારવામાં પોતાના સર્વસ્વનો ઉપયોગ ત્યાગી પુરુષે કરવો રહ્યો.

વર્તમાનમાં, શ્વેતાંબર, દિગંબર, અને અમૂર્ત્તિપૂજક વર્ગો જૈન સમાજમાં છે અને તેમાં પણ અનેક પેટા વર્ગો છે. તેમની કૃતિઓ આપણને જ્યારે જોવા, જાણવા મળે છે ત્યારે જ તેમના સુસાધુ-પણાની કે કુસાધુપણાની આપણને જાણ થાય છે. કહ્યું છે :-

अमृतं किरति हिमांशुर्विषमेव फणी समुद्गिरति ।
गुणमेव वक्ति साधुर्दोषमसाधुः प्रकाशयति ॥

અર્થ :- ચંદ્ર અમૃત વરસાવે છે; સર્પ વિષ વમે છે. એમ સાધુ પુરુષો ગુણનું પ્રાકટ્ય કરે છે અને અસાધુ જનો લોકોના દોષોને ઉઘાડા પાડે છે.

रक्तत्वं कमलानां सत्पुरुषाणां परोपकारित्वम् ।
असतां च निर्दयत्वं स्वभावसिद्धं त्रिषु त्रितयम् ॥

અર્થ :— કમલોની રકતતા, સત્પુરુષોની ઉપવાર કરવાની વૃત્તિ અને અસાધુજનોનું નિર્દયપણું આ જગતમાં સ્વભાવિક છે.

આવી વિચિત્રતાના દર્શનથી મનુષ્યે હર્ષ કે ગ્લાનિને ધારવી ન જોઇએ. કારણ એ છે કે દરેક જીવ પોતાના કર્મને અનુસારે વર્તી રહ્યા છે.

વિચારક લોકોને જૈન દર્શનની આવી કફોડી અને ભેદલક્ષી સ્થિતિ જોઇ ઘણી વખત ઘણો અફસોસ થાય છે. વીતરાગ માર્ગ આદ્યંત ઋજુ અને પવિત્ર છે છતાં એની આવી અધમ દશા ?
આનું કારણ શું ?

## શંકા

વીતરાગના માર્ગમાં, આજે છે બહુ ભેદ;
વસ્તુ સ્વરૂપ વિચારતાં, સજ્જન પામે ખેદ. ૧.

મૂલ વસ્તુના તત્ત્વમાં, સૌને આવે મેળ;
નાની નાની વાતમાં, કેમ પડે છે ફેર ? ૨.

સાધ્ય સૌનેય મોક્ષ છે, સાધન ક્રિયા, જ્ઞાન;
સર્વે માને છે છતાં, કાં જૂદા નિર્માણ ? ૩.

વસ્તુ વિષે શું દોષ છે ? કે ગ્રાહકમાં દોષ ?
સમજ પડે નાહ ઉરને, બુદ્ધિ ન પામે તોષ. ૪.

## ઉત્તર

શાસક, શાસન, પુસ્તકો, છે નિર્મલ, નિર્દોષ;
અનુયાયીના ભેદથી, થઈ છે વસ્તુ સદોષ. ૫.

આગમધરના હાથમાં, શાસનનો આ દોર;
ટકી રહ્યો' તો ત્યાંસુધી, થયો ન શોર, બકોર. ૬.

(અથવા) રાગ, દ્વેષના પક્ષમાં, પડયા ન વીર સપુત્ર;
ત્યાં સુધી શાસનતણું, ચાલ્યું સુંદર સૂત્ર. ૭.

વખત જતાં વહી ગયો, આગમનો અધિકાર;
દુઃષમ પંચમ આરનો, થયો પતન સંચાર. ૮.

બદલાયા સંચાલકો, બદલાયા સંયોગ;
જનતાને સમજાવવા, પ્રસર્યાં ભિન્ન પ્રયોગ. ૯.

સંચાલકો જુદા પડયા, ભિન્ન થયો ઉપદેશ;
લોકરુચિ તેમજ થઇ, ખીલ્યો રંગ વિશેષ. ૧૦.

સંચાલકના ભેદથી, મંડલના પણ ભેદ;
એકજ શાસનમાં થયા, તેથી જ્યાં ત્યાં ખેદ. ૧૧.

# સમાપ્ત

# પુસ્તકમાં આવતા આવશ્યક શબ્દોની "અ"કારાદિ ક્રમે સૂચી

( નોંધઃ— અંક પૃષ્ઠાંક સૂચવે છે; બ્લૅક કરેલ અંક તે પૃષ્ઠની ફૂટનોટનો અંક સૂચવે છે. )

"અ"


અકર્તૃત્વ ૧૨૧
અકલંક ૬૫, ૮૧
અકારક ૧૦૯, ૧૧૦, ૧૧૮
અકારકવાદ ૧૧
અક્રિયા (જ્ઞાન) ૧૨૫
અક્રિયાવાદ ૧૧૭
અક્રિયાવાદી ૧૧
અગ્નિશસ્ત્ર ૧૩૧
અગ્રાયણી ૫૭, ૬૩
અચેતન ૧૦૧
અચૌર્ય ૧૩૫
અછેરા ૫૦
અજિત કેસ કંબલિ ૧૦, ૧૨, ૧૩
અજીવ ૧૧૧
અજ્ઞાન ૪૦, ૧૦૮, ૧૧૪
અજ્ઞાનવાદી ૧૩, ૧૪, ૧૮
અજ્ઞાની ૧૦૨, ૧૦૩, ૧૦૭, ૧૧૨, ૧૨૦, ૧૪૦
અતિશય ૫૧
અદૃશ્ય ૩૭
અનશન ૪૮
અનાથ પિંડિક ૧૯
અનાસક્તિ ૧૦૩, ૧૦૪
અનીતિ ૪૨
અનેકાંત ૮૦, ૧
અનૈકયવાદ ૧૨
અન્યતીર્થિક ૩૮,
અપરાજિત ૫૪
અપરિગ્રહ ૧૩૫
અપ્રતિક્રમણ ૧૦૯, ૧૧૦, ૧૧૧
અબ્રહ્મચારી ૧૨૧
અભવ્ય ૧૦૭
અભિજાતિ ૩
અભિનિવેશ ૫૭
અભોગી ૧૪૨
અમૃત ૧૦૩
અવસ્તુતા ૧૦૬
અવેદક ૧૧૩, ૧૧૮
અવ્રત ૧૧૪, ૧૩૫
અશુદ્ધ (નય) ૧૧૩
અષ્ટાંગનિમિત્ત ૬
અસાતા વેદનીય ૧૨૦
અહંતા ૧૧૨

અહિબલ્લાચાર્ય ૬૨, ૮૬
અહિંસા ૪૪, ૪૫, ૪૮, ૧૨૫, ૧૨૬, ૧૩૫
અંગ ૫૪, ૫૬, ૫૭
અંગગત ૬૪
અંગ ગ્રંથ ૬૪
અંગધર ૬૩
અંગધારી ૫૪; ૬૪
અંગબાહ્ય ૬૪
અંગસૂત્રો ૭૦
અંગુત્તર નિકાય ૩, ૧, ૨૨, ૧
અંતકૃદ્દશાંગ ૫૦, ૧
અંતરાય ૪૧

"આ"

આગમ ૫૨, ૬૦, ૭૩, ૧૦૩, ૧૨૩, ૧૩૦
આગમો (ની ટીકા) ૭૩
આગમો (ની ટીકાના કર્તા) ૭૩
આગમો (ની ટીકાના કર્ત્તાનો સમય) ૭૩
આચારાંગ ૫૪, ૫૫, ૬૯, ૯૫; ૯૫, ૧; ૧૨૭, ૧૩૦, ૧
આચારાંગધારી ૬૪
આજીવિક ૭; ૭, ૧: ૮, ૨૩
આત્મક્રિયા ૧૪૮
આત્મજ્ઞાન ૧૪૬
આત્મહિત ૪૭
આત્મા ૯૮, ૧૦૮, ૧૦૯, ૧૧૨, ૧૨૨, ૧૨૫, ૧૩૯, ૧૫૬, ૧૫૭
આધાકર્મ ૧૧૦, ૧૧૧
આનંદઘન ૧૫૫
આપ્ત મીમાંસા ૬૫
આમિષ ૪૩
આયુકર્મ ૧૫૯
આયુષ્ય ૩૮, ૪૦
આરો (પાંચમો) ૧૩૭
આર્ત્તધ્યાન ૧૨૦
આર્દ્રકુમાર ૬; ૬, ૨; ૭, ૧૫, ૧૬
આર્ય નાગાર્જુન ૬૮
આર્ય ધર્મ ૬૭
આર્ય મહાગિરિ ૬૬
આર્ય મંગુ ૫૫, ૬૭
આર્ય રક્ષિત ૬૭
આર્ય સુહસ્તિ ૬૬, ૮૧
આર્ય સ્કંદિલ ૬૮
આસામ ૪૫
આહરણ (ગર્ભનું) ૪૯
આહાર ૮૮
આહાર માર્ગણા ૮૯, ૯૦

"ઇ"

ઇંદ્રદિન્ન ૫૯

ઈંદ્રનંદિ ૫૭, ૬૧, ૬૨
ઈંદ્રભૂતિ ૫૪, ૫૫,

"ઉ"

ઉગ્ર ૨૬
ઉચ્ચારણ (વૃત્તિ) ૬૧
ઉત્તર પુરાણ ૬૫
ઉત્તરાધ્યયન ૨૪, ૬૪,
ઉત્પલવર્ણા ૧૭
ઉદયભાવ (કર્મનો) ૧૦૫, ૧૦૬, ૧૧૩, ૧૧૯, ૧૨૧
ઉદ્દેશિક ૧૧૦
ઉદ્યાપન ૧૩૪
ઉપધાન ૧૩૪
ઉપશમ ૧૪૫
ઉપાદાન ૧૫૦, ૧૫૩, ૧૫૪
ઉપાશ્રય ૧૩૧, ૧૩૨, ૧૩૪
ઉપાસકદશાસૂત્ર ૭
ઉપાંગસૂત્ર ૭૦
ઉમાસ્વાતિ ૭૯, ૮૦, ૮૧, ૮૪, ૮૬

"ઋ"

ઋજુવાલિકા ૧
ઋષભદત્ત ૪૯, ૫૦
ઋષભદેવ ૧૩૬, ૧૪૯

"એ"

એશિયા ૫૨

"ઔ"

ઔપપાતિક ૮

"ક"

કકુદ કાત્યાયન ૪૨
કથાવલિ ૬૯
કપટ ૪૬
કરુણા ૪૨
કર્તા (આગમોના) ૭૧
કર્તા ૧૧૮
કર્મ ૪૦, ૯૮
કર્મ (ના પ્રકારો) ૪૦, ૪૧
કર્મ (પુદ્ગલ) ૧૦૨
કર્મ ફલ ૧૧૨, ૧૧૩, ૧૧૭
કર્મ બંધ ૯૬, ૯૭, ૧૦૦, ૧૦૧, ૧૦૯, ૧૩૦
કર્માદાન ૮
કર્મોદય ૧૧૮
કલહ ૪૬
કલ્પ (વ્યવહાર) ૬૪
કલ્પ સૂત્ર ૬૯, ૭૦, ૮૧, ૧૩૬, ૧૩૭
કલ્પાકલ્પિક ૬૪
કલ્યાણ મંદિર ૭૭
કલ્યાણ વિજય ૫૮, ૫૯, ૬૦, ૬૨, ૬૩, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૮૪, ૮૬

કષાય ૪૦, ૧૦૯, ૧૧૨, ૧૧૪
કષાય પ્રાભૃત ૫૫; ૫૫, ૧; ૫૬, ૫૭, ૬૧, ૬૨, ૬૩, ૬૪
કષ્ટ ૪૮, ૧૫૮
કસાય પાહુડ ૮૪, ૮૫, ૮૬, ૧૨૫, ૧૨૬
કંદરક ૩૦
કંસાચાર્ય ૫૪
કાત્યાયન ૩૫
કાય (છ) ૧૩૩
કારણ ૧૫૫
કાર્માણ ૯૯
કાર્ય–કારણ પરંપરા ૩૬
કાલક ૫૯, ૬૬
કાલકાચાર્ય (બીજા) ૬૭, ૭૧
કિટ્સન લાઇટ ૧૩૨
કુમાર કશ્યપ ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૭, ૩૯
કુશલ ૨૪
કુશાવતી ૨૮
કુંડકુંદપુર ૬૧
કુંથુસાગરજી ૮૮
કુંદકુંદાચાર્ય ૬૧, ૬૨, ૬૩, ૭૯, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૯૩, ૯૬, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૧૦, ૧૧૧, ૧૧૩, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૩૭, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૭
કુંભાર ૧૫૨, ૧૫૩, ૧૫૪
કૂટસ્થ ૧૩૬
કૃતિકર્મ ૬૪
કૃષ્ણ ૯૭, ૧૦૦
કેવલ ૫૦
કેવલજ્ઞાન ૧૧૮, ૧૩૫
કેવલજ્ઞાની ૧૧૩
કેવલિ ૬૪
કેવલી આહાર ૧૪૫
કેવલી ભુક્તિ ૮૭, ૯૧, ૯૨, ૯૫
કેશી કુમાર ૨૫, ૨૬
કૈવલ્ય ૫૩
કોસાંબી (ધર્માનંદ) ૧૪
કૌટિલ્ય ૧૨
ક્રિયાકાંડ ૧૨૫
ક્રિયાવાદ ૧૧૭
ક્રિયાવિશાલ ૫૪
ક્લેશ ૪૬
ક્ષત્ર ૨૫, ૨૬
ક્ષત્રિય ૫૪
ક્ષપણાસાર ૬૫

ક્ષમા ૧૭
ક્ષાયિક ૧૪૫
ક્ષુદ્ર પિટક ૨૪

"ખ"

ખુનામરકી ૪૬
ખેડુત ૧૫૫

"ગ"

ગર્દભિલ ૬૭
ગર્ભ ૪૯
ગંગદેવ ૫૪
ગંગારામ ૩૦
ગંધ ૧૧૫. ૧૪૭
ગાંધીજી ૪૫
ગુણધર ૫૫, ૫૬, ૬૩, ૮૫
ગુણસુંદર ૬૬
ગુપ્તિ ૧૦૭, ૧૦૮, ૧૨૫, ૧૩૩, ૧૪૨
ગુર્વાવલિ ૫૯
ગોત્ર ૪૧
ગો–મહિષી ૪૫
ગોમ્મટસાર ૬૫, ૧૪૪, ૧૪૫
ગોલ્લાચાર્ય ૮૧
ગોવર્ધન ૫૪
ગોવિંદ ૬૦
ગોશાલક ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૬, ૨૩, ૨૪, ૩૦, ૪૨, ૪૩
ગૌતમ (ગણધર) ૩૮
ગૌતમ (બુદ્ધ) ૨, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૩, ૨૭, ૨૮, ૨૯. ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૮, ૫૧, ૫૨, ૬૪, ૮૧
–નું નિર્ગ્રન્થ મંડળ ૨૩
–નો માંસાહાર ૨૧, ૨૨

"ઘ"

ઘડો ૧૫૨, ૧૫૩, ૧૫૪

"ચ"

ચતુર્વિંશતિસ્તવ ૬૪
ચંદ્રગુપ્ત ૮૧
ચંદ્રપ્રજ્ઞપ્તિ ૬૫
ચંપા ૩૦
ચારિત્ર્ય ૧૦૮, ૧૧૨, ૧૩૩
ચારિત્ર્ય દશા ૧૪૬, ૧૪૭
ચારિત્ર્યમોહ ૧૧૯
ચાર્વાક ૧૨, ૧૩
ચિત્ત ૨૫
ચૂલિકાસૂત્ર ૭૧
ચેતન ૧૦૧, ૧૧૨
ચેતા ૧૦૯, ૧૧૦, ૧૧૨

ચ્યવન ૫૦

"છ"

છદ્મસ્થ ૯૦

છેદસૂત્ર ૭૦

છોઠ (તલનો) ૪, ૫

"જ"

જડ ૧૪૭, ૧૫૬, ૧૫૭

જડ ક્રિયા ૧૪૮

જનક ૧૦૩, ૧૪૦

જન્મ ૫૦

જન્માભિષેક ૫૧

જયધવલા ૫૭, ૬૫, ૮૫

જયધવલાકાર ૫૮

જયસેન ૫૪

જલાશય ૫

જસપાલ ૫૪

જંબુ ૫૪, ૫૯, ૬૪

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ૨૮, ૨૯

જિતકલ્પ ૭૧

જિન પૂજા ૧૫૯

જિનભદ્રગણિ ૭૧

જિન વિજય ૭૯

જિનાગમ ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૬, ૫૭, ૬૦, ૬૪, ૧૨૫, ૧૨૯, ૧૩૨, ૧૩૩, ૧૫૮, ૧૬૦

જિનેંદ્ર ૧૨૯, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૯

જિનેંદ્ર બુદ્ધિ ૮૧

જીવ ૪૦, ૯૬, ૧૦૨, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૩, ૧૨૩, ૧૩૫, ૧૩૬, ૧૪૭, ૧૫૭

જીવ (અકર્તા) ૯૭

જીવ (કર્તા) ૧૧૪

જીવકર્તૃત્વ ૧૧૬

જીવદયા ૪૭

જીવપરિણમન ૯૬, ૯૮, ૧૨૧

જીવ (ભોક્તા) ૧૧૪

જીવ ભોક્તૃત્વ ૧૧૬

જીવ (ષટ્કાય) ૧૨૭

જીવસ્થાનક ૯૭, ૧૦૦, ૧૧૩, ૧૧૪, ૧૧૮, ૧૪૫

જીવહિંસા ૧૫૯

જુગલકિશોર (મુખ્તાર) ૮૦, ૨

જેતવન ૧૯

જૈન ૫૨

જૈન તત્ત્વાદર્શ ૭૩

જૈન દર્શન ૧૩૨, ૧૩૪. ૧૩૫, ૧૩૬, ૧૪૦, ૧૪૩, ૧૫૪, ૧૫૮, ૧૫૯

જૈન ધર્મ ૨૯

જૈન શાસ્ત્ર ૧૨૮, ૧૫૬

જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ ૨૩, ૨

જૈન સિદ્ધાંત ૯૭, ૬
જૈન હિતૈષી ૮૦, ૨; ૧૩૭, ૧
જોહિલ ૫૯
જ્ઞાતપુત્ર ૧૬, ૩૮, ૩૯, ૪૦, ૪૧
જ્ઞાતા ૧૧૨, ૧૧૩, ૧૧૯
જ્ઞાતાધર્મ કથાંગ ૧૨૯,
જ્ઞાન ૩૭, ૫૨, ૧૧૮, ૧૩૩
જ્ઞાન (અતીંદ્રિય) ૩૮, ૪૨
" (અપૂર્વ) ૪૮
જ્ઞાનપ્રવાદ ૫૫, ૬૩
જ્ઞાનવાદ ૧૧૭
જ્ઞાનશાળા ૧૩૪
જ્ઞાનાવરણીય ૪૦
જ્ઞાની ૧૦૧, ૧૦૩, ૧૦૯, ૧૧૦, ૧૧૨, ૧૧૩, ૧૧૭, ૧૨૦, ૧૪૦

"ઝ"

ઝેર ૧૦૩

"ટ"

ટબ્બા ૭૪, ૭૫

"ત"

તટસ્થ ૧૩૬
તત્ત્વ (નવ) ૧૨૩
તત્ત્વાર્થાધિગમ સૂત્ર ૬૫, ૮૦; ૮૧, ૧; ૮૨
તથાગત ૧૮, ૧૯, ૨૩, ૩૧, ૩૪
તપ ૧૦૭, ૧૦૮, ૧૨૫
તપશ્ચરણ ૪૮
તપશ્ચર્યા ૫૫
તિત્થોગાલીય પયન્ના ૬૩
તિબ્બત ૨૭, ૪૫
તીર્થ ૧૩૩
તીર્થંકર ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૧૦૫, ૧૩૦
તીર્થંકર (નામ, ગોત્ર) ૧૦૦
તુમ્બુલુરાચાર્ય ૬૧
તેજો લેશ્યા ૬, ૭
ત્યાગ ૫૨, ૫૩, ૧૧૧, ૧૩૫, ૧૫૮
ત્યાગમાર્ગ ૧૨૫, ૧૩૬,
ત્રિકરણ ૧૩૫
ત્રિયોગ ૧૩૫
ત્રિલોકપ્રજ્ઞપ્તિ ૬૩
ત્રિવર્ણાચાર ૬૫
ત્રિશલા ૪૯

"થ"

થાવચ્ચાપુત્ર ૧૨૯

"દ"

દત્તિ ૩૨
દમન ૧૫૯
દયા ૪૫
દર્શન ૧૩૩
દર્શન મોહ ૧૪૯
દર્શનાવરણીય ૪૦
દશપૂર્વી ૬૪
દશવૈકાલિક ૬૪
દંડ ૪૪

દ્રાવપ્રપંચ ૪૬
દિગંબર પર, ૫૪, ૫૬, ૫૭, ૬૦, ૬૧, ૬૪, ૧૩૮, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૫૮
દિગ્વાસ ૯૫
દિન્ન ૫૯
દિશાચર ૬
દીક્ષા ૫૦
દીઘનિકાય ૧૧, ૧; ૨૦; ૨૫, ૨; ૨૬, ૧; ૨૭; ૨૮, ૧; ૨૯, ૩૭
દીપમાળ ૧૩૦
દુકાળ (બારવર્ષી) ૬૮
દુર્બલિકા પુષ્યમિત્ર ૬૭
દુર્ગુણ ૪૦
દુષ્કૃત ૩૭
દુ:ખ ૧૦૨, ૨૧૧
દૂષ્યગણિ ૬૦
દષ્ટા ૧૧૨, ૧૧૩, ૧૧૬, ૧૧૯
દષ્ટિ ૩૮, ૩૯
દેવર્દ્ધિગણી ૫૮, ૫૯, ૬૦, ૬૮, ૬૯, ૭૦, ૭૩
દેવકી ૫૦
દેવનંદી ૮૧
દેવાનંદા ૪૯, ૫૦
દ્રવ્ય ૧૦૯, ૧૧૧
દ્રવ્ય (ષટ્) ૧૧૪
દ્વેષ ૯૯, ૧૦૦, ૧૦૮, ૧૦૯, ૧૧૩, ૧૫૬, ૧૫૯

"ધ"

ધનગિરિ ૫૯
ધમ્મપદ ૨૪
ધરસેન ૫૬, ૬૨, ૮૬, ૯૩, ૧૪૩
ધર્મ ૫૯, ૬૦
ધર્મનાયક ૩૭, ૪૧
ધર્મનાયક (જૈન) ૩૮
ધર્મનાયક (બૌદ્ધ) ૩૮
ધર્મનિયામકતા ૩૬
ધર્મસિંહ ૭૫, ૭૬
ધર્મસેન ૫૪
ધર્મસ્થિતિ ૩૬
ધર્માનંદ કોસાંબી ૫૧
ધર્માસ્તિકાય ૧૧૪
ધવલા ૫૭, ૮૫
ધવલાકાર ૫૮
ધૃતિસેન ૫૪
ધ્રુવસેન ૫૪

"ન"

નક્ષત્ર ૫૯, ૬૪
નક્ષત્રાચાર્ય ૫૪
નમિ ૧૦૬
નંદિમિત્ર ૫૪

નંદિલ ૫૮, ૬૦
નંદીસૂત્ર ૫૮, ૧: ૬૯, ૭૦, ૮૧
નાગ ૫૯
નાગસેન ૫૪
નાગહસ્તી ૫૫. ૫૭, ૫૮, ૬૦
નાગાર્જુન ૫૯, ૭૫
નારક ૯૯
નાથુરામ પ્રેમી ૮૦, ૧: ૮૩, ૯૬, ૧૦૮, ૧૩૭
નામ ૪૦
નામકર્મ ૧૨૧
નાયપુટ (નિગ્ગંઠ) ૨૩
નિમિત્ત ૯૮, ૧૫૦, ૧૫૧, ૧૫૩, ૧૫૫
નિમિત્ત-નૈમિત્તિક ૧૦૯, ૧૪૬, ૧૪૭
નિયતિવાદ ૫, ૬
નિયમ ૧૦૮
નિયમસાર ૬૫, ૮૨, ૮૩, ૧૧૧, ૧૪૪
નિરયાવલિકા ૧૨૯, ૨
નિર્ગ્રંથ શ્રમણ ૩૬
નિર્જરા ૧૦૧, ૧૦૨, ૧૧૮
નિર્દોષતા ૩૭
નિર્યુક્તિ ૭૭
નિર્વાણ ૫૦
નિશીથિકા ૬૪
નિશ્ચય ૧૧૧
નીતિ ૪૨
નેમિચંદ્ર ૧૪૪
નૈવેદ્ય ૧૫૭

"પ"

પઉટ્ટ પરિહાર ૯
પએસી ૨૫, ૨૬, ૨૮
પકુધ કચ્ચાયન ૧૦, ૧૧, ૧૨
પટ્ટાવલી ૫૮
—માથુરી ૫૮, ૫૯
—વાલભી ૫૮, ૫૯
પતંગીયા ૧૩૨
પદાર્થ (બાહ્ય) ૧૫૬
પદ્મનંદિ ૬૧
પદ્મનંદિ (કુંદકુંદ) ૮૧
પદ્મપુરાણ ૬૫
પરમાણુ ૧૪૬, ૧૪૭
પરભાવ ૧૧૧
પરહિત ૪૭
પરંપરા ૫૪
પરંપરા (દિગંબર) ૫૫, ૫૮
(શ્વેતાંબર) ૫૮
પરાભક્તિ ૧૫૭
પરિણતિ (રાગ-દ્વેષની) ૧૪૮
પરિણામી ૧૧૭
પરોપદેશે પાંડિત્યમ્ ૧૨૭

પશુ ૯૯
પંચ કલ્પ ૭૧
પંચાગ્નિ તપ ૩૨
પંચાસ્તિ કાય ૬૫, ૮૩, ૧૧૧
પાઠશાળા ૧૩૪
પાપ ૧૧૧
પાયાસી ૨૫, ૨૬, ૨૭, ૨૮,
૩૭, ૩૯
પાર્શ્વનાથ ૧૫, ૧૬
પાર્શ્વાપત્યયીય ૨૩
પાંડ ૫૪
પિયર (છકાયના) ૧૩૨
પુણ્ય ૧૧૧
પુણ્ય વિજય ૭૩
પુદ્ગલ ૧૧૫
પુદ્ગલ (પરિણમન) ૯૮
પુદ્ગલભાવ ૧૧૦
પુરાતત્ત્વ ૧૪, ૨; ૨૯, ૧
પુરિસાદમ્મ ૩૪
પુસ્તકાલય ૧૩૪
પુષ્પગિરિ ૫૯
પુષ્પદંત ૫૫, ૫૬, ૬૨, ૬૩,
૮૫, ૮૬, ૯૧, ૯૩,
૧૪૩
પુષ્પમિત્ર ૬૭
પુંડરિક ૬૪
પૂજા ૧૨૭, ૧૫૭, ૧૫૯, ૧૬૦
પૂજ્યપાદ ૬૫, ૮૧
પૂરણ કસ્સપ : ૧૦, ૧૧, ૪૨
પૂર્ણિમા (વૈશાખી) ૫૨
પૂર્વ ૫૪, ૫૭, ૬૪
પૂર્વધર ૬૩
પેટ્રોમેક્સ ૧૩૨
પૌદ્ગલિક (વસ્તુઓ) ૧૧૫
પ્રકીર્ણક ૭૦, ૭૧, ૭૨
પ્રકૃતિ ૧૧૬, ૧૨૩
પ્રજ્ઞાપના ૬૬, ૭૧
પ્રતિક્રમણ ૬૪, ૧૦૯, ૧૧૦
પ્રતિમા ૧૨૮, ૧૫૬, ૧૫૭,
૧૬૦
પ્રતિષ્ઠા ૧૩૪
પ્રત્યાખ્યાન ૫૪, ૧૦૯
પ્રબંધ ચિંતામણિ ૬૩; ૭૮, ૩
પ્રભવ ૫૯, ૬૬
પ્રભાવક ચરિત્ર ૬૩
પ્રમાદ ૧૧૪, ૧૨૫, ૧૨૬
પ્રરૂપણા ૩૭
વવચનસારુ ૬૧, ૬૫, ૮૩,
૧૧૧, ૧૪૪
પ્રાણુત ૪૯
પ્રાણાવાય ૫૪
પ્રોસ્ય હત્યારોહ પુત્ર ૩૦
પ્રોષ્ઠિલ ૫૪


"ફ"


ફૂલ ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦
ફલ્ગુમિત્ર ૫૯

ફૂદા ૧૩૨
ફૂલ ૧૨૮, ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦

"બ"

બત્તી (વિજળીક) ૧૩૨
બનારસી દાસ ૧૦૧
બલાક પિચ્છ ૮૧
બલિસ્સહ ૬૦
બંધ ૧૦૨
બંધ તત્ત્વ ૧૧૧
બાણ (નું દૃષ્ટાંત) ૧૯
બાલાવબોધ ૭૫
બિંદુસાર ૫૪
બિંબ ૧૩૪
બિંબિસાર ૧૭
બીજ ૧૫૫
બુદ્ધ ૧૫
બુદ્ધ ઘોષ ૧૨, ૨૨
બુદ્ધ દેવ ૨, ૨૩
બુદ્ધિલ ૫૪
બેચરદાસ ૨૫
બોધિ ૩૨
બૌદ્ધ ૫૨
બૌદ્ધધર્મ ૨૯
બૌદ્ધપિટક ૨૨
બ્રહ્મ ૧૩૬
બ્રહ્મચર્ય ૧૨૧, ૧૨૫, ૧૩૫, ૧૫૧
બ્રહ્મદેશ ૨૧
બ્રહ્મ દીપકસિંહ ૫૯
બ્રહ્મવિદ્ ૩૨
બ્રાહ્મણ (ગ્રંથો) ૧૦૩, ૧૪૦
બ્રાહ્મણ ધમ્મિયસુત્ત ૪૨, ૪૪

"ભ"

ભક્તિ ૧૫૭, ૧૬૦
ભગવતી સુત્ર ૫, ૧; ૮, ૧; ૯, ૧, ૨; ૨૩, ૩; ૫૦, ૨, ૩; ૫૧, ૧; ૯૫; ૧૨૯, ૨
ભગવતી–આરાધના ૯૨
ભગવાન (મહાવીર) ૫, ૬, ૯, ૧૪, ૧૬, ૨૩, ૨૪, ૩૮
ભટ્ટારક ૫૫
ભદ્ર ૫૯
ભદ્ર ગુપ્ત ૬૦, ૬૭
ભદ્રબાહુ ૫૪, ૫૯, ૬૦, ૬૬, ૭૭, ૮૧, ૮૬
ભરત ૨૮
ભારત વર્ષ ૫૪
ભારતીય વિદ્યા ૧૪, ૧
ભાવ ૯૮, ૧૦૯, ૧૧૧
ભિક્ષુણી સંયુત્ત ૧૭, ૨
ભૂતદિન્ન ૬૦
ભૂતબલિ ૫૫, ૫૬, ૬૨, ૬૩, ૮૫, ૯૧, ૯૨, ૯૩, ૧૪૩
ભૂતબલ્યાચાર્ય ૮૬

ભોક્તા ૧૧૮
ભોગી ૧૪૨
ભોગોપભોગ ૧૩૫
ભૌતિકવાદ ૧૨, ૪૬
"મ"
મખ્ખલિ ગોસાલક ૧૦
મજ્ઝિમ નિકાય ૧૯, ૨૦; ૨૨, ૨; ૩, ૨૩, ૧; ૨૪, ૧, ૧; ૨૭, ૧; ૨૯; ૩૦, ૧; ૩૧, ૩૬
મદ્યપાન ૧૦૪
મરિચી ૧૩૬, ૧૪૯
મલયગિરિ ૭૪
મહાકલ્પિક ૬૪
મહાગિરિ ૫૯, ૬૦
મહાધવલ ૬૫
મહાનિશીથ ૭૧
મહાપરિનિબ્બાણ સુત્ત ૨૧, ૧
મહાપુંડરિક ૬૪
મહાબંધ ૮૪
મહાભૂત (પાંચ) ૧૩, ૧૩૬
મહાવાચક ૫૮
મહાવીર ૨, ૪, ૬, ૭, ૮, ૧૪, ૧૫, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૧૨૬, ૧૩૭, ૧૩૮
મહાવ્રત ૧૩૨, ૧૩૩, ૧૪૨
મહાશુક્ર ૫૦
મહાસુદર્શન ૨૮
મંગુ ૫૭, ૫૮
માધનંદ્યાચાર્ય ૬૨, ૬૮
માથુરી વાચના ૬૮
માર ૧૭
માંસ ૨૧, ૪૫
–સૂકરનું ૨૨
માંસાહાર ૪૫
મિથ્યાજ્ઞાન ૧૩૦
મિથ્યા દર્શની ૧૨૮
મિથ્યા દૃષ્ટિ ૧૦૧, ૧૦૨, ૧૦૭, ૧૧૧, ૧૧૭, ૧૧૮, ૧૨૦, ૧૪૯
મુક્તિમાર્ગ ૧૫૭
મુક્તિ (સવસ્ત્ર) ૧૪૬
મુનિપણું ૧૪૩, ૧૪૫
મૂર્તિ ૧૩૦, ૩૪
મૂલાચાર ૬૫
મૂલારાધના ૯૨
મૂળસૂત્રો ૭૦
મેરુ ૪૯, ૫૧
મોક્ષ ૯૭, ૧૦૭, ૧૧૭, ૧૧૮, ૧૩૫, ૧૪૨, ૧૫૮
મોક્ષ તત્ત્વ ૧૧૧
મોક્ષ ફળ ૧૫૭

મોક્ષ માર્ગ પ્રકાશક ૧૩૯
મોગ્ગલાયન ૧૩
મોહ ૪૦, ૯૯, ૧૦૦, ૧૦૮, ૧૨૮, ૧૩૫, ૧૩૬, ૧૫૬
મોહનીય ૪૦, ૧૨૪
મોહોદય ૧૪૧

"ય"

યજ્ઞ ૪૨
યતિવૃષભ ૫૫, ૬૧, ૮૫
યશોભદ્ર ૫૫, ૫૯, ૬૬
યાકિની સૂનુ ૭૮
યુંદ ૨૨
યોગ ૧૨૧

"ર"

રક્ષ ૫૯
રક્ષક (છ કાયના) ૧૩૨
રક્ષિત ૬૦
રત્ન (ચૌદ) ૨૮
રત્ન કરંડ શ્રાવકાચાર ૬૫
રથ ૫૯
રસ ૧૧૫, ૧૪૭
રાગ ૯૯, ૧૦૦, ૧૦૮, ૧૦૯, ૧૧૩, ૧૫૬, ૧૫૯
રાત્રિ જાગરણ ૧૩૪
રાય પસેણઇય ૨૫; ૨૬, ૨; ૨૭, ૨૮
રૂપ ૧૧૫, ૧૪૭
રેવતી નક્ષત્ર ૫૯
રેવતી મિત્ર ૬૭
રૌદ્રધ્યાન ૧૨૦

"લ"

લબ્ધિસાર ૬૫
લલિતવિસ્તરા ૫૧, ૨
લંકા ૪૫
લેશ્યા ૩, ૩૮
લોક વિંદૂ ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬
લોક વિભાગ ૮૨
લોકાયતિક ૧૨
લોહાચાર્ય ૫૫, ૬૨, ૮૬
લૌહિત્ય ૬૦

"વ"

વજ્ર ૫૯, ૬૦, ૬૭
વત્સ (પરિવ્રાજક) ૧૯, ૨૦, ૨૪, ૨૭
વરાહમિહિર ૭૭
વર્ધમાન ૧, ૨૩
વલભી ૬૮
વસ્તુ ૫૭
વસ્તુત્વ ૧૬૦
વસ્તુવિજ્ઞાનસાર ૧૪૬, ૧૫૦
વંદન ૧૨૭
વંદના ૬૪

વાલભી વાચના ૬૮
વાંચનાલય ૧૩૪
વિક્રમ ૭૮
વિક્ષેપવાદી ૧૩, ૧૪
વિજય ૫૪
વિજયાનંદ સૂરિ ૭૭
વિજ્ઞાન ૫૧
વિતંડ ૪૬
વિદ્યાચરણસંપન્ન ૩૪; ૩૬
વિદ્યાનંદિ ૬૫
વિરાગ ૧૦૨, ૧૦૪
વિશાખાચાર્ય ૫૪, ૬૪
વિશેષાવશ્યક ભાષ્ય ૭૩
વિષ ૧૦૨
વિષય ૧૧૪, ૧૩૫
વિષ્ણુ ૫૪, ૫૯
વીતરાગતા ૫૧, ૧૫૫
વીતરાગ (પુરુષ) ૧૧૦, ૧૧૧
વીતરાગમાર્ગ ૧૪૩, ૧૪૯
વીરસંવત અને જૈન કાલ ગણુના ૫૮, ૨; ૮૪
વીરસેન ૫૫, ૮૫
વૃદ્ધ ૫૯
વેદનીય ૪૦
વેદાંત ૧૦૨, ૧૩૬
વૈદિક ૫૨
વૈદ્ય ૧૦૨, ૧૦૩, ૧૨૪
વૈનયિક ૧૪
વૈશ્યાયન ૮, ૯
વ્યક્તિ પૂજા ૫૭
વ્યવહાર ૯૮, ૧૧૧
વ્યવહાર (નય) ૧૧૩
વ્યાખ્યાન સભા ૪૮
વ્રત ૧૦૭, ૧૦૮, ૧૦૯

“શ”

શક્તિ ૩૬
શક્રેંદ્ર ૪૯
શય્યંભવ ૫૯, ૬૬
શરીર ૩૮
શાશ્વતવાદ ૧૨
શાંતિ શ્રેણિક ૮૧
શિથિલાચાર ૧૨૪
શિવભૂતિ ૫૯
શિવાર્ય ૯૨
શીતલેશ્યા ૯
શીલ ૧૦૭, ૧૦૮
શુક ૧૨૯
શૂલરોગ ૨૨
શ્યામકુંડાચાર્ય ૬૧
શ્યામાચાર્ય ૫૯, ૬૬, ૬૭
શાંડિલ્ય ૬૬
શાંત્યાચાર્ય ૭૪
શીલાંક ૭૪
શ્યામાચાર્ય ૭૧

શ્રમણ ભગવાન મહાવીર ૪૦, ૬૨; ૬૨, ૧; ૬૩, ૧; ૮૨, ૯૨
શ્રવણ બેલ્ગોલ ૮૧
શ્રાવક ૧૩૨
શ્રાવસ્તી ૧૭
શ્રી ગુપ્ત ૬૭
શ્રુતકેવલિ ૫૪, ૬૪
શ્રુતગ્રંથ (દિગંબરીય) ૬૩
શ્રુતજ્ઞાન ૫૪, ૧૧૮, ૧૩૫
શ્રુતાવતાર ૫૫, ૫૭, ૬૧; ૬૧, ૧; ૬૨, ૬૩
શ્રેણિક ૯૭, ૧૦૦, ૧૧૯
શ્વેતાંબર ૫૪, ૫૬, ૫૭, ૫૮, ૬૦, ૬૪, ૧૪૫, ૧૪૬, ૧૪૮, ૧૫૮

"ષ"

ષટ્ખંડાગમ ૫૫, ૫૬, ૫૭, ૬૩, ૬૪, ૬૫; ૮૦, ૫; ૮૨, ૧; ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૯૦, ૯૨; ૯૩; ૧; ૯૪, ૧૪૩, ૧૪૫, ૧૪૮

"સ"

સત્ય ૧૩૫
સદ્દાલપુત્ત
સમદૃષ્ટિ ૧૦૫
સમયસાર ૭, ૬૧, ૬૫, ૮૩, ૮૪, ૯૬, ૯૭, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૧૧, ૧૧૪, ૧૧૭, ૧૧૮, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૩૭, ૧૩૮, ૧૪૩, ૧૪૪
સમરાઇચ્ચકહા ૯૯; ૭૯, ૧
સમવસરણ ૪૯
સમિતિ ૧૦૭, ૧૦૮, ૧૨૫, ૧૩૩, ૧૪૨
સમુદ્ર (આર્ય) ૫૮, ૫૯
સમંતભદ્ર ૬૧, ૬૫, ૮૧
સમ્મા સંબુદ્ધ ૩૧, ૩૪
સમ્યક્ત્વ ૧૪૧
સમ્યક્ત્વ મોહનીય ૧૪૯
સમ્યગ્જ્ઞાન ૧૦૫, ૧૦૮, ૧૩૦, ૧૫૦
સમ્યગ્દર્શન ૧૪૬
સમ્યગ્દૃષ્ટિ ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૧૧, ૧૧૩, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦, ૧૬૦
સરસ્વતી ૬૭
સર્વાર્થ સિદ્ધિ ૮૨
સંઘ ૪૩
સંઘદાસગણિ ૭૩
સંઘ પાલિત ૫૯
સંજય બેલઠ્ઠીપુત્ત ૧૦, ૧૩

સંપાલત ભદ્ર ૫૯
સંભૂત વિજય ૫૯, ૬૦, ૬૬
સંયમ ૧૦૮, ૧૧૧, ૧૨૫
સંયુત્ત નિકાય ૩૪, ૧; ૩૫, ૧, ૨; ૩૬, ૪૦
સંવત્ (વિક્રમ) ૬૩
સંવત્ (વીર) ૬૨, ૬૩
સંવત્ (શક) ૬૩
સંસાર ૧૦૩
સામાચારી ૧૨૫
સામાયિક ૬૪
સારથિ ૩૪
સારીપુત્ત ૧૩
સાંખ્ય ૧૦૨, ૧૧૬, ૧૧૭, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૩૬
સાંગતિક ૫
સાંડિલ્ય ૫૯
સિદ્ધસેન (દિવાકર) ૭૭, ૭૮, ૮૬
સિદ્ધાર્થ ૫૪
સિદ્ધિ ૩૮
સિંહ ૫૯
સિંહાગરિ ૫૯
સુકૃત ૩૭
સુખ ૧૦૨
સુખલાલજી ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૮૦, ૮૧, ૮૨, ૮૩
સુગત ૩૧, ૩૪, ૩૫, ૩૬
સુદર્શન ૧૨૯
સુધર્મા ૫૪, ૫૯, ૬૪
સુપ્રતિબદ્ધ ૫૯, ૮૧
સુભદ્ર ૫૫
સુલસા ૫૦
સુસ્થિત ૫૯, ૮૧
સુહસ્તિ ૫૯, ૬૦
સૂત્રકૃતાંગ ૩; ૫, ૨; ૬, ૧; ૯, ૩; ૧૧; ૧૧, ૨; ૧૨, ૧; ૧૫, ૧; ૬૯; ૧૩૩, ૧;
સૂત્ર પિટક ૨૪
સૂર્ય કાંતા ૨૬
સૂર્ય પ્રજ્ઞપ્તિ ૬૫
સૂર્યાભ ૨૬
સેવક ૧૨૭, ૧૨૮
સેવક વર્ગ ૧૨૯, ૧૩૪
સેવ્ય ૧૨૭, ૧૨૮, ૧૩૪
સેવ્યવર્ગ ૧૨૯
સોનગઢી ૧૩૮, ૧૪૧, ૧૪૪, ૧૪૬, ૧૪૭, ૧૫૦, ૧૫૧, ૧૫૩, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૬૦
સોમા ૧૭, ૧૮
સ્કંદિલ ૫૯, ૭૫
સ્કાંદિલી વાચના ૬૮, ૬૯

સ્તબક ૭૬
સ્થવિર (પાર્શ્વસ્થ) ૬
સ્થવિર ગણના ૬૭
સ્થૂલભદ્ર ૫૯, ૬૦, ૬૬
સ્પર્શ ૫
સ્મરણ પટ ૧૩૪
સ્ત્રી મુક્તિ ૮૭, ૧૪૪
સ્ત્રી મોક્ષ ૧૪૪, ૧૪૫
સ્વભાવ ૧૧૧
સ્વયંસંબુદ્ધ ૧૫૧, ૧૫૨
સ્વચ્છંદ ૪૬
સ્વતીર્થિક ૩૮
સ્વાતિ ૫૯
સ્વેચ્છાચાર ૪૬

"હ"

હરિણૈગમેષી ૪૯
હરિભદ્ર ૭૧, ૭૪, ૭૮, ૮૬,
હરિવંશપુરાણ ૬૫
હર્માન યાકોબી ૭૯
હસ્તિ ૫૯
હિમવંત ૫૯
હિરાલાલ જૈન ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૬, ૮૭, ૮૮, ૧૪૫, ૧૪૬
હિંસા ૪૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૫૭
હિંસા (અગ્નિકાયની) ૧૩૧
હુંડાવ સર્પિણી ૧૨૬
હેમચંદ્ર ૭૪

# ગ્રંથમાં ઉપયોગમાં લીધેલ પુસ્તકોની તથા સામયિકોની "અ"કારાદિક્રમે સૂચી


અનેકાંત (માસિક)
અંગુત્તર નિકાય
અંતકૃધશાંગ
આચારાંગ
ઉત્તરાધ્યાયન
કલ્પસૂત્ર
કલ્યાણ મંદિર સ્તોત્ર ટીકા
કષાય પ્રાભૃત
ગોમ્મટ સાર
જંબૂદ્વીપ પ્રજ્ઞાપ્ત
જિત કલ્પ
જૈન તત્ત્વાદર્શ
જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ પત્રિકા
જૈન સિદ્ધાંત (સામયિક)
જૈન હિતૈષી (સામયિક)
જ્ઞાતાધર્મકથાંગ
તત્ત્વાર્થ સૂત્ર
ત્રિલોક પ્રજ્ઞપ્તિ
દર્શન પાહુડ
દીઘ નિકાય
નંદી સૂત્ર
નિયમ સાર
નિરયાવલિકા
પુરાતત્ત્વ (ત્રૈમાસિક)
પ્રજ્ઞાપના
પ્રબંધ ચિંતામણિ
પ્રભાવક ચરિત્ર
બૌદ્ધ સંઘ પરિચય (લેખ)
ભગવતી સૂત્ર
ભારતીય વિદ્યા (ત્રૈમાસિક)
ભિકખુણી સંયુત્ત
મજ્ઝિમ નિકાય
મહાપરિ નિબ્બાણ સુત્ત
મહાવીર જૈન વિદ્યાલય સ્મારક અંક
મોક્ષ માર્ગ પ્રકાશ
રત્ન સંચય
રાજ પ્રશ્નીય
લલિત વિસ્તરા
વસ્તુ વિજ્ઞાનસાર
વીરસંવત્ અને જૈન કાલગણના
શ્રમણ ભગવાન મહાવીર
શ્રુતાવતાર
ષટ્ ખંડાગમ
ષટ્ પાહુડ
સમયસાર
સમરાઇચ્ચકહા
સંયુત્ત નિકાય
સૂત્ર કૃતાંગ
હરિભદ્ર સૂરિકા સમય નિર્માણ(લેખ)